હકીકતી રણશીંગડું.

યાને

મી. વીરજી પ્રેમજી પારપેઆ કૃત " કાબા તિમિર ભાસ્કર " નું ખંડન.

રચી પ્રગટ કરનાર

એદલજી ધનજી કાબા.

અમરેલી—કાઠીયાવાડ.

આવૃતિ પેહલી

ઈ. સ. ૧૯૧૯

શ્રી અરૂણોદય પ્રીન્ટીંગ પ્રેસ અમરેલીમાં ધારશી ડાહ્યાભાઇએ માલીકને માટે છાપ્યું. તા. ૧–૮–૧૯

કીમત બાર આના.

હકીકતી રણશીંગડું.

યાને

મી. વીરજી પ્રેમજી પારપેઆ કૃત "કાબા તિમિર ભાસ્કર" નું ખંડન.

રચી પ્રગટ કરનાર
એદલજી ધનજી કાબા.
અમરેલી—કાઠીયાવાડ.

આવૃતિ પેહલી ઇ. સ. ૧૯૧૯

ધી અરૂણોદય પ્રીન્ટીંગ પ્રેસ અમરેલીમાં ધારશી ડાહ્યાભાઇએ માલીકને માટે છાપ્યું. તા. ૧–૮–૧૯

કીમત બાર આના.

પ્રસ્તાવના.

શોલે ભડકકે ઉઠને લગે દીલકે દાગસે,
આખેરકો આગ લગ ગઈ ઘરકે ચેરાગસે,

અમારા તરફથી ખોજા સાહિત્યના પ્રગટ થએલાં સંખ્યાબંધ પુસ્તકોની પ્રસ્તાવનાઓમાં, અમોએ સ્પષ્ટ જણાવી આપ્યું છે કે, અમારો પ્રયાસ ખોજા કોમમાં ઈસલામ વિરૂદ્ધના અકાયદો તથા આચાર વિચારો, જે અજ્ઞાનતા તથા હિદાયતની ગેરહાજરીના કારણે ઘુસી જવા પામ્યા છે તેને દુર કરી ઈસલામના અકાયદો તથા તેનાજ આચાર વિચારો દાખલ કરવાનો છે. તેઓ મુસલમાન પણ કહેવાય અને હીંદુ કે ગુલ્લાતપણાના અકાયદો તથા આચાર વિચાર પણ રાખે એ નહીં ઘરના કે નહિ ઘાટના જેવું છે. તે મુસલમાન છે તો તેણે પોતાના અકાયદો તથા આચાર વિચારો મુસલમાન પ્રમાણેના રાખવા જોઈએ "અતો ભ્રષ્ટ કે તતો ભ્રષ્ટ" માં રહેવું એ, આ લોક તથા પરલોક બંને માટે હાનીકારક છે.

કહેવત છે કે “ સારા કામમાં સો વિઘ્ન ” તેમ અમારા ઉપર પ્રમાણેના કોમહિત માટેના દીની તથા દુન્યવી પ્રયાસોમાં અનેક વિઘ્નો આવી નડે એ સ્વભાવિક હતું અને જે આવવા પણ પામ્યા. તે આવવા પામેલા વિઘ્નોમાં એક વિઘ્ન એ પણ હતું કે, કોમના ચાર પાંચ ગુહ્યાત તથા બાતીન્યા મત ધરાવતા વેશધારી લેખકોએ અમારા પ્રયાસના સબંધમાં એમ પોકાર ઉઠાવ્યો કે, અમો હસદ તથા અદેખાઇને લઈ આ પ્રયાસ કરીએ છીએ; પણ વાચકો સારી પેઠે જાણે છે અને ખુદા ગવાહ છે કે, અમો હસદ તથા વિરૂધ્ધતાથી માઇલો દુર છીએ અને તેનાથી ખુદાની પનાહ થાગીએ છીએ, પરંતુ તે વેશધારી લેખકોએ પોતાની નિરાધાર સ્થિતિમાં ખુદાને વચમાં લાવી યાને અમોપર ધાર્મીક નિબંળતાના પ્રહારો કરવા માંડયા છે.

ઉપર પ્રમાણેના પ્રહારો, આજ થોડાક વર્ષ થયા થતા રહ્યા છે ઘણાઓ પ્રહારો કરી કરી થાકી જઈ ચુપકીદી પકડી ગયા અને નવા નવા ઉભા થતા ગયા. હવે જે રહયા છે તે શાસ્ત્ર તથા ત-

વારીખથી એવા તો અજાણ્યુ છે કે, તેમનો પ્રયાસજ તેમના પ્રયાસને નાશ કરનારો નીવડતો ચાલ્યો છે આવા સમયમાં માત્ર અમોને એજ કાર્ય મુનાસબ વાગ્યું કે, તેવા વેશધારી લેખકો, શાસ્ત્ર, તવારીખ તથા પ્રચલિત આચાર વિરૂદ્ધનું જે કંઇ લખે, તેને પબ્લીકને જાહેર કરી આપીએ.

ઉપર પ્રમાણેના વેશધારી લેખકોમાંના એક મી૦ વીરજી પ્રેમજી પારપેઆ એ, " કાબા તિમિર ભાસ્કર ઉર્ફે ખોજા ઇભલાણી વંશનું વૃતાંત અને વકીલ પીર ધાધુ " નામે પુસ્તર ઇ. સ. ૧૯૧૭ ની સાલમાં છપાવી બહાર પાડયું છે અને તે પુસ્તકમાં ઉપર જે વેશધારી લેખકોના પ્રયાસો તથા પ્રયત્નોની રૂપરેખા દોરવામાં આવી છે તેજ પ્રમાણેનું તેમાં ખીચોખીચ ભર્યું લખાણુ કરવામાં આવ્યું છે. અને તેથી અમોને અમારા પ્રયાસને અંગે એમ મુનાસબ જણાયું કે, તે પુસ્તકમાં શાસ્ત્ર, તવારીખ તથા પ્રચલિત આચાર વિચારથી જે ઉલટું લખાણુ કરવામાં આવ્યું છે તેનાથી ખોજા પબ્લીકને માહિતગાર કરી આપીએ અને

તેવી માહિતગારી આપવા સિવાય અમો આ પુસ્યકમાં બીજું કંઇપણ લખી શકયા નથી.

અમારા પ્રયાસ પ્રત્યે, ભલે પોતાના દીનો ઇમાન વિરૂદ્ધ, અમોને બદનામ કરનારા પ્રયાસ કર્યા કરે; પરંતુ જાણુનારા જાણે છે અને અમારૂં દીલ ગવાહી આપે છે કે, અમો માત્ર કોમ તથા ધર્મની ઉન્નતિ અર્થેજ પોતાની ફરજની રૂએ પ્રયાસ કરીએ છીએ. જો અમો ઉપર જણાવેલા વર્ગની ઝબાન રાઝીથી ડરી જઇએ તો, અમો કોમ તથા દીનની દકાંઇપણુ ફરજ ન બજાવી શકીએ. અમારે તો કોમ તથા દીનની બેહતરીને માટે, તેઓ જે કંઇ કહે તેને ઠંડે પેટે સાંભળી પોતાના પ્રયાસને તો ચાલુ રાખવો જોઇએ, નહિતર કસમ બખુદાએ અઝવોજલ કે, અમોને કોઇની સાથે હસદ કે અદેખાઇ નથી. તેમ કોઇની સાથે દુશમની રાખવી એ શી વસ્તુ છે તે પણુ અમો જાણુતા નથી; બલ્કે જેઓ અમોને પોતાનો દુશમન ગણે છે તેની તો અમો દીલોજાનથી બેહતરી ચાહીએ છીએ. વાચક વર્ગ અમારા એકંદર લખાણુથી

એવા નિર્ણયપર જરૂર આવી શકશે કે, અમારો પ્રયાસ કયા હેતુઓને સાધવાનો છે.

મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે એ વાત પ્રત્યેક પળે અમારી દ્રષ્ટિ મર્યાદામાં છે અને તેથી અમો કહી શકીએ છીએ કે આ પુસ્તકમાં કાંઈપણ ભુલ નહોય, એમ અમો માની શકતા નથી. માટે અમો અમારા લેખક મીત્રોને ખુલ્લી રીતે ચેલેન્જ કરીએ છીએ કે, તેમને અમારા લખાણમાં જો કાંઈપણ ભુલ ભાલ નજરે પડતી હોયતો તે જરૂર બતાવવી, કે જેના પ્રત્યે અમો પુનઃ તપાસ કરીએ અને જો ખરેખર અમારી ભુલજ હોયતો તેને સુધારીએ; પણ સરત માત્ર એટલી કે, ભુલ પકડી પાડયાના આધારો, શાસ્ત્ર, તવારીખ, માકુલ તથા મનકુલના હોય અદેખાઈ કે હસદના પોકારો પાડી અમોને ગભરાવી નાંખવા વહિ.

"કાળા"

અનુક્રમણિકા.

પ્રકરણ ૧ લું

પ્રકરણ ૨ જું

હકીકતી ઈસ્લામનું રણશીંગડું

યાને મી૦ વીરજી મેમજી કૃત કાબા તિમિર ભાસ્કરનું ખંડન.

પ્રકરણ ૧ લું.

ખોજા ઇજ્મલાણી વંશનું વૃતાન્ત અને ખોજાનો અસલ ધર્મ.

ખોજા કોમનો અસલ ધર્મ ઇસનાઅશરી હતો તે સાબીત કરી બતાવવાને અમારા તરફથી "ખોજા પંથ દર્પણ" નામે પુસ્તકના જુદા જુદા આઠ ભાગો છપાઇ બહાર પાડવામાં આવ્યા છે. પહેલો ભાગ ઇ. સ. ૧૯૧૩ માં છપાયો છે જેમાં મોટા આગાખાન કેસનો ફેસલો જે ઇ. સ. ૧૮૬૬ માં મુંબઇની હાઇકોર્ટના જડ્જ સર જોસફ આર્નોલ્ડે આપેલો છે તે હાથ ધરી તે ઉપરથી ખોજાઓનો અસલ ધર્મ સુન્ની, ઇસનાઅશરી કે ઇસમાઇલી નીકળે છે તેની લંબાણથી તપાસ ચલાવી પુષ્કળ ઉતારા આપી ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરી સાબિત કરી બતાવ્યો છે. સાથેજ તે ભાગમાં મહુવા કમીશન કેસ, ગ્રેટ ખોજા કેસ, આગાખાનનાં રચેલાં પુસ્તકો, આગાખાનના

કુટુંબીઓએ રચેલાં પુસ્તકો તથા ખોજા ધર્મશાસ્ત્ર ઉપર-
થી લંબાણ દલીલો તથા ઉતારા આપી ખોજાનો મુળ
ધર્મ ઇસનાઅશરી સાબીત કરી બતાવ્યો છે. આ પુસ્ત-
કની દલીલો એટલી તો જબરદસ્ત આધારવાળી છે કે
જેનો જવાબ ઇસમાઇલી હામજી ભામજી લેખકોથી અ-
દ્યાપિપર્યંત આપી શકાયો નથી. જવાબ તો આપી શકાયો
નથી, પણ તેમની ટેવ મુજબ તે સબંધે અમોને ગાળગ-
લોચથી પણ વધાવી લેવામાં આવ્યા નથી.

ખોજા પંથ દર્પણનો બીજો ભાગ ઇ. સ. ૧૯૧૪ માં
અમારા તરફથી બહાર પાડવામાં આવ્યો છે તેમાં આગા-
ખાનના વડુ રચેલાં પુસ્તકો ઉપરથી તથા બાવા અલીમહંમદે
આગાખાનના હુકમથી રચેલી કીતાબ ઉપરથી, ખોજાનો
અસલ પંથ કયો નીકળે છે તેની લંબાણ તપાસ પુષ્કળ
ઉતારા સાથે આપી ખોજાનો મુળ ધર્મ ઇસનાઅશરી સા
બીત કરી બતાવ્યો છે. સાથેજ ખુમ્સનો મસલો અને ખોજા
નો અસલ ધર્મ, મુળ ધર્મ શોધવા સુન્ની, ઇસનાઅશરી,
આગાખાની તથા વોહરાઓના અકાયદોની ચુંટણી અને
તે જુદા જુદા અકાયદો ઉપરથી નીકળતો ખોજાનો અસલ
ધર્મ કયો નીકળે છે તની લંબાણ તપાસ પુષ્કળ ઉતારા
સાથે આપી ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરી સાબીત
કરી આપ્યો છે. સાથે સાથે પીરો યાને મીશનરીઓનો ધ-
ર્મ, મોમિન કોમનો પંથ વીગેરે પ્રકરણો લખીને ખોજાનો
અસલ ધર્મ ઇસનાઅશરી હોવાની સેંકડો દલીલો આપી

છે તે ભાગનો જવાબ પણ ઇસમાઇલી હામજી ભામજી લેખકોથી અદ્યાપિ પર્યંત આપી શકાયો નથી. જવાબ તો આપી શકાયો નથી, પણ તેમની ટેવ મુજબ તે સબંધે અમોને ગાળો ગલોચથી પણ વધાવી લેવામાં આવ્યા નથી.

ખોજા પંથ દર્પણનો ત્રીજો ભાગ ઇ. સ. ૧૯૧૫ માં અમોએ બહાર પાડ્યો છે તેમાં હાજી બીબી વિરૂદ્ધ આગાખાનવાળા કેસના ફેસલા ઉપરથી ખોજાઓનો નીકળતો અસલ ધર્મ કયો તેની તપાસ લંબાણથી ૪૦ પૃષ્ઠોમાં પુષ્કળ ઉતારા સાથે કરી ખોજાનો અસલ ધર્મ ઇસમાઇલી નથી પણ ઇસનાઅશરી સિદ્ધ કર્યો છે સાથેજ મહુવા કમીશન કેસની વાદી તથા પ્રતિવાદી પક્ષના સાક્ષીઓની જુબાનીઓ આપી ઉપર પ્રમાણે લંબાણથી તપાસ ૪૦ પૃષ્ઠોમાં પુષ્કળ ઉતારા સાથે કરી તે ઉપરથી ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરી સિદ્ધ કરી બતાવ્યો છે ઉપરાંત મી. કાસમઅલી લધાભાઇ નામના એક ઇસમાઇલી લેખક "ખોજા કોણ છે ?" નામે લેખ ઇસમાઇલી સીતારો નામક માસિકમાં છપાવ્યો હતો તે લેખની દલીલો તદ્દન નકામી તથા માત્ર મેંઢાઓનેજ ફસાવનારી હતી તે જવાબી લખાણ ઉપરથી ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરી હોવાનું સાબિત કરી બતાવ્યું છે. તેના ૧૧ માં પ્રકરણમાં મી. ડુમસ્યા કૃત ના. આગાખાનનો ટુંક ઇતિહાસ અને મી. જાફર રહેમતુલાના ખોજા કોમનો ઇતિહાસ ઉપરથી ખોજા

કોમનો અસલ ધર્મ કયો નીકળી આવે છે તે તે પુસ્તકોના ઉતારા આપી ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરી સાબિત કીધો છે. તે ભાગનો જવાબ પણ ઇસમાઇલી હામજી બા-મજી લેખકોથી અદ્યાપિ પર્યંત આપી શકાયો નથી.

ખોજા પંથ દર્પણનો ચોથો ભાગ અમારા તરફથી ઇ. સ. ૧૯૧૫ માં બહાર પાડવામાં આવ્યો છે તે ભાગમાં મહુવા કમીશન કેસમાં મસજીદીયા જમાતના આગેવાન મી૦ નાનજી અમરામનું ભાષણ, આગાખાની જમાતના વકીલ મી૦ દયાળજી કરશાનજીનું ભાષણ તથા બંને પક્ષો તરફથી દસ્તાવેજી પુરાવા રજુ થયા તે સઘળું આપીને ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરી સાબિત કરી બતાવ્યો છે. આ ભાગનો જવાબ પણ કોઇપણ ઇસમાઇલી કહેવાતા લેખકોએ આપ્યો નથી.

તેનો પાંચમો ભાગ ઇ. સ. ૧૯૧૫ માં છપાવવામાં આવ્યો છે. આ ભાગમાં મી૦ હાશમ બોઘા મારફતે ખો-જાનો અસલ ધર્મ ઇસમાઇલી છે એવું સિદ્ધ કરવાને અસલિયાતે ખોજા નામની ચોપડી છપાવી હતી તેનો રદીઓ આપવામાં આવ્યો છે અને અસલિયાતે ખોજાની ચોપડીમાં જે ખોજાનો મુળ ધર્મ ઇસમાઇલી હોવાની મુદ્દાર દલીલો આપવામાં આવી હતી તેનો દંદાં શીકન જવાબ આપવામાં આવ્યો છે. જેનો જવાબ મી૦ હાશમ બોઘા કે તેમના ચેલા ચટ્ટાઓ તરફથી અદ્યાપિ પર્યંત આપવામાં આવ્યો નથી.

ખોજા પંથ દર્પણનો છઠ્ઠો ભાગ અમોએ ઇ. સ. ૧૯૧૫ માં છપાવી બહાર પાડયો છે. આ ભાગમાં પીરોના જ્ઞાનો ઉપરથી ખુદાની વેહદાનિયત, કુરાને મજીદ, નમાઝ કલમો, ઇસલામ, પેગંબરની માન્યતા, પંજેતન પાકની માન્યતા વીગેરે વીગેરે કેવા પ્રકારની તાલીમ નીકળે છે તે મીઠ લાલજી દેવરાજે ખોજા ધર્મ શાસ્ત્રની સીંધી લીપિમાં છપાવેલી ચોપડીઓ, જેવી કે મુમન ચેતામણી, મુળ નિરંજન, સતવેણી, ખટ નીરિંજન, ખટ દરશન, પીર શમ્શની ગરબીઓ, બ્રહ્મ ગાવંત્રી, સલોકો વડો, અબ્દુ અને જુગેશરના ૯૦ જ્ઞાનો, અચુંત અખેડો, ગુગરીના જ્ઞાન, ચંદ્ર ભાણુ, જન્નતપુરી, હાનીપાનો સંવાદ, દસ અવતાર, સીહરફી, સો જ્ઞાનની ચોપડી ભા. ૧-૨-૩-૪-૫-૬ વીગેરે વીગેરેના ઉતારા આપીને સાબિત કરી ખોજાનો મુળ ધર્મ ઇસનાઅશરીજ નીકળે છે તે જણાવ્યું છે. આ ભાગનો જવાબ પણ અમારા મોટા તીસમારખાં ઇસમાઇલી લેખકો આપી શકયા નથી.

ખોજા પંથ દર્પણનો સાતમો ભાગ અમોએ ઇ. સ. ૧૯૧૫ માં છપાવ્યો છે. આ ભાગમાં હાજી બીબીવાળા કેસ ઉપરથી, મીઠ હરજી પ્રુંજન નામના ઇસમાઇલી લેખકે લખેલી સીલસીલે ઇમામત નામની ચોપડી ઉપરથી, મીઠ કાસમભાઇ કરીમ ભગતે ઇ. સ. ૧૮૯૬ માં સીંધી લીપિમાં ' રસાલો ઇમામ જાફર સાદકજે " ની ચોપડી

છપાએલી તે ઉપરથી, મી॰ અલાદીન ગુલામહુસેને સવંત ૧૯૪ ની સાલમાં રોજ કીયામતજી હકીકતજી ચોપડી સીંધી લીપિમાં છપાવી હતી તે ઉપરથી, કહેવાતી ઇસમા-ઇલી ધુવા ઉપરથી, તેમજ નારસ દફતરના ગોચરીઓમાં અને બાહરે રેહમત નામની આગા સાહેબના ફરમાનની ચોપડી વીગેરે વીગેરે ઉપરથી ખોજાનો અસલ ધર્મ કયો નીકળે છે તેની હજારો ઉતારાઓ આપી તપાસ કરી અ-સલ ધર્મ ઇસનાઅશરી સાબીત કરી બતાવ્યો છે. આ ભાગનો જવાબ પણ કોઇપણ ઇસ્માઇલી લેખકે આપ્યો નથી અને આપી પણ શકતા નથી. બનાવટી નાણું બ-જારમાં લઇ જઇ શકાતું નથી.

આઠમો ભાગ ઈ. સ. ૧૯૧૬ માં અમોએ છપાવ્યો છે. જેમાં ઇસમાઇલી કહેવાતી ધુવાનો અસલ ઇતિહાસ તેમાં થતા રહેલા ફેરફારો વીગેરેનું પૃથકરણ વીગેરે આપી ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરી સિદ્ધ કરી બતાવ્યો છે. આ પુસ્તકનો જવાબ આપવાને મી॰ વરતેજીએ જે ચી-થરે હાલ કોશીશ કરી હતી તેથી એ-જ પબ્લીક જાણવા પામી છે કે આવા ચીથરે હાલ જવાબથી કાંઇ વળી શકે નહિ.

ઉપર પ્રમાણે ખોજા પંથ દર્પણનું પુસ્તક ૯૦૦ પૃ-ષ્ટોનું દળદાર હજારો પ્રકારના આધારો તથા દલીલોવાળું હજારો પ્રકારના ઉતારાથી ભરપુર ખોજાઓનો અસલ ધર્મ

કર્યો તે સાબીત કરી આપવાને અમારા તરફથી બહાર પડયું છે અને તેમાં ડંકાની ચોટે સાબીત કરી આપ્યું છે કે ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરીજ છે અને તે એવી સજ્જડ દલીલોવાળું છે કે જેનો જવાબ ઇસમાઇલી કહેવાતા લેખકોથી બની શક્યો નથી અને બની શકનાર પણ નથી. છતાં પણ મી૰ વીરજી પ્રેમજી પારપીઆએ " કાબા તિમિર ભાસ્કર ઉર્ફે ખોજા ઇમલાણી વંશનું વૃતાંત " નામે ચોપડી, જે એક વાત સિદ્ધ થઇ ચુકી છે તેની વિરૂદ્ધતા કરવામાં છપાવી છે.

આ પુસ્તક તેમણે ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશરી નહિ પણ ઇસમાઇલી છે તેમ સાબીત કરવાને છપાવ્યું છે અને તેની દલીલમાં ખોજા ઇભિલાણી વંશનું વૃતાંત તેમાં પહેલા વહેલું કોટેશન કર્યું છે. આ ઇભલાણી વંશનું વૃતાન્તના લખનાર જાફરભાઇ ધાલાણી નામે તેજ વંશના એક છે અને તેમણે તે વૃતાન્ત આજથી ૪૬ વર્ષ ઉપર લખ્યાનું તેમાં જણાવવામાં આવ્યું છે અને મજકુર વૃતાંતના લખનારનો સ્વર્ગવાસ થોડા વર્ષ પહેલાંજ થયો છે.

આ ઇભલાણી વંશના વૃતાન્તનું લખાણ આપી મી. વીરજી પ્રેમજી પારપીઆ ખોજાનો અસલ ધર્મ ઇસમાઇલી સિદ્ધ કરવા માગે છે તેથી પ્રથમ આપણે જાણવું જોઇએ કે ઇભલાણી વંશનું વૃતાન્ત શું છે ? તેથી અમો પ્રથમ

તે "ખોજા ઇભલાણી વંશનું વૃતાન્ત" તે ચોપડીમાંથી નીચે આપીએ છીએ અને તે આપ્યા પછી અમો તેના વજન તથા આધાર વિષે સમાલોચના કરીશું. તે વૃતાન્ત નીચે પ્રમાણે છે.

ખોજા ઇભલાણી વંશનું વૃતાન્ત.

અસલ પુસ્તકની પ્રસ્તાવના—આ ઇભલાણી વંશની ચોપડી અસલ અમારા દાદા ઇભલે લખી હતી જેમાં (૧) ભલો (૨) લાખો (૩) ખેતસી (૪) બાણુ (૫) છત્રો અને ઇભલો એ મુજબ (૬) પેઢીએ તેમના પોતાના સમેતનું બ્યાન લખેલ. તે પોતાના પચાસ વર્ષની વંશ સુધીનો ફારસીમાં એમજ ટુંકામાં લખેલ. તેના જે દાદા બાણુંના સ્વર્ગવાસ થાતાં, શ્રી કચ્છ દરબારે મુંદ્રા પાવીઆ વગેરેનાં લાગા બાબ માફીનો લખત આપેલો. મ-જકુર લખત ગેરવલે જતાં પાવીઆ તે બાબ માંગવા લાગ્યા તેને માટે આ આખા વંશની દશ પેઢી આ ખાકસાર ખોજા નાદર લાલાણીએ લખી દરબારશ્રીના ખાતામાં હાજર કરી, તે બાબમાં લાગો અસલ મુજબ છોડાવ્યો. આ ચો-પડી સંવત ૧૯૩૫ ની સાલમાં એજન્સી (પોલીટીકલ એજન્ટ) માં રજુ કરી. વળી બાકી પાછળ વધારીને સંવત ૧૯૪૫ ના કારતક તારીખ ૧૪ સુધી શ્રી બાલા માણકાંણીના સ્વર્ગવાસ થયાં સુધી પુરી કરી છે

પોતાના અસલ વડીલોની થોડી યાદગારી છે. તે લખી ભાઇઓને હદીઓ મોકલવા પુરી કરી છે એમાં લખતાં ભુલ હોય તો તે મહેરબાની રાહે સુધારી વાંચશો.

જાફરભાઇ ધાલાણી.

ખુદાની તારીફ—બિસમિલ્લા અરરહેમાન નીર-રહીમ. હજારો તારીફો પરવરદીપારની બજાવવા બહુ કોશી-શથી છે કે, તે ખાલેકે, ઇનસાનને એક મુઠી ખાકમાંથી બનાવ્યો ને શું શું તે પુતલાની અંદર અકલ અને ફેમ દાખલ કરેલી છે કે જેણેથી પુરી પેછાણત તેના હાથ આવી શકે છે મગર તે મુશ્કિલ રાહે મારફતની કોઇ વીરલા જેને પુરી શોધ મળે છે તેનેજ હાથ લાગે છે અને જે પુરી હિદાયત દીનની તેમાં દાખલ થયેલ. અને કુરાને શરીફની મકસુદને સમજે છે તે ખુબીથી હાંસલ કરે છે તે દોસ્તી પયગંબર બરહક હજરત મહંમદ મુસ્તફા સલ્લલાહા અલે વ સલમ અને તેનાં વસી બરહક હજરત અમીરૂલ મોઓ-મેનીન મુરતઝા અલી અને પંજેતન પાકની થકી તરીકો મઆરેફતનો હાથ લાગે છે જે હાથ આવતાં સર્વે મકસુદ સમજાય અને ગુનાહનો અંધકાર જીગર થકી બહાર પડે ને નુર ઇમાનનો દાખેલ થાય ત્યારે આ ફાની દુનિયાનો કયો હમગમ બાકી રહે છે. આ મતલબ હાંસેલ થાતાં કરોડો શુકરાનાં બજાવી તવહીદ ખાલેકની તમામ કરૂં છું.

પ્રથમ દર્શન—દાદો ભલો નં. ૧—સંવત ૧૯૧૦ ની સાલે સિંધમાં. પીર ધીનુ, જે પીર ધાધ નામે હતા, જે ઘણુા હુશિયાર હતા, તે દરખાનેથી વકીલની પાઘડી બાંધી આવ્યા. તેના ઉપર મુરીદોનો બહુજ ભાવ થયો ને તેમણે કેટલાએક મુરીદો વધાર્યા. જેના ઉપર દશોંધ સાથે પેટાંધ ઠેરાવી જેમાં અમારો દાદો, "ભલો," લોહાણામાંથી ખોજા થયા છે. ભલા દાદાને ઘરે ફરજંદ ન હતું અને ભલો દાદો ફતેભાગ ગુલામ હૈદરના ટંઢા પાસે રહેત અને પાર ધાધુ પણ ત્યાંજ રહેતાં, દાદે ભલે પીર ધા પાસેથી ફરજંદની માગણી કરી. પીર ધાધુએ ફરમાવ્યું કે તમે લોહાણામાંથી ખોજા થાવ તો હું દુઆ? કરૂં, ર દરબારમાં અને તમને ફરજંદ આવે. આ વાત દાદે ભ કબુલ રાખી. પીરે રબની જનાબમાં એથી દુઆ માંગ એટલે તેમને ફરજંદ થયો, તેનું નામ લાખો રાખ્યું અ દાદો ભલો આપણા ખોજા ધર્મમાં આવ્યા અને પીરે દા લાખાનું ચાળીશ દહાડે અકીકો ઇસ્લામી રીતે કરવાને હુકમ ફરમાવ્યો. તે મુજબ અકીકો કર્યો અને તેના કાયદ શરીયતી મુજબ બજાવ્યા. યાને મોવાળા ઉતારી ચાંદી તેન વજને તોલી ખયરાત કરીને એ ઘેટાની કુરબાની કરી, રસમ હજુ સુધી ચાલે છે. અમારા ઇભલાણી વંશના છે કરાનાં માથાના મોવાળા અવલ ભુજમાં પીર ધાધુની દર ગાહે ઉતરે છે. અકીકાની રસમો ભુલી ફકત, મોવા

ઉતારે છે, અને તેને મુનણું કહે છે તે મુજબ હવે બીજા હજારો ખોજા બીજા પીરોપર બાળકોનાં મોવાળા ઉતરાવવાની માનતાઓ કરે છે ફતેહબાગ માલેક "મામદ સુમરો" અને પીર ધાધુ બેઉ જણ વચ્ચે ઘણી અદાવત ચાલવા લાગી, જેથી કરીને પીર ધાધુને ત્યાં રહેવું મુસ્કેલ લાગ્યું. આ વખતમાં શ્રી કચ્છ ભુજના મહારાજા "શ્રી ભારમલજી" ગાદીવાળા હતા. તે મુલકને આબાદ કરવા માટે ચારે તરફથી રૈયતને બોલાવતા હતા જેથી દેશાવરોનાં લોકો ત્યાં આવીને વસતા; તેથી પીર ધાધુએ માહારાવશ્રી ભારમલજીને ભુજમાં આવી રહેવા માટે કાગળ લખી મોકલ્યો. આ કાગળ પહોંચતાં દરબારશ્રીએ પીરને લખ્યું કે તમે આવો અને તમારા મુરીદોનેબી તેડી આવો અમે સર્વેને રહેવાની જગા આપીશું. તે કાગળ મહારાવશ્રીજીને પહોંચતાં પીર ધાધુ પોતાના ચાળીશ આકાયું (કુટુંબો) મુરીદો સઘળા (બાલ બચ્ચાંઓ સાથે) જેમાં અમારો દાદો ભલો પણ હતા તે સર્વે ભુજમાં આવ્યા. મહારાજાશ્રીએ તેઓને ઘણું માન આપ્યું અને રહેવાની જગ્યાઓ બક્ષીસ આપી. સંવત ૧૬૪૩ ના વૈશાક માસમાં પીર ધાધુ પોતાની ચાલીસ આકાયું સમેત ભુજમાં આવેલા અને હાલ જ્યાં તેમની દરગાહ છે ત્યાં આવી ઉતારો કરેલો. દરબાર શ્રીજી તેઓને માન આપવા તેમના પાસે પધાર્યાં. તે સમે તે વીતેલા વરસમાં કચ્છમાં દુષ્કાળ હતો. વળી આલમાં

ગઇ અને સંવત ૧૭૭૧ ની સાલમાં દિલ્હીમાં સ્વર્ગવાસ થયા. તે ખબર ભુજમાં આવતાં દાદા જીવાએ તેમના ફા- તીયાખાનીનો પડછો નાખ્યો. લોકો ફાતીયા પઢવા આવ્યા. મહારાજશ્રી પહેલા ગોણુજી પણ પડછા ઉપર બેસવા પ- ધાર્યા. દાદા જીવાને ઘણી દીલદારીઉ આપી અને દાદા ભાણુંના સુધારેલાં કામ, તેની બહુ ખુશી સાથે તારીફ ક રતા અને તેમના મોતની દીલગીરી દેખાડી. અને દાદા જી વાને કહ્યું કે, વકીલ ભાણુંનાં દશમે દહાડે આખા ગામનું દુઆ બંધ સગરો જમણ કરો તેનો ખરચ હજુર તીજુ- રીથી આપીશું અને તમોને બક્ષીસ આપશું અને વકીલ ભાણુંના નામનો પરવાનો આપીશું. હજુરથી એમ ફરમા- વીને દર ારશ્રીજીએ દાદા જીવાની પીઠ થાપી, અને ત્યાંથી ઉઠયા. બીજે દીવસે ઘણા મોટા બુજરગો જ્યારતમાં આ- વ્યા; તેમાં આગા સાહેબના વકીલ બાવા ઇસલામદીન જે પીર દાદુના પોત્રા હતા, તે પણ પધાર્યા, બાવા સાહેબ પાસે દાદા જીવાએ દરબારશ્રીજીએ જે નવાજીસ વિષે સર્વે વાત વકીલ સલામદીન પાસે કહી અને સલાહ લીધી, કે દરબારશ્રીજી પાસે શું માગવું, ત્યારે બાવા ઇસલામદિને ફરમાવ્યું, કે તમને પૈસા અને જાગીરની કશી પરવા નથી, તેથી આખી ન્યાતને ફાયદો આપવો જોઇએ. એક તો પાવીઆ અને મુઢાંઓનો કર ન્યાત ઉપરથી ઉતરાવી ના ખવો, અને બીજું નાવારસ મરનારની મીલકત ન્યાતને

અપાવવી. મજકુર મીલકત તેના અગાઉ દરબારની તીજોરીમાં ખેરાત ખાતામાં દાખલ થાતી, આ સલાહ બાવા હુસલામદીનની દાદા જીવાને પસંદ લાગી, દસમાંના દહાડે પરોજળનું કામ ઉકલાવવા બાદ અગીયારમે દહાડે, દાદા જીવા દરબારશ્રીજીની સલામે ગયા, અને ગોઠવેલ બે વાતોની માંગણી કરી. ત્યારે દરબારશ્રીજીએ નાવારસની મીલકત ન્યાતને બક્ષીસ આપી, અને તેનો પરવાનો ન્યાતનાં નામે લખી આપ્યો, અને પાવીઆ તથા મુદાંનો લાગો ફક્ત દાદા જીવાના વંશને માફી કરવાનો પરવાનો આપ્યો. દાદા જીવાએ પોતાના ચાર માસનાં ફરજંદ ઇભલાને નામે પરવાનો છાપો હજુરથી લખાવી લીધો અને ઘરે આવ્યા.

દાદો જીવો નં. ૫—દાદા ભાણુના સ્વર્ગવાસ થયા પછી, દાદો જીવો દરબારશ્રીજીના પાસે વકીલ હતા. તેઓ ઘણો સારો કારોબાર ચલાવતા હતા. મહારાવશ્રી પહેલા ગોરમલજી સવંત ૧૭૭૫ ની સાલમાં સ્વર્ગવાસ થયા. ત્યાર પછી મહારાવશ્રી પહેલા ડોસલજી ટીલે બેઠા તે " સવંત ૧૮૦૮ માં સ્વર્ગવાસ થયા " ને તેજ સાલમાં દાદા જીવો પણ સ્વર્ગવાસ થયા. દાદા જીવાને એક ફરજંદ ઇભલો નામે હતો.

દાદો ઇભલો નં. ૬—દાદા ઇભલાએ ફારસીનો તથા હિંદુનો ઘણો સારો અભ્યાસ કરેલો હતો. તેઓ ઘણા

જ કાએલ હતા. ઘણા બીમારોને દવા આપી સારૂં કરતા. ઘણાને જીન ભુતનો વળગાડ થતો, તે કાઢતા. તેથી તેમણે બહુ નામ મેળવ્યું. જે નામ હજુ સુધી અમારા વંશનું ઇભલાણી ચાલે છે. આ વખતમાં મહારાજશ્રી લખપતજી ટીલે હતા. તેમની પાસે લોહાણા કારભારી થયા; તેથી દાદે ઇભલે દરબારશ્રીજીના હજુરમાં રાજીનામું આપ્યું, ને વકીલાત છોડી દીધી. અને ઇભલાણી ફળીયાના અગ્નિ ખુણે રસ્તો છોડીને પંચાણજી ઠાકોરના જગ્યાના આથમણી ખાલી જમીન દરબારશ્રીએ બક્ષીસ આપેલી હતી તેમાં અરધીમાં એક હાટ ચણાવી અને બાકીની જમીન પીર દાવલશાહને મકાન કરવા દાદે ઇભલે પીરને બક્ષીસ આપી. મજકુર દુકાનમાં દાદો ઇભલો પોતાની બેઠક કરી તેમાં દવાઓની કીતાબો વગેરે રાખી બેઠા. હજારો મરીજોને દવાથી ફાયદો કરતા. જીન, ભુત, લગત, તેને ઇલમથી તેના જીવનો સંસો મીટાડતા. દાદે ઇભલે વકીલાત છોડવા બાદ દરબારમાં ખટપટ ચાલવા માંડી. લોહાણાઓ બહુ જોર પર ચડી ગયા. “ સંવંત ૧૮૧૭ ” માં મહારાવશ્રી લખપતજી સ્વર્ગવાસ થયા પછી મહારાવશ્રી બીજા ગોણુજી ટીલે બેઠા આ વખતમાં લોહાણો પુંજો શેઠ સિંધ ગયા. જે ત્યાંથી ગુલામશાહ કલોડાનું લશકર લાવ્યા ત્યારે જારાડુંગરમાં લડાઇ થઇ, મહારાવશ્રી બીજા ગોણુમલજી “ સવંત ૧૮૩૫ ” માં સ્વર્ગવાસી થયા. તેની બાદ મહારાવશ્રી બીજા રાયધણજી ટીલે બેઠા. આ વખતમાં સિંધીઓનું જોર હતું. તે વખ-

તનો રાજ્યનો કારભાર ઘણોજ અંધેર ચાલતો હતો. દાદા ઇભલાના પાંચ ફરજંદો હતા. તેઓના નામ, (૧) ચગલો, (૨) તેજસી, (૩) બીજલ, (૪) હમીર, (૫) પુંજો. દાદો ઇભલો સવંત ૧૮૪૦ માં સ્વર્ગવાસ થયા.

દાદો ચાગલો નં. ૭—દાદો ચાગલો વૈદક થોડુંક જાણતા, તોપણ દાદા ઇભલાણીની જમાવેલી દુકાન ચલાવતા, તેને તેમના ભાઇ તેજસી ઘણી મદદ આપતા, તેજસી પોતે દાણા વીગેરેનો વેપાર કરતા. બીજલનો છોકરો ડોસુને દરબારશ્રીજીના સિપાઇની નોકરી મળી, અને બીજલ પોતે કાપડ વણવાનો ધંધો કરતા, તેઓને દાદા ચગલાણી સાથે પ્રીતિ ન હતી, અને પુંજો મંજુરી કરતો. એ બન્ને ભાઇઓ જુદા રહેતા. દાદો ચાગલો અને દાદો તેજસી સાથે રહેતા. હમીર પણ કાપડ વણવાનો ધંધો કરતો અને વખતો વખત રાજ્ય દરબારમાં મુકાદમીનું પણ કામ કરતા. તે એકલા રહેતા. ઇભલાણી ફળીયામાં પીર ધાવલ સાહના કોઠા હેઠળ હતો. દાદો ચાગલો ૧૮૭૦ માં સ્વર્ગવાસી થયા.

દાદો માણુક નં. ૮—દાદા ચાગલાને બે છોકરા હતા. (૧) માણુક, (૨) અલુ. તે બંને સાથે રહેતા. દાદા તેજસીનો છોકરો અલારખીઆ, મુંબઇ તરફ આવજાવ કરવા લાગ્યા. અને મુંબઇમાં રોજગારમાં લાગ્યા. દાદા માણુકનો એકજ ફરજંદ હતો, "મુખી ધાલા" તેવણ

રોજગાર તરફ ધ્યાન ન આપતા તેથી ઘરમા પૈસાનો ઘ ટાડો અને તંગ હાલત થવા લાગી. તેઓ તાણા, સૂતર (કાપડ વણવાનો) રોજગાર કરતા. દાદો માણુક બહુ ડાહ્યા હતા, તેથી જમાતે તેઓને કામડીઆ બેસાડયા અને ન્યાતના કારભારમાં મુખ્ય હતા. તે વખતમાં ન્યાતના ઉપ રી વકીલ " બાવા ખીદરખાન " હતા. સવંત ૧૮૭૦ ની સાલમાં મહારાવ શ્રી રાઇધણજી સ્વર્ગવાસ થયા અને સંવત ૧૮૭૪ ની સાલે " ઇસ્ટ ઈન્ડીયા " કંપનીએ ક ચ્છ મુલક ઉપર અમલ કર્યો. તે વખતે મહારાવશ્રી બીજા ભારમલજી ટીલે હતા. અને દરબારી કારોબાર ઉપર પહેલી એજન્સી નીમવામાં આવી. " સવંત ૧૮૭૫ " અને સવંત ૧૮૭૬ ના જેઠ વદ ૮ ના દીને સાંજના સા ત વાગે કચ્છ મુલકમાં મોટો ધરતીકંપ થયો, જેને હજુ સુધી લોકો ધરોઠ કરીને કહે છે. 'સંવત ૧૮૮૧ ની "સાલે ખોજા ન્યાતમાં તકરાર થઈ, ને વકીલ બાવા ખીદરખાનથી જુદા પડી ગયા. ઘણા લોકોના જમાવ અને એક બીજાના મતો મેળવીને આખા કચ્છના ખોજાઓ એક તરફ થયા, બાવા સાથે જુજ લોકો રહ્યા. દાદો માણુક અસલ વફાદા રીથી બાવા સાથે રહ્યા, તેથી આખી ન્યાતના સાથે અ- દાવત ચાલી, તે વખતે ન્યાતના પ્રખ્યાત લોકો દરબારી કારોબારમાં હતા, અને એજન્સીમાં મોટા મેમ્બર મહેતા લક્ષ્મીદાસ સાથે મીલનસારી રાખતા, તેથી તે લોકોએ પ્રપં

લાણી ફળીયું દરબારશ્રીજીના સ્વાધીન કરાવવું એવો વિચાર મહેતા લક્ષ્મીદાસને આવ્યો. મહેતાજીને તો એમજ ગમતું તેણે અમારૂં ફળીયું જેમાં સોળ ઘર ભાયાતોના સમેત દરબારી જોરથી છીનવી, તેની કિંમતનાં નાણું દરબારશ્રીજીના ખાતે માંડી પોતે પસાર કરી ગયા, આ મોટી ગાસ દાદા માણકને લાગી. વળી વિરૂદ્ધ થયેલા ન્યાતીલાઓએ પીર ધાધુની જગ્યા માંહેથી કેટલીક જમીન મુસલમાનોના કબ્રસ્થાનમાં દાખલ કરવા ગોઠવણ ચલાવી, મુસલમાનોએ પોતાને કબજે કરવા માંડી, ત્યાર બાવા મહેદઅલી બ્રિટીશ સરકારી કાયદા કંઇક જાણતા હતા, તેણે પોતાના દસ્તાવેજો, એજન્સીમાં ફરીયાદી સાથે દાખલ કર્યા, અને પોતાની હદ કબજે લીધી. પણ ઉભલાણી ફળીયું છીનવીને તેનાં નાણાં પસાર થયાં હતાં. તે બાબતમાં બાવે કાંઇપણ પોતાના તરફદાર દાદા માણક કામડીયા એજન્સીના કાયદાથી અણવાકેફ, તેમને મદદ આપી નહિ, જો કે બાવા અમારા વડીલોને આટલી મદદ કરતે તો તે જગ્યાનાં નાણાં મહેતા લક્ષ્મીદાસ પસાર કરી શકતે નહિં; પણ બાવાની બેવફાઈથી નાણાં પસાર થયાં. “ સવંત ૧૮૯૦ ની સાલમાં જ્યારે એજન્સી નામદાર ઇસ્ટ ઇન્ડિઆ કંપની હઠાવીને મહારાવશ્રી દેસલજીને ટીલો સોંપવા ફરમાવ્યું; ત્યારે બાવો મહેદઅલી દરબારશ્રીજી પાસે ખાસ કારભારી થયા. પોતાના દરબારી જોરથી આખા કચ્છની ખોજા જમાતોને પોતાને

તાબે કરી. બાવા મજકુર મુકદમો ન્યાત સબંધીનો જીત્યા. આઠ વરસમાં તેમણે જે જમણુ કરેલ તેનાં પોતાના જમણુ હક સંભાળી લીધા. પોતાના તરફદારોના હકનો નાશ થયો હતો તેના પર કશું ધ્યાન આપ્યું નહિ, તેથી દાદા માણુક કામડીવાનું દીલ તેમના તરફથી નારાજ થવા માંડયું, પણ અકલ અને વફાદારીથી કોઇને કાંઇપણ પોતાને નુકસાન થયું છે તેવું કશું જણાવા દીધું નહિ. "સવંત ૧૮૯૪" માં ઇમામ આગાશાહ હસનઅલી સિંધથી કચ્છ પધાર્યા પછી સીંધથી પોતાના ભત્રીજા આગા મહમદ જાફરખાનને કચ્છ મોકલ્યા, તેમની સાથે બાવાએ સલુકન રાખ્યો. ત્યારે આગા મહમદ જાફરખાને કંપની સરકારમાં દાવો માંડયો. મજકુર કામમાં બાવાએ આગા મહંમદ જાફરખાનને દરબારી જોર દેખાડયું, પણ આગા સાહેબ શાહ હસનઅલીશાહ દાતારે કલકતાના લોર્ડનો હુકમ કચ્છના પોલીટીકલ એજન્ટ ઉપર મોકલ્યો. તેના હુકમથી વકીલાતી દફતર લેવાણાં ને શીરજોરીનાં લીધે બાવાને મુકી દેવામાં આવ્યો, અને દાદા માણુક કામડીઆએ બાવાની તરફદારી મુકી દીધી અને આગાખાન સાહેબનો હુકમ કબુલ રાખ્યો. તે વખતે વકીલી કારોબાર ખોજાઓને સોંપવામાં આવ્યો. બાવા હમેદઅલીને મોલાના ઇમામ આગાખાન સાહેબે બાવાને જે વકીલાત આપી હતી તે રદ કરી અને તેઓ (ધણી) આગા સાહેબના મનથી ઉતરી ગયા. બાકી તેઓના ભત્રીજા વગેરે

હતા, તેઓ આગાશાહ હસનઅલીની હજુરમાં રહેતા, મ ગર ખોજાઓની પેદાશની વકીલત કુલ કામડીઆ કરતા, દાદા માશુક કામડીઆ " સવંત ૧૯૦૬ " ના ચૈત્ર શુદ બીજના દીને સ્વર્ગવાસી થયા. તેઓ બીમાર ન હતા. રસ્તે ચાલતાં પડી ગયા અને ત્રીજે દિવસે સ્વર્ગ થયા.

ધાલાશ્રી—દાદા માશુક કામડીયાના ફરજંદ પુજ્ય શ્રી ધાલા થોડી મુદત કેરા કામમાં કામડીયા હતા. પાછળથી તે કારોબાર તેમને પસંદ ન આવવાથી મુકી દીધો, તે વખતે દાદા અલારખીઆ અને કાકા ભારમલ કામડીયા મુંબઇમાં હતા. તેઓ લોઢાની દુકાન બનાવી બેઠા. મજકુર દુકાન મુંબઈની કાર્ફર્ડ મારકેટ નજીક હજુ સુધી પ્યારા બીરાદર મુરબ્બીજી અલાદીનભાઇ ભારમલભાઇ ચલાવે છે, અને લોઢાનો સામાન વેચે છે. પુજ્ય શ્રી ધાલાના ત્રણ દીકરા (૧) રહીમ, (૨) હીરજી, (૩) જાફર. મજકુર પુસ્તકના લેખક. તેમાં રહીમભાઈ જંગબારમાં રહે છે. રહીમભાઇ સવંત ૧૯૨૨ ના આસો શુદ ૧૨ ના દીને જંગબારમાં સ્વર્ગવાસી થયા. આ ખાખસાર ભુજમાં રહે છે. કાકા ભારમલ કામડીયાના બે ફરજંદ (૧) નુરમામદભાઇ (૨) અલાદીનભાઇ હતા. નુરમામદભાઇની લોઢાની દુકાન પણ તેજ મકાનમાં છે, જે હાલ પ્યાર ફાજલભાઇ ચલાવે છે. કાકા ભારમલ કામડીયા અમારા ઉપર ઘણોજ પ્યાર રાખતા. પુજ્યશ્રીને સગા ભાઇ કરતાં વધારે ચહાતા. હમેશાં કાગળો

લખતા ને સાર સંભાળ રાખતા, ને પછી મુરબ્બીજી અલાદીનભાઇ પોતાના હાથે ચાહનાથી લખતા. તેઓ મુરબ્બીજી અલાદીનભાઇએ હજુ સુધી એવીજ પ્રીત રાખી છે. સગા ભાઇથી વધુ પ્યાર રાખે છે, તેવોજ પ્યાર ફાજલભાઇ રાખે છે. અલાતાલા બેઉના દીલોની મકસદ હાસલ કરે એવી આત્માની ચાહના રાખું છું. આ દુનિયા ફાની બેવફા અને એ બકા છે જેમાં સ્વપ્ન જોઇ પુરૂં કરવાનું છે, બલ્કે અધુરૂં પણ રહે. અફસોસ ! આ રસ્તે કાકા બારમલ કામડીઆ આ ફાની દુનિઆ છોડીને સધાવ્યા. સવંત ૧૯૪૪ ના કાંરતક શુદિ ૫ ના દીને શ્રી મુંબઇમાં સ્વર્ગવાસ થયા. તેઓની તુરબત પીર મામદશાના દરગાવાળા કબ્રસ્તાનમાં ચણેલી છે. તેઓના બાદ ઝાતીઆ, વાયજ, મજલીસ વગેરે અને આખી ન્યાતનું જમણુ અને તેઓની લાયકી અમો ઇબલાણીની રીત મુજબ મોટી કોશીશ સાથે મુરબ્બીજી અલાદીનભાઇ બારમલે કર્યું. અને બારે માસની ક્રિયા પુરેપુરી બજાવી. બારમલ કાકાના ગુજર્યા બાદ નવમે માસે " સવંત ૧૯૪૪ " ના અને કચ્છી " સવંત ૧૯૪૫ " ના શ્રાવણ શુદ ૧૩ ને રવીવાર સવારના કલાક (૧૧ા) વાગે બારમલ કાકાના મોટા ફરજંદ તુરમામદભાઇ સ્વર્ગ વાસ થયા. તેઓ હાફીજ કુરાને મજીદના હતા. પુજ્યશ્રી ધાલા માણુકાણીની ઉમર વરસ ૮૦ ની હતી. તેઓ પોતાના કાકાઇ ભાઇ કામડીયા બારમલ કાકાને ઘણાજ યાદ કરતા. તેઓ " સવંત ૧૯૪૫ " ના કારતક શુદી ૭ ના

દીવસે સીક થયા અને શુદ ૧૫ ને સોમવારના રાત્રે ૧૧ા કલાકે આ ફાની દુનિયા મુકી સ્વર્ગવાસી થયા. તેઓના જનાજા સાથે જમાતની મોટી સંખ્યા હતી. તેઓને પીર ધાહુની જગ્યાની ઉત્તરાધી ડેલી આગળ દાદા માણક તથા દાદી વીરબાઇની તુરબતના સેરાધીએ અને પૌત્રી સકીના બાઇની તુરબતના જોડે દફન કર્યા. તેઓના ફાતીઆ પઢવા ઘણા બુજરગો, આલમો આવેલા, રીજમીટના ડાકટર કાજી અબ્દુલ હમીદની સાથે તેઓના મામા સૈયદ નીજામુદીન વલદ ઇમામુદીન, ગોધરા ગામવાળા આવેલા હતા, તેઓએ દીલગીરી બતાવી અને આ નીચેની અબયાત ફરમાવી. (આ અબીયાતો ફારસીમાં હોવાથી અહિં આપી નથી),

આએ ખાખસારે પોતાના વાલીદ બુજરગવારના રૂહ ના સવાબમાં કુરાને મજીદ ખતમ કરી ફારસી જબાનમાં અબીયાત કહેલી છે. આએ ફાની દુનિયામાં આવી કોઈ કાયમ રહેતો નથી. એક જાત બારેતાલાની કાયમ છે. બંદાને નેકી કરવી અને ખાલેકની ઇબાદત કરવી. આએ ચોપડી તમામ કરી છે.

જાફર ધાલાણી

વૃતાન્તની ઉતપત્તી રેખા.

ઉપરનું અસલ પુસ્તક લખનાર જાફરભાઇ ધાલાણી પોતાની પ્રસ્તાવનામાં લખે છે કે, " આ એભલાણી વંશની

ચોપડી અસલ અમારાદાદા ઇભલે લખી હતી જેમાં (૧) ભલો (૨) લાખો (૩) ખેતશી (૪) ભાણું (૫) જીવો અને ઇબિલો એ મુજબ (૬) પેઢીએ તેમના પોતાના સમેતનું બયાન લખેલ, કે પોતાના પચાસ વર્ષની વંશ સુધીનો સુધીનો ફારસીમાં એમજ ટુંકામાં લખેલ, તેના જે દાદા ભાણુના સ્વર્ગવાસ થતાં શ્રી કચ્છ દરબારે મુંડા પાનીઆ વગેરેના લાગા બાબ માફીનો લખત આપેલો. મજકુર લખત ગેરવલે જતાં પાનીઆ તે બાબ માગવા લાગ્યા તેને માટે આ આખા વંશની દસ પેઢી આ ખાકસાર ખોજા જાફર ધાલાણીએ લખી દરબારશ્રીના ખાતામાં હાજર કરી. "

મી૦ વીરજી પ્રેમજી લખે છે કે " મરહુમે (જાફરભાઈ ધાલાણી) સંવત ૧૯૪૫ ની સાલમાં મજકુર વૃતાન્ત સિંધી લીપિમાં લખી પોતાના કુટુંબીઓને તેમજ સગા સબંધીઓને આપી ગયા હતા...મજકુર હસ્ત લખીત લખાણ મારા વાંચવામાં આવતાં મને લાગ્યું કે, જો તેને છાપી જાહેરમાં મુકવામાં આવે તો સારૂં "

મી૦ વીરજી પ્રેમજી દ્વિતિય દર્શનમાં લખે છે કે, " મજકુર વૃતાન્ત મારા નાનાના પિત્રાઈ ભાઇ કામડીઆ જાફર ધાલાણીએ સિંધી લીપિમાં પોતાના હાથે લખી મારા નાના અલાદીનભાઇ ભારમલને આપેલો. મારા નાના ગુજરવા પછી મજકુર હસ્ત લેખીત પુસ્તક તેમની બેન આ

ઈ જેનાબાઈના તાબામાં આવ્યું......તે ૩૫૦ વર્ષના હસ્ત લેખને છપાવી પ્રગટ કરવાની મને ઇચ્છા થઇ."

હવે આપણે મી૦ વીરજી પ્રેમજીના લખવા મુજબ મજકુર વૃતાન્તની ઉતપત્તીની રૂપરેખા જોઈએ, કે તે કેટલા વજનને પાત્ર છે. મી૦ વીરજી તેને ૩૫૦ વર્ષનો હસ્ત લેખ " જણાવે છે. જ્યારે લખનાર તો જાફર ધાલાણી હોઇ, તેણે તેને સવંત ૧૯૪૫ માં લખેલો છે. એટલે કે તે લખાયાની મુદત માત્ર ૩૧-૩૨ વર્ષની છે. તેને ૩૫૦ વર્ષનો હસ્ત લેખ જણાવી દેવાની મી૦ વીરજીની ડંફાસ હસી કાઢવા જોગ છે. અસલ જે ચોપડી ઇમામે લખી હતી અને તે તો ફારસીમાં લખેલી હતી, તે તો ગેરવલે જવાથી જાફર ધાલાણીને તે નવેસરથી લખવી પડી હતી. છ પહેડી સુધીના વૃતાન્તનો ફારસી લેખ ગેરવલે ગયો, તેની ગેરહાજરીમાં જાફર ધાલાણીનું લખાણ પ્રથમના કાંઇપણ આધારવાળું નહિ હોતાં વજનદાર ગણી શકાય નહિ.

જણાવવામાં આવે છે કે પ્રથમની છ પહેડી સુધીનું વૃતાન્ત દાદે ઇમામે ફારસીમાં લખ્યું હતું જ્યારે જાફર ધાલાણીએ તો સિંધી લીપિમાં લખ્યું છે. પ્રથમનું વૃતાન્ત જે ગેરવલે ગયું તેને એક જુદીજ ભાષામાં નવેસરથી ઉપજાવી કાઢવામાં આવે છે. જો અસલ લખાણ ફારસીનું હસ્તીમાં હતે તો જાફર ધાલાણીને ફરીથી લખી કાઢવાની

કે, સિંધી લીપિમાં લખવાની જરૂર પડતે નહિ. જો અસલ ફારસી દાદે ઇભલે લખેલું લખાણ હતે તો અલબતા તેને વજન આપી શકાતે.

મી૦ વીરજીની આ પહેલીજ બિસ્મીલ્લાહ એવી ગલત નીકળી છે કે જેમાં સવાત્રણુસો વર્ષનું ફાંકું નીકળે છે જ્યારે ૨૦ વર્ષમાં સવાત્રણુસો વર્ષ જેટલું ગાબડું પાડવામાં આવ્યું છે ત્યારે બીજા લખાણમાં તેઓ કેવી ભુલ ભુલઇયાં રમ્યા હશે તેનો ખ્યાલ થઇ શકે છે.

ખડા ઝોર સુનતેથે પેહલુમેં દીલકા
જો ચીરા તો યક કતરએ ખુન નીકલા

મી૦ વીરજીની ચીથરે હાલ દલીલો.

મી૦ વીરજી પ્રથમ દર્શનમાં ઇભલાણી વંશનું ઉપર કોટેશન કરી આપેલું વૃતાન્ત આપી. દ્વિતિય દર્શનમાં તે ઉપરથી દલીલ કરતાં લખે છે કે “ તે ૩૫૦ વર્ષના હસ્ત લેખને છપાવી પ્રગટ કરવાની મને ઇચ્છા થઇ, કારણ કે મજકુર વૃતાન્ત ખોજા કોમની પુરાતન ધાર્મિક માન્યતાપર ઘણું સારૂં અજવાળું પાડે છે તેમજ ખોજા કોમની ઉત્પતિ કઇ કોમમાંથી થઇ છે તેની છાયા મજકુર વૃતાંતથી દેખાય છે વળી ખોજાઓને ઉપદેશ કરનાર મહાત્મા પીરો અને

વકીલો કયા ફીરકાના પાબંદ હતા, તેનું પણ ચોખ્ખી રીતે સ્મરણ થાય છે. મજકુર વૃતાન્ત વાંચવાથી વાંચનાર ઉપર સૂર્યની મિસાલ રોશન થઇ ગયું છે કે ખોજાઓને અસલ શીયા ઇમામી ઇસમાઇલી મજહબમાં દાખલ કરવામાં આવ્યા હતા. ”

વૃતાન્ત ઉપરથી મી૦ વીરજીએ ઉપર પ્રમાણેની દલીલ કરી કે, તે ઉપરથી ખોજાનો અસલ ધર્મ ઇસમાઇલી પુરવાર થાય છે તેથી અમોએ તે વૃતાન્તને એકવાર ફરીથી ચીપી ચીપીને વાંચી જોયું, પરંતુ અમોને અસાધારણ આશ્ચર્યતા ઉતપન થઇ કે, તેમાંનો એક અક્ષર પણ તેમાં છે નહિ. માત્ર તેમાં ઇમલાણી વંશનું વૃતાન્ત સિવાય બીજું કંઇએ નથી. કોઇપણ હીન્દુને વટાળીને ઇસમાઇલી બનાવ્યાની તેમાં વાત પણ નથી. કોઇપણ ખોજો પોતે ઇસમાઇલી હોવાનું કે કોઇપણ પીર પોતે ઇસમાઇલી હોવાનું કે મુરીદોને ઇસમાઇલી બનાવ્યાનું જાહેર કરતોજ નથી; છતાં પણ મી૦ વીરજી કેવી રીતે કહેવાને તત્પર થયા કે તેથી ખોજાનો ઇસમાઇલી મઝહબ પુરવાર થાય છે.

મી૦ વીરજીને લાઝીમ હતું કે તે વૃતાન્તના કયા ફકરા ઉપરથી તે ખોજાને ઇસિમાઇલી મજહબમાં દાખલ કરવામાં આવ્યાનું સાબીત કરવા માગે છે. જ્યારે વૃતાન્ત ઉપરથી ખોજાનો અસલ ધર્મ ઇસમાઇલી સિદ્ધ કરવાને નીકળ્યા છો ત્યારે તો તેમાંથી પાંચ પંદર તો નહિ પણ

માત્ર એક તો ફકરો ટાંકી બતાવવો તો હતો કે સોગા ખાવાને તો કામ લાગતે. એક પણ ફકરો બતાવવો નહિ, વૃતાન્તમાં એક ઇશારો વટીક નથી; છતાં એટલી બધી હી મ્મત કરવી કે તેથી ખોજાનો ઇસમાઇલી ધર્મ પુરવા થાય છે એ તો તમારાથીજ થઇ શકે ! તમો ઇસમાઇલી લેખક ખરા કે નહિ, તેથી તમે જેમ ફાવે તેમ લખો, તે તમોને પોસાય. તમોને પણ બીજા લેખકોનો ઠીક ચેપ લા ગી ગયો જણાય છે. પણ વ્હાલા મિત્ર ! જરા ઇનસાફને ખાતર મજકુર વૃતાન્ત વાંચી જઇને તો દલીલ લખવી તી ! શું આમ પોલમ પોલ કરીને ખોજાનો દીન ઇસમા ઇલી સિદ્ધ કરવાને નીકળ્યા છો ?

કીસ્તીકે ગર્ક હોનેકી સાહેલકો કયા ખબર,
કીસ પર છુરી યે ચલતી હે કાતીલકો કયા ખબર

તમોને હજુ પણ અમો ભાર આપીને ભલામણ કરીએ છીએ કે તમારે મજકુર વૃતાન્ત એકવાર ધર્માન્તાને તજી વાંચી જવું અને તેમાંથી ખોજાનો અસલ ધર્મ ઇસ માઇલી હોવાનું એક પણ વાક્ય જો તમોને હાથ લાગે તે પેશ કરવું; કે જેથી તમારૂં નામ દલીલ આપનારના લીસ્ટ તો દાખલ કરી શકાય. તમોને અમો એ પણ જણા આપવાનું વીસરી શકતા નથી કે, આ અમારાં પુસ્તક ખોજા ઇખલાસુી વંશનું વૃતાન્ત સહાબરૂં કોટેશન કરેલ

અમારો એક હેતુ એ પણ છે કે, વાંચક વર્ગ જોઇ શકે કે તે લખાણમાં તમો જણાવો છો તેની કોઇ દલીલ છે કે નહિ ? જો તેનાં તમારા લખવા મુજબની દલીલ હોય તો તે તમારી દલીલને ખરી માને અને જો ન હોયતો અમારા મતને મળતા થાય, કે તેમાં તમારા લખવા પ્રમાણેની એક પણ દલીલ નથી; બલ્કે અમો હીમ્મતથી કહીએ છીએ કે તે વૃતાન્તથી ખોજાનો અસલ દીન ઇસનાઅશરી હોવાનું ઘણી સરસ રીતે સાબિત થાય છે.

ઇલાહિ કર હીદાયત ઇસ ગીરોહકે એહલે બીદતકો,
બગુઝ તેરી હીદાયત કે ન કોઇ રેહનુમા હોગા.
તમસ્સુક ગર કરોગે તુમ કીતાબુલ્લા વ ઇત્રતસે.
યકીનન ફાયદા મારો તુમ્હેં ઇસિસે બડા હોગા.
પકડો કુરઆં ન છોડો ઝીક્ર આલે મુસ્તફા હરગીઝ,
ઇસીસે ખુશ ખુદા ઓર સરવરે હર દૌસરા હોગા.
ખીલાફે હુકમ કુરઆની જો નીકલે ઘરસે લડનેકો,
મુસલમાનુંમેં એસા કોન બંદા બેહયા હોગા.

વૃતાન્તમાં ઇસનાઅશરી દલીલો.

૧ જાહેર ધાલાણી ખુદાની તારીફ કુરાને મજીદની આયત " બિસમિલ્લાહ અર રહેમાન નીર રહીમ " થી

કરે છે "ધાલા શ્રી" ના હેવાલમાં પૃષ્ટ ૨૧ ઉપર લખે છે કે "સંવત ૧૯૪૫ ના શ્રાવણ સુદિ ૧૩ ને વાર રવિવાર સવારના કલાક (૧૧॥) વાગે ભારમલ કાકાના મોટા ફરજંદ નુરમામદભાઈ સ્વર્ગવાસ થયા. તેઓ હાફીજ કુરાને મજીદના હતા" પૃષ્ટ ૨૨ ઉપર લખે છે કે "આ ખાકસારે પોતાના વાલીદ બુઝરગવારનાં રૂહનાં સવાબમાં કુરાને મજીદ ખતમ કરી ફારસી જબાનમાં અખ્ખીયાત કરેલી છે" જાહેર ધાલાણીના આ લખાણથી સાબિત થાય છે કે તેઓ કુરાને મજીદને માનતા હતા જો તેઓ કુરાને મજીદને ન માનતા હતે તો પોતાના લખાણની શરૂઆત કુરાને મજીદની આયાતથી કરતે નહિ. જે માણસ કુરાનને ન માને તે કુરાનની આયતથી પોતાના લખાણની શરૂઆત કરે નહિ. વળી ભારમલના મોટા ફરજંદ નુરમામદભાઈને તો તેઓ કુરાનના હાફીજ હોવાનું લખે છે તે ઉપરથી એ વાત પણ સિધ્ધ થાય છે કે તેઓ પણ કુરાને મજીદને માનનારા હતા. અને તેના પ્રત્યે તેમની શ્રધ્ધા એટલી બધી વિશેષ હતી કે તેના તેઓ હાફીજ થયા હતા. કુરાને શરીફ જેવડું મોટું અરબી સંસ્કારી ભાષાનું પુસ્તક મુખપાઠ કરી હાફીજ થવું એ કાંઇ સ્હેલ કામ નથી વરસોના વરસો તેની તીલાવત કરવાથીજ તે હાફીઝ થઇ શકે છે અને તેથી નુરમાહમદભાઇએ તેની તીલાવત કરવામાં કેવી ઝેહમત ખેડી હશે તેનો અંદાજ ખેંચી શકાય છે.

ખુદ જાફર ધાલાણી પોતાની અંગત બિના માટે લખે કે મારા પીતાના રૂહના સવાબ માટે કુરાનેશરીફને ખતમ કરેલું હતું. એટલે કે તેઓએ પુરૂં કુરાનેશરીફ પડયું હતું અને તે ખતમથી તેઓએ પોતાના વાલીદની રૂહને સવાબ પહોંચાડવાની મુરાદ રાખી હતી. તેઓ ચોક્કસ માનતા હતા કે કુરાન ખતમ કરી તેનો સવાબ મરવાહોને પહોંચાડી શકાય છે. અને તે પ્રમાણે તેમણે અમલ કીધો હતો. આ ઉપરથી તેઓ યાને જાફર ધાલાણી કુરાને મજીદ પડેલા હતા. પડતા હતા. તેને માનતા હતા. તેને અતિ પુજ્ય માનતા હતા. અને તેને ખતમ કરી પોતાના વાલીદની રૂહને તેનો સવાબ પહોંચાડયો હતો. એ સઘળી બાબતો તેમની કુરાને મજીદ પ્રત્યેની ઉંડી શ્રદ્ધા સિદ્ધ કરે છે.

ઉપરની બાબતથી એ વાત બહુજ સારૂ જણાઇ આવે છે કે જાફર ધાલાણીના સમય સુધી ખોજાઓ કુરાને મજીદ પ્રત્યે ઉંડી શ્રદ્ધા રાખતા હતા. તેને પડતાં શીખતા હતા. તેની તીલાવત કરતા હતા. તેના હાફીજ થતા હતા અને હાફીજ થવાને પ્રયાસ કરતા હતા. પોતાના મરહુમોની રૂહના સવાબ માટે તેનો ખતમ પડી સવાબ પહોંચાડતા હતા. અને જે ખોજાનો અસલ ધર્મ ઇમામી ઇસમાઇલી હતો તે ધર્મ પ્રમાણેનીજ તે ક્રીયા હતી અને મનાતી હતી. જ્યારે માત્ર ૩૦ જેટલા વર્ષમાં પોતાને ઇસમાઇલી

જણાવતી ખોજા જમાતમાં મામલો પલટાઈ ગયો છે. ૩૦ વર્ષ ઉપંર ખોજાઓ કુરાને મજીદ પ્રત્યે ઉંડી શ્રદ્ધા રાખતા હતા. તેને શીખતા હતા. તેની તીલાવત કરતા હતા. તેને હારીઝ કરતા હતા. તેને ખતમ કરી તેનો રૂહ પોતાના મરમોની રૂહને પહોંચાડતા હતા. તેજ ખોજાઓ પોતાને ઇસમાઇલી જણાવી આજે કહે છે કે અમો કુરાનને માનતા નથી. માનવાનો હુકમ નથી.

હાજી બીબીના કેસમાં એક જે. પી. થયેલા ખોજાએ મુંબઇની હાઇકોર્ટમા કુરાને મજીદની મશકરી કરતાં કહ્યું કે " કુરાનને હું માનતો નથી. જયારે કુરાન નાઝીલ થયું ત્યારે હું હાજર નહિ હતો. " તેને એવો સવાલ પુછવામાં આવ્યો કે " તમો પોતાને મુસલમાન ગણતાં કુરાનને મઝહબી કીતાબ માનો છો ? તેના જવાબમાં તેણે કહ્યુ કે " તે જેની હશે તે જાણે. " બીજો સવાલ તેને પુછવામાં આવ્યો કે " કુરાન ઉપર અમલ કરો છો ? " તેનો તેણે જવાબ આપ્યો કે " નહિ. " નુરબાઇના કેસમાં જામનગરની ઇસમાઇલીઆ કાઉન્સીલના ચેરમેન જેસા સાજુએ જુનાગઢની દીવાની અદાલતમાં તા. ૭-૫-૧૪ ના રોજ પ્રતિજ્ઞા ઉપર સાક્ષી આપતાં જણાવ્યું કે " ઇમામ કુરાનને માને છે કે નહિ તે હું કહી શકતો નથી. "

જાંબુડા તાબે જામનગરનો ખોજો રતનશી રાજાનું

રભાઇના કેસમાં સાક્ષી આપતાં તા. ૮-૧૨-૧૩ ના રોજ જુનાગઢની અદાલતમાં પ્રતિજ્ઞા પર બોલ્યો કે " કુરાન અમે પડતા નથી. પડવાનો હુકમ નથી. " તેજ કેસમાં કાઠીયાવાડ ખાતેનો ઇસમાઇલી મીરાનરી તલકશી લવજી સાક્ષી આપતાં તા, ૧૨-૧૧-૧૪ ના રોજ બોલ્યો કે " કુરાન શરીફને અમો માનતા નથી. અને અમારા ગુરૂએ કોઇ દીવસ કુરાન શરીફનું કહ્યું નથી......ચાર પેગંબરો પર આસમાનમાંથી બુકો આવી એમ કહે છે. અમે અથર વેદ એકને માનીએ કઇ કઇ કીતાબો આવી તે મને ખબર નથી......જ્ઞાનમાં કુરાનને માનવા મારા ધારવા પ્રમાણે લખ્યું નથી. કુરાનને માનવાનું જ્ઞાનમાં કાંઇ લખ્યું નથી એમ ચોકસ કહું છું......ચાર કીતાબો આસમાનમાંથી આવી એમ બધા મુસલમાનો કહે છે. અમે તેમ માનતા નથી. " ડાયા લાલજી તે પોરબંદરની ઇસમાઇલીઆ કાઉન્સીલનો ચેરમેન તેજ કેસમાં સાક્ષી આપતાં બોલ્યો કે " મેં કુરાન વાંચ્યું પણ નથી. કુરાન કઇ ભાષામાં લખ્યું છે તે પણ હું જાણતો નથી. " આ ઉપરાંત જાહેર તથા બાતીન અનેક રીતે કુરાનેશરીફની મુખાલેફત કરવામાં આવી છે. કુરાનેશરીફની મુખાલેફત કરવાનું કેમ જાણે ખુદ આગા સાહેબનું ફરમાન હોય તેમ તેમના ફરમાનમાં મી૦ હાશમ બોધા માસ્તરે " બાહરે રેહમત " નામની ચોપડીમાં છાપી નાખ્યું છે. જંગબાર ખાતે ફરમાન કરતાં

ખુદ આગા સાહેબના મુખથી એમ કહેવાવવું જાહેર કરવામાં આવ્યું છે કે, " કુરાને શરીફને તેરસો વર્ષ થયાં છે. તે ફુક્ત અરબની વસ્તી માટે છે. જ્ઞાનને સાતસો વર્ષ થયાં છે. તમારે માટે જ્ઞાનછે, તે ઉપર તમે ચાલજો." " અસલમાં તે રેત, ઈંજીલ, ઝબુર, ફુરકાન એ સરવે જુદી જુદી કોમો ઉપર નાઝીલ થયાં હતાં. તે સરવે સત્ય હતાં. કુરાને શરીફ પણ સત્ય હતું; પરંતુ ખલીફા ઉસ્માને તેમાં ઘણો ફેરફાર કરી નાખ્યો છે. આ બાબતનો સરવે ખુલાસો તમોને દેખાડીશ. " " જ્યારે કુરાને શરીફ નાઝીલ થયું ત્યારે અરબ લોક હતા. આ વાતને તેરસો વર્ષ થઈ ગયાં છે. તમોને સાતસો વર્ષ ઉપર જ્ઞાન આપવામાં આવ્યાં છે તે બરાબર ઓળખીને વાંચજો." "ખલીફા ઉસ્માને કુરાને શરીમાંથી કેટલોક ભાગ કાઢી નાંખ્યો છે અને કેટલોક ભાગ ઉમેરી આપ્યો છે. અસલ કુરાનેશરીફ હું ઉતારૂં તો છ વરસ લાગી જાય, તે પણ હું તમોને મોકલીશ. તો તમોને ખબર પડશે કે, શું કાઢી નાખવામાં આવેલ છે અને શું ફેરફાર કરી નાખવામાં આવ્યો છે."

ઉપર પ્રમાણે ખુદ આગા સાહેબના મુબારક મુખથી કુરાને મજીદની મુખાલેફતના શબ્દો નીકળેલા મી૦ હાશમ બોધાએ ફરમાનમાં ટાંકી બતાવ્યા છે અને તેને મેંઢાભાઇઓ ખરૂં સમજી કુરાને મજીદની મુખાલેફત કરવાને લાગી ગયા છે. જ્યારે પીર તથા મુરીદ આવી રીતે કુરાનની મુખાલેફત

કરે ત્યારે એ વાત સ્પષ્ટ સિદ્ધ થાય છે કે, જાફર ધાલાણી તથા પહેલાના સમયમાં જે કુરાન પ્રત્યે આસ્થા તથા અમલ હતો તે ન રહેવા પામે અને થતું પણ એમજ ચાલ્યું છે અને જો હવે આવી રીતની બેદીનીનો અટકાવ નહિ કરવામાં આવે તો બનવા જોગ છે કે ખોજાઓ પોતાના અસલ કુફર તરફ ઢળી જાય.

કેમ વીરજીભાઈ! તમો જોઈ શકયા હશો કે તમારા વડીલો જે માર્ગપર હતા તે માર્ગપર હવે ખોજાઓ ડુલમુલ થતા ચાલ્યા છે. જો જાફર ધાલાણી, નુરમામદ ભારમલ તથા ભલા ઇસમાઇલી હતા તો હવે ખોજાઓ કુરાને મજીદને માનવાનું તજી દેતાં ઇસમાઇલી રહ્યા નથી. ઇસમાઇલીપણું ઘટતું ચાલ્યું છે તેના ઝાડને ઉધઇ લાગી ગઇ છે. તે ઝાડ ખોખલું થઇ ગયું છે. હવે તેને સાધારણ પવનના ઝપાટાથી પડી જતાં શી વાર ? જો અમોએ આવી સ્થિતિમાંથી ખોજાઓને બચાવવાનો ઝુંડો ન ફરકાવ્યો હતે તો, તેઓ તો કયારનાએ કુફર તરફ ઢળી ગયા હતે. અમારા પ્રયાસનુંજ એ પરિણામ કેમ ન હોય કે, તેઓ તદ્દન હદ ઓળંગી શકયા નથી. સમજુ ઇસમાઇલીઓ અમોએ જ્ઞાન શાસ્ત્રના ઉતારા કરી છપાવ્યા, તે ઉપરથી જોઇ શકયા કે, કુરાનને માનવું એ ઇસમાઇલી ધર્મની મુખ્ય બાબત છે છે અને તેને નહિ માનવું ઇસમાઇલીપતથી ખિલાફ છે

તો તમારી પારટીએ ધર્મ બદલાવ્યો કે અમારી ? તેનો તમો વધુ ધર્માન્ધ નથી તેથી તોલ જરૂર કરી શકશો.

જો તમારા દીલમાં તમારાં વડીલોનો ધર્મ આબાદ રહ્યો હોય અને તમો પણ કુરાને શરીફ પ્રત્યે તમારા વડીલોના જેવીજ આસ્થા તમા શ્રદ્ધા રાખતા પો તો, તમારે તમારી પારટીને કુરાને મજીદ પ્રત્યેની મુખાલેફતથી રોકવી જોઇએ અને જે જે કાઉન્સીલના પ્રેસીડેન્ટો, મેમ્બરો, મીશનરીઓ તથા ખુદ આગા સાહેબને તેની સમજુતી આપવી જોઇએ કે કુરાને મજીદની મુખાલેફત, એ ખુદ ઇસ્લામી દીનની મુખાલેફત છે. કુરાને મજીદની મુખાલેફત કરતાં રોકવા જોઇએ. જો તમો તેવો પ્રયાસ કરો તો એ બાબતની કોમને વધુ ખાત્રી થાય કે, તમો તમારા વડીલોના માર્ગ પર મુસ્તકીમ છો.

દોશ અઝ મસજીદ સુએ મયખાના આમદ પીરે મા
ચીસ્ત યારાંને તરીકત બાદ ઝીં તદબીરે મા
મા મુરીદાં રૂ બસુએ કાબા ચું આરેમ ચું
રૂ બસુએ ખાનએ ખમ્માર દારદ પીરે મા

અર્થ—કાલે મારો પીર મસજીદથી કલાલના પીઠા તરફ ગયો; તો પછી અય તરીકતી ભાઇઓ ! તેવી સ્થિતિ વચ્ચે અમારાથી શું તદબીર થઇ શકે છે ? અમો

મુરીદો મસજીદ તરફ તે કેવી રીતે જઇ શકીએ છીએ કે જ્યારે અમારા પીરનું રૂખ કસાલના પીડા તરફ છે.

૨ હવે બીજી દલીલપર આવીએ કે, જે દલીલથી હાલનો ઇસમાઇલી દીન સંમત્ત નથી, પણ ઇસનાઅશરી દીનજ સંમત્ત છે. જાફર ધાલાણીએ " ખુદાની તારીફ " ના મથાળા નીચે જણાવ્યું છે કે " દોસ્તી પયગંબર બરહક હજરત મહંમદ મુસ્તફા સલ્લલાહા અલેહ સલમ અને તેના વસી બરહક હજરત અમીરૂલ મોઓમેનીન મુરતઝા અલી અને પંજેતન પાકની થકી તરીકા મઆરેફતનો હાથ લાગે છે " આ લખાણથી તમારા વડીલોની એ માન્યતા બહુજ સ્પષ્ટ રીતે જણાઇ આવે છે કે, તેઓ મોલા મુરતઝા અલી અલેહિસ સલામને પયગંબરે બરહકના વસી બરહક માનતા હતા. અને અમોને માનવાને કારણ મળે છે કે, તમો પણ તમારા વડીલોના મળેલા વારસા મુજબ તેજ માન્યતાપર કાયમ હશો; પણ તમો કાંઇ પણ સહરાગત વિના જોઇ તથા સમજી શકશો કે; હમણાં જે ઇસમાઇલી દીનનું ચીત્ર રેકર્ડ ઉપર વાજતે ગાજતે લાવવામાં આવ્યું છે તેના અકાયદમાંથી " વસી બરહક " ની માન્યતાને કડેમ કરી નાંખવામાં આવી છે. અને " વસી બરહક " ને " અલી અલ્લા " " સહી ખુદા " થી બદલાવી નાખવામાં આવે લ છે. તમારીજ પારટીના મુખ્ય મુખ્ય આગેવાનો, મીશનરીઓ તથા અધિકારીઓએ " વસી બરહક " ની મા-

ન્યતાનો ઇનકાર કર્યો છે તે નુરઆઇ વીગેરેના કેસથી તમારા ધ્યાનમાં આવી શક્યું હશે. તમારાજ મિત્રો મી૦ ચુનારા તથા મી૦ વરતેજીએ તો ડંકાની ચોટે અનેકવાર છાપી માર્યું કે નુસેરીના ખુદા તે અલી (અ૦) છે. જ્યારે બીજાઓનો ખુદા તે સઘળી મખલુકાતનો છે તે છે. ઇમામોને ખુદા તથા નબી અને નામદાર આગાખાનને ખુદા કહેવામાં પાછું વાળી જોવામાં આવ્યું નથી. સરકારી કોર્ટોમાં પ્રતિજ્ઞાઓ ઉપર તમારા વડીલોની માન્યતા વિરૂદ્ધ ડંકાની ચોટે સાક્ષીઓ અપાઇ છે. આ સઘળું જોઇ શું તમો તમારા વડીલોના અકાયદોની હીમાયત કરતાં એમ કહી શકશો કે ઇસમાઇલી દીનના અકાયદોને જાળવી રાખવામાં આવ્યા છે ? અને શું આવી સ્થિતિથી તમારા વારસો તરફથી તમોને વારસામાં મળેલું બાવિકવણું નહિં હજકેરાશે ?

લીખે હૈં યેહ દલીયલ એહલે હક કે હમને અય મોહસિન,
અસર હોગા ઉસે, દીલ દર્દસે જીસકા ભરા હોગા.

તમોને યાદ હશે કે માંગરોળ (કાઠીયાવાડ) નિવાસી મી૦ રજબઅલી મોરાણીએ ઇસમાઇલી સીતારાની હયાતીમાં " ખોજા હિતદર્શક " નામે માસિક ચોપાનીયું કાઢયું હતું. તેના એક અગ્ર લેખમાં નામદાર આગા સાહેબને " અલી વલી " ની સીધી નસલે ઉતરી આવ્યાનું લખ્યું હતું. આ " અલી વલી " ના શબ્દને ઇસમાઇલી આગા

તા વિરૂદ્ધનો જણાવી " ઇસમાઇલી સીતારા " એ મી૦ મોરાણીને બદનામ કરવામાં જમીન આસમાનના કલાબા મેળવી આપ્યા. હતા. અને કોમી બંધુઓમાં તે માટે એવી તો ઝેરી ઉશ્કેરણી ફેલાવી આપી કે, જેથી મી૦ મોરાણીને માસિક માત્ર ચારજ અંકો કાઢી બંધ કરવું પડયું હતું, અને આ માસિક પત્ર કાઢી તેઓએ કોમની જે જે ખીદમત કરવાનું જણાવ્યું હતું તે હવામાં ઉડી ગયું હતું.

મી૦ મોરાણી એક ખાનદાન વગવાળા કુટુંબના હતા. ઇસિમાઇલી લેખક હતા. શ્રી જહાંગીર પ્રીન્ટીંગ પ્રેસના માલેક તથા મેનેજર હતા. ઉપરાંત તેઓએ નામદાર આગા સાહેબ જ્યારે રાજકોટમાં પધાર્યા હતા ત્યારે નામદાર આગા સાહેબ તથા જમાતોના રોજે રોજના પ્રોગ્રામો છપાવી વહેંચવાનું કામ કરી બતાવ્યું હતું. કેટલીક હકીકત તેમના માસિક ઉપરથી તથા વિશેષ તેમના મુખથી અમો જાણવા પામ્યા છીએ. તેમના બીજી વારના લગ્ન જાફરાબાદ ખાતે થયાં તે અગાઉ, અને સગાઇ પછી તેઓ અમારે ત્યાં એક અઠવાડીઉં મેહમાન તરીકે રહી ગયા હતા. તેમના વિચારો, તેમની રીતભાત તથા સમગ્ર ખોજાઓ પ્રત્યેની ચાહનાએ અમારાપર ઉંડી અસર કીધી હતી. તેમનાં જેવી ઇસમાઇલીને દીપાવે તેવી સારી રીત હજુ અમો બીજા કોઈ ઇસમાઇલીમાં જોઇ શકયા નથી. જોકે તેઓ અમારી સાથે

તથા સમગ્ર ખોજાઓ સાથે સારી રીતભાત વાપરી પોતાના ઇસમાઇલી દીન માટે ઉંચો મત ઉતપંન કરવા માગતા હતા.

મી. વીરજીભાઇ ! શું તમો એમ માનવાની તમારા વડીલો વિરૂધ્ધ હીમ્મત કરી શકશો કે, મી. ચુનારા તથા મી. વરતેજી તથા બીજાઓ જે કુરાને મજીદની છડે ચોક વિરૂદ્ધતા કરે છે તથા સઘળી મખલુકાતના ખુદાને માનવાનું તજી નુસેરીની માન્યતા હાથ ધરાવે છે તે ખરા ઇસંમાઇલીની છે ? અને અમોએ જે ઇસમાઇલીઓના ઇકરારો કુરાન નહિ માનવા સબંધેના તેમના મુખોમાંથી નીકળેલા ટાંકી બતાવ્યા છે તેમાં શું તમોને કાંઇપણ શંકા છે ? શું તમારા ઉસ્તાદ મી. હાશમ બોઘા માસ્તર કૃત "બાહરે રેહમત" નામની ચોપડી તમારા વાંચવામાં નથી આવી ? શું તેમાં ખુદ આગા સાહેબના મુખથી કુરાનની મુખાલેફત નથી રજુ કરવામાં આવી ? જ્યારે આવી સ્થિતિ છે તો તમો ખુદાને હાજર રાખીને ફરમાવો કે ઇસમાઇલીઓએ દીન બદલાવ્યો છે કે ઇસનાઅશરીઓએ ?

પીન્હાં થા દામે સખ્ત કરીબ આશીયાનકે
ઉડને ન પાએ થે કે ગીરફતાર હમ હુએ

૩ હવે તમો તમારા વડીલે લખેલા લખાણમાંની ત્રીજી દલીલને પણ ઇનસાફના કાંટામાં તોળી જુઓ. જ્યારે આ-

લાણી વૃતાન્તમાં લખે છે કે " દાદો ભલો આપણા ખોજા ધર્મમાં આવ્યા. અને પીરે દાદા લાખાનું ચાલીશ દહાડે અકીકો ઇસલામી રીતે કરવાનો હુકમ ફરમાવ્યો. તે મુજબ અકીકો કર્યો અને તેના કાયદા શરીયતી મુજબ બજાવ્યા, યાને મોવાળા ઉતારી ચાંદી તેના વજને તોળી ખયરાત કરી. ને બે ઘેટાની કુરબાની કરી." તમારા વડીલ જાફર ધાલાણી પીરના ઉપદેશ વિષે જણાવે છે કે તેઓએ ભલાને લાખાનો અકીકો ઇસલામી રીતે શરીયતના કાયદા પ્રમાણે બજાવી લાવવાને હુકમ કર્યો. બસ આટલુંજ લખાણ પુરવાર કરે છે કે ખોજાઓને પીરો ઇસલામી રીતે શરીયત પ્રમાણેનો બોધ આપતા હતા. જો શરીયત પ્રમાણે બોધ નહિ આપતા હતે તો ભલાને લાખાનો અકીકો શરીયત પ્રમાણે બજાવી લાવવાને ફરમાવતે નહિ, જે પીર દાદુએ શરીયત પ્રમાણે ચાલવા તથા ક્રીયા કરવાને હુકમ આપ્યો, તે પીર દરખાનેથી વકીલની પાઘડી બાંધી આવ્યા હતા. જો પીરે શરીયત પ્રમાણે આજ્ઞા કીધી તેને ખરી માનવામાં આવે અને આવવીજ જોઇએ; તો તે પ્રમાણે ફરમાન કરવાનું તેમને દરખાના તરફથી ફરમાન થયેલું હોવું જોઇએ. અને જો દરખાના તરફની આજ્ઞાનુસાર તે હોય તો, દરખાનું પણ શરીયત પ્રમાણે આજ્ઞા આપતું હતું એમ સ્હેજ જણાઇ આવે છે. તો તેથી ખોજાનો જો ઇસમાઇલી દીન હોય તો, તે શરીયત પ્રમાણેનો હોય

તેમાં કોઇને શંકા રહે નહિ, પરંતુ તમો તમારી અસાધારણુ દીલગીરી વચ્ચે જોઇ શકયા હશો કે, દરખાના તથા વકીલ પીરના ફરમાનને આજે પોતાને ઇસમાઇલી ઇસમાઇલી કહેતાં વેશધારીઓ ઠોકરે મારવા લાગ્યા છે. તમો જરા ચક્ષુઓને ખોલીને તમારા આગેવાનો, મીશનરીઓ તથા લેખકોના ઇકરારો, વાએઝો તથા લખાણો જુઓ તથા વાંચો, કે તેઓએ દરખાના તથા પીર વકીલની આજ્ઞાને કેવી બેદરકારીથી પીઠ પાછળ ધકેલી આપી છે અને ધકેલતાજ જાય છે. શરીગતના અકાયદો તથા આચાર વિચારની ખુલ્લી રીતે વિરૂદ્ધતા કરવામાં આવી છે. અને અમારે માટે શરીયત નથી તેમ પોકારીને કહી દેવામાં આવ્યું છે. તે આ શું બધું ઇસમાઇલી દીન પ્રમાણે છે? અને શું વૃતાન્તમાં તમારા વડીલો તે પ્રમાણેના અકાયદા તથા આચાર વિચાર ધરાવતા હતા ? નહિ નહિ. અમે જોઇ શકયા કે તમારા વડીલો તો દરખાના તથા વકીલ પીરની આજ્ઞાનુસાર ઇસ્લામ તથા શરીયત પ્રમાણે ચાલતા હતા. અને તે પ્રમાણે ચાલવું વૃતાન્ત સબળ પુરાવો રજુ કરે છે.

જ્યારે આવી સ્થિતિ છે ત્યારે અને જ્યારે તમારી ગોમાં તમારા વડીલોના અકાયદા તથા આચાર વિચાર લોહિ ઉછળી રહ્યું છે ત્યારે તમોને હાલની ઇસ્માઇલી પ્રત્યે સખ્ત નફરત આવતી હશે. અને તમોને એમ લાગ

હશે કે પ્રથમની ઇસ્માઈલીયતને ઘાતકી રીતે ઝખ્મ કરવા માંડી છે. જો તમોને લાગી આવતું હોય અને જરૂર લાગીજ આવવું જોઇએ તો, તમારી ફરજને, એ કાર્ય તરફ દોડાવો કે જેથી દરખાના તથા પીર વકીલની આજ્ઞા પ્રમાણે ઇસ્માઇલીયતના ગબડી પડેલા સ્તંભને તમારા ભાઇઓ ઉભા કરે અને ઇસ્માઈલી ઝંડીની કાઠી જે જમીન પર પડી ગઈ છે તેને ફરીથી અલમ કરવામાં આવે. જો તમો મુંબઇમાંજ તમારા ઇસ્માઇલી લેખક મિત્રોને હમદર્દીની રૂએ બે શબ્દો શીખામણના કહો અને લેખી રીતે સમગ્ર ઇસ્માઇલીઓને હાલની સ્થિતિની નિર્માલ્યતા વિષે જણાવી આપો, અને ઇસ્માઇલીયતના અકાયદો તથા આચાર વિચારને દરખાના તથા વકીલ પીરની આજ્ઞાનુસાર શરીયત પ્રમાણે ચલાવી આપો, તો ઇસ્માઈલી ઝખ્મને ઓછી રૂઝ લાવવાનું કારણ નથી.

તમારા આ વૃતાન્તે એટલું તો પુરવાર કરી આપ્યું કે ખોજાઓને શરીયત પ્રમાણેનો ધર્મ આપવામાં આવ્યો હતો. જેની હમણાં અસાધારણ મુખાલેફત કરવામાં આવે છે શું આજે ઇસ્માઇલીઓમાં ખુણે ખોંચરે પણ શરીયતની આજ્ઞા પાળવાનું ધોરણ જોવામાં આવે છે ? તમારા વડીલો જે કુરાન શરીફના હાફેજ થયા હતા, જેના ખતમ કરી પોતાના મરહુમોની રૂહને તેના સવાબો બક્ષી આપતા હતા.

તે કુરાને શરીફના પોઝીશનને કેવા દુખદાયક સ્વરૂપમાં મુકી આપ્યું છે ? ઇસમાઇલીઓની ગંજાવર સંખ્યામાં તમો આજે એક પણ કુરાનને શીખવવાનો મદરેસો બતાવી શકો છો ? એક પણ કુરાનનો હાફીઝ રજુ કરી શકો છો ? શું એક પણ શરીયતથી માહેર નજરે પડી શકે છે ? શું કોઇપણ જમાતખાનામાં એક પણ પાક કુરાનની હસ્તી અમોને નજરે પાડી શકો છો ? શું કોઇપણ ઇસમાઇલીને હવે જમાતખાનામાં નમાઝ પડતો બતાવી શકો છો ? શું કોઇ પણ ઇસમાઇલીને હજ પડવા જતો કે હજ પડી આવેલો દેખાડી શકો છો ? શું કોઇપણ ઇસમાઇલીને શરીયત પ્રમાણે ઝકાત તથા ખુમ્સ આપતો પેશ કરી શકો છો ? આવી સ્થિતિ વચ્ચે તમારે એમતો કહેવું પડશે કે જો ખોજાનો અસલ ધર્મ ઇસમાઇલી હતો તો તે ઇસમાઇલી દીનને બદલી નાંખવામાં આવ્યો છે.

વકત હમદર્દી હે હમદર્દોંકો આના ચાહીએ,
હાલતે ગુર્બત ઝદા પર રહેમ ખાના ચાહીએ.
હોકે ગીરયાં વજહે બરબાદી જતાના ચાહીએ,
કોમ તેરે હાલ પર આંસુ બહાના ચાહીએ,
આપ રોના ચાહીએ તુજકો રૂલાના ચાહીએ.

ઝુલ્મ કરકે નાલઓ શૈવન ઉસીકે બનતે હો,
તુમ પકડને વાલે પસ દામન ઉસીકે બનતેહો,

જો કહે ઇંમાનકી રેહઝન ઉસીકે બનતે હો,
જો નસીહત કરતા હએ દુશમન ઉસીકે બનતેહો,
બુઝ્રુહેલકી ખસલતેં સબ તુમમેં આના ચાહીએ.

પૈરવી શૈતાનકી કરતે હો તુમ સુબ્હો મસા,
શીર્કો બીદઅત કરતે હો ડરતે નહિ હકસે ઝરા,
સું દીખાઓગે ભલા તુમ કીસતરેહ પેશે ખુદા,
દીનદારી દેખલી અય કોમ તેરી વાહવા,
ઇસલીએ ફીરસે તુમ્હેં કલ્મા પઢાના ચાહીએ.

બચપના કેસા જવાં તુમ હો ગએ નામે ખુદા,
ક્યું કસોટી પર પરખ લેતે નહિ ખોટા ખરા,
ક્યું નહિ કરતે હો તુમ અચ્છે બુરેકા તજરૂબા
હોશ પકડો વાસ્તે અલ્લાહકે સમજો ઝરા,
મર્દ બનકર કુચ્છતો અપના બલ દીખાના ચાહીએ.

ગર કોઈ કેહતા હએ બેહુદા હે યેહ રસ્મેં ન કર,
અબ ફુઝુલી પર ન અપની બાંધના હરગીઝ કમર,
તુમ યેહ કેહતે હો કે ઝીદ ઓરતને કીહે સરબસર,
ઓરતુંકા ઝોર તુમપર હો ગયા હે ઇસકદર,
ચુડીયાં એ દોસ્તો તુમકો પેહનના ચાહીએ.

ક્યું ન એસી કોમ બદ હો જબકે હોં ફાસેદ ખેયાલ,
હો ખેયાલે બદસે નાઝીલ ક્યું ન કેહરે ઝુલજેલાલ

ક્યું તરક્કીસે ન બૈસી કોમકો આએ ઝવાલ,
મદ્દે હો જીસ કોમકે આબાશ ઔર રુસ્વા કમાલ,
ઔરતુંકી પ્હેશકા શીર ક્યા ઠીકાના ચાહીએ.

રોશન ખેયાલ તુમ્મેં કોઇ નઝર પડાતો,
ઇસ્લાહે દીનો દુન્યા કરને અગર લગા તો,
ઔર કામીયાબ્યુંકા, સેહરા ઉસે બંધા તો,
ગર કામ કોઇ અચ્છા એક ભાઇસે હુવા તો,
અટકાયા તુમને ઉસ્કા લોગુંકો દર ગલાયા.

ખોલી ઝમાને બદકો ક્યું દરપએ તકલ્લુમ,
ઇલઝામ ધરકે બેજા કરકે બોહોત તવહહુમ,
ચાહા બહડે ન ઉસ્કી ઇઝઝત બચરમે મર્દુમ.
યેહ ભાઇકે ફ્ઝાએલ સુનકર ન ખુશ હુએ તુમ
અપના ભી દીલ:જલાયા ઉસ્કાભી દીલ દુખાયા.

૪ હવે વૃતાન્ત ઉપરથી નીકળતી ચોથી દલીલને ત પાસીએ. વૃતાન્તના પૃષ્ટ ૧૧ ઉપર લખ્યું છે કે પીર ધાધુ " દીનનો રોજો રાખતા અને રાત બંદગીમાં ગુજારતા " આવી રીતે તમારા વડીલોના પીરો રોજા રાખતા. અને અમો માનીએ છીએ કે, તેઓ તે પ્રમાણે દરખાનાની આજ્ઞાનુસાર કરતા હતા. તેથી રોજા રાખવા એ ઇસમાઇલી દીન જો ખોજાનો અસલ દીન હોય, તો તેનો મુખ્ય ભાગ

હતો; પણ શું આજે તમો હીમ્મત કરી શકો તેમ છો કે, દીનના તે અગ્ર ભાગને જાળવી રાખવામાં આવ્યો છે ? નહિ નહિ. તેની તો અતિ નિર્દયતાથી ખુહારી કરવામાં આવી છે. તેનું કાંઇક ભાન તમોને જરૂર નુરઆઇનો કેસ કરાવી શક્યું હશે. તે કેસમાં જામનગરની ઇસમાઇલીઆ કાઉન્સીલનો ચેરમેન જેસા સાજુ બોલ્યો કે " હું પોતે રોજો રાખતો નથી. બીજા રાખતા હોય તો હું જાણતો નથી. " જાંબુડાનો ખોજો રતનશી રાજા બોલ્યો કે ". અમારામાં કોઇ ખોજા રોજા રાખે કે કોઇ ન રાખે. રાખવાની કાંઇ ફરજ નથી. " ઇસ્મિાઇલી મીશનરી (આગા સાહેબનો પગારદાર) તલકશી લવજી બોલ્યો કે " એક્વીશમા રોજાને દીવસે ખુશી પડે તે કામ ધંધો બંધ કરે. ફરજ નથી. હું પડે કામ બંધ કરતો નથી. એક્વીશમો રોજો રાખવાની ફરજ અમારા ગુરૂએ નાખી નથી. ખુશી પડે તે રાખે. હું પોતે રોજો રાખતો નથી. " પોરબંદરની ઇસમાઇલીઆ કાઉન્સીલનો ચેરમેન ડાયા લાલજી બોલ્યો કે " રોજા રાખવા એ મરજીની વાત છે. ફરજીઆત નથી. "

વ્હાલા બીરાદર વીરજી ! તમારા વડીલો જો ખોજાનો અસલ ધર્મ ઇસમાઇલી હતો તો તે રોજા રાખનારા હતા. અને તે ઇસમાઇલી હોઇ રોજા રાખતા હતા, તો રોજા રાખવા, એ ઇસમાઇલી ધર્મની મુખ્ય બાબત હતી. જ્યારે તમારા વડીલો કુરાનને માનતા હતા. તેના હાફેજ થતા

તા. તેને ખતમ કરી તેનો સવાબ મરહુમોને પહોંચાડતા હતા ત્યારે તેઓ રોજા રાખવાને વાજીબ માને અને તે વાજીબ અદા કરે તેમાં શી નવાઇ? પણ તમો તમારી આં ખોથી હમણાં તેજ પંથના તમારીજ પારટીના લોકો રોજા નો ઇનકાર કરે છે ત્યારે એમ શું નહિ સિદ્ધ થાય કે, હ મણાં હમણાં પ્રથમનો ઇસમાઇલી દીન તજી દેવામાં આવ્યો છે? પોતાને ઇસમાઇલી જણાવી રોજા રાખવાં નહિ. રા ખતા નથી. શીખવા હુકમ નથી વીગેરે જણાવવું અને તે વળી આગેવાનો, મીશનરીઓ, કાઉન્સીલના મેમ્બરો વીગેરે એ, તે શું તમારા ઇસલામી જીગરમાં તીર ભોંકે તેવું ન થી લાગતું?

તમો બહુજ સ્હેલાઇથી જોઇ શકશો કે, તમારી પા રટીના લોકોએ પોતાનો અસલ પંથ જે દરખાના તથા તે ના તરફથી નીમાયલા વકીલ પીરો દ્વારા મળ્યો હતો, તેને કંડેમ કર્યો છે. કંડેમ કર્યો છે એટલુંજ નહિ પણ તેને નિર્દયતાથી ઠોકરે મારવામા આવ્યો છે. અમો વૃ તાન્ત વાંચી એક પણ એવો નમુનો તમારા વડીલોમાં બ તાવી શકતા નથી કે જેણે શરીયતથી મુખાલેફત કીધી હો ય, અથવા તો તેઓએ એમ કહ્યું હોય કે, અમો કુરાનને માનતા નથી. માનવાનો હુકમ નથી. નમાઝ પડતા નથી. પડવાનો હુકમ નથી. રોજા રાખતા નથી. રાખવાનો હુકમ નથી. વીગેરે વીગેરે બાબત તો તેમાં હોશજ ક્યાંથી?

જો શરીયતને માનવી, કુરાન, નમાઝ, રોજા વીગેરેને માનવા તથા તેના પર અમલ કરવો, એ ઇસમાઇલી દીનની બાબત છે તો હાલમાં ઇસમાઇલીપણું તજી દેવામાં આવ્યું છે અને જો તે બાબતો સાથે ઇસમાઇલી દીનને કાંઇ નીસબતજ નથી, તો તમારા વડીલો ઇસમાઈલી નહિ હતા એમ પુરવાર થાય છે. હવે તમોને અખ્તેયાર છે કે તમો તમારા વડીલોને ઇસમાઇલી માનો, કે હાલના તમારી પારટીના લોકોને. જેવી તમારી મરજી !

બા બદાં હમનશીં કે સોબતે બદ
ગરચે પાકી તુરા પલીદ કુનદ

અર્થ—દુષ્ટ લોકો સાથે બેઠ ઉઠ ઓછી રાખ. કેમકે તેની સોબત ખરાબ છે; જો કે તું પાક છે; છતાં પણ તેની સોબત તને પલીદ કરશે.

૫ વીરજીભાઇ ! તમો કદાચ એમ વ્યાજબી દલીલ આપી શકશો કે, હાલમાં દરેક ફીરકામાં અજ્ઞાનો વધારે છે. અને નમાજ રોજા નહિ રાખનારા દરેકમાં મોજુદ છે, તો તે ધોરણે ઇસમાઇલીઓમાં પણ તેમ હોયજ, પણ તમારી આવી દલીલ કામ આવી શકશે નહિ. કોઇપણ ફીરકાના એવા મુસલમાનને પુછશો કે જે નમાઝ પડતો નથી તો તે નમાઝ નહિ પડવાનું કારણ પોતાની ગફલત જણાવશે અને એક વાજબ વસ્તુને તર્ક કર્યાનો ગુનોહ કબુલ રાખશે.

પણ એમ તો નહિંજ કહે કે અમારા ધર્મમાં તે પડવાનો હુકમ નથી. તેવીજ રીતે રોજુ નહિં રાખતો મુસલમાન રોજું નહિ રાખવાના કસુરનો ઇકરાર કરશે; પણ એમ તો નહિજ કહે કે અમારા ધર્મમાં તે રાખવાનો હુકમ નથી. પણ અહીં તો તમો જે ઇસમાઇલીયતની હીમાયત કરવાને નીકળ્યા છો ત્યાં તો ખુલ્લે ખુલ્લું કહેવામાં આવે છે કે કુરાનને માનવાનો, રોજા રાખવાનો તથા નીમાઝ પડવાનો હુકમ નથી. માટે જો તમો તમારા વડીલની પૈરવી કરવા માગતા હો, તમારા વડીલોના ધર્મનું સંરક્ષણ કરવા માગ તા હો, તેના પ્રત્યે હમદર્દી ધરાવતા હો તો આ જમીન-દોસ્ત થયેલા ઘરનો જીર્ણોદ્ધાર કરવાને તત્પર થાઓ. અ-મારી વિરૂદ્ધતા કરવામાં નાણું તથા વખત ગુમાવવાથી તો તમારા ઇસમાઇલી દીનની હાલત વધુને વધુ રદી થઇ જશે. કેમકે જો કુરાનને માનવાનું નીમાઝ પડવાનું, રોજા રાખ વાનું તમારા ઇસમાઇલી દીનનું હોય તો, તમો અમારા પ્રયાસને અટકાવી ઇસમાઇલી દીનને ધક્કો મારશો; કેમકે અમો ભલે ઇસમાઇલી નથી તોપણ નીમાજ, રોજા તથા કુરાન જે ઇસમાઇલી દીનનું પણ છે તેનું સંરક્ષણ તો ક રવા માગીએ છીએ. તેવી રીતે જો તમો તેમ માનો તો અમો ઇસમાઇલી દીનની હીમાયત કરીએ છીએ, છતાંપણ નહિં માલુમ આપને શું સુઝી આવ્યું કે, જે પ્રયાશથી તમારા વડીલોના દીનને ધક્કો પહોંચે, તે પ્રયાસ કરવાને

ચોપડી છપાવી મેદાનમાં કુદી પડ્યા. તમોને લાઝીમ તો એ હતું કે, તમારાજ ભાઇઓ જે કુરાન, નમાઝ તથા રોજા વીગેરેથી વિમુખ થયા છે. વિમુખ કરવામાં આવે છે તેને તેમ કરતા અટકાવવામાં તેટલો વખત તથા નાણું ખરચતે; પરંતુ અફસોસની વાત છે કે, તમો પણ મી૦ વરતેજી તથા મી૦ ચુનારાની કં. માં જોડાઇ ગયા અને તેમની લપટ ઝાળમાં આવી ગયા.

તમો વિચાર તો કરો કે, અમો શું પ્રયાસ કરીએ છીએ ? અમારા પુસ્તકો તો જરા વાંચી જુઓ કે, તેમાં અમોએ શી બીના લખી છે ? શું અમોએ તમારી પારટીના લોકોને કુરાને મજીદને માનવાનો, નમાઝ રોઝા અદા કરવાનો થોક બંધ ઉપદેશ નથી કર્યો ? શું શરીયતે ઇસલામ પ્રમાણે ચાલવાની હીદાયત અનેક દલીલોથી નથી કીધી ? જો તેમજ અમોએ કીધેલું હોયતો, પછી તેનીજ મુખાલેફત કરવાનું તમોને કેવી રીતે સુઝયું ? અને તમારા જે ભાઇઓએ કુરાન, નમાઝ, રોઝા તથા શરીયતની બર કોર્ટોમાં તથા પ્રસ્તકો છાપી છાપીને મુખાલેફત કીધી તેને ઠપકાનો કે ઉપદેશનો એક શબ્દ પણ કહેવાને ન નીકળ્યા, એ સઘળું પબ્લીકને શું બતાવી આપશે ? તમારા માટે કેવો મત બાંધશે ?

એક આફતમે ફંસી હે તેરે બીમારકી જાંન
દેખીયે મારેદા કીસ શખ્શ કે યેહ હાત રહે.

મસેકુલ મોતકો ઝીદ હે કે મેં દમ લેકે ટલું
સર બ સીજદા હે મસીહા કે મેરીબાત રહે.

વીરજીભાઇ ! તમારા ઉસ્તાદ અને ઇસમાઇલી લેખક મી. હાશમ બોઘા માસ્તરે " બાહરે રેહમત " નામની ચોપડીમાં છાપી માર્યું કે ખુદ આગા સાહેબે જંગબાર વિગેરે ઠેકાણે કુરાનને નહિ માનવાનું ફરમાવ્યું છે તેથી શું તમોને કાંઇપણ લાગી આવ્યું નહિ ? તેવા ઉસ્તાદના શાગીર્દ વિષે પબ્લીક કેવો અભિપ્રાય બાંધશે તેનો કાંઇ વિચાર તમોને થઇ આવ્યો કે નહિ ? ઉસ્તાદ તો કુરાનને નહિ માનવાનું છાપે, તેની શાગીર્દી માટે ફખ્ર કરનાર શાગીર્દ માટે પબ્લીક કાંઇપણ અનુમાન નહિ બાંધે એમ શું તમો ધારો છો ? તમારા વડીલો તો કુરાનને, શરીયતને, નમાઝને તથા રોજાને માનનારા અને તમોને પણ તેમનો વારસો મળ્યાનો દાવો છે, છતાં એક કુરાનને નહિ માનનારના શાગીર્દ થતાં કે કહેવાતાં તમોને કાંઇપણ આંચકો નહિ લાગ્યો ? એ એક અસાધારણ નવાઇની વાત છે !

જો તમોને ઇસમાઇલી દીન પ્રત્યે આસ્થા હોય, તમારા વડીલોને તે ઇસમાઇલી હતા એમ તમારૂં માનવું હોય, વૃતાન્તના વિચારો સત્ય હોય અને તે સઘળી બાબતો પ્રત્યે તમોને દીલી લાગણી હોયતો, તમારાથી હા-

લના ઇસમાઇલી મઝહબની દુર્દશા નહિ સહન થવી જોઇએ જો હાલની ઇસમાઇલી સ્થિતિ તમોને જેવી છે તેવી લાગતી હોયતો, તમારી ફરજ છે કે એક પણ મીનિટને નહિ ગુમાવતાં ઇસમાઇલીયતની ખબર લો. જીર્ણ તથા ખોરવાયેલી ઇમારતને બચાવો અને તેનો જીર્ણોદ્ધાર કરવાને તત્પર થઇ જાઓ. જો તમારી તેમ કરવાની ઇચ્છા હોય અને હોવીતો જરૂર જોઇએ તો અમો તમોને તેનો માર્ગ બતાવવાને તત્પર છીએ.

પેહલો માર્ગ—પેહલો માર્ગ એ છે કે તમો નામદાર આગા સાહેબને એક અરજી કરો. તે અરજી અંગ્રેજીમાં લખાવવી, કેમકે આગા સાહેબ ગુજરાતી જાણતા નથી. અરજીને છપાવી લેવી, કે જેથી આગા સાહેબને વાંચવાની ઝાઝી તકલીફ પડે નહિ. અરજી ટુંકાણમાં લખવી; કેમકે આગા સાહેબને ત્યાં આવી અરજીઓ વાંચવાને વધુ અવકાશ મળતો નથી; આ અરજી કોઇપણ કોન્સીલની મારફત નહિ મોકલવી; કેમકે કાઉન્સીલો જાણી બુજીને આવી અરજીઓ આગા સાહેબ તરફ મોકલતી નથી અને તેઓ આગા સાહેબને ખોજા જમાત વિષે અજ્ઞાન રહેવા દેવાની કોશીષ કરે છે. માટે લંડનના કોઇ પોસ્ટલ એજંટ મારફતે મોકલાવજો; એટલે તે ખાત્રી પુર્વક રીતે પહોંચી જશે.

આ અરજીમાં જણાવવું કે જમાતના વારસો, કાન્ફસીલના પ્રેસીડન્ટો તથા મેમ્બરો અને મીશનરીઓ તથા મુખી કામડીયાઓએ આપના નાનાએ સ્થાપન કરેલા ધર્મમાં બીગાડો કરી નાખ્યો છે. દરખાના તરફથી તથા વકીલ પીર દ્વારા જે ઇસલામી શરીયતનું શિક્ષણ ખોજા જમાતને અપાયું હતું તેને ઉથલાવી નાખ્યું છે અને કોમને ઇસલામથી ખસેડવાના લઇ શકાય તેટલા માર્ગો હાથ ધરી કોમને તદન ગુલ્લાત કરી મુકી છે. તવહીદની માન્યતાને અવતાર પરસ્તી તથા ઇનસાન પરસ્તીમાં ફેરવી નાખી છે. કુરાનને માનવાનો ઇનકાર કરવામાં આવ્યો છે અને તેની મશકરીઓ કરવામાં આવી છે. નમાઝ કોઇને પડવા દેવામાં આવતી નથી. પડે તો તેને સતાવવામાં આવે છે. નમાઝને માટે કહી દેવામાં આવ્યું છે કે તેનો અમોને હુકમ નથી. રોજા રાખવામાં આવતાં નથી. રાખનારને અટકાવવામાં આવે છે. કુરાન કે દીની તાલીમનો એક પણ મદરેસો ખોલવામાં આવ્યો નથી પણ જમાતના બાળકો તદન ગુલ્લાત થઇ જાય, અને ઇસલામથી તદન અજ્ઞાન રહે, તેવાં જ્ઞાન ગોઠ શીખવાડવા માંડયા છે. જમાતખાનામાં મરજીમાં પડે તેમ બેશી ઇનસાન તથા અવતાંર પરસ્તીવાળી દુવા પડવામાં આવે છે. જુદા જુદા અસંખ્ય ટેકસો નાખી વાર્ષીક પચીશેક લાખ રૂપીઆ ગરીબ કોમના ખીસામાંથી કાઢી લેવામાં આવે છે ફાતીઆ માટે જે બાણાં

જમાતખાનામાં આવે છે તેની હર્રાજીઓ કરવામાં આવે છે. મૈયતનાં કફનનાં કપડાં લઇ તેને પણ નાંદી કરી વેચી નાખવામાં આવે છે. જબરદસ્તીથી દસોંદ લેવામાં આવે છે. ગરીબોને વધુ સતાવવામાં આવે છે. આકરા ટેકસો ઉભા કરી સારે માઠે પ્રસંગે કામ અટકાવીને વસુલ લે છે. ખોજાની બીજી જમાતો સાથે સખ્ત વેર ઉતપન કરાવી આપ્યું છે. તેના કમકમાટી ભર્યા પરિણામો મુંબઇ ખાતે ઇ. સ. ૧૯૦૧ ની સાલમાં તથા બીજે આવવા પામ્યા :છે. હમણા પણ કુસંપ તથા ધર્માન્ધતા વધારી નાખવામાં આવી છે. બીજા ખોજાઓ સાથેનો સબંધ તદન તજાવી આપ્યો છે. એટલે સુધી કે એક બીજાને બોલવા ચાલવા તથા ખાવા પીવાની મનાઇ કરી દેવામાં આવી છે. બાપ દીકરા વચ્ચે, માત પિતા વચ્ચે, ભાઇ બહેન વચ્ચે, ધણી ધણીયાણી વચ્ચે વેર ઉતપન કરી આપવામાં આવ્યું છે. મરણ પ્રસંગે પણ સાદડીમાં કે જનાજામાં જવાનો હક છીનવી લેવામાં આવ્યો છે. આગેવાનોએ જમાતને ગુલામ બનાવી લીધી છે. વિશેષમાં તે પ્રમાણે કરવાનું આપે ફરમાન કર્યું છે એમ જણાવી આગેવાનોએ તે પ્રમાણેના ધારા ધોરણો ઘડી કાઢી તેને છપાવ્યા છે. કોમ તદન કંગાલ તથા અજ્ઞાન દિશાએ જઈ પહોંચી છે. માટે આપ જાતે દેશમાં પધારી આ બધી હકીકત જાતે તપાસીને આ

ત્રી કરો અને તમારા નાનાના દીનને તથા મુરીદોની જમાતને અજ્ઞાનતા, પાયમાલી તથા ત્રાસથી ઉગારી લેશે.

ઉપર પ્રમાણેના મતલબની અરજી કે જેને તમો બહુજ બનાવીને લખી શકશો, તે લખીને આગા સાહેબને મોકલાવી આપો. અને તેજ ધોરણે જુદી જુદી દરેક કાઉન્સીલો પર અરજીઓ કરો. ત્યાર બાદ દરેક ગામના મુખી તથા કામડીઆ તથા મીશનરીઓના નામ ઠામની યાદી મેળવી તેના ઉપર પણ અરજીઓ મોકલી ફુજ્જત તમામ કરો. પણ યાદ રાખજો કે માત્ર હાથની લખેલી અરજીઓ મોકલશો તો તેનું કાંઇપણ પરિણામ આવશે નહિ. તેથી છપાવીને મોકલજો. અને પછી તે અરજીઓની દરેકની દસ દસ હજાર નકલો છપાવી દરેક ખોજા બેરાદરને પહોંચતી કરજો. અને જે જે ગામમાં ખોજાની વસ્તી હોય તે તે ગામના પટેલ તળાટી, સ્કુલ માસ્તર, વેપારીઓ વીગેરેને પણ મોકલાવજો. કે તેઓ જમાતના લોકોને કાંઇક સમજાવે. અને જમાતના આગેવાનોને ગેરત થાય. જુઓ કે મી૦ અલીભાઇ દેવરાજ ચીચોડાવાળાએ અમરેલીની સબ ડીવીઝન ઇસમાઇલીઆ કાઉન્સીલના પ્રમુખ માહમદ જીવા ઉપર એક વર્ષ પહેલાં ખુલ્લો પત્ર લખીને છપાવ્યો હતો. અને તેની નકલો પણ પોસ્ટ દ્વારા ઉપરના ધોરણે તેમણે મોકલાવી હતી. તેનું બહુજ સારૂં પરિણામ આવ્યું છે.

અમરેલીના વારસ તો હવે પોતાને હાથે અન્યાય નહિ થાય તેની બહુજ કાળજી રાખે છે; પણ કાયદા કાનુનમાં જે જુલ્મી કાયદાઓ છે તેથી તેમને લાચારીથી તે પ્રમાણે અમલ કરવો પડે છે. તોપણ પ્રથમ કરતાં લીબરલપણું અખ્તેયાર કર્યું છે. બીજા ગામોમાં પણ તેનો અસર થયો છે. જેને ખુદાએ જોવાવાળી આંખો, સાંભળવાવાળા કાનો અને વિચારવાવાળાં અંતઃકરણો આપ્યાં છે. તેઓ મી૦ ચીચોડાવાળા સાથે સંમત થયા છે અને મેળાઓમાં પણ તેની ચર્ચા પુષ્કળ ચાલી હતી.

ઉપર પ્રમાણેની અરજીઓ છપાવી વહેંચવા પછી તમારે હીમ્મત રાખવી પડશે; કેમકે કોન્સીલના સ્વાર્થી આગેવાનો તમોને હેરાન કરવાને પગલાં લેશે. અને ખાસ કરીને તમારે ત્યાં શાદી ગમીનો પ્રસંગ આવશે ત્યારે તે માટે તમોને સાંણસામાં લેશે અને તમારી પાસેથી માફી પત્ર લખાવી લેવાને પોલિસિથી તજવીજ કરશે. ઘડી તમારાં વખાણ કરશે અને ઘડી તમોને ધમકી આપશે અને જો તમો તેના સાંણસામાં સપડાયા તો, અગાઉથી લખાવી રાખેલું માફી પત્ર તમારા હાથમાં મુકી, તમારી સહી કરાવી લેશે. મી૦ અલીભાઇ દેવરાજ ચીચોડાવાળાની સાથે એમજ વર્તવામાં આવ્યું છે. તેમના પુત્ર યુસુફનાં લગ્ન વખતે તેમણે કાંઇક યુક્તિ તથા કાંઇક ગીદડ ભપકીથી તેમની પાસે માફી પત્ર

લખાવી લીધું અને રૂા. ૨૫ા નો દંડ લીધો. અને જે તારીખે આ સઘળું થયું તેજ તારીખે અને તેજ વખતે તેમની પાસેથી કાઉન્સીલના નામની અરજી લેવામાં આવી કે, મને માફી આપવી. તો તમો પણ આવી સંકડામણ માં આવી પડો ખરા; પણ તમારે હીમ્મત રાખી કાઉન્સી લને તાબે થવું નહિ. જો હીમ્મત રાખશો તો કાઉન્સીલ તમોને જ્ઞાતિ બહાર કરી શકશે નહિ; કેમકે તમો પણ ગા યકવાડી રાજ્યમાં વસો છો અને શ્રીમંત ગાયકવાડ સરકારે જ્ઞાતિ બહાર કરવાના કામને ફોજદારી ગુન્હાનું કામ ગણ્યું છે અને જ્ઞાતિ બહાર કરનાર ઘણી જ્ઞાતિના આગેવાનોને સ્થાનિક કોર્ટોએ દંડ કર્યો છે.

તમારે સત્યાગૃહિ બનવું પડશે અને જમાતના ગેરવાજ બી ધારા ધોરણોની માનપુર્વક અમાન્યતા કરવી. સત્યાગૃહ ની વધુ સમજુતી મી૦ ગાંધી પાસે જઇ મેળવવી; પણ યાદ રાખજો કે સત્યાગૃહ માત્ર જમાતના જુલમી આગેવાનો સામેજ કરવાનો છે. જો કાઉન્સીલ તમોને નાતબહાર કરે તો નાત બહાર થજો. દંડ કરે તો દંડ આપશો નહિ. જો તમારાં સગાં સબંધીઓ સાથે તમોને હળવા મળવા ન દે તો ભલે નહિ હળશો મળશો. શાદી બ્યાહમાં તમારા સગા સબંધીઓને જો ન આવવા દેતો, ભલે તેઓ ન આવે. તમો તો પોતાનું કામ ઉકેલી

લેજો. તેવીજ રીતે ગમીના કામે પણ અમલ કરજો. તમારા મુસલમાન મિત્રો ઘણા છે. ગમીના કામમાં તમોને અડચણ આવશે નહિ. તમારા ઘરમાં ખુદા ન ખાસ્તા કોઇ મરણ થઇ જાય (અમો તો દુઆ કરીએ છીએ કે તમોને તથા તમારા કુટુંબને ખુદાતુલ ઉમર અતા ફરમાવે કે, તમો તમારા વડીલોના મઝહબી અકાયદો તથા આચાર વિચારને જાળવી રાખો અને કોમમાં તેનો પ્રચાર કરો) તો નવસારીની મહાત્મા પીર નુર સતગુર નુરની દરગાહના કંપાઉંડમાં તેને દફન કરશો ત્યાં તમારા વડીલનું એક મૈયત દફન પણ થયું છે જેની કબર ઉપર અમો ચારેક વખત ફાતેહો પડી આવ્યા છીએ.

હવે આ પ્રકરણની સમાપ્તીપર આવતાં અમારે તેના સાર રૂપે તમોને યાદ અપાવવું જોઇએ કે, દરખાના તથા વકીલ પીર તરફથી ખોજાઓને જે ઇસલામી શરીયતનો દીન મળેલો હતો અને જેને જાફર ઘાલાણીના સમય સુધી ખોજા કોમે જાળવી રાખ્યો હતો, તે દીન હવે ખોજા જમાતે તજી આપી ગુલ્લાતનો દીન અખ્તેયાર કર્યો છે કુરાન, નીમાઝ, હદીસ, ઝકાત વીગેરેની માન્યતા તજી છે—તજવા માંડી છે. તજાવવામાં આવી છે અને તજાવવામાં આવે છે, તેથી ખાત્રી પૂર્વક જણાઇ આવે છે કે મોટી જમાતે પોતાનો અસલ ધર્મ બદલાવી નાખ્યો છે. જો પ્રથમનો દીન ઇસમાઇલી હતો તો હવે તે રહ્યો નથી. અમો તથા

સૌ કોઇ બહુ સ્હેલાઇથી જોઈ શકશે કે દરખાના તથા પીર દાદુ વીગેરે તરફથી ઇસનાઅશરી દીન આપવામાં આવ્યો હતો અને તમારા વડીલો પણ તેનીજ પૈરવી કરતા હતા. આ સાથે તમારે " ખોજા પંથ દર્પણુ " ના અમોએ રચેલા આઠ ભાગો તબીયતને ધર્માન્તાથી મોકળી કરીને વાંચી જવા તો, અમોને ખાત્રી છે કે તમોને ખોજાનો અસલ ધર્મ ઇસનાઅશ્ચરી છે તેમ માન્યા વિના બીજો માર્ગજ રહેશે નહિ.

સચ્ચ બાતકે કેહનેમેં પસો પીશ ન કર,
મુલ્લાં સે ન ડર ખિયાલે દરવીશ ન કર,
આઝાદી રાયકી સીપર હાથમેં લે,
તેગે આહામસે જીગર રીશ ન કર.

પ્રકરણુ ૨ જું.

ઇસમાઇલીઓને સુધારવાનો પ્રયાસ.

પોતાને ઇમામી ઇસમાઇલી જણુાવતા ખોજાઓનો અસલ તે ધર્મ હતો નહિ તેમ હાલપણુ છે નહિ. હાલ જે પ્રકારના તેમના અકાયદો તથા આચાર વિચારો છે તેને ઇસમાઇલીયત સાથે કશોપણુ ગંધ બરેડો નથી. મીo વરતેજીએ મહાત્મા ગાંધીની રૂબરૂમાં મોટા મેલાવડા સમક્ષ જણુાવ્યું કેઃ—

" અમારા ધર્મનું નામ સતપંથ છે. અમે સત-
" પંથી તરીકે ઓળખાઇએ છીએ. અમારા ધર્મમાં
" ને હીંદુ ધર્મમાં તફાવત નથી."

" અમે અમારા ના૦ આગાખાનને નકલંકનો
" અવતાર માનીએ છીએ."

" ચોથા યુગમાં જે નકલંકનો અવતાર મનાય
" છે તે અમારો ધર્મ છે. મુસલમાનો અમને તેમનાં
" ધર્મમાં ગણતા નથી. અમારો ધર્મ અમે ગુપ્ત
" રાખીએ છીએ, પાત્ર વિના કહેતા નથી. અમારી
" દ્રઢ માન્નતા છે કે અમારો ધર્મ એ હીંદુ ધર્મ છે."

" અમારો ધર્મ હીંદુ ધર્મના જીવન મુળ વેદ
" પ્રમાણે છે અને ઇસલામ ધર્મના સત્ય સિધ્ધાન્તો
" છે એટલે અમો હીંદુ અને મુસલમાન બેઉ ધર્મના
" સત્ય સિદ્ધાન્તોના સ્વીકારનાર સતપંથી કહેવાઇએ
" છીએ. અને તેથી અમારા સતપંથની દલીલ તરીકે
" કોઇપણ જાતના ધાર્મિક રાગદ્વેશથી રહીત રહીએ
" છીએ. અને તે ઉપરથી અમો એવા મુસલમાન નથી
" કે, જેઓ વેદ માનનારાને કાફર કહે છે તથા એવા
" હીંદુ નથી કે જેઓ મુસલમાનોને મલેચ્છ ગણે છે.
" સારાંશમાં અમારો મત એમ પણ રજુ કરી શકી
" એ કેઃ—કલેમા વિરદ રહે ઓર બેદપે ધ્યાન રહે—
" હમ સતપંથી ખોજે ન હીંદુ ન મુસલમાન રહે!"

" હીંદુ અમને વટલેલા મુસલમાન ગણે છે. અને " મુસલમાનો પણ શરીયતના કાયદાઓ ઉપર અમને " અમલ કરતા જોતા નથી. કારણ કે અમો હકીકતી " ઇસલામના સિધ્ધાંતો અમારા ગુરૂના બતાવવા મુ- " જબ પાળીએ છીએ તેથી મુસલમાનો પણ અમા- " રાથી ધાર્મિક મળતાપણું દેખાડતા નથી. અને આ " હીસાબે હીંદુ મુસલમાન બેઉ ધર્મના મતભેદથી ની " રાળો અથવા જે હીંદુ ધર્મમાં વેદીક સત્યતા છે " તે મુજબ અને મુસલમાન ધર્મમાં જે હકીકતી " સીદ્ધાંતો છે તે મુજબ એટલે સત્યપંથ (હક રાહ— " ખરો રસ્તો) ને પાળનારા છીએ. "

" નામદાર આગાખાન હ૦ અલીની સીધી ન- " સલે ઉતરી આવેલા હોવાથી નકળંકનાં પાત્રો નક- " ળંકી અવતાર હીંદુ ધર્મ મુજબ છે. "

" અમારી માનીનતા મુજબ હ૦ પેગમ્બર સા " હેબ નબી મહંમદ મુસ્તફા ચોથા જુગના વેદ મુ " જબનાજ ગુરૂ છે. અને તેમના બાદ ઇસલામી ધ " ર્મના પહેલા ઇમામ હ૦ અલી અને તેમની સીધી " નસલે આજ સુધી હાલના અમારા નામદાર આગા " ખાન એ પેગમ્બર સાહેબની ઇતરત તરીકે ઇસલા " મ ધર્મના વડા છે. એકંદરે હીંદુ ધર્મ અને મુસ

" લમાન ધર્મના સત્ય સિદ્ધાન્તો વડે અમારા આગા
" ખાન સાહેબ નકળંક અવતાર તેમજ હાજર ઇમા
" મ છે અને આ સમજ વગર હીંદુ અને મુસલમાન
" એઉ અમો ખોજાઓને પોતાથી અળગા માને છે
" અને હીંદુ અને મુસલમાન એઉ ધર્મના એકજ સી
" દ્ધાંતની સાબીતિ વડે અમો હીંદુ ધર્મ તથા મુસલ
" માન ધર્મને જુદા માનતા નથી. "

ઉપર પ્રમાણે તથા પ્રથમ પ્રકરણમાં જણાવ્યા પ્રમાણેની તમારા કેહવાતા ઈમામી ઇસ્માઇલી ધર્મની સ્થિતિ થતાં, તેનું સંરક્ષણ કરવાની કોમ ઉપર આવશ્યકતા આવી પડે એ સ્વભાવિક છે. અમોએ માત્ર કોમને તેવી ગુમરાહીથી બચાવી લેવાને માટેજ પ્રયાસ કર્યો છે અને તે પ્રયાસ માટે અમોએ નવ દસ ડઝન જેટલાં પુસ્તકો છપાવી બહાર પાડયાં છે. પાંચ વર્ષ સુધી " ખોજા પ્રકાશ " નામે અઠવાડીક પેપર ચલાવ્યું છે. હાલમાં " નુરે હીદાયત " માસીક ત્રણ વર્ષ થયાં પોતાનું હીદાયતનું નુર ફેલાવી રહ્યું છે. અને તેથી ઇસલામને કેટલો લાભ થયો છે તે જાણનારા જાણે છે. તમો કદાચ જાહેરમાં ના પાડો તો, પણ તમારૂં અંતઃકરણ તો તેનો જરૂર સ્વીકાર કરે છે. શાએરે કહે છે કેઃ—

દર દીલશ તસલીમો બરલબ હરફે ઇન્કારે વીસાલ,
ગોશ ગો બદ બીશ્નવદ, ચું દીલ ઝે અંદાઝસ્ત ખુશસ્ત

અર્થ:—મેળાપ માટે અંતઃકરણમાં ખુશી છે, માત્ર હોઠો ઉપરજ નકાર છે. મેળાપના શબ્દોનો અવાજ જો કે કાનને ખરાબ લાગે છે; પરંતુ મેળાપ માટેના હાવભાવથી અંતઃકરણ ખુશી છે.

ઇસમાઇલી લેખકોની ધીણોજાની ટેવ

ઉસે જાનતે હેં બડા અપના દુશમન,
હમારે કરે એબ જો હમપે રોશન,
નસીહતસે નફરત હે નાસેહસે અનબન,
સમઝતે હેં હમ રાહનુમાઉંકો રાહઝન.
યેહી એબ હે સબકો ખોયાને જીસ્ને
હમેં નાવ ભરકર ડુબોયા હે જીસ્ને ૨૨૭

સાર—જે માણસ અમારા એબ અમારા પર જાહેર કરે તેને અમો પોતાનો દુશ્મન જાણીએ છીએ. સારી શીખામણ આપનાર પ્રત્યે અણબનાવ. અમો રાહનુમાઓને લુટારા સમજીએ છીએ. આ એબ છે કે જેણે અમોને ખોઇ નાખ્યા છે. અમારી ભરેલી નાવને જેણે ડુબાવી આપી છે.

અગર એક જવાંમર્દ હમદર્દ ઇન્સાં,
કરે કોમ પર દીલસે જાં અપની કુરબાં
તો ખુદ કોમ ઉસ્પર લગાએ યેહ બોહતાં
કે હે ઉસ્કી કોઇ ગરઝ ઉસમેં પીન્હાં.
વ ગરના પડી કયા કીસીકો કીસીકી
યેહ ચાલેં સરાસર હે ખુદ મતલબીકી ૨૨૧

સાર—જો એક યુવાન અને હમદર્દ માણસ કોમની સ્થિતિ સુધારવા કોમપર કુરબાન થઇ રહ્યો હોય તો ખુદ કોમ તેનાપર અગણિત તોહમતો મુકે છે. કહે છે કે તે પોતાના જાતિ સ્વાર્થ માટે તે સઘળું કરે છે, જો તેમ ન હોય તો આજે પારકાની પીડા કોને પડી છે કે આમ હેરાન થાય. તેનું સઘળું વર્તન સ્વાર્થથી ભરેલું જણાવે છે.

નીકાલે ગર ઉનકી ભલાઇકી સુરત
તો ડાલે જહાંતક બને ઉસમેં ખંડત
સુને કામયાબીમેં જબ ઉસકી શોહરત
તો દીલસે તરાશે કોઈ તાઝા તોહોમત
મુ અપના હો ગો દીન દુનિયામેં કાલા
નહો એક ભાઇકા પર બોલ બાલા ૨૨૨

સાર—જો કોઇ હમદર્દ માણસ તેમની બહેતરીનો માર્ગ શોધી બતાવે તો તેમાં બને ત્યાં સુધી પથરા નાંખે છે. તેવા માણસની ફતેહમંદી માટેની જો ખ્યાતિ સાંભળે તો જુદા જુદા અનેક આરોપો યોજી કાઢે છે. પોતાનું મુખ દીન તથા દુનિયામાં ભલે કાળું થાય; પરંતુ તેમનો બોલ બાલા થવો જોઇએ નહિં.

અગર મરજીએ ખલ્ક હૈ એક ભાઇ
નહિ ઝાહેરા જીસમેં કોઇ બુરાઇ

ભલા જીસકો કેહતી હે સારી ખુદાઇ
હરેક દીલમેં અઝમત હે જીસકી સમાઇ
તો પડતી હેં ઉસ્પર નીગાહેં ગઝબકી
ખટકતા હે કાંટાસા આંખુમે સબકી ૨૧૯

સાર—જો એક ભાઇ દુનિયામાં માનવંત થવા પામ્યો હોય. જાહેરમાં તેમાં કોઇ ખરાબી નહોય, સઘળા લોકો તેને ભલો કહેતા હોય અને દરેકના અંતઃકરણમાં તેની વડાઇ સમાએલી હોય તો, તેવાઓપર અમારી ગજબની દ્રષ્ટિ જઇ પડે છે. અને સૌની આંખોમાં કણુ સમાન ખટકે છે.

હમેં વાએઝુંને યેહ તાઅલીમ દી હે
કે જો કામ દીની હે યા દુનિયવી હે
મુખાલીફકી રીસ ઉસ્મેં કરની બુરી હે
નશાં ગૈરતે દીન હકકા યેહી હે
ન ઠીક ઉન્કી હરગીઝ કોઇ બાત સમજો
વોહ દીનકો કહે દીન તો તુમ રાત સમઝો

સાર—અમારા ઉપદેશકોએ અમોને એમ તાલીમ આપી છે કે, દીની તથા દુનિયવી દરેક કામમાં વિરોધીઓની પૈરવી કરવી તે બહુજ ખરાબ બાબત છે. દીનની લાગણીની તેજ ખરી નિશાની છે. શતરૂઓની કોઇ વાતને તમારે કદીપણ ખરી સમજવી નહિ. જો તેઓ દીવસને દીવસ કહે તો તમારે તેને રાત્રી સમજવી.

કદમ ગર રહે રાસ્તપર ઉનકા પાઓ
તો તુમ સીધે રસ્તેસે કતરાકે જાઓ
પડે ઉસ્મેં જો દીક્કતે વોહ ઉઠાઓ
લગે જીસ કદર ઠોકરેં ઉસ્મેં ખાઓ
જો નીકલે જહાઝ ઉસ્કા બચકર ભંવરસે
તો તુમ ડાલદો નાવ અંદર ભંવરકે ૨૦૪

સાર-જો તમારા વિરોધીઓનો પગ સીધા માર્ગપર પડેલો જુઓ તો તમો તે માર્ગ છોડીને અવળે રસ્તેથી પસાર થઇ જાઓ. તેમ કરતાં જે જે દુઃખો પડે તે સહન કરો. જેટલી ઠોકરો લાગે તેટલી ઝીલતા જાઓ. જો તેમનું વહાણુ ભંવરમાંથી બચીને બહાર નીકળે તો તમો ધક્કો મારીને વહાણુને ભંવરમાં નાખી આપો.

અગર મરખ હો જાએ સુરત તુમ્હારી
બહાયમમેં મીલ જાએ સીરત તુમ્હારી
બદલ જાએ બીલકુલ તબીયત તુમ્હારી
સરાસર બીગડ જાએ હાલત તુમ્હારી
ન સમજો કેહે હકકી એક શાન યેહભી
હે એક જલવએ નુર ઇમાન યેહ ભી ૨૦૫

સાર—તેમ કરતાં જો તમારો રંગઢંગ ખરાબ થઇ જાય, જે તમારી રીતભાત પશુઓ સરખી બની જાય અને તમારી નીતિ રીતી બિલકુલ ખરાબ થઇ જાય અને તમારી

સ્થિતિ તદ્દન બરબાદ થઈ જાય તો તેવી સ્થિતિને પણ ખુદાતાલાની એક શાન સમજો અને તેમાં ખુદાના નુરનો પ્રકાશ છે એમ માનો.

ન ઓઝાઅમેં તુમસે નીસબત કીસીકો
ન અખ્લાકમેં તુમ્પે સબકત કીસીકો
ન હાંસીલ યેહ ખાનુંમેં લીઝઝત કીસીકો
ન પૈદા યેહ પોશીશ યેહ ઝીનત કીસીકો
તુમ્હેં ફઝલ હર ઇલ્મમેં બરમલા હે
તુમ્હારી જહાલતમેં ભી એક અદા હે ૨૦૬

સાર–તમારા કરતાં કોઇનો સુંદર દેખાવ છેજ નહિ. નીતિ રીતીમાં પણ બીજાઓ તમારાથી ચડીયાતા નથીજ. તમારા ભોજનો જેવી લીજ્જત બીજા કોઇના ભોજનોમાં નથી તમારા જેવો પોશાક અને શૃંગાર બીજાઓમાં નથીજ. દરેક વિદ્યા કળામાં તમારી સરસાઇ છે એમ સમજજો તમારી અજ્ઞાનતામાં પણ એક ખુબી સમાએલી છે.

કોઇ ચીઝ સમઝો ન અપની બુરી તુમ
રહો બાતકો કરતે અપની બડી તુમ
હીમાયતમેં હો જબકે ઇસલામકી તુમ
તો હો હર બદી ઓર ગુનાસે બરી તુમ
બદીસે નહિ મોમેનુંકો મુઝર્રત
તુમ્હારે ગુનાહ ઓર ન ઓરૂંકી તાઅત ૨૦૭

સાર—પોતાની કોઇ ચીજને પણ તમો ખરાબ સમજજો નહિ. પોતાની દરેક વાતને ... જણાવતા રહેજો. જ્યારે તમો દીન ઇસલામના હિમાયતી છો તો પછી તમો દરેક ગુનાહ તથા બદીથી મુક્ત છો. ખરાબીથી મોમિનોને કાંઇ પણ નુકસાની નથી. તમારા ગુનાહ અને બીજાઓની તાબેદારી એક સરખી માની લેજો.

મુખાલેફકા અપને અગર નામ લીજે
તો ઝીક ઉસ્કા ઝીલ્લતસે ખ્વારીસે કીજે
કભી ભુલ કર તરહા ઉસ્મેં ન દીજે
કયામતકો દેખોગે ઇસ્કે નતીજે
ગુનાહુંસે હોતે હો ગોયા મુબર્રા
મુખાલેફપે કરતે હો જબ તુમ :તબર્રા ૨૦૮

સાર—જો કોઈ વખતે દુસ્મનનું નામ મુખપર લેજો તો બહુજ અપમાન તથા તિરસ્કારીથી લેજો. કદી ભુલે ચુકે પણ તેમના વખાણુ કરશો નહિ. જો તેમ વર્તશો તો તેનો બદલો કીયામતને દહાડે જોઈ લેશો જ્યારે વિરોધીઓને તમો ખરાબ કહો છો ત્યારે તમો ગુનાહથી તદન પાક થઇ જાઓ છો.

ટરે કોઇ અસ્લાહકા ગર ઇરાદા
તો શેતાનસે ઉસ્કો સમઝો ન ઝીયાદા
જીસે એસે મુફસીદસે હો ઇસ્તેફાદા
રહે હક્સે હે બરતરફ ઉસ્કા જાદા

શરીયતકો બરબાદ કરતે હેં દોનું
હે મરદુદ શાગીર્દ ·ઉસ્તાદ દોનું ૨૧૦

સાર—જો કોઇ માણસ તેમાં સુધારો કરવા ઇરાદો કરે તો તેને શેતાન કરતાં પણ ખરાબ સમજો. જે માણસ એવા ફસાદીઓથી લાભ મેળવે તે દીન ઇસલામથી બીલકુલ ગુમરાહ છે એમ સમજો, તે બન્ને શરીયતને બરબાદ કરે છે. તે ગુરૂ તથા શીષ્ય બંને મરદુદ છે.

હીન્દના અઠંગ ઇસલામી સુધારક મૌલાના] અક્ષતાફ હુસેન " હાલી " એ ઉપરના મુસદ્દસમાં કોમ તથા ધર્મ દ્રોહીઓનું જે ચીત્ર આળેખ્યું છે તેવુંજ ચિત્ર અમો અમારી અસાધારણ આશ્ચર્યતા વચ્ચે કહેવાતા ઈસમાઇલી વેશ ધારી લેખકોનું જોઈ શકયા છીએ. અને તેવી સ્થિતિમાં તેના દરેક નાના મોટાને અમો સપડાયલા જોઇએ છીએ. કોઇપણ આક્ષેપનો દલીલ સર જવાબ આપવાનું તો તેઓ જાણતાજ નથી અથવા તો તે આપવાની તેમનામાં યોગ્યતા પણ નથી પણ માત્ર મુસદ્દસમાં જણાવ્યા પ્રમાણે જે તેમની ભુલ સુધારવા પ્રયાસ કરે તેમનાપર અંગત પ્રહારો કરવાને મંડી જાય છે. મી૦ હાશમ બોઘ્રા, મી૦ વરતેજી, મી૦ ચુનારા તથા આ છેલ્લા મી૦ પારપીઆના લખાણો વાંચક વર્ગ બારીકીથી જોઇ જશે તો આક્ષેપોના જવાબના બદલામાં આક્ષેપ કરનારને વગોવવાનુંજ તેઓ હાથ ધરી બેઠાનું

જણાઇ આવશે. આ બાબત અનેકવાર તેમના લખાણોના ઉતારાઓ આપી અમો સાબિત કરી ચુકયા છીએ.

મી૦ પારપીઆ લખે છે કે:—

" નજરો નજર આપણે જોઇ રહ્યા છીએ કે " કેટલાક હઠધર્મિઓ પોતાના અસલ ઇસમાઇલી ધર્મ " કે જેમાં તે લોકોને દાખલ કરવામાં આવ્યા હતા, " તેને ખોટું ઠરાવવાનો પ્રયત્ન તેમની બુદ્ધિની કોતાઇ " અને હસદના પરિણામે કરે છે;"

" ખોજામાંથી નીકળી ગએલાઓમાંથી કેટલાકો " ખોજાઓના અસલ ધર્મ ઇસમાઇલી વિરૂદ્ધ લોકોને " ભમાવવાની તજવીજ કરે છે અને તેનું વાંકું ચુંકું " બોલે છે. "

" મી૦ કાબાનું કુટુંબ વારંવાર ન્યાત બહાર " થઇ ફરી ફરી ન્યાતમાં આવ્યું. " " મી૦ કાબા " ના દીલમાં હસદની આગ સળગેલી છે. " " મી૦ " કાબા પોતાનો હઠ ધર્મ મુકતા નથી. માટે હમારે " તેમની બુનીયાતની શોધ કરી ઉઘાડી પાડવી પડે " છે. "

ઉપર પ્રમાણેની અંગત ટીકા કરવામાં મી૦ વીરજીએ ...ટાના પૃષ્ટો ચીત્રી કાઢયાં છે. મી૦ અલીભાઇ દેવરાજ ...ચોડાવાળાએ અમરેલી સબ ડીવીજન ઇસમાઇલીઆ ...

ઉન્સીલના પ્રમુખ વારસ મામદભાઇ જીવાભાઇ ઉપર "ખુલ્લો પત્ર" છપાવ્યો છે તેનો જવાબ આપવાને મી૦ કાદરહુસેન મેરાલી મનજી નામના એક કહેવાતા ઇસમાઇલી લેખકે જાહેર ખબર છપાવી છે તેમાં લખે છે કેઃ—

"મજકુર પુસ્તકમાં અમરેલીના રહીશ અલીભાઈ
"દેવરાજે અમરેલીના વારસને હાથ કાગળ ન લખતાં
" "ખુલ્લો પત્ર" એ નામની બુક છપાવીને બહાર
"પાડી છે. તે બુકમાં ખોટાડું, હસદ, કીનો, દુશમ
"ની, ફીતનો, નજીસપણું, ફરેબ, વીગેરેની વર્તણુંક
"ચલાવીને કોમમાં એક જાતનો ખોટો ખળભળાટ
"જગાડવાની કોશીશ કરવામાં આવેલ છે તેને સત્ય
"તાથી તોડી પાડીને અલીભાઇએ કેટલા દોકડાનું ડ
"હાપણ વાપર્યું છે તે સિધ્ધ કરતાં ખરૂં શું છે તે
"સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે. માટે હવે પછી
"પોતાની નજીસ કલમ ચલાવનારા નાપાક-વિચારોથી
"અટકીને પોતાપર પાપ વહોરી લેતાં બચી જાય."

ઉપરના નમુના પ્રમાણેની કહેવાતા ઇસમાઇલી લેખકોની ખુબી તેમની બુનીયાદને પેશ કરનારી છે તથાપિ તે ઇસમાઇલી ઈમારતને મુન્હેદમ કરનારી પણ છે. અલીભાઈ દેવરાજનો પત્ર ખુદ અમારાજ છાપખાનામાં છપાયો છે અને તેથી અમો તેના મેટરને બહુજ બારીકાઇથી વાંચી ગયા

હતા. પણ અમોને તો તેમાં મી૦ કાદરહુસેન જણાવે છે તેવું કશુંએ જણાયું નથી અને સેંકડો ઇસમાઇલીના તે માટેના અભિપ્રાયો મી૦ અલીભાઇ ઉપર આવેલા છે તેમાં એકમાં પણ તેવી એકાદ બાબત પણ હોવાનું જણાવવામાં આવ્યું નથી; બલ્કે મી૦ અલીભાઇના વિચારોને અનુમોદન આપી તેમને ધન્યવાદ આપવામાં આવ્યો છે. તેવા પત્રો જો મી૦ અલીભાઇ દેવરાજ પ્રસિધ્ધ કરશે તો મી૦ કાદર હુસેનની આંખો ચકાચુંધીમાંથી જરૂર જાગ્રત થઇ જશે.

મી૦ વીરજી અમારાપર હસદ કરવાનો વારંવાર આરોપ મુકે છે; પરંતુ તેઓ તેમ કરવામાં કહેવાતા ઇસમાઇલી લેખકોની પૈરવી કરતા હોય તેમ જણાય છે. નહિતર અમોને હસદ કરવાનું કશું કારણ નથી તેમ તેઓ જરૂર જાણી શકતે. તેઓએ એટલું તો જરૂર જાણવું જોઇતું હતું કે અમો હસદ તો ત્યારે કરતે કે ઇસમાઇલીઓની હાલત કોઇપણ બાબતમાં સારી જોતે. અને અમો તો ખાત્રી પુર્વક કહીએ છીએ કે જો તેમ હતે તોપણ અમો કદીપણ હસદ કરનારામાં હોતે નહિ; બલ્કે ખુશ થનારામાં અવલ નંબર હોતે. તોપણ બે ઘડી માટે માની લઇએ કે અમો હસદજ કરીએ છીએ. પણ અમો કઇ બાબતનો હસદ કરીએ તેની અમોને કાંઈ સુઝ પડતી નથી. કોઇપણ એવી બાબત અમો કહેવાતા ઇસમાઇલીઓમાં જોતા નથી કે જેના વિશે હસદ કરીએ.

કહેવાતા ઇસમાઇલીઓ આ લોક તથા પરલોકની અધોગતિમાં સપડાયા છે. તેઓ દીની બાબતમાં કેટલા બધા બેચારે હકીકતથી ખસી ગયા છે તે અગાઉના પ્રકરણથી વાંચક વર્ગ જાણી શકયો હશે. નતો તેઓ ખુદાની તવહીદ ઉપર ટકવા પામ્યા છે. નતો તેઓ નબુવ્વતને સમજવા પામ્યા છે. ઇમામતની બાબતમાં તો તેઓ અસાધારણ ગોથું ખાઇ ગયા છે. ફોરૂએ દીનમાંની એક પણ બાબત તેમનામાં ઇસલામ પ્રમાણેની નથી. તો આવી સ્થિતિ વચ્ચે અમો હસદ કરીએ તો શાનો કરીએ તેની અમોને કાંઇ સુઝ પડતી નથી.

તેઓની દુન્યવી હાલત પણ તેમની દીની હાલત કરતાં વધુ અધોગતિએ જઇ પહોંચી છે. હજારો લોકો ભુખમરાની હાલતે દીન ગુજારે છે. જમાતના આગેવાનોએ ટેકસો લઇ લઇ તેમની ચામડીઓ પણ ઉતરડી નાંખી છે. ગુલામગીરિ તો હદ કુદાવી ગઇ છે. જમાતના કામકાજમાં કાંઇપણ આક્ષેપ કરવો એ તેમના માટે એક રાક્ષસી કામ થઇ પડયું છે. જે પ્રકારની સ્વતંત્રતા ઢેડ ભંગીઓ પણ ભોગવે છે તે પણ તેમને નસીબ નથી. જુલ્મી કાયદાની ધુંસરીએ તેમની ગરદનો છીલી નાંખી છે. તેમાં જખમો પડી ગયાં છે. પોતાનાજ બીજા તડાંના સગાં સબંધીઓ સાથેનો તેમનો સબંધ જોહુકમીથી તોડાવવામાં આવ્યો છે.

વાત વાતમાં દંડને નાતબહારની શીક્ષા ! અને પૈસા તો લાવો લાવો ને લાવોજ ! તો બીરાદર શું અમો આવી બાબતમાં પણ હસદ કરીએ છીએ ? !

તમારી કાઉન્સીલો તથા તમારા આગેવાનો કેવા પ્રકારના તથા કેવી સ્થિતિમાં રજુ થયા છે તે જરા કૃપા કરીને મી૦ ત્રીજ્નેરીવાળાના " રહેમતઅલા " પેપરની ચારે વર્ષની ફાઇલો વાંચી જુઓ તો તમારી આંખો ખુલી જાય. વારસ તથા કાઉન્સીલ દફતરોનાં ઓચરીઆં જઇ તપાસો તો ત્યાં તમોને જણાઇ આવે કે તેઓ કોમને કેવી રીતે પીસી રહ્યા છે. જુદા જુદા સ્ટેટોની કોર્ટોના દફતરી રેકર્ડો જઇ તપાસો તો ત્યાં પણ તમારા આગેવાનોની યોગ્યતાની ખુબીઓ નિહાળી શકશો (!) માટે હવે તો કૃપા કરીને અમારા પર હસદનો આરોપ મુકવાનું તજી આપો. તમોને થયું છે તે શું ! કે આવા પ્રકારના આરોપો મુકવામાં મોજ માણો છો ? તો આક્ષેપોના જવાબો હોય તો તે આપો એટલે તમારો હેતુ પાર પડે. ખાલી ધીણો જાથી કાંઇ વળવા પામતું નથી.

મુઝે ઇસ અકલ પર હૈરત હે ભારી
સમઝ કીસ ભુતને ફેરી તુમ્હારી
ખુદારા બાત માનો ગર હમારી
હુએ હો અકલસે કયું અપની આરી

મી૦ વીરજીની ખોફનાક બેઠક.

મી૦ વીરજીભાઇ પૃષ્ઠ ૩૦ ઉપર આંખો મીંચીને ગપ ગોળો ફેંકતાં લખે છે કેઃ—

" કેટલાક લોકો જે મહાન નરોના હાથે ઇસલા
" મથી પાવન થયા છતાં, તે મહાન નરોનો એહસાન
" જે તેમની ગરદન પર છે તેને ભુલી જઇ, તેમને
" આડું અવળું બોલી પોતાનું મુનકરપણું જાહેર
" કરે છે. અને પોતાની શ્રેષ્ટતા દેખાડવાની જગતને
" કોશીશ કરી રહ્યા છે તેટલેથીજ તે લોકો પતાવી
" બેસતા નથી પણ તેનાથી એક પગલું આગળ ચા
" લી રસુલ સ૦ ના દીનમાં લોકોને આવતા અટકા
" વ્યા છે. તેમજ કેટલાક આવેલાઓને આડકત્રી રી
" તે ખસેડવાની કોશીશ કરેલી છે. અને કેટલાકોને
" ઇસલામથી વિમુખ પણ કર્યા છે. ઇસલામથી વિ
" મુખ કરવાને મી૦ એદલજી ધનજી કાબાના "હસન
" બીન સબ્બા " તથા " ખોજા કોમની તવારીખ "
" નામે પુસ્તકોએ કેવો ટેકો આપેલો છે તે પુસ્તકો
" વાંચનારથી અજાણ્યું નથી. "

ઉપરનું લખાણ ચીત્રી મારી, અમારા વિદ્વાન મિત્ર મી. વીરજીએ જે વાતમાં કાંઇપણ વજુદ નથી, જે વાત [illegible]

ઇથી લાખો માઇલ દુર છે, જે વાતથી ફરીસ્તાઓના જીગરા પણ શક થઇ જાય તે છાપી મારી છે. અમો તો હૈરાન તથા સરગરદાન છીએ કે આવી વાત લખી મારવાથી તેમની શું મુરાદ હશે ? શું તેઓ એવું લખીને અમોને ઇસલામના શતરૂ તરીકે પેશ કરવા માગે છે ? અને જો તેઓ તેમ કરવા માગતા હોય તો કઇ જાતની સમજે તેમને તેમ કરવાની ઇજાઝત આપી હશે ? આ ખુદાના બંદાને આવો કપોળ કલ્પિત આક્ષેપ ઘડી કાઢતાં કાંઇપણ ખોફે ખુદા નહિ થયો હોય ? પણ હા, તેમાં કાંઇ નવાઇ કરવા જેવું નથી. જેમ બીજા ઇસમાઇલી કહેવાતા લેખકોને આવા કપોળ કલ્પિત બુટ્ટાઓ ઉભા કરવાની ટેવ પડી ગઈ છે તેમ મી. વીરજીને પણ તેવા બુટ્ટાઓનું ચેટક લાગી ગયું છે

અમોએ તો પીર સદરૂદીન તથા પીર કબીરૂદીન વીગેરેને ઇસલામના ખરા મીશનરી તરીકે જણાવી, તેમના કાર્યને પ્રકાશમાં લાવી તેમની કીર્તિને વધારી છે. વધારીએ છીએ અને વધારવા માગીએ છીએ. એટલુંજ નહિ પણ " ખોજા કોમની તવારીખ " તથા " સતપંથ શાસ્ત્ર ભાગ ૧ લો " ની અર્પણ પત્રિકાઓ પણ તેઓના મુબારક નામને આપેલી છે. તે અર્પણ પત્રિકાનું લખાણ નીચે પ્રમાણેનું છે.

" અર્પણ પત્રિકા.

ઇસલામના મીશન જંગ બહાદુર દાઇઓ પીર નુરૂદીન પીર શમ્શુદીન, પીર સદરૂદીન, પીર ઇમામુદીન વીગેરે વીગેરેના પવિત્ર આત્માઓ જોગ.

આપ મહાત્માઓએ પવિત્ર ઇસલામની દાઝ હૈડે ધરી, અમો ખોજા કોમની નજાત માટે અસાધારણ પ્રયાસ કરી કુફ્રનો અંધકારમય માર્ગ છોડાવી, પવિત્ર ઇસલામનો માર્ગ દેખાડયો. તથા તેમ કરતાં તન, મન, ધનના ભોગે :જે હેરત ભર્યા મીશનરી પ્રયાસો કીધા, તે સઘળા ઝળકતા બનાવોની યાદમાં, આ આપ મહાત્માઓના મુબારક .નામ સાથે અંગત નીસ્બત ધરાવતું પુસ્તક આપ મહાત્માઓના પવિત્ર આત્માઓને સહમાન અર્પણ કરૂં છું.

હું છું આપનો અદના સેવક
એદલજી ધનજી કામા "

ઉપર પ્રમાણેની અર્પણ પત્રિકા જોઇ કોઇ માણસ એમ કહેવાની હીમ્મત કરે કે, અમો તે પીરોનો એહસાન ભુલી જઇ તેમની શાનમાં આડું અવળું બોલીએ છીએ તે બનવા જોગજ નથી; આવી અર્પણ પત્રિકા ઉપરાંત અમોએ તે પીરોના: પ્રયાસને પ્રસંશનિય માની તેમની તારીફ કરવામાં પૃષ્ટોના પૃષ્ટો છાપ્યાં છે. છતાં પણ મી૦ [illegible]

હાથમાં કલમ તથા કાગળ આવ્યો તેથી તેઓ ફાવે તેમ લખી મારે તેમાં અમો લાચાર છીએ. પરંતુ વાંચક વર્ગ તેમાં કેટલું વજુદ છે તે બરાબર જાણી શકશે.

તેઓ લખે છે કે અમોએ " રસુલ સ૦ ના દીનમાં લોકોને આવતા અટકાવ્યા છે. " આ પણ મી૦ વીરજીનું બીજું સફેદ જુઠાણું છે. આ આરોપ પણ તદન તેમના ચસકી ગએલા ભેજાંનોજ બુટ્ટો છે. પબ્લીક જાણે છે કે અમારો પ્રયાસ દીને ઇસલામની હીમાયતનો છે અને અમોએ તેની હીમાયત કરવામાંજ આજદીન સુધી પ્રયાસ કર્યો છે. કરીએ છીએ અને કરવા ઉમેદ રાખીએ છીએ. મી૦ વીરજીને અમો સોગંદ આપીને પુછીએ છીએ કે તેઓ બતાવે કે અમોએ તેમ કયારે કીધું છે ? અને કયા માણસને રસુલ સ૦ ના દીનમાં આવતો અમોએ અટકાવ્યો છે ? બલ્કે અમોએ તો રસુલ સ૦ ના દીનમાંથી નીકળી જતા વર્ગને તેમાંથી નહિ નીકળવાને જથાબંધ કોશીશો કીધી છે. પણ ખરી વાત એ છે કે, મી૦ વીરજીનું દુખે છે માથું ને કુટે છે પેટ. તેમનો ઇરાદો માત્ર અમોને બદનામ કરવાનો હોવાથી આવા કપોળ કલ્પિત બુટ્ટાઓ ઉભા કરે છે. પરંતુ પબ્લીક ખરી હકીકત જાણે છે તેથી તેમનો બુટ્ટો કાંઈપણ રંગ લાવે એમ અમો માની શકતા નથી.

વળી તેઓને જ્યારે જુઠુંજ બોલવું છે ત્યારે કસર શા માટે રાખે ? તે મુજબ તેઓ આગળ ચાલતાં લખે છે કે " તેમજ કેટલાક આવેલાઓને આડકત્રી રીતે ખસેડવાની કોશીશ કરેલી છે. અને કેટલાકોને ઇસલામથી વિમુખ કર્યા છે. " આ આક્ષેપ પણ તેમના ચસ્કી ગએલા ભેજાનુંજ પરિણામ છે. અમોને લાગે છે કે તેઓ અમારા લખાણનો જવાબ આપી શકવાની શકિત નહિ ધરાવતા હોવાથી તેમણે અમારા પર આવા આક્ષેપો મુકવાનું પ્રોગ્રામ ઠેરવેલું હોવું જોઇએ. આ માટે પણ અમો તેમના મુખમાં આંગળી નાખીને અને ચેલેન્જ કરીને કહીએ છીએ કે તેઓ બતાવે કે અમોએ આડકત્રી રીતે રસુલ સ૦ ના દીનમાં આવેલા કયા માણસને ખસેડવાની કોશીશ કીધી છે ? તેના નામ ઠામ બતાવે. પણ ન તો તેમ થયું છે તેમ ન તો તેમ નામ બતાવી શકે છે. માત્ર તેઓ એક અધમ પોલિસિ હાથ ધરી પોતાનો હેતુ સાધી જવા માગે છે. પણ અમો ખાત્રી પુર્વક જણાવીએ છીએ કે તેઓ પોતાનો તેવા ધોરણથી કદી પણ હેતુ પાર પાડી શકવાના નથી. જુઠાણું તે કયાં સુધી ટકી શકે છે ? કહેવત છે કે જુઠાનો આવરદા ચાર ઘડી

તેઓ અમારા ઇસલામી પ્રયાસથી જાણીતા છે; છતાં પણ જેમ જાગતો ન બોલે તેમ બોલતા નથી. વાણીયાની જેમ મગનું નામ પાડતા નથી. અમારા ઇસલામને ટેકો

આપવાના પ્રયાસો અને સતપંથની હિમાયતના મારકાઓ તેમની દ્રષ્ટિ સામે થયાં છે. ગુજરાતના સતપંથીઓની વિરૂદ્ધમાં "આર્ય પ્રકાશ" નામના આર્ય સમાજી અઠવાડીક પત્રે સંખ્યાબંધ આર્ટિકલો લખ્યા, જેના જવાબો આપવામાં અમોએ "આર્ય પ્રકાશનું ખંડન ભાગ ૧–૨–૩" એમ ત્રણ પુસ્તકો લખીને છપાવ્યાં છે અને સતપંથીઓના ખરચે તેને સતપંથીઓ તથા આર્ય સમાજીઓમાં મફત વહેંચ્યાં છે અને હજુ પણ તેની પાંચ પંદર કાપીઓ અમારા ડેપોમાં મોજુદ છે. અમારા આ પ્રયાસથી સતપંથીઓના હિતને કેટલો લાભ થયો છે તે જો તેમણે મહાત્મા પીર નુરૂદ્દીન સાહેબની દરગાહના સજ્જાદાનશીન મીર પ્યારે સાહેબ તથા તેમના લઘુ બંધુ પીરજાદા સૈયદ સદરૂદીન સાહેબને પુછી જોયું હતે તો તેમને જણાઈ આવતે. વળી જો તેઓ સચીન સ્ટેટના દીવાન તથા ઃમાંગરોળની પ્રખ્યાત ગાદીવાળા પીરજાદા મોટામીંઆં સાહેબને પણ પુછી આવ્યા હતે તો તેમની ભ્રમણા દુર થઈ હતે. અમારી સતપંથની હીમાયતથી સતપંથીઓ ઉપર ઘણી ઉંડી અસર થઈ હતી અને સતપંથ મહા મંડળની વાર્ષિક કોનફરન્સમાં અમારા તે પ્રયાસ બદલ અમને ચાંદીનો "મુનીવર" મેડલ આપવામાં આવ્યો હતો. જ્યારે આ મેડલ (મુનીવરનો) અમોને કોનફરન્સના પ્રમુખે આપ્યો ત્યારે મી૦ વીકજી ત્યાં હાજર હતા. આવી રીતે બધું જાણવા સાથે એમ કહેવાને તીકળ્યા કે અમોએ ઘસ

લામથી ખસેડવાનુ કર્યું છે અને કેટલાકોને ઇસલામથી વિમુખ પણ કર્યો છે એ નવાઇની વાત છે.

ચું કલમ દર દસ્ત ગદ્દારે બુવદ
લા જુર્મ મનસુર બર દારે બુવદ

સાર—કલમ શતરૂના હાથમાં છે તે ફાવે તેમ લખી મારે. મનસુર વગર વાંકે સુળીએ ચડાવાયો હતો.

"ખોજા કોમની તવારીખ" તથા "હસન બિન સબ્બાહ" ઉપર મી૦ વીરજીભાઇનો આક્ષેપ પબ્લીક તદ્દન હસી કાઢે તેવો છે. ખોજા તવારીખનું જો વધુ વિસ્તારથી લખાયલું કોઇ પુસ્તક હોય તો તે ખોજા તવારીખજ છે. તેના માટે ઘણા વિદ્વાનો તરફથી સરટીફીકેટો મળેલાં છે. આવાં સરર્ટિફીકેટો પૈકી એક સર્ટીફીકેટ મુંબઇના પ્રખ્યાત ઇસલામી રોજીંદા પત્રનું નીચે આપીએ છીએ. કે જેથી વાંચક વર્ગ ખોજા કોમની તવારીખની ઉત્તમતા જોઇ શકે અને મી૦ વીરજીના આક્ષેપના ટકા તપાસી શકે.

મુંબઈના ઈસલામી રોજીંદા પત્ર 'અખબારે ઈસલામે' આપેલો અભિપ્રાય.

"ખોજા કોમની તવારીખ" એ નામની મી. એદલજી ધનજીભાઇ કાબ્રા, જેઓ હાલ અમરેલી માં

પ્રગટ થતા "ખોજા પ્રકાશ" ના અધીપતી અને માલેક છે. અને જેમની બાહોશ તથા વિદ્વતા ભરેલી કલમના મારફતે મજકુર પત્રમાં બહાર પડતા લખાણો ઉપરથી જોવામાં આવે છે કે એ ચોપડીના રચનાર એક અચ્છા અને વિદ્વાન લેખક છે. તેવા એક લેખકે "ખોજા કોમની તવારીખ" નામનું પુસ્તક બહાર પાડી, એક ગ્રંથ કર્તાનું જોઇએ તેવું સરસ પાણી દેખાડી આપવા સાથે પોતાની ખોજા કોમની એક અમુલ્ય સેવા આ તવારીખને રચી બજાવેલ કહી શકાશે. ખોજા કોમ, જે એક ઉદ્યોગી અને સાહસીક કોમ તરીકે દુન્યાના કેટલાક મુખ્ય ભાગોમાં ફેલાયલી છે. અને ધરમ સબંધી તેઓ અસલ અંધકારમાંથી નીકળી ઇસલામના રોશન દાયરામાં આશકારા થતી ચાલી છે. તેઓને પોતાની મુળ ઉત્પતી અને વૃતાંતથી જાણુકાર બનાવા સારૂ મી૦ એદલજી ધનજીભાઇ કાબા જેઓ પણ એક કેળવાયેલા લેખક તરીકે ખોજા કોમમાં એક તુર્રા સમાન પ્રગટી નીકળ્યા છે, તેમને આ પુસ્તક રચના માટે અમો વાજબી રીતે ધન્યવાદ આપી શકીશું. આ પુસ્તકના લેખક એક શીયા ઇસનાઅશરી ખોજા છે, છતાં સામાન્ય ખોજા કોમને લગતી તવારીખ લખતાં તેઓએ પોતાનું સમતોલપણું અને સ્વતંત્રતા ઘણી વખાણુવા જોગ રીતે જાળવી રાખેલી હોવાથી, દરેક વર્ગના ખોજા માટે આ પુસ્તક પોતાની અસલ સ્થિતીનો અભ્યાસ કરવા માટે ઠીક ઉપયોગી થઈ

પડશે એવું અમો માનીએ છીએ. મી૦ કાબાએ આ તવારીખની રચના કરવા માટે ખાસ આપ વડાઇ લીધી નથી, પરંતુ તેમની આગમજ કચ્છ સ્ટેટના માજી આસી-સ્ટંટ રેવન્યુ કમીશનર મરહુમ મી૦ સચેદીના નાનજીઆણી ભુજવાળા તરફથી સને ૧૮૯૨ માં બહાર પાડવામાં આ-વેલી " ખોજા વૃતાંત " ને પોતાની પ્રસ્તાવનામાં યાદ કરી, તેના લેખક મરહુમ શેઠ નાનજીઆણીને ખોજા કોમની પહેલ–વહેલી તવારીખ ઉપજાવી કાઢવા માટે તેમની ઘટતા શબ્દોમાં સ્તુતી કરી છે તે પછી સને ૧૯૦૫ માં આપણા જાણીતા શહેરી અને બાહોશ બેરીસ્ટર મી૦ જાફરભાઇ રહેમતુલા કાદરભાઇ તરફથી બહાર પાડવામાં આવેલા " ખોજા કોમનો ઇતીહાસ " ની પણ એ લેખકે નોંધ લઇ, ખોજા કોમ પ્રત્યે તેઓએ બજાવેલી સેવાની ખાસ પહેછાન કરી છે. પણ ઉપલી બંને તવારીખોની હાલના ત્રીજા તવારીખ નવેશ મી૦ કાબાએ, તેમના પુસ્તકોને અપુર્ણ ગણી, પોતાની રચેલી તવારીખને સંપુર્ણતાની કાંઇક ઉપમાં આપતાં આંચકી ખાધી છે કે જ્યાં સુધી કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, મુંબઇ, સીંધ, પંજાબ, ઇરાન, અર-બસ્તાન તથા મીસરમાં વસતા ખોજાઓમાં પળાતા ધરમ અને રીવાજોનો પુરેપુરો અભ્યાસ નહી કરવામાં આવે, ત્યાં સુધી મી૦ કાબાએ પોતાની રચેલી " ખોજા કોમની તવારીખ " ને પણ અપુર્ણ ગણી છે અને તે

ખુલ્લા દીલથી સ્વીકાર કરી, પોતાની રચેલી તવારીખને વ્યાજબી રીતે ઇનસાફ આપ્યો છે. તો પણ એ પુસ્તકનો વાંચનાર. ખોજા કોમને લગતાં આગળ પ્રગટ થઇ ગયલા બે ઇતીહાસો (ખોજા વૃતાંત તથા ખોજા કોમનો ઇતીહાસ) નો અવલોકન કીધા-પછી, મી૦ કાબાએ પોતાની તવારી-ખમાં બનતાં સુધી જે વધારો–સુધારો કર્યો છે તે સારૂ તેમની કોશીશને સામાન્ય ખોજા કોમ તરફથી વાજબી ઇનસાફ મળવો જોઇએ છે મી૦ કાબા તરફની તવારીખની એક નકલ અમારા અભીપ્રાય માટે તેમના તરફથી અમોને ભેટ મળી છે તેની પહોંચ માન સહીત અમો સ્વીકારતાં, એ પુસ્તકની જે અમોએ ઉપર ટપકેની તપાસ લીધી છે તે ઉપરથી ખોજા કોમની મુળ સ્થિતિ, વચગાળેની હાલત, તથા ચાલુ વખતનો-ખોજા કોમના ચીતાંરનો એક પ્રેક્ષક તરીકે સારો ખ્યાલ ઉત્પન્ન થઇ શકે છે. અમો ઇચ્છીશું કે, એ કોમને લગતી ચોથા વખતની જે તવારીખ બહાર પડશે, તે અપુર્ણતાની ફરીઆદ રહીત સંપુર્ણ આકારમાં તે પ્રગટ થવા પામે અને તેને લગતો સાહસ, એ કોમ મધેથી કોઇ સય્યાહ (મુસાફર) લેખક, જ્યાં સુધી એવા ખાસ ઇરાદાથી એવો સાહસ ઉપાડી લઇ, જ્યાં જ્યાં ખોજા કોમ, દુન્યાના જુદા જુદા ભાગોમાં ફેલાઈ ગઇ છે ત્યાં જઇ તેમના ધરમ અને રીત–રીવાજો વગેરે સબંધીનો અનુભવ મેળવશે નહી ત્યાં સુધી તે સપુર્ણ લેખાશે નહી. તેમ થવા

માટે હજી એકાદ દાહેકા સુધી ઇન્તેજારી રાખવી પડશે, તેટલાં ખોજા કોમને લગતાં અત્યાર સુધી બહાર પડેલા ત્રણુ ઇતીહાસીક પુસ્તકોમાંથી મી૦ કાબાવાળી તવારીખ, સામાન્ય ખોજા કોમના વાંચક વર્ગો માટે કાંઈ થોડી આ-વકારદાયક નહી થઇ પડશે. ”

મી૦ વીરજી ! જો તમારી ઇચ્છા હોય તો, આ પુસ્તક જેટલા તેના અભિપ્રાયો અમો ટાંકી બતાવી તમોને હેરત ના દર્યામાં નાખી શકીએ છીએ. પણ તમોએ તો નાકું પકડયું છે તેથી લાચાર છીએ.

ઇસમાઇલીઓની ઇસલામની વિરૂધ્ધતા.

પોતાને ઇમામી ઇસમાઇલી કહેવાડતા ખોજાઓ કુરાન, નમાઝ, રોઝા, વીગેરેને માનતા નથી તેવા આક્ષેપથી બચાવ કરવાનો મી૦ વીરજીએ પ્રયાસ કર્યો છે. એટલે કે તેઓ એમ જણાવવા માગે છે કે ઇમામી ઇસમાઇલી ખોજાઓ કુરાન, નમાઝ, રોઝા વીગેરેને માને છે. તેઓ તેને નથી માનતા એમ કહેવામાં આવે છે તે તદન જુઠું છે અને તે માત્ર વિરોધીઓનો મનઘડત આક્ષેપ છે. આ બાબતની સ્પષ્ટતા કરતાં તેઓ લખે છે કેઃ—

“ વિરોધીઓ તેમજ અજ્ઞાન લોકો એમ બોલી “ ઉઠે છે કે, ઇસમાઇલીઓમાં નમાઝ, રોજા, કુરાન નથી

" ત્યારે હાલતા ઇસમાઇલી ઇમામ મોલાના પીર સુ
" લતાન મહંમદશાહા પોતાના મુરીદોને શું કહે છે ?
" તે તરફ વાંચકોનું લક્ષ ખેંચીએ છીએ."

" મોલાના હાજર ઇમામના ફરમાનો."

" ૧ તમારામાં કેટલાક એવા ઇમાનદાર માણસો
" ની જરૂર છે કે જેઓ કુરાને શરીફ પડયા હોય,
" તેમજ જ્ઞાનમાં પણ બરાબર વાકેફગાર હોય."

" ૨ તમારામાં કેટલાક એવા છે કે જ્ઞાન પઢે
" છે, પણ તેનો મકસદ સમજતા નથી. જ્ઞાનનો મા
" યનો સમજતા નથી. જે ઇનસાનને સમજણ નથી
" તે જાનવર મીસાલ છે."

" ૩ હિન્દુઓની વાતો ઇલિમમાં પઢો છે તે
" બ્યાજબી નથી. જ્યારે તમો હીન્દુ હતા તે વખતે
" પીર સદરૂદીને તમોને રસ્તો દેખાડયો, તે વખત
" વહી ગયો. હવે મોલાની તારીફ તથા ઓલાદ હા
" જર ઇમામની તારીફ પડો." (એહરે રેહમત)
પછી મી૦ વીરજી લખે છે કેઃ—

" ઇસમાઇલી પીરો તથા દાઇઓ તથા વકીલોએ
" પોતાના શિષ્યોને સત્ય ઇસલામ તથા તેના રાહબર
" ઇસમાઇલી ઇમામો તરફ નીશાન તાકી બતાવ્યું

જ્ઞાનમાં પણ બરાબર વાકેફગાર હોય, જ્ઞાનની એક એક કડી કુરાને શરીફમાંથી હું તમોને કહી સંભળાવું. તમારા-માંથી દસ બાર વરસનાં છોકરાં હોય તેઓને તાલીમ આપો તો અલબત તેઓ વાકેફગાર થઇ શકે. બચ્ચું હોય તેને કોઇ ઇસનાઅશરીના મુલ્લાં તેના દીલમાં ઇસનાઅશરી દીનની જડ બેસાડી આપે તો તે ફરી જાય છે અને દીવસે દીવસે તેને વધારે કીનો પેદા થાય છે, આજથી દસ બાર વરસ અગાઉ એવા પાંચથી દસ જણા કે જેઓ કુરાને શરીફ પડયા હોય, તેમને મારી પાસે મોકલવામાં આવ્યા હોત તો હું આપણા દીનના દરેક કાયદા કુરાન શરીફમાંથી કાઢી આપત, આવી રીતે કેટલો ફાયદો થાત. અને કેટલો દીનનો વધારો થયો હોત ? હરકોઇ બીજા દીનવાળાને આપણા દીનમાં લાવવો હોયતો પહેલા તેના દીનથી વાકેફગાર થવા ની જરૂર છે તેનો દીન ખ્યાલમાં લેવો જોઇએ. તેના દીન પરમાણે તેને નસીહત કરવી જોઇએ. ત્યારબાદ તેના દીન સાથે આપણા દીનનો મેળાપ કરી દેખાડવો જોઇએ. પછી આપણા દીનનો રસ્તો દેખાડો તો તરત તે આપણા દીનમાં આવે તેમાં કાંઇ શક નથી. પીર સદરદીને તમોને હકીકતી દીન દેખાડયો તે તરત નહિ દેખાડયો હતો. પહેલાં હિંદુની નસીહતો કરી અને ત્યાર બાદ સતપંથ દીનનો રસ્તો તે-ઓના દીન સાથે જોડી દેખાડયો ત્યારે આ દીનનો ફેલાવો થયો છે. જે મુસલમાની શરીઅતી આપણા દીનમાં ન હોય,

તેને જ્ઞાનની મયેના સંભળાવો તો તે કબુલ નહિ કરશે, એટલુંજ નહિ પણ સામે મશકરી કરશે. કારણ કે તેને આપણા દીન ઉપર ઇતેકાદ નથી. આવા માણસને તરત આપણા દીનની માયના સંભળાવો તો તે કબુલ નહિ કરશે; પણ ઉલટું આપણને બેતરફ લેખશે. તમે તમારામાંથી એવા શખ્સો શોધી કાઢો કે જે કુરાને શરીફ તથા માય ના જાણતા હોય. હું તેમને આપણા દીનની દરેક વિગત કુરાને શરીફમાંથી દેખાડી આપું. કુરાને શરીફમાંથી દસ ઠેકાણે અથવા તેથી પણ વધારે ઠેકાણે સાબીત કરી આપું. તમો લોકો કુરાને શરીફ જાણતા નથી. અને જેઓ જાણે છે, તેઓ પણ પોપટ માફક વાંચી જાય છે તેમાં શું થાય છે? તમે અંગ્રેજી અક્ષરો ભણતા હો પણ ભાષા નહિ જાણતા હો અને કોઇ અંગ્રેજ ગ્રહસ્થ સાથે કામેકાજે જાઓ તો તમોને કાંઇ હાંસલ નહિ થાય, પણ ભાષામાં હુશીઆર હશો તો કામ થશે. આ પ્રમાણે તમારામાંથી ઘણા જણ કુરાનેશરીફ વાંચી જાણે છે, પણ માયના સમજતા નથી તેઓ સઘળા ઉપરના દાખલા પ્રમાણે છે. જે કુરાને શરીફ પડયા કરે અને તેની માયના સમજતો નહોય, ફક્ત મુખે પાડી જાણતો હોય, તે ગધેડાની મીસાલે છે. મતલબ સમજ્યા વગર પઢવું નકામું છે. કોઇ હિંદુ અથવા બીજી કોમ વાળાને આપણા દીનમાં લાવવો હોયતો, પહેલાં તેના દીનથી બરાબર વાકેફગાર થવાની જરૂર છે. ત્યાર

બાદ આપણો દીન તેઓના દીન સાથે મેળવી દેખાડવો જોઇએ; ત્યારેજ તે કબુલ કરે, અને તેને વિશ્વાસ આવે આપણાં દીનની સાબેતી જોઇતી હોય તો વાહુદી, ન સારા, સુન્ની તેમજ સઘળી મુસલમાન કોમમાંથી હું, તમોને આપણો દીન સાબીત કરી દેખાડું. તમારામાં કેટલાક ભગતો છે. તે ગધેડા માફક છે. કારણકે જેઓ આપણા દીનમાં નથી તેમને લાગલાજ ગ્નાનની માયેના સમજાવવા મંડી જાય છે. તેઓ કબુલ કરતા નથી; કારણ કે તેઓને આપણા દીન તથા ગ્નાન ઉપર ઇતબાર નથી. આવા માણસો ગ્નાનની વાતો કેમ કબુલ કરે ? પણ તેઓને કુરાને શરીફ, હદીસ અથવા જે શાસ્ત્રોને તેઓ માનતા હોય, તેમાંથી નસીહતો કરે અને ત્યારબાદ આપણો દીન તેઓના દીન સાથે મેળવી દેખાડે તો તેમની માયેના ઉપર અસર કરે, દાખલા તરીકે હિંદુઓને કુરાને શરીફ ઉપર ઇતબાર નથી. તેમની પાસે કુરાને શરીફની વાતો કરો તો તેઓ કબુલ નહી કરે. કારણ કે તે શાસ્ત્રમાં તેઓને ઇતેકાદ નથી. આવી રીતે સરવે ધર્મોમાં છે, પણ જો તમે તેઓના દીનની વાતો કરો તો અસર થાય. તમારામાંથી દસ જણા બહાર પડે તો હું તેમને આપણો દીન બરાબર સમજાવું. આથી દસ બાર વરસમાં આપણા દીનનો ઘણો વધારો થાય. તમારામાંથી પાંચ કે દસ જણા એવા જોઇએ કે જેમને દુનિયાનો કાંઇ જંજાળ ન હોય, તેમજ કમાઇ ધંધાની ફીકર

નહિ હોય, વળી તેઓની વાએજ ઘણી સવાદદાર હોય; જેથી માણસોને અસર કરે. તેઓ ગીનાન પડે. તેમજ તવારીખ પડે. જેથી અસલ માણસો કેવી રીતે ચાલતા હતા તે તેઓને ખબર પડે. તમો જાણો છો કે પીર સદરદીન કીયા ગામના હતા ? તમે તેમની તવારીખ પડો તો તમને ખબર પડે. તમે હીન્દુ હતા. પીર સદરદીને કુરાને શરીફની તફસીરમાંથી આનો રચીને તમોને સંભળાવ્યાં, જે આરઓ આપણા દીનમાં છે તેઓ કુરાને શરીફ પરથી આપણો દીન કબુલ કરે છે અને કુરાને શરીફ પરથીજ આપણા હકીકતી રસ્તા ઉપર ચાલે છે. તેઓ તમારાથી પણ વધારે ઇમાની અને ઇતેકાદ વાળા છે પીર સદરદીન સાથે બીજા બાર જણા હતા. તેઓ સરવેના દીનથી વાકેફગાર બન્યા; ત્યારબાદ તેઓએ સતપંથ દીન ફેલાવ્યો અને માણુસોને દીનમાં લાવ્યા. હાલ તમે પણ એમ કરો કે માણસના ઇમાન મુસ્તકીમ થાય. જે માણસ સાથે વાત કરવી હોય તેની ભાષાં શીખીએ તોજ મકસદ હાંસલ થાય છે. એક ભગત હોય, તે ફકત ગ્નાનનીજ માયના સંભળાવે તો શું ફાયદો થશે ? જેઓ ઇમાની છે તેઓ ગ્નાનની માયના કબુલ કરે; પણ જે એ ઇમાની અને અધુરા હોય તેમને એકલા ગ્નાનની માયના ઉપર ઇતેકાદ આવે નહિ એજ માણસોને શાસ્ત્ર તથા કુરાને શરીફના દ્રષ્ટાન્ત આપો તો અલબત્તા તેઓને ઇતબાર આવે, એમાં કાંઇપણ શક નથી.

મણું એટલા જ્ઞાનની માયના તેમને અમર ન કરે. અલહમ્દો લીલાહ તમારામાં ઘણા મોમન છે પણ તેઓ અવિશ્વાસમાં આમતેમ તરફડીયાં મારે છે. આવા માણસોને કુરાનશરીફ માંથી સાબીતા કરી દીધી હોય; તો પછી તરફડીયાં ન મારે."

ઉપરના નામદાર આગા સાહેબના ફરમાનના ઉતારા થી વાંચક વર્ગ જોઇ શકશે કે, તેમા કુરાન શરીફ જાણુ નારની માત્ર આવશ્યકતા મીશનરી હેતુ માટે જણાવવામાં આવી છે. માનવા કે શ્રદ્ધા વાસ્તે નહિ. વળી તે ફકરાવા પર ધર્મના લોકોને કુરાન શરીફને માનનારા જાણુવી તે મને કુરાને શરીફની દલીલથી પોતાના ધર્મમાં લેવા સુચવ્યું છે. મી૦ વીરજીએ ત્રણ ફકરા આપ્યા છે. જેમાં પહેલાનો હી સાબ આ પ્રમાણેનો છે. બીજા ફકરામાં તો કુરાન વિષે કાંઇ ઉચ્ચારણજ નથી. અને ત્રીજાનાં તો હીન્દુ ધર્મની વાતો ન હિ પડવાને જણાવવામાં આવ્યું છે મતલબ કે મી૦ વીરજી આટલું ટુંકું તથા પુષ્કળ વટાવ આપતાં પણ ખપે નહિ તેવું દોઢીયું લઇ વેપાર કરવાને નીકળ્યા છે.

એહરે રેહમતની ચોપડી પૃષ્ટોની છે જેમાં ઇ. સ. થી ઇ. સ. સુધીના આગા સાહેબના તેમણે જમાતખાનામાં કરેલાં ફરમાનો ટાંકી બતાવવામાં આવ્યાં છે. આટલા બધા લંબાણુ તથા લાંબી મુદત સુધીના

ફરમાનોમાં મી૦ વીરજીને ઉપર જણાવેલું એકજ વાક્ય અને તેપણ ઉપર જણાવ્યા પ્રમાણેનું જુદાજ હેતુ માટે કહેવાયલું હાથ લાગ્યું, જે લઇ હાજર થયા છે અને તેથી એમ સાબીત કરવા માગતા હોય કે આગા સાહેબે કુરાને શરીફને માનવાને ફરમાવેલું છે, પણ તેઓ સારી પેઠે જાણે છે કે આગા સાહેબે કુરાને શરીફને માનવાને પોતાના ફરમાનોમાં ચોખ્ખી ના પાડી છે. મી૦ હાશમ બોઘા માસ્તર કે જે, મી૦ વીરજીના વિદ્યાગુરૂ છે તેણે તે ફરમાનની ચોપડી છપાવી છે તે ચોપડીમાંથી જો મી૦ વીરજી એવાં ફરમાનો ટાંકી બતાવવા માગતે કે, આગા સાહેબે કુરાને શરીફને માનવાનું ફરમાવ્યું નથી. તો તેઓ બહુજ સહેલાઇથી તેમ કરી શકતે; પણ તેમને તો તે વાત ઇસમાઇલી રીતભાત પ્રમાણે ઢાંક પીછોડામાં રાખી ભુલ ભુલઇયાં રમવી હતી તેથી શા માટે તે પેશ કરે ? જે ફરમાનની બુક ઉપરથી મી૦ વીરજી ઇસમાઇલીઓને તેઓ નમાજ, રોજા તથા કુરાનને માનવાનું જણાવવા માગે છે તે બુકમાં તેવું લખાયું તો કીટસન લાઇટની બત્તી લઇને શોધવા જતા પણ મળી શકતું નથી, પણ સાધારણ મીણબતી લઇ શોધવા જતાંજ તેમાં કુરાનને નહિ માનવાનું મળી આવે છે. મજકુર બેહરે રેહમતમાંથી તેવા થોડાક ફકરાઓ નીચે ટાંકી બતાવી મી૦ વીરજીની ભુલ ભુલઇયાનું નાટક પેશ કરીએ છીએ.

(આગા સાહેબના ફરમાનની બુકમાંથી ઉતારો)

" ૧ કુરાને શરીફને તેરસો વર્ષ થયાં છે તે મુલ્કે અરબની વસ્તી માટે છે. જ્ઞાનને સાતસો વર્ષ થયાં છે તમારે માટે જ્ઞાન છે તે ઉપર તમે ચાલજો."

(જંગબાર તા. ૧–૭–૧૮૯૯)

" ૨ કુરાને શરીફ પણ સત્ય હતું, પરંતુ ખલીફા ઉસમાને તેમાં ઘણો ફેરફાર કરી નાંખ્યો છે. આ બાબતનો સર્વે ખુલાસો તમોને દેખાડીશ."

(જંગબાર તા. ૩૦–૭-૧૮૯૯)

" ૩ ખલીફા ઉસમાને કુરાને શરીફમાંથી કેટલોક ભાગ કાઢી નાંખ્યો છે અને કેટલોક ભાગ ઉમેરી આપ્યો છે. અસલ કુરાને શરીફ હું ઉતારૂં તો છ વરસ લાગી જાય તે પણ હું તમોને મોકલીશ; તો તમોને ખબર પડશે કે, શું કાઢી નાંખવામાં આવેલ છે અને શું ફેરફાર કરી નાંખવામાં આવ્યો છે. "

(જંગબાર તા. ૩૦–૭–૯૯)

મી૦ વીરજીએ આગા સાહેબના ફરમાનનો જે ફકરો ટાંકી બતાવી આગાખાન તથા ઇમામી ઇસમાઇલી ખોજાઓ કુરાન, નમાઝ તથા રોજાને માને છે તે વાંચક વર્ગ જોઇ ગયા છે. હવે જે ફકરાઓ મી૦ વીરજીએ છુપાવી રાખ્યા

દાખલ નહિ કર્યા તે અમોએ ઉપર ટાંકી બતાવ્યા છે તે ઉપરથી વાંચક વર્ગ ખુલ્લી રીતે જોઇ શકશે કે મી૦ વીરજીનું લખવું કેટલી હદ સુધી સત્યતાથી વેગળું છે. ફરમાનમાં ખુલ્લી રીતે જણાવી આપવામાં આવ્યું છે કે, કુરાને શરીફ માત્ર આરબો માટે છે. તમારે માટે તો પીરોના જ્ઞાનો છે. બીજા ફકરામાં વધુ ચોખવટ કરી દેખાડવામાં આવી છે કે કુરાન શરીફ હતું તો સત્ય, પણ ખલીફા ઉસમાને તેમાં ઘણો ફેરફાર કરી નાખ્યો છે અને તે બાબતનો સરવે ખુલાસો આપવાનું વચન આપવામાં આવ્યું છે. ત્રીજા ફકરામાં તો કુરાને શરીફમાંથી ખલીફા ઉસમાને કેટલોક ભાગ કાઢી નાખ્યો છે અને કેટલોક ઉમેરી આપ્યો છે તેમ જણાવ્યું છે. હવે આવી સ્થિતિ વચ્ચે કુરાનને માનવાનું ફરમાનમાં ફરમાવવામાં આવ્યું છે એમ કોણ માને ? અમો માનીએ કે મી૦ વીરજી માને ? કે ઇમામી ઇસમાઇલી માને ? માને તે કોણ ?

મી૦ વીરજીભાઈ ! તમો તમારા ગીરેબાનમાં મુખ નાંખીને જરા વિચાર તો કરો કે તમો શું વદી રહ્યા છો ! આવી સરે જાહેર વાતને ભુલ ભુલઇયાંમાં નાખી ઉડાવવાનું તમોને તમારા જ્ઞાનદીપે કેમ ફરમાવ્યું તેનો તો જરા વિચાર કરો ! શું તમો એક સેકંડ માટે પણ એમ કહેવાને તૈયાર છો કે ઉપરના ફકરાઓ ફરમાનમાંના નથી ? અને " બેહરે રેહમત " નામની તમારા વિદ્યા ગુરૂ મી૦ હાશ

મ બોઘ્રાએ છપાવેલી બુકમાં નથી? અને શું તે કીતાબને આગાખાનના ફરમાનની બુક તરીકે નથી બહાર પાડવામાં આવી ? જો આમજ છે તો પોતાના જ્ઞાનદીપને, તથા પબ્લીકને ઉંધે માર્ગે ટલ્લા પર ચડાવવાને તમો કેમ હીમ્મત કરી ગયા તેનું કાંઈ કારણ અમોને બતાવી શકશો ખરા કે ?

વીરજીભાઇ ! અરે વીરજીભાઇ ! ! તમો કયાં સુતા છો ? તમારૂં ધ્યાન કયાં છે ?! જરા જાગૃત થઇ તમારા એ ફકરાને એકવાર વાંચી જુઓ કે જેમાં તમો "વિરોધીઓ તેમજ અજ્ઞાન લોકો એમ બોલી ઉઠે છે કે ઇસ્માઇલીઓમાં નમાજ, રોજા, કુરાન નથી" એમ જણાવો છો. જ્યારે ખુદ ફરમાનમાં કુરાને શરીફની મુખાલેફત લઇ દઇને કરવામાં આવી છે ત્યારે શું મુરીદો તેથી ઉલટું વરતી તેને માને છે એમ કહેવા માગો છો ? મુરીદો કુરાનને માનતા નથી એ બાબતની અમો પ્રથમ બહુજ ચોખવટ કરી ચુકયા છીએ અને જેમાં તમારી જમાતના આગેવાનોના કલામો ટાંકી બતાવ્યા છે એ સઘળું ધ્યાનમાં લો અને પછી કહેવા નીકળો કે કયા હીસાબે વાત છે !

ફરમાનમાં કુરાને શરીફની મુખાલેફત કરવામાં આવી છે. મુરીદોએ દીદા દાનીસ્તા કુરાને શરીફની મુખાલેફત કીધી છે અને તેથી કોઇને પણ એમ લખવાને હક હાંસલ થયો છે કે પોતાને ઇમામી ઇસમાઇલી કહેતા મુરીદો કુરા

ન, નમાઝ તથા રોજાને માનતા નથી. તો તેવા હક ધરાવતા વર્ગને તમો વિરોધીઓ કુટી પાડશો ! અને તેમ કરો તો કયા હકની રૂએ તેમ કરશો તેનો કાંઈ પુરાવો ! !

સચ:બાતકે કેહનેમેં પસો પેશ ન કર
મુલ્લાંસે ન ડર ખીયાલે દરવીશ ન કર
આઝાદી રાયકી સીપર :હાથમેં લે
તેગે ઐાહામસે જબર રીસ ન કર

પોતાને ધમામી ઈસમાઈલી કહેવાડતા મુરીદો કુરાન, નમાઝ તથા રોજાને માનતા નથી તે વાત ઉપર આપણે સિધ્ધ કરી ચુકયા. હવે મી૦ વીરજીભાઈના છેલ્લા ફકરાની સમાલોચના કરીએ કે તેમાં તેમણે કેવું ગુલ ખીલાવ્યું છે. તે ફકરામાં ચિતરાલ, બદકશાન, ખોરાસાન, અફઘાનીસ્તાન, ઈરાન, અર્બસ્તાન, શામ તથા મીસરના ઈસમાઈલીઓ ઈસલામના કાનુન પ્રમાણે ચાલે છે તેમ બતાવવામાં આવ્યું છે; પણ આ બાબત તેમના કહેવા ઉપરથી માની લેવી એ સિવાય બીજી કાંઈપણ શહાદત તે પેશ કરતા નથી. તેમના અકાયદો કે ધાર્મિક આમાલોની કોઈ કીતાબ પેશ કરી તેમ કહ્યું હતે તો અલબતા તેને સત્ય માની શકાતે; પણ અમો જે કહીએ તે ખરૂં માની લો તેવા હીસાબે વાત ચલાવી દીધી છે માટે અમો મી૦ વીરજી ભાઈને બાર આપીને ભલામણ કરીએ છીએ કે તમો એ હીન્દ બહારના ઈસમા

ઇલીઓ ઇસલામના કાનુન પ્રમાણે ચાલે છે તેમ જે જણાવ્યું છે તે તેમની કોઇ કીતાબના ઉતારાથી સાબિત કરી બતાવો તો સારૂં.

અમો જાણીએ છીએ કે અમારી ભલામણ ઉપર મી૦ વીરજી અમલ કરવાના નથી. કરે તે કેવી રીતે! થઇ શકે તેમ હોયતો કરેને! પણ અમોએ તો હુજ્જત તમામ કરવાને ખાતર તે ભલામણ કરી નાંખી છે. ખેર તે ભલામણ ઉપર તેઓ અમલ કરે કે ન કરે, તે તેમની મરજીની વાત છે. પણ તેઓ પોતાના લખાણથી એમ સાબિત કરવા માગે છે અને એમ ખાત્રી અપાવવા માગે છે કે હીન્દ સિવાયના ઇસ્માઇલીઓ પણ કુરાન, નમાઝ, રોજાને માને છે અને તે પ્રમાણે અમલ કરે છે. જો આવુંજ હોયતો મુબારક! ઘણુંજ બેહેતર! પણ ખ્યાલમાં વાત આવી શકતી નથી કે તે તેવા હોય અને તેમ ખ્યાલ થઇ આવવાના કેટલાક કારણો છે.

૧ જો તેઓ કુરાનને માનતા હોય તો ફરમાનમાં જે કુરાનને નહિ માનવાનું જણાવવામાં આવ્યું છે તે ખરૂં નહિ જોઇએ; કેમકે હીન્દના મુરીદોને કુરાનને નહિ માનવાનું જણાવવામાં આવ્યું હોય અને હીન્દ બહારનાને તેને માનવાને જણાવવામાં આવ્યું હોય તે કેમ બને ? અહીંના મુરીદો કુરાનને નહિ માનતા હોય એ પણ જોવા જેવી

વાત છે. યાતો ફરમાનની વાત ગલત હોવી જોઇએ અથવા તો હીન્દ બહારના મુરીદો ઇસલામના કાનુન પ્રમાણે કુરાનને માને છે તે વાત ગલત હોવી જોઇએ.

૨ હીન્દના મુરીદો દસ અવતારવાળી દુઆ પડે અને હીન્દ બહારના મુરીદો ઇસલામના કાનુન પ્રમાણેની નમાઝ પડે એમ કેમ માની શકાય. જો તેમજ હોય તો એમાંથી એક નમાઝ નહિ પડનાર જરૂર છેજ. તો એકજ પંથના એકજ આચાર્યના મુરીદો કોઇ નમાઝને તો કોઇ દુવાને પડે એ વાત ગળે ઉતરે તેવી નથી.

૩ જો હીન્દના મુરીદો હક માર્ગ ઉપર છે તો તે પ્રમાણે હીન્દ બહારના મુરીદો પણ હક માર્ગ ઉપર હોવાના કારણે કુરાન, નમાઝ, રોઝાને નહિ માનતા હોવા જોઇએ. અને જો માનતા હોય તો હીન્દના મુરીદો હક માર્ગ ઉપર નથી એમ સ્હેજે સમજી શકાય છે.

માટે મી૦ વીરજીભાઇની વાત સચ્ચાઇને તામે થતી નથી. અમો ચાહીએ છીએ કે અમારા મિત્રની એકાદ વાત ખરી ઠરી જાય કે, સોગંદ ખાવાને તો કામ લાગે. પરંતુ સોગંદ ખાવાને પણ એક વાત હાથ લાગતી નથી તેના માટે અમો ઘણાજ દીલગીર છીએ; પણ લાચાર!

ખુસો વચ્ચે મુરીદ થયાનું તથા તેમનો ધર્મ અંગીકાર કર્યાનું જણાવે છે. આ ઉપરથી તેઓ પબ્લીકની આંખ પર એમ પટ્ટી બાંધવા માગે છે કે, મી૦ કાબા પોતાનો ઇસનાઅશરી મત તજી ઇસમાઇલીની પેટા શાખાના પીરોના મુરીદ થયા છે. એટલે કે હવે તેઓ ઇસનાઅશરી રહ્યા નથી, પણ ઇસમાઇલી થઇ ગયા છે. આમ લખવાથી તેમની મુરાદ અમોને વગોવવા શિવાય બીજી નજ હોવી જોઇએ એ વાંચક વર્ગ સ્હેલાઇથી સમજી શકે છે.

મી૦ વીરજી લખે છે તેમજ જો હોયતો તેમણે ખુશી થવું જોઇએ કે, અમારા જેવો એક ઇસનાઅશરી પોતાનો ઇસનાઅશરી ધર્મ તજી ઇસમાઇલીની પેટા શાખામાં દાખલ થાય છે; પરંતુ તેમના અંતરની સ્થિતિમાં કાંઇક બીજુંજ છે. નહિતર અમારી વિરૂધ્ધતા કરવામાં ચોપડી છપાવી મારતે નહિ. આખા પુસ્તકમાં તો અમોને ઇસનાઅશરી તરીકે યાદ કર્યા છે. જ્યારે અહીં તેઓ અમોને ઇસમાઇલી થઇ ગયાનું જણાવે છે. ત્યારે તેમાં કાંઇક તેમની જુદીજ ધારણા હોય એ સમજી લેવું મુશ્કેલ નથી.

મી૦ વીરજી ભાઇને અમો પુછીએ છીએ કે, તમોએ જે એમ લખ્યું કે "મી૦ કાબાએ સેંકડો માણસોના સામે તેમનો (નવસારીની દરગાહ વાળા સૈયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબનો) ધર્મ અંગીકાર કરી તથા

ના મુરીદ તરીકે પોતાને જાહેર કર્યા. " તો આવી કોઇ ક્રીયા વિષે અમો તો કાંઇ જાણતાજ નથી કે કયારે અમોએ તેમ કર્યું. પણ તે ક્રીયા થયાનું જ્યારે તમોએ છાપ્યું છે ત્યારે તમોને તે જરૂર યાદ હશે તો, કૃપા કરી ને અમોને જણાવશો કે, આ બનાવ કયા ગામે, કઇ તારીખે, કયા સ્થળે, કેટલા વાગે અને કોની કોની હાજરી વચ્ચે થવા પામ્યો છે ? શું આ ક્રીયા થઇ ત્યારે જનાબ ફખરે ઇસલામ મીર ખ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબ પણ હાજર હતા કે નહિ ? અને તમો જે સેંકડો માણસોના સામે તે બનાવ બન્યાનું જણાવો છો તો તે સેંકડો માણસ અથવા તો તેમાંના મુખ્ય મુખ્ય માણસના નામની યાદી આપી શકો છો ? વળી અમો તમોને એમ પણ પુછીએ છીએ કે આ ક્રીયા વખતે તમો પોતે હાજર હતા કે માત્ર તમોએ તે વાત સાંભળી છે ? જો સાંભળીજ હોય તો, કૃપા કરીને બતાવશો કે તે વાત કહેનાર કોણ હતો ?

વળી જ્યારે તમો અમોને તેઓ સાહેબના સેંકડો માણસો વચ્ચે મુરીદ થયાનું છાપો છો ત્યારે મુરીદ થતી વખતે જે પ્રકારની મઝહબી ક્રીયા વીગેરે થાય છે તે થઇ હતી કે નહિં ? અને તે ક્રીયામાં પીરો તથા મુરીદ વચ્ચે શા શા ઇકરારો થયા હતા ? અને વળી જ્યારે તમો લખો છો કે અમોએ તેમનો ધર્મ અંગીકાર કર્યો તો, એ

Page 108 and 109 missing in source

બધા લેખકો પણ તેમજ માને છે. અમારાં બધાં પુસ્તકો પણ તેવીજ હકીકત પેશ કરે છે કે અમો ઇસનાઅશરી હતા અને ઇસનાઅશરી છીએ. અમો કદી ઇસમાઇલી હતા નહિ તેમ હમણાં પણ છીએ નહિ. તેમ નતો અમો જનાબ સઇયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબને ઇસમાઇલી સમજીએ છીએ, પણ તેમને અમો ચુસ્ત ઇસનાઅશરી માનીએ છીએ. સતપંથના સ્થાપકોનો ધર્મ ઇસનાઅશરી હતો અને એ રીતે તે ધર્મ તેમના વંશ વારસોમાં આજે પણ વારસામાં ઉતરતો આવ્યો છે. અમો સતપંથના સ્થાપક પીરોના અનેક વંશ વારસોના ગાઢ પરિચયમાં આવ્યા છીએ તેથી તથા સતપંથના અકાયદોના લેખી આ ધારો પણ જાણવાને શક્તિવાન થયા છીએ. તેથી ખાત્રી પુર્વક માનીએ છીએ કે તેમનો અસલ તથા હાલનો પંથ ઇસનાઅશરી છે. તેઓ કદી ઇસમાઇલી હતા નહિ તેમ આજે પણ છેજ નહિ. જો આ બાબતના વિવાદમાં ઉતરવાને તમો ઇચ્છા ધરાવતા હશો તો અમો ઘણી ખુશી સાથે તમોને સાબીત કરી આપવાને તૈયાર છીએ કે સતપંથના સ્થાપકોનો, તેમના વંશ વારસોનો તથા તેમના મુરીદોનો મઝહબ ઇસનાઅશરી હતો અને છે.

નીકાલે ગર ઉનકી ભલાઇકી સુરત,
તો ડાલે જહાંતક બને ઉસમેં ખંડત

મુને કામયાર્ગ મેં જબ ઉસ્કી શોહરત
તો દીલસે તરાશે કોઇ તાઝા તોહમત
શું અપન , હો ગે દીન દુનિયામેં કાલા
નહો એક બાઇકા પર બોલ બાલા.

મી૦ વીરજી ! તમો લખો છો કે:—

" મી૦ કાબા તમો તો ઘણુા ચાલાક લાગો છો
" તમે કુરાન અલ્લાના કલામ પ્રમાણે તેમજ હઝરત
" રસુલ સ. અ. ના હુકમ પ્રમાણે ભટકી ભટકી આ
" ખરે નવસારી વાળા મીર પ્યારે સાહેબને મુરશીદ
" કરી લીધા, એ પણ ઠીક કર્યું. "

અમોએ નવસારીવાળા સઇયદ પીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબને મુરશીદ કરી લીધા, એ ઠીક કર્યું એમ કહી તમોએ તે કામને પસંદ કર્યું અને તેને કુરાન તથા હદીસ પ્રમાણે કર્યું એમ જણાવી તમોએ તમારો સંતોષ જાહેર કીધો. તો આવી રીતે કુરાન તથા હદીસ પ્રમાણે નવસારીવાળા સઇયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબને મુરશીદ કરી લેવા એ કામને તમે સત્ય તથા વાજીબ પણ ગણ્યું. ત્યારે તે સત્ય તથા વાજીબ કામનો અમલ અમારા એકલા માટેજ હતો કે તમારા માટે પણ હતો તે જણાવશો કે ? કુરાન તથા હદીસ પ્રમાણે

જેમ અમલ કરવો અમારાપર વાજીબ છે તેમ તે તમારા પર પણ વાજીબ હોવો જોઇએ; કેમકે તમો પણ પોતાને મુસલમાની દાયરાથી બહાર હોવાનું જણાવતા નથી ત્યારે અમોને અતિ નવાઇ ઉત્પન્ન થાય છે કે તે વાજીબ કામને તમોએ સેંકડો માણસોની રૂબરૂમાં કેમ અ. ા ન કર્યું ? સેંકડો માણસની રૂબરૂમાં જો અદા ન કર્યું તો એકાદની રૂબરૂમાં તો અદા કરી લેવું હતું કે જેથી ગાગાએ જે કામને કુરાન તથા હદીસ પ્રમાણેનું ગણ્યું તે તમોએ પણ અહમ્ કર્યું એમ કહી શકાતે. હજુ પણ અમો તમોને કહીએ છીએ કે, તમોએ કબુલ રાખ્યા મુજબ તમારે નવસારીવાળા સઇયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબને મુરશીદ કરી લેવા. જો તમો તેમ અમલ કરો તોજ તમોએ જે કામને પસંદ કરી સંતોષ જાહેર કર્યો તે વ્યાજબી ગણાય. નહિતર "મુખમેં રામ ઓર બગલમેં છુરી" જેવું કેમ નહિ ગણાય. તેનો અંદાજ તમો તમારી મેળે કરી લેશો.

માટે મી૦ વીરજી ! તમો પણ આવો અને ખુદાના કલામ તથા રસુલ સ૦ અ૦ ની આજ્ઞા પ્રમાણે નવસારીવાળા સઇયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબના મુરીદ થઇ જાઓ અને સેંકડો માણસોની રૂબરૂમાં તમારો ધર્મ તજી તેમનો ધર્મ અંગીકાર કરો.

અમો અને મીર સાહેબો.

મી૦ વીરજીભાઇ અમારા જનાબ સઇયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબ સાથેનો થોડો સબંધ જોઇને અનુમાન કરવામાં ગોથું ખાઇ ગયા છે. અમારો તેઓ સાહેબો સાથેનો સબંધ કેવા પવિત્ર ઉદ્દેશોને લઇને છે તેથી મી૦ વીરજી અજાણ્યા લાગે છે અને તેથી મુળ બાબત નહિ જાણી શકતાં બીજીજ બાબત તરફ અનુમાન કરી ગયા છે. તેઓ એટલું પણ જાણતા નથી કે જનાબ સઇયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબ કોણ છે ?

આજથી આડસો વર્ષ પર તેઓના વડીલ બુઝર્ગ મહાત્મા પીર નુરૂદીન સાહેબ હીન્દુસ્તાનમાં ઇસલામનો પ્રચાર કરવાને તથા હીન્દુઓની નીતિ રીતિ દુરસ્ત કરવાને પધાર્યા હતા. તેઓએ હજારો તથા લાખો હીન્દુઓને દીન ઇસલામથી મુશર્રફ કર્યા હતા, કે જેની ઓલાદ આજે પણ ઇસલામ મઝહબ ભોગવતી આવી છે. તે સઘળાનો પ્રતાપ તે મહાત્માજ છે. તે મહાત્માએ પહેલે વહેલે હીન્દુઓને ઇસલામથી મુશર્રફ કરવાનું મીશન ચાલુ કરી ખોજાઓને ઇસલામથી મુશર્રફ કર્યા હતા. અને આજે ખોજા કોમ પોતાના જે ઇસલામ માટે મગરૂર છે તેની બેલદાગ તે મહાત્માના પવિત્ર હાથે નંખાઇ હતી. અને એ રૂએ ખોજા કોમ ઉપર તેઓનો અખંડ ઉપકાર છે અને તે ઉ

પકારનો ખોજા કોમ જેટલો ઉપકાર માને તેટલો થોડો, થોડો ને થોડો છે.

અમો ખોજા કોમના વડીલોને કુફરના અંધકારમય માર્ગથી ખસેડીને ઇસલામના પવિત્ર માર્ગમાં લાવનાર મહાત્મા પીર નુરૂદીન સાહેબની દરગાહ નવસારીમાં આવેલી છે. તેથી તે મહાત્માની દરગાહની ઝીયારત કરવા જવું એ ખોજા કોમ માટે અતિ જરૂરનું હોતાં, અમો અવાર નવાર તે મહાત્માની દરગાહની જીયારત માટે જઇએ છીએ. અને એ રીતે ખોજા કોમને કુફરમાંથી છોડાવનાર મહાત્મા પુરૂષની પવિત્ર દરગાહની જીયારતથી અમો પોતાનો ભાવિક ઉભરો શાન્ત કરીએ છીએ. ખોજા ધર્મ શાસ્ત્રમાં પણ આ પીરની ઝીયારત કરવાને બીજા પીરોએ ફરમાવેલું છે અને જીંદગીમાં એક વખત તો જરૂર તેમની ઝીયારતથી મુશર્રફ થવાને ભાર આપીને ફરમાવવામાં આવ્યું છે. અને તેથી ઝીયારત કરવા જવાના કારણે અમારો તે દરગાહ સાથેનો સબંધ અખંડ રહે છે.

સઇયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબ તે મહાત્મા પીરની ઓલાદે વંશપરંપરા ઉતરી આવેલા છે અને તે દરગાહના હાલના હયાત સજ્જાદેનશીન છે અને તેથી જે પીરે અમારા ઉપર અસાધારણ ઉપકારો કર્યા હોય, તે પીરની ઓલાદ સાથે અમોને સારો તથા પવિત્ર સબંધ

હોય તેમાં કાંઇ નવાઇ નથી. આવા પવિત્ર સબંધને લઇ અમો સઇયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબ સાથે ગાઢ સબંધમાં આવતા રહીએ છીએ.

ઉપરાંત તેઓ દરેક દ્રષ્ટિએ પ્રસંશનિય જીવનો ગાળ નારા છે. નવસારી શહેરના સુધારા વિષે, ત્યાંના પવિત્ર સ્થળોના રક્ષણ અર્થે, ત્યાંના ઇસલામીઓની કેળવણી તથા ધાર્મિક ઉન્નતિ અર્થે, ઇસલામીઓ પર થતા પરધર્મના નિર્દય આક્ષેપોના બચાવ અર્થે, વડોદરા રાજ્યના મુસલમાનોની કેળવણી તથા રાંજદ્વારી સુધારણા અર્થે તથા તેવી અનેક બાબતમાં તેઓ રાત દીવસ રોકાયલા રહે છે. રોકાયલા રહે છે એટલુંજ નહિ પણ તે માટે અસાધારણ પ્રયાસો કરે છે. હાલની " વડોદરા રાજ્ય મુસલિમ કોનફ્રન્સ " તેમનાજ પ્રયાસને આભારી છે.

ઉપરાંત તેઓ પોતાના વડીલોને પગલે ચાલી હીન્દુઓની નીતિ રીતિ સુધારવાને અખંડ પ્રયાસો કરે છે તે માટે સભાઓ, કોનફ્રન્સો આદિ સંસ્થાઓ સ્થાપે છે તથા તેના જલસા બોલાવે છે. અને હીન્દુ તથા મુસલમાન વચ્ચે ઐકયતા કેમ વધે અને અજ્ઞાન વર્ગે જે બને વચ્ચે શતરૂતા ઉભી કરી આપી છે તે કેમ દૂર થાય તે માટે અહોનિશ પ્રયાસ કરે છે અને તેમના તેવા પ્રયાસનું એવું તો રૂડું પરિણામ આવ્યું છે કે જેનું વર્ણન કરી બતાવવાની કાંઇ જરૂર નથી.

વળી તેઓ સાહેબો ઇસલામના દીની તથા દુનિયવી એવા તો ખેરખાહ છે કે તેમના જેવા નમુનાઓ બહુજ થોડા નજરે પડી શકે છે. અમો જ્યારે અવાર નવાર તેમની મુલાકાતથી લાભ હાંસલ કરવાને તેમના મેહમાન થઇએ છીએ ત્યારે તેમના દીની તથા દુનિયવી ઉપદેશો સાંભળવાનો જે ચાન્સ અમોને મળે છે તેની મીઠાશ અમો કદી પણ વીસારી શકતા નથી. તેમના ઉપદેશથી અમોને લાભ થયો છે અને થાય છે. આવા ઉપદેશના સજીવન ઝરાથી અમો લાભ લઇએ તેમાં કાંઇ નવાઇ નથી. પણ મી૦ વીરજીની આંખમાં તો કમળો હોવાથી તેઓ તો એમજ સમજી ગયા કે અમોએ તો ધર્મજ બદલી નાંખ્યો ! આ ધર્મ બદલી નાખવાનું ચેટક પણ મી૦ વીરજીને ઠીક હાથ લાગી ગયું છે ! મગજને બહુજ તકલીફ આપવી પડી હશે ત્યારેજ તે હાથ લાગ્યું હશે અથવા તો મી૦ વરતેજી કે બીજા કોઇની સલાહ લઇ ઘડી કાઢયું હશે.

યેહ જો કુચ્છ હુવા એક શમ્મા હે ઉસકા
કે જો વકત યારકો હે આનેવાલા
ઝમાનેને ઉંચેસે જીસ્કો ગીરાયા
વોહ આખેરકો મીટ્ટીમેં મીલકર રહેગા
નહિ ગરચે કુચ્છ કોમમેં હાલ બાકી
અભી ઓર હોના હે પામાલ બાકી

પીરી મુરીદી.

અમોએ અમારા તરફથી બહાર પાડેલા રીસાલા "ઇ-સનાઅશરી ઇલ્મ" માં ખુલ્લે ખુલું જણાવી આપ્યું છે કેઃ—

" ઇસનાઅશરી સાદાતોને પીરી મુરીદી કરવાનો
" બીલકુલ હક નથી. આ બાબતમાં હઝરત પેગમ્બર
" સાહેબની દુરંદેશી બહુજ વખાણવા જોગ છે; કેમકે
" જે જે કોમમાં પીરી મુરીદી ચાલે છે ત્યાં ત્યાં
" સ્વાર્થી પીરો પોતાના મુરીદોને કાષ્ટની પુતળીઓ
" બનાવી તેમનું સર્વસ્વ લુંટી ખાય છે. કોઇપણ
" ઇસનાઅશરી સ્વાર્થી ધર્મગુરૂઓથી લુંટાતો નથી
" તેમજ લુંટાવાની તેને દેહસ્તજ નથી."

અમારા તરફથી બહાર પડેલા "ખોજા પંથ દર્પણ" ના બીજા ભાગમાં ઇસનાઅશરીઓના અકાયદવાળા પ્રકરણ માં પણ અમોએ સ્પષ્ટ જણાવી આપ્યું છે કેઃ—

"પીરી મુરીદીનો રીવાજ (ઇસનાઅશરીઓમાં) નથી"

અમારા તરફથી લખાયેલા ઉપરના બંને ફકરાઓ ટાંકી બતાવી મી૦ વીરજીભાઇ લખે છે કેઃ—

" ઉપરની બીનાઓ ધ્યાનમાં લેતાં મી૦ કાબાનો
" કહેવાનો હેતુ છે કે ઇસનાઅશરીઓમાં પીરની હ-

" સ્તીનો રીવાજ નથી. ત્યારે ઉપર વર્ણવેલા પીરોને
" ઇસનાઅશરી પીર તરીકે ગણે છે તે મોટી તાઅજ્જુ
" બીની વાત છે ! જ્યારે ઇસનાઅશરીમાં પીરો નથી
" ત્યારે મજકુર પીરો કેવી રીતે કહી શકાય ? ત્યારે
" સાફ ચોખ્ખું સુરજના જેમ રોશન થઇ જાય છે
" કે પીરો ઇસમાઇલી હતા અને છે. "

જરા આગળ ચાલીને મી૦ વીરજી લખે છે કે:—

" મી૦ કાબા ખુલ્લી રીતે કબુલ કરી ચુક્યા છે
" કે હું અને મારા સાથીઓ એ પીરા છીએ. (જરા
" આગળ ચાલતાં લખે છે કે) ખોજામાંથી વટલી ઇ
" સનાઅશરી થયેલામાં પીરી મુરીદી છે કે નહિં ?
" વાંચકોએ જોયું છે કે મી૦ કાબાએ પુરવાર કર્યું
" છે કે ખોજામાંથી વટલેલા ઇસનાઅશરી મુરશીદ વ
" ગરના છે. "

મી૦ વીરજી ! તમો અમોને લગતી કોઇપણ બાબત માં આક્ષેપ કરો, તેમાં અમો કાંઇ નારાઝ થતા નથી; બ લકે ઘણુાજ ખુશી થઇએ છીએ. તમારા આક્ષેપના કારણે તે વિષય ઉપર વિશેષ તપાસ તથા પ્રકાશ પાડવાનો અમો ને પ્રસંગ પ્રાપ્ત થાય છે અને તેથી ઘણા સત્યશોધક વ ર્ગને તેથી લાભ થાય છે; પણ અમોને તમારી એ બાબત પ્રત્યે દીલગીરી ઉતપંન થાય છે કે, આક્ષેપ કરવામાં તમા રી નફસાનિયત ઝળકી ઉઠે છે. તમોએ લખ્યું કે "

(મી૦ કાબા) અને મારા સાથીઓ એ પીરા છીએ. " " એ પીરા " શબ્દથી તમારો હેતુ અમો તથા અમારા સાથીઓને ઉતારી પાડવાનો છે; પણ આમ નફસાનિયત નહિ રાખતાં ખુલ્લા દીલથી આક્ષેપ મુકતાં તમોને શી અડચણ નડતી હતી ? જો તમોએ તેમ કર્યું હતે તો તમારા હેતુ વિષે નબળો વિચાર બાંધવાને કોઇને પ્રસંગ મળી શકતે નહિ અને તેથી તમોનેજ લાભ થતે.

અમો પ્રથમ પણ કહી ગયા છીએ અને હજુ પણ કહીએ છીએ કે, કોઇપણ ઇસલામીને પીરી મુરીદી કરવાનો હક નથી. પીરી મુરીદીનું જે અધમ ધોરણ ઇસલામીઓમાં દાખલ થઇ ગયું છે તે ઇસલામના કાનુનથી ખિલાફ છે અને તેવા ખિલાફ ધોરણથી ઇસલામને જે હાની પહોંચી છે અને પહોચે છે તેનો હેવાલ અતિ દયાજનક છે. શમ્શુલ ઓલેમા અલતાફહુસેન હાલી હાલની પીરી મુરીદીની દુર્દશાનું વર્ણન " મુસદસે હાલી " માં આ પ્રમાણે કરે છે:—

બોહોત લોગ બનકર હવાખાહે ઉમ્મત,
સફીહુંસે મનવાકે અપની ફઝીલત.
સદા ગાઉં દર ગાઉં નોબત બનૌબત,
પડે ફીરતે હેં કરતે તેહસીલે દૌલત,
યેહ ઠેહરે હેં ઇસલામ કે રાહનુમા અબ,
લકબ ઉનકા હે વારીસે અંબીયા અબ.

સાર—ઘણા લોકો ઉમ્મતના શુભેચ્છક કહેવડાવી અને હલકા લોકોમાં પોતાની વડાઇ મનાવી ગામેગામ જઇ દોલત લુટતા ફરે છે. આવા લોકો આજે ઇસલામના રાહ નુમા બની બેઠા છે ! તેવાઓ આજે અંબીયાઓના વારસના લક્ષ્ણો ધારણ કરી બેઠા છે.

બોહોત લોગ પીરૂંકી, ઓલાદ બનકર,
નહિ ઝાત વાલામેં કુચ્છ ઉન્કી જોહર,
બડા ફક્ર હે ઉન્કો લે દે કે ઇસપર,
કે થે ઉનકે અસલાફ મકબુલે દાવર,
કરીસ્મે હેં જા જા કે જુટે દીખાતે.
મુરીદું કો હેં લુટતે ઓર ખાતે,

સાર—ઘણા લોકો પીરોની ઓલાદ બની જાય છે. તેમની જાતમાં કોઇ ખુબી કે લાયકાત તો હોતી નથી તેમને માત્ર લઇ દઇને એ વાતપર ફક્ર છે કે અમારા વડીલો ખુદાતાલાના મકબુલ બંદાઓ હતા. તેઓ મુરીદોમાં જઇ જુઠા જુઠા ચમત્કારો દેખાડે છે અને ધુતી ધુતીને ખાયછે.

યેહ હેં જાદા પૈમાએ રાહે તરીકત,
મકામ ઇન્કા હે માવરાએ શરીયત,
ઇન્હીંપર હે ખત્મ આજ કશફો કરામત
ઇન્હીં કે હે કબઝેમેં બંદુકી કીસમત
યેહી હેં મુરાદ ઓર યેહી હેં મુરીદ અબ
યેહી હેં જુનેદ ઓર યેહી બાયઝીદ અબ

સાર—આવાજ લોકો તરીકતના માર્ગના પીરો છે. તેમનોજ દરજ્જો શરીયતી કરતાં આગળનો છે. તેમના પરજ આજે કરામત અને ચમત્કાર સંપુર્ણ મનાય છે. તેમનાજ કબજામાં ઇનસાનોની કીસમતો છે એજ પીર અને એજ મુરશીદ છે એજ જુનેદ અને એજ બાયઝીદ છે.

ત્યારબાદ " હાલી " સાહેબ હાલની પીરી મુરીદીની દુર્દશાનું હ્રદય ભેદક વર્ણન આગળ લંબાવે છે તેમાં એમ જણાવે છે કે તેવા પીરો તીરસ્કાર ઉતપંન થાય તેવાં લખાણો કરે છે. કલેજાં ફાટી જાય તેની તો વાતો કરે છે. ગુનેહગારોના તેઓ અપમાન કરે છે અને મુસલમાન ભાઇઓને કાફર જણાવે છે. જો કોઇ તેમની પાસે મસલો પુછવા જાય તો પુછનાર પોતાની ગરદનપર મોટો બોઝ લઇને (અપમાન પામીને) પાછો ફરે છે. જો પુછનાર પોતાની કમનસીબીથી પીરના જવાબમાં જરા પણ શક લાવે તો, તુરતજ દોઝખીનો ખેતાબ મેળવે છે. જો પુછનારની જીભથી કોઇ એતરાઝ નીકળી ગયો તો ત્યાંથી તે સાજો તાજો પાછો આવવા પામતો નથી. કોઈ વખતે તે પીરો તથા હાદીઓ મસલો પુછનાર સામે ઉશકેરાઇ ગળાંની રગો ફુલાવે છે. કોઇ વખતે મુખમાંથી ફીણપર ફીણ કાઢે છે. કદી પુછનારને કુતરો અને સુવ્વર બનાવે છે. કદી મારવા માટે લાકડી ઉગામે છે. ખુદા તેમનાથી પનાહમાં રાખે કે

તેઓ દીનના સ્તંભો અને ખુલ્કે રસુલના નમુનાઓ બની બેઠા છે !

તે ઉપરાંત હાલી સાહેબનું પીરી મુરીદીની થયેલી અધોગતિનું વર્ણન લંબાણના કારણે અમો આપી શકતા નથી; પણ દેશમાં પીરી મુરીદીએ જે ઇસલામીઓના મ- હબી, સાંસારિક તથા રાજદ્વારી હકોને નુકસાન પહોંચાડયું છે તેથી સમજુ તથા કેળવાયલા મુસલમાનો અજાણ્યા નથી. અને તેથી પીરી મુરીદીના ધોરણને "વકીલ" પ- ત્રના એડીટરના જણાવ્યા પ્રમાણે મેયારે કુરાન પર લાવ- વાની પુરેપુરી આવશ્યકતા ખડી થઇ છે અને જ્યાં સુધી તેમ નહિ થવા પામે ત્યાં સુધી ઇસલામીઓ ધાર્મિક, સાં- સારિક તથા રાજદ્વારી બાબતમાં પોતાની અધોગતિનો અંત લાવી શકશે નહિ.

હાલનું પીરી મુરીદીનું ધોરણ ઇસલામી તાલીમથી ખિલાફ છે અને તે પીરો તથા મુરીદોનું ઇસલામી તાલી- પ્રત્યેની અજ્ઞાનતાનું પરીણામ છે. પીરી મુરીદીની ઉતપ- ઇસલામીઓમાં કેમ દાખલ થઇ ગઇ એ જાણવું એક અ- ગત્યનો પ્રશ્ન છે અને તે પ્રશ્નને ઇનસાફ આપવા ઉપર- પીરી મુરીદીની અધોગતિ ભરી સ્થિતિનો અંત આવે તે- છે તેથી તેનું કાંઇક વર્ણન અત્રે આપવું અસ્થાને જણાશે નહિ.

આ બાબતમાં જાણવું જોઇએ કે ઇસલામના ઓસુલે દીન યાને દીનના મુળમાં તકલીદની બીલકુલ મનાઇ છે. અને તેના દરેક સિદ્ધાન્તને પોતાની બુદ્ધિથી ખાત્રી કરી સ્વીકાર કરવાનું ફરમાન છે. પરંતુ ફોરૂએ દીન યાને દીનની શાખામાં તકલીદની ખાસ અગત્ય જણાવવા માં આવી છે. તકલીદનો અર્થ એવો થાય છે કે જેઓ કુરાને મજીદ તથા હદીસ શરીફના ઇલ્મથી એટલા અજ્ઞાન હોય કે એક લાયક આલીમની પેઠે તેમાંથી ખરો ખુલાસો શોધી કહાડવાને અશકત હોય; તેઓ એક પુરા આલીમ (મુજતેહદ) ના કુરાને મજીદ તથા હદીસ શરીફના ઇલ્મથી શોધી કહાડેલા ખરા ખુલાસા પર અમલ કરે. જેઓ કુરાને મજીદ તથા હદીસ શરીફના એક મુજતેહદ માટે યોગ્ય ગણાતા ઇલ્મથી અજ્ઞાન હોય, તેમણેજ માત્ર મુજતેહદની તકલીદ કરવી ફરજ છે. પણ જે લોકો મુજતેહદના દરજા સુધીની ધાર્મિક કેળવણી પામેલા તથા તે હોદાને યોગ્ય છે. તેમણે કોઇની તકલીદ કરવી જાયજ નથી. તેઓ પોતાના જ્ઞાનની રૂએ દીનની શાંખાના દરેક સિદ્ધાન્ત પર અમલ કરી શકે છે.

જે મુજતેહદના પદને પામેલા છે તેઓને બીજા મુજતેહદની તકલીદ કરવી જાયઝ નથી. પરંતુ જેઓ મુજતેહદની યોગ્યતાએ પહોંચેલા નથી તેમને મુજતેહદની તકલીદની જરૂર છે. દરેક સમયમાં પુરતા જ્ઞાનીઓ થોડા [illegible]

અધુરા જ્ઞાનવાળા વિશેષ હોય છે. તે ધોરણે દરેક ધંધામાં એવા કુશળ વિદ્વાનોની જરૂર છે કે જેમની સત્ય શાખપર બીજાઓ અમલ કરે. આ ધોરણ ખાસ દીનદારી માટેજ અગત્યનું છે એમ નથી; બલ્કે દુન્યવી દરેક શાખામાં તેનો અમલ અગત્યનો છે અને તે અમલમાં પણ આવી રહ્યો છે.

શારિરીક વિદ્યામાં કુશળ થયેલો ડાક્ટર તે શાખાનો મુજતેહદ છે. કાયદા કાનુનોનાં કુશળ વકીલ, બારીસ્ટર યા જજ તે શાખાનો મુજતેહદ છે. કેળવણી શાખામાં કુશળ થયેલો શિક્ષક તે શાખાનો મુજતેહદ છે. [એન્જીનીયરીંગ તથા બીજા દરેક ડીપાર્ટમેન્ટ યા ખાતા માટે કુશળ થયેલા વિદ્વાનો તે તે ડીપાર્ટમેન્ટ તથા ખાતાના મુજતેહદો છે. એવીજ રીતે દીની ઇલ્મના કુશળ આલીમો દીનદારીની શાખાના મુજતેહદો ગણાય.

મનુષ્ય માત્ર સર્વજ્ઞ નથી. તેથી મનુષ્ય માત્ર માટે એક અગત્યનો સિદ્ધાન્ત એ છે કે તે સર્વજ્ઞના માર્ગમાં પોતાના કદમો લંબાવતો રહે; કે જેથી ઉત્તરોતર વધુ નિર્ભય અને યોગ્ય સ્થળ પર મુકાતો જાય. જો કે તેમ કરવાથી તે કાંઇ સર્વજ્ઞ થઇ શકશે નહિ. તથાપિ જેઓ તેની લાઇનમાં જોડાયા નથી તેઓ કરતાં તે ઘણુંજ ઉમદા સ્થળમાં મુકાઇ પોતાનો પવિત્ર હેતુ પાર પાડી શકશે. જો મનુષ્ય મનુષ્ય છે તો તેણે આ માર્ગમાં છેવટના ખાસ

સુધી પોતાના કદમો લંબાવવા જોઇએ. મનુષ્યના ખમીરમાં કુદરતે તે ઉત્તરોત્તર ઉન્નતિ કરતો જાય એ તત્ત્વ મુકેલું સ્પષ્ટ જણાઇ આવે છે. અને એ તત્વના કારણેજ મનુષ્ય મનુષ્ય ગણાવાનો લાયક થાય છે. આ તત્વ પરજ મનુષ્ય ઉન્નતિ અવલંબી રહેલી છે. એવીજ રીતે દીની ઇલ્મની કુશળતા એ દીનદારીનો હેતુ બર લાવનાર સાધન છે. માટે ખાત્રી પુર્વક માનવું જોઇએ કે જેમ બીજી શાખામાં વધુમાં વધુ ઉમદા જ્ઞાનની જરૂર છે તેમ દીનદારી માટે પણ જરૂર છે. જો મનુષ્ય બાજી બધી બાબતોમાં પોતાની ફરજ બજાવે અને દીનદારીના કામમાં તે તે ફરજને બાજુ પર મુકે તો તેના જીંદગીના સાર્થક રૂપી પૃષ્ઠ પર અજ્ઞાનતાનો કાળો ડાઘ રહેલો છે એમ કહી શકાય. આવી સ્થિતિ મનુષ્યને લાંચ્છન રૂપ ગણાય.

દરેક ધંધામાં જો પુરતું જ્ઞાન મેળવવામાં આવે તોજ તે ધંધાના હેતુને બર લાવી શકાય છે. અને તે હેતુ બર લાવવા માટે પુરતા પુરૂષાર્થની જરૂર છે. તેવીજ રીતે દીનદારીના ધંધાના હેતુને પાર પાડવા માટે પુરતો પુરૂષાર્થ કરવાની જરૂર છે. તો પછી દીનદારી કે જેમાં મનુષ્ય ઉન્નતિ અને મુક્તિ સમાએલી છે તે મેળવવા માટે બીલકુલ પુરૂષાર્થની જરૂર નથી એમ કેમ કહી શકાય.

પવિત્ર માઅસુમો કે જેમના કાર્યો અને વચનો ભુલ

રહિત હતા તેમના વચનોપર દીનદારીની ઇમારત રચાએલી છે તોપણ તેને સમજવા માટે કોશીશની જરૂર છે. એક વિદ્વાન અમુક વિષયપર ભાષણ આપે પણ જો શ્રોતાઓમાં તે સમજવાની શક્તિ નહોય તો ભાષણ કર્તાનો હેતુ બર આવી શકતો નથી. તેવીજ રીતે દીનદારી કે જે પવિત્ર માઅસુમોના કોલની ઉતપત્તી છે તે અધીકારી સિવાય સમજી શકે નહિ. જો તમો આયાતો અને હદીસોના પ્રકારો અને વિભાગો તરફ દ્રષ્ટિ દોડાવશો તો તમોને આ વાત બરાબર ગળે ઉતરશે. આયાતોમાં કેટલીકના જાહેર અર્થ ને કેટલીકના અંતરાર્થ છે. તેના વાકયોની રચના અને સમજ તે ભાષાના પરિપુર્ણ જ્ઞાન સિવાય થવી મુશકેલ છે. કેટલીક આયાતો તફસીર અને તાવીલના જામામાં છુપેલી હોય છે. હદીસોમાં પણ અનેક પ્રકાર છે મુતલક છે. આમ છે. ખાસ છે. મુકીયદ છે. એક હદીસના મુકાબલામાં બીજી હદીસ મોઆરીઝ છે. તેટલાં આવા મહાન કાર્ય માટે બુધ્ધિનો પુરતો ઉપયોગ કરવાની જરૂર છે. હદીસોમાં તશબીહ છે. મજાઝ છે. અસ્તરાક છે. ઇનશા છે. ખબર છે. દરેકના અર્થ જુદા જુદા હોય છે. અમર યાને આજ્ઞા કદી વાજીબ થાય છે કદી સુન્નત. નેહી યાને મનાઇ કદી હરામ થાય છે. કદી મકરૂહ. લા યાને નહિનો શબ્દ કદી વધારાનો અને અર્થરહિત હોય છે. તેમાં તફાવત જાણવો મુશકેલ છે. હદીસો પણ જુદી જુદી આવેલી છે. કેટલીક

હદીસોનો નાશ થઇ ગયો છે. હદીસોને એકત્ર કરવાની રૂઢી જુદી જુદી આવેલી છે કેટલીક હદીસો રાવી ભુલી પણ ગયા. હદીસોની રીતાઓ પણ અનેક છે એક જ્યારે બીજા કોઇથી વાત નકલ કરે છે ત્યારે તેમાં અનેક એહતેમાલાત જાય છે. સહુ. ગફલત અને અજાણનો એહતેમાલ જાય છે, કે તેણે તેના અર્થની નકલ કીધી હોય, જુઠું કહ્યું હોય, તોહમત બાંધ્યું હોય. રાવીઓએ કેટલીક જગોએ હદીસો ના અર્થ નકલ કીધા છે. એ તેઓ જે કંઇ સમજ્યા તેજ લખી ગયા. કોઇ વખતે હદીસોના બયાન અને નકલમાં સહુ, નિસ્યાં અને ભુલ પણ થાય છે. કેટલાક જાણી બુજી ને પણ ભુલ કરે છે. કોઇ વખત હદીસોને તકરયાથી છુ પાવે છે. કદી કરાયત પર પણ ઇકતેફા કરે છે. કદી તૌ રીયામાં જણાવે છે. બે માણસો વચ્ચે એટલા એહતેમાલ થાય તો પછી સઘળાઓ માટે કેટલા જઇ શકે તે સમજ વું મુશકેલ નથી. જ્યારે રાવીઓની સંખ્યા ૧૦૦ કરતાં વિશેષ થઇ જાય ત્યારે એહતેમાલ પણ પ્રમાણમાં અગણિત થઇ જાય છે. કાતીઓની પણ ભુલ થાય છે. કોઇ શબ્દ યા ઝેર ઝબરમાં ભુલ કરે છે. વ્યાકરણના સિધ્ધાન્તોમાં ફેરફાર અને અપવાદ હોય છે. રાવીઓના નામમાં પણ ફેર ફાર કરે છે. સઘળા રાવીઓ કંઇ એક સરખા હોતા નથી. કેટલાક ભલા, બુરા, મોમિન, મુનાફક, આદીલ, ફાસીક, મોતેબર, ગેરમોતેબર અને દીવાના પણ હોય છે. કેટલાક

રાવીઓ આલીમને કેટલાક જાહીલ, કેટલાક સમજુ ! અને
કેટલાક અણુસમજુ હોય છે. કેટલાક રાવીઓ પ્રથમ કાફીર,
મુસલીમ, ગાલી યા મફુઝ વીગેરે હતા. ત્યાર બાદ તેઓ
શીઆ ઇસનાઅશરી થઇ ગયા. તેમ થવાથી તેમના આ
ગલા પાછલા અકવાલ સેળભેળ થઇ ગયા. ખરા ખોટામાં
તમીઝ અને પીછાણ મુશકીલ થઇ ગઇ. હુકમ પણ આવા
ઇખ્તેલાફના કારણે જુદા જુદા થઇ ગયા. ઇલ્મે સર્ફ વ
નહવનાં કાયદામાં પણ ઇખ્તેલાફ છે. શબ્દના ફેરફાર અને
અર્થમાં તફાવત થવાથી એક હલાલ વસ્તુ હરામ અને હ
રામ વસ્તુ હલાલ થઇ જાય છે. આટલા બધા એહતેમા
લાત છતાં દરેક એખ્તેલાફી હુકમમાં યકીન કેવી રીતે હાં
સીલ થઇ શકે ? યકીન મેળવવામાં ઘણી બાબતો અને
મુશકેલીઓ છે. એટલા માટે કે માઅસુમની જાહેર હાજરી
શિવાય ઇલ્મે યકીનનો લીફાફો સરબમોહર છે. એખ્તેલાફી
હુકમોમાં ઝન પર અમલ કર્યા શિવાય ચારો નથી. માટે
મુજતેહદ થયા શિવાય કોઇપણ કુરાને મજીદ અને હદીસ
શરીફથી ખુદાના હુકમો કહાડી શકતો નથી. તેમ સમજી
શકતો નથી. માટે જે લોકો મુજતેહદની તકલીદ સ્વીકારતા
નથી તેઓ યકીની દાવો કેવી રીતે કરી શકે ? મુજતેહદની
તકલીદનો અસ્વીકાર કરનારા ખરો મતલબ સમજવાંમાં પણ
ગલતી કરે છે. બીલકુલ જુદી વાતને યકીનની ઉપમાં આ
પે છે. શું તેઓ માઅસુમ છે ? શું તેઓ ખુદાના હુ

ભેદો જાણનારા છે ? જ્યારે તેઓ માઅસુમ નથીં, તેમજ ખુદાના છુપા ભેદોના અધીકારી નથી તો પછી તેઓ જે વાતનો સ્વીકાર કરશે તે માટે તકલીદવાળા મુજતેહદની પેઠેજ લખશે કે અમુક બાબત કુરાને મજીદ તથા હદીસ શરીફની રૂએ આમ માલુમ પડે છે. મુજતેહદો પણ એમજ કહે છે. તેઓ કાંઇ પોતાની અક્કલ તથા કીયાસનું પરિણામ સ્વીકારવા જણાવતા નથી. તેઓ જે કંઇ ફતવો આપે છે તેનો મતલબ એ હોય છે કે કુરાન અને હદીસથી ખાત્રી કરી તો આ મસલાનો આવો હુકમ મારી સમજમાં આવ્યો. હદીસોનું જ્યારે મેં સંશોધન કીધું તો મને જણાયું કે અમુક હદીસ સહીહ અને અમુક ઝઇફ છે. અમુક હદીસ કુરાનની બરાબર અને અમુક કુરાનથી વિરૂદ્ધ જણાઇ. અમુક હદીસ તકય્યામાં છુપેલી અને અમુક સ્પષ્ટ જણાઇ. અમુક હદીસનો રાવી આદીલ, ઝલીમ, મોમિન યા ઇસનાઅશરી જણાયો. યા અમુક ગેરમોમિન યા ગેરઇસના અશરી જણાયો. મસલો સમજવાના ધોરણો જો કોઇ મુજતેહદ લખવા બેસે તો મોટી કીતાબો ભરાઇ જાય. જે વર્ગ આવી બાબતોથી અજ્ઞાન હોય તેઓને તો કુરાન તથા હદીસથી અમુક હુકમ શોધી બતાવવો જોઇએ. કે જેથી તે બીચારો અમલ કરે. અંધ પાસ દર્પણ ધરવાથી શો લાભ ? જેઓ થોડી ઘણી પણ સમજ ધરાવતા હશે તેઓ તો સમજી શકશે કે જ્યારે કુરાન અને હદીસથી

અમો અજ્ઞાન છીએ. તો પછી તેના જ્ઞાનીઓએ તેમાંથી અમોને બતાવવું જોઇએ, કે જેથી તે પર અમો અમલ કરીએ. એવો સમજદાર, ન્યાયી અને પરહેઝગાર કે જે ખુદાના હુકમો કુરાન તથા હદીસથી સમજી શકતો હોય તેવા બાહોશના કુરાન તથા હદીસના સત્ય સંશોધન પર જાહીલો કે ઓછા જ્ઞાનવાળા અમલ કરે તેમાં ગેરવાજબી શું ? મુજતેહદ કાંઇ પોતે પોતા તરફથી કાંઈ હુકમ કરી શકતો નથી. બલ્કે તે તો કુરાન તથા હદીસમાંથી ખુદા વ રસુલના ખરા હુકમો શોધી તે પર અમલ કરવા જણાવે છે. તેથી કાંઇ મુજતેહદના કોલ પર અમલ ન થયો; બલ્કે ખુદા વ રસુલના હુકમ પરેજ અમલ થયો. અજાણ્યાઓએ જાણીતાને પુછવા સિવાય બીજો ઇલાજ નથી. ચાંદી, સોના તથા હીરાની દરેક પરખ કરી શકતા નથી. તેને માટે ઝવેરીની જરૂર પડે છે. તો પછી શું ખુદાના હુકમો એવા સહેલા છે કે દરેક પોતાની મેળે સમજી જાય ? સઘળા મુજતેહદો હમેશાં કુરાન અને હદીસથી ખુદા વ રસુલના હુકમો શોધ્યા કરે છે અને આવી ચાલુ શોધખોળના કારણે ખુદા વ રસુલના ફરમાનોનું ઉમદા રહસ્ય ઉત્તરોત્તર વધુને વધુ પ્રકાશી લોકોના ઇમાનો તેજસ્વી કરતું રહે છે.

મુજતેહદની યોગ્યતા માટેની અનેક બાબતોમાં એ બાબત મુખ્ય છે કે તે ધાર્મિક વિદ્યામાં પુખ્ત જ્ઞાનવાળો હોવો જોઇએ. ગમે તેવા ધાર્મિક પ્રશ્નનો જવાબ [illegible]

તથા હદીસથી સરળતાથી કાઢી આપવાની લાયકાત ધરાવતો હોવો જોઇએ. ઇલ્મે સર્ફ, ઇલ્મે નાહવ, ઇલ્મે મનતક; ઇલ્મે મઆની, ઇલ્મે કરાત, ઇલ્મે હીસાબ, ઇલ્મે રેજાલ, ઇલ્મે લોગત, ઇલ્મે ઓસુલ ફીકાહ, ઇલ્મે કલામ, ઇલ્મે તફસીર, ઇલ્મે અહાદીસ, ઇલ્મે ફીકાહ વીગેરે જાણતો હોવો જોઇએ. તેના પુખ્ત ઇલમની લોકોને ખાત્રી હોવી જોઇએ. વીગેરે એવી અમુક સરતોથીજ મુજતેહદ થઇ શકે છે. આ પ્રમાણે તો મુજતેહદ ખુદા, રસુલ અને ઇમામોના હુકમોપર અમલ કરવાનું ફરમાન કરે, તે માન્ય કરવાને દરેક ઇસલામી બંધાયેલો છે.

ઇસલામમાં જીવતા મુજતેહદની આવશ્યકતા વિષે અલીગઢ કોલેજના સ્થાપક તથા હીન્દના ઇસલામીઓના એક અઠંગ સુધારક જવાદ-ઉદ-દૌલા, આરેફજંગ ઓનરેબલ ડાકટર સર સઇયદ એહમદખાન કે. સી. એસ. આઇ. એલ. એલ. ડી. એફ. આઇ. એસ. તેહઝીબ-ઉલ-અખ્લાકમાં લખે છે કે:—

" મઝહબ શીઆ ઇમામીયાકા નેહાયત સહીહ
" ઓર સચ્ચા મસલા હે કે, હર ઝમાનેમેં મુજતેહ-
" દકા હોના ઝુરૂર હે. કોઇ ઝમાના મુજતેહદુલ અસ્રસે
" ખાલી નહિ હોતા; મગર મોતાખેરીન એહલે
" સુન્નત વ જમાઅતને અજીબ ગલત મસલા બનાયા

" હૈ, કે ઇજતેહાદ ખત્મ હો ગયા ઓર અબ કોઈ
" મુજતેહદ નહિ હો સકતા; મગર અબતક ઉનકો
" ઇસમેં શુબાહ હૈ કે, નાઇબે ખીઝ્ર મિન્હા મીસ્લ
" ખાતેમુન નબીયીન કે ખાતેમુન મુજતેહેદીન કોન હૈ?

ત્યારબાદ શાહ વલીયુલ્લાનો આધારવાળો કોલ ટાંકીને પોતાનો અભિપ્રાય આપતાં લખે છે કેઃ—

" પસ ઇન તમામ અકવાલસે હર ઝમાનેમેં મુજ
" તેહદકા હોના ઝરૂરી માલુમ હોતા હૈ. પસ કેસી
" બડી ગલતી એહલે સુન્નત વ જમાઅતકી હૈ કે,
" ઇજતેહાદકો ખત્મ, ઓર મુજતેહદકો માદુમ મા-
" નતે હૈં."

" ઇસ ગલતીએ એતેકાદને હમ મુસલમાનું કે
" દીનો દુનિયામેં નેહાયત નુકસાન પહોંચાયા હૈ. ઇસ
" લીયે હમકો ઝુરૂર હૈ કે, હમ ઇસ ખેયાલકો છોડ
" દેં ઓર હર બાતકી તેહકીક પર મુસ્તેઅદ હોં,
" ખ્વાહ વોહ બત દીનકી હો યા દુનિયાકી. ગોર
" કરના ચાહીએ કે, હરગાહ ઝમાના હાદેસ હૈ ઓર
" નયે નયે ઓમુર ઓર નઇ નઇ હાજતેં હમકો પેશ
" આતી હૈં. પસ અગર હમારે પાસ ઝીન્દા મુજતેહદ
" મોજુદ ન હોંગે, તો હમ મુરદા મુજતેહદુંસે નઇ
" બાતકા મસલા, જો ઉનકે ઝમાનેમેં હાદેસ નહિ

" કુફ્રથી કર્યું કર પુજેંગે ? બસ હમારે લીયે ભી મુજ-
" જતેહદુકા અસ્ત્ર વઝ અમાનકા હોના જોરૂરે હૈ."

ઉપરની એકંદર હકીકતથી જાણી શકાશે કે, સામાન્ય વર્ગને માટે મુજતેહદની આવશ્યકતા છે. આવી આવશ્યકતા હોતાં ઇસલામમાં અને ખાસ કરીને શીઆ મઝહબમાં મુજતેહદો થતા આવ્યાં છે અને લોકો તેમની તકલીદ કરતા રહ્યા છે. સામાન્ય વર્ગ જ્યાં સુધી જીવતા મુજતેહદની તકલીદ કરતો રહ્યો ત્યાં સુધી ઇસલામના અમરો નહિ શુદ્ધ સ્વરૂપમાં ઇસલામીઓ સમજતા અને જેઓ આજે પણ મુજતેહદોની તકલીદ કરે છે તેમને તે શુદ્ધ રૂપમાં પ્રાપ્ત થાય છે. મુજતેહદની યોગ્યતા તથા તેના ધોરણો ઇસલામના દરેક મસલાને મેયારે હકથી ખસવા દેતા નથી; પરંતુ ઇસલામીઓમાં તેમના દુર્ભાગ્યે સ્વાર્થી તથા અજ્ઞાન ધર્માચાર્યો ઉતપન્ન થઈ આવ્યા. અને તેવાઓ પોતાને મુજતેહદ મનાવવા લાગ્યા. વખત જતાં તેઓ પીર તરીકે ગણાઇ ગયા, અને લોકોની અજ્ઞાન ભાવનાએ તેમને ફાવવા દીધા અને ઇસલામમાં એવો તો તેથી સડો પેઠો કે, જેથી ઇસલામનું શુદ્ધ સ્વરૂપ તદ્દન બદલાઇ ગયું અને અજ્ઞાન લોકો આવા પીરોની આજ્ઞા પ્રમાણે ચાલવા લાગી ગયા અને પીરો પણ પોતાના અંગત સ્વાર્થ સાધવાને મુરીદોને હડે કરવા લાગ્યા. છેવટે નોબત બઈજા રસીદ કે, પીરો પોતાને ખુદા વ રસુલના દરજ્જાથી પણ વધારે જણાવવા લાગ્યા

અને મુરીદો પણ તેમના કલામને ખુદા વ રસુલના કલામ કરતાં અધિક માનવા લાગ્યા. પીરો જે કહે તે ઇસલામ અને તેમના કલામઃપ્રમાણે જે અમલ થાય તે ઇસલામીયત થઇ પડી.

મુજતેહદ કે ધર્માચાર્યનો એવો હોદ્દો નથી કે, જે વંશ પરંપરાથી ચાલ્યો આવતો હોય. બાપ મુજતેહદ હોય, પણ જો તેનો દીકરો મુજતેહદની પાયરી પ્રાપ્ત ન કરે તો તે મુજતેહદ ગણાતો નથી. મુજતેહદ માટે જે યોગ્યતાની હદ મુકરરર કીધી છે ત્યાં સુધીની યોગ્યતા ધરાવે તે મુજતેહદ થઇ શકે છે; પરંતુ મુજતેહદ દરજ્જાને લાયક નહિ તેવા પીરોની હસ્તીએ મુજતેહદના જ્ઞાન પરંપરાના માર્ગને તજાવી પીરોને વંશ પરંપરાના પીરો માની લીધા અને પીરોએ પણ પોતાના અંગત સ્વાર્થને ખાતર પીરાઇને વંશપરંપરાની ઠરાવી લીધી. અને એ રીતે ઇસલામીએ ઉત્તરોત્તર દીની બાબતમાં ગબડવા લાગ્યા અને એટલે સુધી નોબત પહોંચી કે પીરોની અભણ તથા દુર્ગુણી ઓલાદ પણ પીર ગણાવા લાગી અને ગણાય છે. અને હવે તે તે એક રૂઢી બની ગઇ છે કે પીરને વંશપરંપરા પીર માનવા. આ ઉપરથી બહુજ સહેલાઇથી સમજી શકાશે કે તેથી,ઇસલામીઓની કેવી સ્થિતિ થઇ:જોઇતી હતી અને થવા પામી છે.

પીરોની ઉતપત્તી તથા તેમના વંશપરંપરા પીરે

હોવાથી ઇસલામીઓની દીની તથા દુનિયવી જે અધોગતિ થવા પામી છે તેથી ઇસલામના સુધારકોએ ઇસલામના રક્ષણ માટે પીરી મુરીદીની સુધારણા માટે પ્રયાસો કર્યા છે અને કરે છે. આવા પ્રયાસોનો સાર ખેંચી અમોએ "પીર કેવો જોઇએ ?" એ મથાળાનો એક લેખ તૈયાર કરી અમારા તરફથી બહાર પડતા માસિક "નુરે હીદાયત" ના પેહલા વર્ષના પેહલા અંકમાં છપાવ્યો છે જે મી૦ વીરજી તથા તેમના હમખ્યેચાલોના લક્ષમાં લાવવાને અત્રે સદાબરો ઉતારી લઇએ છીએ.

પીર કેવો જોઇએ ?

પહેલી સરત—ઇલ્મે કુરાનને જાણતો હોય; અને તે એટલે સુધી કે. કુરાને મજીદની મોતેબર તફસીરોનું જ્ઞાન ધરાવતો હોય, અને કુરાને મજીદની આયાતોની શાને નોઝુલથી જાણીતો હોય.

ઇલ્મે હદીસને જાણતો હોય અને તે એટલે સુધી કે હદીસની મોતેબર કીતાબોનું જ્ઞાન ધરાવતો હોય. તેના અર્થ જાણતો હોય. ફીકાહ જાણનારા ઉલમાઓની જેમ દરેક હદીસની તફસીર, તેના અઘરા શબ્દોના અર્થ, અને સંપુર્ણ તાવીલ જાણતો હોય.

પીર ફરજીઆત આલીમ હોવો જોઇએ તે એટલા માટે કે, તેણે એઅન લઈ મુરીદોને સરીયત પ્રમાણેની આજ્ઞા

કરવાની હોય છે. તેને શરીયતની કુલટી બાબતથી રોકવો હક માર્ગ બતાવવો, તેના અંતઃકરણની સમાધાની કરવી ખરાબ રીતભાતો દૂર કરાવવી એ તેનું ખાસ કર્તવ્ય છે અને મુરીદે તેના હુકમ ઉપર અમલ કરવાનો હોય છે.

સુબ્હાનલ્લાહ ! શું મામલો પલટાઇ ગયો છે. કુરાને મજીદ કે હદીસ શરીફ નહિ જાણનારા; બલ્કે ફરદુ ગુજરાતી પણ નહિ જાણનારા; પીરો થઇ બેઠા છે. તેઓ કુરાને મજીદ તથા હદીસ શરીફ જાણતાં નથી; એટલુંજ નહિ પણ સરે જાહેર શરીયત તથા નીતિ રીતિ વિરૂદ્ધ અમલ કરી પીરી મુરીદોને બટ્ટા લગાડે છે તેવા લોકો પીરાઇ માટે લાયક નથી. તેમની બેઅત કોઇએ પણ કરવી જોઇતી નથી અને જેમણે એવા પીરો વારસામાં મેળવ્યા હોય તેમણે તેમને પાણીચું આપી દેવું જોઇએ.

બીજી સરત—ન્યાયી તથા નીતિવાળો હોય. નાના મોટા ગુનાહોથી પરહેજ કરતો હોય, પીર નીતિવાળો એટલા માટે હોવો જોઇએ કે, તેની બેઅત અંતરની શુદ્ધતાને હુકમ કરનારી હોય છે.

સુબ્હાનઅલ્લાહ ! શું મામલો પલટાઇ ગયો છે જ્યાં જોઇએ ત્યાં અન્યાયી તથા અનીતિવાન પીરોની જાલ લાગી રહી છે. વ્યભીચારી, શરાબી, અનીતિવાન તથા જુઠાણામાં રચી પચી રહેલા પણ પીરો થઇ બેઠા છે તે

લોકો પીરાઇ માટે લાયક નથી. તેમની એઅત કોઇએ કરવી જોઇતી નથી. જેમણે એવા પીરો વારસામાં મેળવ્યા હોય તેમણે તેમને પાણીચું આપી દેવું જોઇએ.

ત્રીજી સરત—દુનિયાને તજી આપી તેણે આખરત તરફ પોતાનું ધ્યાન રાખ્યું હોય. ફરમાન થએલી દોઆનો પઢનારો અને તાકીદ થએલી બંદગીનો કરનારો હોય. પોતાના દીલનો સબંધ ખુદાતાલાથી રાખતો હોય અને તેની સ્મર્ણ શક્તિ ઘણીજ તેજ હોય.

સુબ્હાનલ્લાહ ! શું મામલો પલટાઇ ગયો છે કે દુનિયા માટે કાંપો વાળી મંડેલા મુરીદોની દોલત અનેક રીતે ધુતનારા, નાણાં એકઠાં કરી ટકાને વ્યાજે ધીરનારા, ઉંચી કીસમના ખાણા ખાનારા, મોજશોખ માણનારા, શેતાન સાથે પોતાનું ધક ધ્યાન રાખનારા, દોઆ કે બંદગીને પડખે પણ નહિ ચડનારા, અને ડગલેને પગલે ભુલનારા પણ પીરો થઇ બેઠા છે. તેવા લોકો પીરાઇને માટે લાયક નથી. તેવા પીરોની એઅત કોઇએ કરવી જોઇતી નથી. જેમને એવા પીરો વારસામાં મળ્યા હોય તેમણે તેને પાણીચું આપી દેવું જોઇએ.

ચોથી સરત—તે શરીયતનો હુકમ કરનાર હોય અને શરીયતથી ઉલટી બાબતનો રોકનાર હોય.

સુબ્હાનલ્લાહ ! શું મામલો પલટાઇ ગયો છે. કે શરીયતને ખુલ્લી રીતે લાત મારનારા, નમાઝ, રોઝા, હજ, ઝકાત વીગેરે તરફ ચશ્મપોશી કરનારા અને કરાવનારા, શરીયતથી ઉલટી રીતે વર્તનારા અને વર્તાવનારા અને કાંઇપણ ખુદાનો ખોફ નહિ ખાનારા. અને માત્ર મુરીદોના તન, મન અને ધન હરનારા પણ આજે પીરો થઇ બેઠા છે તેવા લોકો પીરાઇને માટે લાયક નથી. તેવા પીરોની બેઅત કોઇએ કરવી જોઇતી નથી. જેમને તેવા પીરો વારસામાં મળ્યા હોય, તેમણે તેમને પાણીચું આપી દેવું જોઇએ.

પાંચમી શરત—તે કોઇ કામેલ મુરશદની સોબતમાં રહેલો હોય અને તેથી ઇલ્મ શીખ્યો હોય. અને તેથી બાતેનનું નુર તથા અંતઃકરણની શાન્તી હાંસલ કીધી હોય.

સુબ્હાનલ્લાહ ! શું મામલો પલટાઇ ગયો છે, કે કોઇપણ કામેલ મુરશેદની સોબતમાં ઘડીપણ નહિ રહેલા, વેશ્યા તથા નાચ ગાણાના જલસામાં બેસનારા, અને અલેફનું નામ ભાલુંએ નહિ જાણનારા. પણ આજે પીરો થઇ બેઠા છે તેવા લોકો પીરાઇને માટે લાયક નથી. તેવા પીરોની બેઅત કોઇએ કરવી જોઇતી નથી. જેમને તેવા પીરો વારસામાં મળ્યા હોય, તેમણે તેમને પાણીચું આપી દેવું જોઇએ.

મુરીદો માટે સરતો—જેણે નવો પીર ધારવો ય અથવા જુનો વારસામાં મળ્યો હોય, તેના માટે ઉ પ્રમાણેની પાંચ સરતોનો વિચાર કરવો જોઇએ. જો તે રતો પ્રમાણેની પીરની લાયકાત હોય તો, તેની તાબેદ દીલોજાનથી ઉઠાવવી. પણ જો તેવી લાયકાત તેમાં ન હે તો, તેની બેઅત ફરી, અથવા ચાલુ રહેવા દઇ, પોતા દુનિયા તથા આખરત બરબાદ કરવી નહિ.

વળી મુરીદે પણ એકરાર કરવો જોઇએ કે, ખુદા લા માબુદે બરહક છે, તે શિવાય બીજો કોઇ ખુદા નર હજરત મોહંમદ મુસ્તફા સ૦ તેના બરગુઝીદા પેગંબર કીયામત તથા જન્નત દોજખને બરહક જાણે. દરરો પાંચ વખતની નીમાજ પડે. રમજાન માસના રોજા રા શકિત હોય તો ખાને કાબાની હજ પડી આવે વીગેરે વ ગેરે શરીયતની વાજીમ બાબતો પર અમલ કરે. પોતે પ ને જે નાણાં આપે, તેનો જો પીર દુરૂપયોગ કરે તો તે નાણાં આપવાનું બંધ કરે.

પીરાએ પણ મુરીદો પાસેથી નાણાં ઓકાવવાનું રામ સમજવું જોઇએ. તેઓ મુરીદોની કમાણી પર પોત નો નિર્વાહ ન ચલાવે. મુરીદોની વહુ દીકરીઓને પોતા બેટા બેટી સમજે. તેમના પર કદી પણ બદનજર કરે હિ. લાલચથી મુરીદોની હા હા મીલાવે નહિ.

અધમ પ્રકારની પીરી મુરીદીનો અંત આણવા માટે ઉપર પ્રમાણેનો નુસ્ખો તદ્દરીજી ધોરણે આપનામાં આવ્યો છે. જ્યારે તે નુસ્ખાપર અમલ કરવામાં આવશે ત્યારે ઉતરોતર પીરો તથા મુરીદો અધમ સ્થિતિમાંથી મુક્ત જતા જશે અને છેવટે એવો સમય આવશે કે, અધમ પ્રકારની પીરી મુરીદીનો અંત આવી મુજતેહદોની તકલીદનો ઇસલામીઓ સ્વીકાર કરશે અને ઇસ્લામનો પવિત્ર હેતુ પાર પડશે જ્યારે લોકો મુજતેહદની તકલીદ કરવા તરફ પોતાનું સુકાન ફેરવશે ત્યારે પીરી મુરીદીની અધમાવસ્થાથી બગાડો થયો છે તે નીસ્તો નાબુદ થશે અને પીરો પોતાના દરજ્જાથી આગળ વધતા અટકશે તેમજ મુરીદો કે જે પીરોને ખુદા, રસુલ તથા ઇમામો કહેવા લાગી ગયા છે તેથી તોબા કરી ખરા ખુદાનેજ ખુદા, ખરા રસુલનેજ રસુલ અને ખરા ઇમામનેજ ઇમામ માનશે અને તેમના આચાર વિચારો ઇસલામ પ્રમાણેના શુદ્ધ થઇ જશે.

નીમ મુલ્લાં ખતરએ ઇમામ અને નીમ હકીમ ખતરએ જાનની કહેવત પ્રમાણે હમણાંની પીરી મુરીદીની હાલત થવા પામી છે. અને તેવી પીરી મુરીદી ઇસલામ પ્રમાણે સશાસ્ત્ર છે એમ ગણવામાં આવે તો, ઇસલામની હકાનીયત ઉપર ડાઘ આવે છે. ઇસલામ તો કોઇપણ પ્રકારની નિર્બળતાથી તદ્દન પાક પાંકીઝા છે. તો અમો યાને ઇસના

1919 -Hakikati Ranshingdu (761)

અશરીઓ તેરી અધમ પ્રકારની પીરી મુરીદીમાં કેમ જઇ શકીએ ? જો તમો મુજતેહદ તરીકે પીરને ગણતા હોતો તે પીરોમાં મુજતેહદ તરીકેના કશીપણ યોગ્યતા નથી. પણ લોકો યાંત્રીક રીતે પીરી મુરીદીમાં જોડાઇ ગયા છે અને અજ્ઞાનતાને લઇ તેથી થતા નુકસાનથી અજાણ્યા છે; પણ હવે મૌલાના હાલી કહે છે તેમ:—

તનઝુલપે વોહ હાથ મલને લગે હયે,
કુચ્છ ઇસ સોઝસે જી પીઘલને લગે હયેં
ધુંએ કુછ દીલુંસે નીકલને લગે હયેં,
કુછ આરેસે સીનુંપે ચલને લગેં હયેં.
વોહ ગફલતકી રાતેં ગુઝરને કો હેં અબ,
નશે જો ચડેથે ઉતરને કો હેં અબ.

સાર પડતી માટે હવે તેઓ પસ્તાવા લાગ્યા છે તેનાજ કારણે તેમના જીગરો પીઘળવા લાગ્યાં છે. દીલમાંથી કાંઇક ધુમાડાઓ નીકળવા માંડયા છે કાંઇક કરવતી જેવું તેમના કલેજામાં ચાલવા લાગ્યું છે. ગફલતની રાત્રીઓ હવે ખલાસ થવા આવી છે જે કેફી નીશાઓ ચડયા હતા તે હવે ઉતરવા લાગ્યા છે.

બોહોત દીનસે દરીયાકા પાની ખડા થા,
તમવ્વુજકા જીસમેં ન હરગીઝ પતા થા,

તગય્યુરસે યેહ હાલ ઉનકા હુવા થા,
કે મકરૂહથી બુ તો કડવા મઝા થા.
હુઇથી યેહ પાનીસે ઝાયલ રવાની,
કે મુશકીલસે કેહ સકતે થે ઉસ્કો પાની.

સાર—ઘણા દીવસો થયા નદીનું પાણી સ્તબ્ધ ઉભું હતું. વેહવાનો તેમાં જરાપણ પતો ન હતો. એમજ ભરાઇ રહેવાથી તેની સ્થિતિ બદલાઇ ગઇ હતી. વાસ ખરાબ અને સ્વાદ કડવો થઇ ગયો હતો. પાણીથી વહેવાનું બંધ પડી ગયું હતું અને તેને મુશકેલીથી પાણી કહી શકાતું હતું.

પર અબ ઉસમે રવ કુછ કુછ આને લગી હય,
કીનારોંકો ઉસ્કે હિલાને લગી હય,
હવા બુલબુલે કુછ ઉડાને લગી હય,
અફુનત વોહ પાનીસે જાને લગી હય,
અગર હો ન યેહ ઇન્કેલાબ ઇતેફાકી,
તો દરીયામેં બસ એક વમબ્બુજ હૈ બાકી.

સાર—પણ હવે તેમાં કાંઇક ઉછાળા આવવા લાગ્યા છે. તે ઉછાળાઓ તેના કાંઠાઓનો કાંઇક હલાવી રહ્યા છે. હવા પરપોટાઓ ઉપજાવી રહી છે. સ્તબ્ધપણું તેમાંથી જવા માંડયું છે. જો આ ફેરફાર અનાયાસ જ સંજોગને લીધે ન હોય તો, નદીમાં બસ હવે એકજ ઉછાળો બાકી રહે

જગતમાં હવાની જેમ પ્રસરી ગયેલી પીરી મુરીદીની સ્થિતિ હવે ગબડવામાં છે. લાખો કરોડો લોકો તેની હાનીઓથી વાકેફગાર થઇ તેનાથી પોતાનો હાથ ખેંચી બેઠા છે. લાખો વચલા માર્ગમાં છે. તેઓ આજે નહિ તો કાલે રાહે રાસ્તપર આવી જશે અને બહુજ થોડાઓ બાકી રહેશે કે, જેમને સુધરતાં કાંઇક ટાઇમ લાગશે. પણ તેઓ સુધરશે તો ખરાજ. બીજાઓનો અસર તેમનાપર પડયા વિના રહેશે નહિ.

માટે મી૦ વીરજીભાઈ ! તમો પીરા હોવાનું જણાવી મલકાઓ નહિ પણ તમારા પીરા હોવાપણાની સ્થિતિને જોઇ વિચારી શરમાઓ અને અમોને બે પીરા કહીને તાણું ન મારો. તમારા પીર અને અમારા પીરની યોગ્યતાને જુઓ અને ગૈરત તકાઝો કરતી હોયતો ચુપ બેશી રહો. અમો ઉપર જણાવ્યા પ્રમાણેના મુજતેહદોની તકલીદ કરીએ અને તમો તમારા પીરની. તમારા અકાયદો તથા આચાર વિચારનો અને અમારા આચાર વિચારનો મુકાબલો કરી જુઓ તો, ભવિષ્યમાં કદીપણ તાણું મારવાને ગરદન ઉંચી કરો નહિ.

અમોને મળેલો મુનીવરનો ચાંદ.

" ઇસલમાઇલી પેટા પંથના મુરીદ મી૦ કાબા " ના મથાળા તળેના ત્રતીય દર્શનમાં મી૦ વીરજી સતપંથીઓ

ના પીર સઇયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબ સાથેના અમારા ગાઢ સમ્બંધથી પોતાને ભાગતું માની લઇ ચિત્ર વિચીત્ર લખાણ લખી જાય છે. જનાબ સઇયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબ સાથેના અમારા ગાઢ સમ્બંધનું કાંઇક દીગદર્શન અમો પ્રથમ કરાવી ચુક્યા થીએ.

સઇયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબ એ ખોજાઓને કુફરના જામામાંથી ખસેડી ઇસલામથી મુશર્રફ કરાવનાર મહાત્મા પીર નુરૂદીન આલલ્લા મકામહુની ઓલાદથી છે; તથી અમારા વડીલો તથા તેને લઇ અમો પર ઉપકાર કરનાર પ્રત્યે તથા તેમની ઓલાદ પ્રત્યે અમારો પુજ્યભાવ હોય તે સ્વભાવિક છે. વળી તેઓ સાહેબોના નિવાસ સ્થળમાંજ મહાત્મા પીર નુરૂદીન સાહેબની પવિત્ર દરગાહ આવેલી હોવાથી તે દરગાહની ઝીયારતે જતાં પણ તેઓ સાહેબોના પરિચયમાં આવવાનું અમોને પ્રાપ્ત થતું રહે છે. વળી તેઓ બંને સાહેબોની હસ્તી મુંબઇ ઇલાકાના હીન્દુ તથા મુસલમાનો માટે એક આશીર્વાદ રૂપ છે. તેઓ ઇસલામના ક્ષેત્રનો વિસ્તાર વધારવા તથા તેને સરસબ્ઝ કરવામાં તનતોડ પ્રયાસ કરે છે અને હીન્દુઓની નીતિરીતિ સુધારવાનો તેમનો પ્રયાસ ચાલુ સમયમાં ઇસલામીઓ માટે ફખ્ર રૂપ છે.

તેઓ મહાત્મા પીર નુરૂદીન આલલ્લા મકામહુની દરગાહના જીવતા સજ્જાદેનશીન છે અને તેથી [illegible]

. ધોરણે તેઓ પીરના નામથી મશહુર છે. અધમ પ્રકારની પીરી મુરીદીથી તેઓ કરોડો માઇલ દુર છે અને અમો પ્રત્યક્ષ જોઇ શક્યા છીએ કે તેઓ મુજતેહદ થવાના માર્ગમાં તદરીજી ધોરણે પોતાના કદમો લંબાવવામાં છે. બીજા પીરોની જેમ તેઓ પોતાના મુરીદોને ઇસલામથી ઉલટો ઉપદેશ આપતા નથી. પોતાના મુસલમિન મુરીદોને શરીયતે ઇસલામ પ્રમાણે ચાલવાને ભાર આપીને ભલામણો કરે છે. તેમના મુરીદો તેમના ઉપદેશથી શરીયતે ઇસલામની ડીગ્રીઓ પ્રાપ્ત કરવામાં કદમો લંબાવતા જાય છે. અમો નજરો નજર તેમના મુરીદોને જોઇ શક્યા કે તેઓ કુરાને મજીદની તીલાવત કરતા હતા. નીમાઝ પડતા હતા અને વીર્દ વ ઓરાદમાં મશગુલ રહેતા હતા. અમો પણ તેઓ સાહેબોને ફીસ્તેલાહી માયનામાં પીર માનીએ છીએ. તેઓએ બીજા પીરોની જેમ ખુદા, રસુલ કે ઇમામનો દાવો કરેલો નથી. કુરાન, નમાઝ, રોઝા વીગેરે માનવાની મનાઇ કરેલી નથી; બલ્કે જે મુરીદોને કુરાન, નમાઝ, રોઝા વિશે સુસ્તી રાખતા જુએ છે તેને તાકીદ કરી તેપર અમલ કરાવે છે. નમાઝીઓ માટે દરગાહના કંમ્પાઉંડમાંજ મસજીદ બંધાઇ છે જેની આબાદી વિષે બે મત છેજ નહિ. નવસારી વાળા ઉપર જણાવેલા બંને માનવંત સજ્જાદાનશીન સાહેબો સાથેના અમારા વ્યવહાર સબંધને લગતું મી૦ વીરજી નીચેનું લખાણ લખે છે, જે વાચક વર્ગનું એકંદર નિર્ણયપર [illegible]

ઉપયોગી થઇ પડતાં તેને સહાબરૂ નીચે આપીએ છીએ. તેઓ લખે છે કેઃ—

" વાંચકો જાણી ચુકયા છે કે, નવસારી વાળા
" સૈયદ મીર પ્યારે સાહેબ તથા તેમના ભાઇ સદરૂદીન
" સાહેબ ઇસમાઇલી મઝહબના પેટા ફીરકાના છે. તે-
" મણે હાલ પાંચ વર્ષ થયા ' સતપંથ પ્રકાશ મહા
" મંડળ ' નામની સંસ્થા ખોલી છે. અને દર વર્ષે
" ' સતપંથ પ્રકાશ મહા મંડળ ' તરફથી કોનફરન્સ
" ભરે છે. તેમના મુરીદો પાટીદાર, કણબી, કાછીઆ,
" કોળીઓ અને કેટલા મોમના પણ છે ૧૯૧૬ ના
" વર્ષમાં જ્યારે તેમની કોનફરન્સ ભરાઇ હતી ત્યારે
" હું પણ ત્યાં હાજર હતો. મારી હાજરી મારા
" મિત્રો મીર પ્યારે સાહેબ તથા મીર સદરૂદીન સાહે-
" બના ખાસ આમંત્રણને લઇને હતી. મારા મોસાળ
" પક્ષના આજે પચીશ વર્ષ થયાં નવસારીમાં રહે
" છે તેથી મારૂં પણ આવવું જવું ત્યાં વિશેષ
" થાય છે. "

" મજકુર સભામાં મારી હાજરી દરમિયાન
" મારી નજરે ખોજા ગૃહસ્થના લેબાસમાં એક ગૃહ-
" સ્થ બેઠેલા જેવામાં આવ્યા તેઓ કોણ હશે તેની
" પુછપાછ કરતાં મારા મિત્રો તરફથી મને જણાવવામાં
" આવ્યું કે, તેઓ મી. એદલજી ધનજી કાબા છે.

" મી. એદલજી ધનજી કાબા સાથે પુસ્તક દ્વારા તે-
" મની મુલાકાત થઇ ચુકી હતી, પણ તેમના સાક્ષાત
" દર્શન થયાં નહિ હતાં, તે થતાં એક પળે ખુશી
" થઇ અને બીજી પળે દિલગીરી થઇ. વાંચનાર
" પુછશે કે, ખુશી શામાટે થઇ અને દિલગીરિ
" શામાટે થઇ ? તેના જવાબમાં એટલુંજ જણાવ-
" વાનું કે, ખુશી એટલા માટે થઇ કે તેઓ અસલ
" ખોજા એટલે (ઇસમાઇલી) હતા અને કેટલાક
" અંગત કારણોને લઇને જુદા જુદા ધર્મોમાં વટલી
" છેવટે ઇસનાઅશરી થયા હતા અને ઇ. સ. ૧૯૧૨
" અને ૧૯૧૫ માં તેમણે ખોજાઓનો અસલ પંથ
" કયો ? તેની જીજ્ઞાસા દેખાડેલી હતી. તેની તપાસ
" અર્થે કદાચ આવ્યા હોય અને ઇસમાઇલી મઝહ-
" બના પટા પીરકાના ભાષણો સાંભળી તેઓ પોતાના
" અસલ શીયા ઇમામી ઇસમાઇલી મઝહબ તરફ
" ફરે. "

" દીલગીરિ એટલા માટે થઇ કે, તેમણે ઇ. સ.
" ૧૯૧૦ માં " ઇસનાઅશરી મઝહબની ખુબીઓ "
" નામના પુસ્તકમાં પોતાને તે પીરકાના જાહેર કરેલા.
" તે સિવાય તેમના પુસ્તકોથી તેમના વિચારો ઘણા
" જ વિચિત્ર પ્રકારના તેમજ ઇસ્માઇલી મઝહબના
" શતરૂ તરીકેના તેમના લખાણો મારા જાણવામાં

" આવ્યાં હતાં, જેથી રખેને મી૦ કાબા દંભ કરી
" આ સભામાં આવ્યા હોય અને તેમની નફસાની
" ખાસીયતો હસદ, નિંદા, અને કીનો, જે તેમનો મુ
" દ્રાલેખ છે કે જેને વાસ્તે દરેક માણસ જે તેમના
" પુસ્તકોથી સમાગમમાં આવ્યા હશે તેઓ સારી
" રીતે જાણતા હશે. ખોજા તથા ગુપ્તીઓને તેમણે
" આર્યસમાજીઓમાં ધકેલી મારવા ઘણી કોશીશ ક
" રેલી; પણ તેની અસર ઘણીજ જુજ થવા પામી.
" ગુપ્તી મુરીદોએ જે જે જગ્યા પર એ પવન ફુંકા
" યેલો જોયો તે તે જગ્યા પર જાહેરમાં આવી ખુ-
" લ્લા દીલથી " લા ઈલ્લાહા ઈલ્લિલા " ના કલમો
" પઢી બતાવ્યો અને ખોજા લકબ અખ્તીયાર કર્યો."

" સુબ્હાનલ્લા, શું ઇસલામની ખુબી, પણ નવ
" સારીવાળા ઇસમાઇલી પેટા શાખા વાસ્તે મને એમ
" લાગ્યું કે, રખે મી૦ કાબા પોતાનો દાવ આ તરફ
" ફેંકી લોકોને ભડકાવે ? જો મી૦ કાબા પોતાની
" નફસાની ઇચ્છા અહીં વાપરે તો, હું ખાત્રીથી કહું
" છું કે, નવસારીવાળી ઇસમાઇલીઓની પેટા શાખા
" ના મુરીદો મીર પ્યારા સાહેબ તથા મીર સદરૂદીન
" ના હાથમાં એક ઘડીવાર પણ ટકે નહિ. જો કે
" હું મજકુર સભામાં બેઠો હતો, પણ મારૂં ધ્યાન
" તો તેજ વિચારમાં હતું અને મારા ખરા અંતઃક

" ગુણથી ઇચ્છનો હતો કે મી૦ કાબાને ખુદા સદ્દબુદ્ધિ
" આપે."

" મજકુર કોનફરન્સના વકતાઓના ભાષણો પુ
" રાં થયા બાદ ' સતપંથ પ્રકાશ મહા મંડળ ' તર
" ફથી તેમના કરતા કારવતાઓને તે સભાના પ્રેસી-
" ડેન્ટના હાથે, તેમના કામ ઉપર પ્રસંશા કરી ચાંદ
" આપવાની ક્રીયા ચાલુ થઈ. સોનાના ચાંદો અપાયા
" બાદ, મજકુર મંડળ તરફથી મીર સદરૂદીન સાહે
" બ એક રૂપાનો ચાંદ હાથમાં લઇ ઉભા થયા અને
" તેમણે તે ચાંદ સુરતના પ્રખ્યાત વકીલ રા. રા. ગુ
" લાબદાસ ભાઇદાસના હાથમાં મુકવા અગાઉ નીચે
" મુજબ ટુંક ભાષણ કર્યું : —

" પ્રેસીડેન્ટ સાહેબ તથા ગ્રહસ્થો, મજકુર રૂપા
" નો ચાંદ મી૦ એદલજી ધનજી કાબાને આપવાનો
" છે. તેઓ આ સતપંથ મહા મંડળના સભાસદ તે
" મજ એક બાહોશ વકતા તથા એક અચ્છા લેખક
" છે ' એમ કહી ચાંદ પ્રેસીડન્ટ સાહેબના હાથમાં
" મુક્યો. રા. રા. ગુલાબદાસ ભાઇદાસ વકીલે તે હા
" થમાં લઇ એક ઘણુંજ અસરકારક ભાષણ મી૦
" કાબાને સંબોધીને કર્યું તે નીચે મુજબ હતુ : — "

" મને એક વિદ્વાનને ચાંદ આપતાં ઘણીજ ખુ

" ચાલી ઉપજે છે. હું તમોને ભલામણ કરૂં છું કે
" તમો તમારા મુરશીદ પીર તરફ જે ભક્તિ ભાવ
" ધરાવો છો, તે ચુસ્તપણે ધરાવશો. તમો વિદ્વાન
" છો. વળી લેખક છો અને વક્તા પણ છો. તમારી
" વિદ્યાનો લાભ તમારા મંડળવાળાને આપજો અને
" તમો સતપંથના અનુયાયી છો માટે સતપંથને દી
" પાવે એવાં કામ કરજો. "

" પ્રેસીડેન્ટે હાથ ઉંચો કરી ત્યાં ભેગા થયેલા
" સરવે જણાઓને ચાંદ દેખાડી કહ્યું કે; 'આ ચાંદ
" આપવામાં આવે છે તે માત્ર છાતી ઉપર લટકાવ-
" વાને માટે અથવા મોટાઇને માટે નથી, પણ તે
" ચાંદ લટકાવ્યા પછી તેને શોભે તેવાં કામ કરવાનાં
" છે' એમ કહી મી૦ એદલજી ધનજી કાબાને પોતા
" ની પાસે બોલાવીને રૂપાનો ચાંદ તેમના હાથમાં
" આપ્યો. "

" મી૦ કાબાએ તે ચાંદ પ્રેસીડેન્ટને નમન કરી
" પોતાના હાથમાં લીધો અને સતપંથના ભગતને
" છાજે તેવી રીતે પોતાના નવા પીરોને નમન કરી
" પોતાની જગ્યાએ બેઠા. તે વખતનો દેખાવ જોવા
" જેવો હતો. અને તે વખતે સ્પષ્ટ દ્રષ્ટિગોચર થતું
" હતું કે એ ખુબી સરવે પવિત્ર ઇસમાઇલી પીર
" પુરૂષોની છત્ર છાંયાની હતી. "

ઉપરના મી૦ વીરજીના લખાણથી વાંચક વર્ગ એટલું તો સ્પષ્ટ જોઈ શકશે કે, અમારો સતપંથ, સતપંથ પ્રકાશક મહા મંડળ તથા જનાબ સય્યદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદ્દીન સાહેબ સાથેનો ગાઢો સબંધ છે. તેવા સબંધથી અમારા મઝહબી અકાયદો તથા આચાર વિચારને કાંઈપણ અસર પહોંચતી નથી; બલ્કે અમારો મઝહબ તેવા સબંધની હીમાયત કરે છે. મી૦ વીરજીનો હેતુ અમારો સતપંથીઓ સાથેનો ગાઢ સબંધ બતાવી અમોને બદનામ કરવાનો છે; પણ અમો સમજી શકતા નથી કે, તેમ થતાં અમો બદનામ તે કેવી રીતે થઈ શકીએ છીએ.

ઈ. સ. ૧૯૧૬ ની સાલમાં આર્ય સમાજીઓના મુંબઈ ઈલાકાના અઠવાડીક પત્ર " આર્ય પ્રકાશે " સતપંથીઓની વિરૂદ્ધમાં માજા મુકીને લખાણ કરવા માંડયું હતું. અને તે લખાણોમાં ઇસલામ તથા ઇસલામીઓની વિરૂધ્ધતા કરવામાં પણ આવી હતી આવી રીતે સતપંથ તથા ઇસલામની હીમાયત કરવાને અમોએ " આર્ય પ્રકાશ " ના અજ્ઞાનતા ભર્યા લખાણોનો જવાબ આપવાને " આર્ય પ્રકાશની અજ્ઞાનતાનું ખંડન " નામની બુક જુદા જુદા ત્રણ ભાગોમાં છપાવી હતી. આ પુસ્તકમાં " સતપંથ " ની વ્યાખ્યાનો ખુલાસો અમોએ આ પ્રમાણે આપ્યો હતોઃ—

" સતપંથ અથવા પીરાણા મત એ કોઈ ધર્મ

"નથી કે, તેને અમુક ધર્મ કહી શકાય. તે તો એ
"ક સત્ય માર્ગ ગ્રહણ કરનારૂં મંડળ છે. ફ્રીમેશન
"મંડળનું દ્રષ્ટાંત આપવું અત્રે ઠીક થઇ પડશે. ખ્રી
"સ્તી, પારસી, યાહુદી, હીન્દુ, મુસલમાન વિગેરે
"જુદા જુદા ધર્મના લોકો તેના મેમ્બરો છે. હીન્દુ
"મેમ્બરો સતપંથનાં મુખ્ય સિદ્ધાન્તો માન્ય કરી
"તે સાથે હીંદુ ધર્મશાસ્ત્ર પ્રમાણે પોતાના આચાર
"વિચાર રાખે છે. મુસલમાન મેમ્બરો પણ તેના મુ
"ખ્ય સિદ્ધાન્તો માન્ય રાખી પોતાના મુસલમાની
"આચાર વિચાર પ્રમાણે ચાલે છે. આર્ય સમાજી,
"ખ્રીસ્તી, પારસી, યાહુદી વીગેરે પણ તેમાં જોડાઇ
"શકે છે. અને તેમાં જોડાવાથી તે પોતે જે ધર્મ
"પાળે છે તેના ગુપ્ત રહસ્યો તેના પર દીનપ્રતિદીન
"વધુ પ્રમાણમાં ખુલતાં જાય છે. આવી રીતની એક
"સર્વોત્તમ બાબતને તે અમુક ધર્મ છે એમ લખી
"નાખતાં જરાપણ તંત્રીજીને આંચકો કેમ નહિ આવ્યો
"હોય? શું એ ઇશ્વરના ગઝબની નીશાની ન ગણાય કે
"ખુદ ઉપદેશક પોતાંની ફરજ ભુલી જાય? એટલુંજ
"નહિ પણ બીજાને પણ ભુલાવવાને તત્પર થાય?!"

આર્ય પ્રકાશના તંત્રીની જેમ મી. વીરજી પણ સતપંથને એક જુદોજ ધર્મ સમજી બેઠા છે. અને તેમ થતાં ભ્રમોપર તેમણે ઇસનાઅશરી ધર્મ બદલી નાંખ્યાનું આ-

ધડત તોહમત મુક્યું છે. " આર્ય પ્રકાશની અજ્ઞાનતાનું ખંડન " નામનું અમારૂં પુસ્તક તેમના વાંચવામાં આવેલું હતું, તેમાં સતપંથની વ્યાખ્યા વિષે અમારો કરવામાં આવેલો ખુલાસો વાંચી જવા છતાં તેઓ સતપંથને એક ધર્મ કેવી રીતે કહેવાને નીકળ્યા તેમાં પણ એક ભેદ છે. અમો તેમને માત્ર એટલુંજ કહીશું કે " સતપંથ સાથેના અમારા સબંધને અમોએ ધર્મ બદલી નાંખ્યો છે. એમ લખી નાંખતાં મી. વીરજીને આંચકો કેમ નહિ આવ્યો ? શું એ ખુદાના ગઝબની "નીશાની" ન ગણાય કે, ખુદ ઉપદેશક પોતાની ફરજ ભુલી જાય. ભુલી જાય એટલુંજ નહિ, પણ બીજાને પણ ભુલાવવાને તત્પર થાય ! "

મી. વીરજીને એટલો પણ વિચાર ન થઇ આવ્યો કે, જો સતપંથ એક ધર્મજ હોયતો તેના પ્રેસીડેન્ટ સનાતની વિદ્વાન કેવી રીતે પસંદ થાય ? સુરતના પ્રખ્યાત અને આગેવાન વકીલ રા. રા. ગુલાબદાસ ભાઇદાસ તેના પ્રેસીડેન્ટ નીમાઇ શકતા હતા ? એક ધાર્મીક કોનફરન્સના પ્રેસીડેન્ટ કોઇ વિરૂદ્ધ ધર્મના આસામી નીમાઇ શકે ? પ્રેસીડેન્ટ ઉપરાંત આર્ય સમાજીઓ, પારસીઓ, સનાતનીઓ વીગેરે પણ મોટા પ્રમાણમાં હતા. આ સઘળી બાબતો મી. વીરજીને અવળા અનુમાન પર નહિ જવાને પુરતી હતી; પણ દિલગીરિની વાત છે કે તેમણે ખરી

સમજથી કામ લીધું નથી અને માત્ર નપસાનિયત ઉપરજ સંતોષ પકડયો છે.

મી. વીરજીના આક્ષેપનો ઉપર પ્રમાણે ટુંક જવાબ આપી, હવે અમો સતપંથ પ્રકાશક મહામંડળના મેલાવડામાં જોડાઇ, કયો હેતુ સાધવા માગતા હતા તે જણાવવા માગીએ છીએ. તે મંડળમાં તેના પ્રોગ્રામમાં જણાવવા મુજબ અમો ભાષણ આપવાના હતા, પણ સભા વખતે એટલો તો ધોધમાર વરસાદ પડવા માંડયો કે, બીજા કેટલાક કામોની જેમ અમારા ભાષણને વાંચવાનું કામ પણ બનાવી નહિ શકાયુ હતું. આ ભાષણથી અમારો તે મંડળ સાથેનો સબંધ કેવા હેતુપર યોજાયેલો છે તે જાણી શકાય છે તેથી તે ભાષણ સદાબરૂ નીચે આપીએ છીએ.

સતપંથ પ્રકાશક મહા મંડળની બીજી વાર્ષિક કોનફ્રરન્સમાં નવસારી મુકામે મી૦ એદલજી ધનજી કાબાએ " સતપંથનું રહસ્ય " એ વિષયપર આપેલું ભાષણ.

સતપંથનું રહસ્ય.

મેહરબાન માનવંતા પ્રેસીડેન્ટ સાહેબ, જનાબ પીર જાદાઓ સઇયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબ, વ્હાલા સતપંથી બંધુઓ, સતપંથીયણ બાહેનો અને પધારેલા અન્ય સદગૃહસ્થો !

જનાબ પીરજાદાઓ સઇયદ મીર પીઆરે સાહેબ તથા સદરૂદીન સાહેબ તથા આ મંડળની કાર્યવાહક કમીટીએ મને "સતપંથના રહસ્ય" ઉપર કોનફરન્સ પ્રસંગે ભાષણ આપવાને જણાવ્યું; જો કે હું તે કામને માટે પોતાને લાયક જોતો નથી; પરંતુ જ્યારે મને તે માટે આગ્રહ કરી ફરમાવવામાં આવ્યું ત્યારે તે માટે ઇનકાર કરવો એ બેઅદબી જેવું મને લાગ્યું; તેથી આજ્ઞાને માથે ચડાવી મેં આ ટુંક ભાષણ તૈયાર કર્યું છે. જે આજ્ઞાનુસાર હું વાંચી સંભળાવું છું. તેમાં ભુલચુક હોય તો, આપ મહાશયો મોટું દીલ બતાવી ક્ષમા આપશો.

માનવંતા ગૃહસ્થો !

મહાન પરમ કૃપાળુ પરમાત્માએ પોતાની દયા ભરી દ્રષ્ટિથી મનુષ્યોને બુદ્ધિનો પ્રકાશીત દીવો અર્પણ કીધો છે. આ દીવો એવો તો પ્રકાશીત છે કે, તે મનુષ્યને દરેક અંધકાર તથા ઠોકરથી બચાવી સત્ય અને નિર્ભય માર્ગ બતાવે છે. બુદ્ધિથીજ મનુષ્યો દરેક પ્રકારનો, આ લોક તથા પરલોકનો સુધારો કરી શકે છે. બુદ્ધિથીજ મનુષ્યો દીનપ્રતિદીન જંગલીપણું તજી ખરા મનુષ્યો થતા જાય છે. બુદ્ધિથીજ આ જગતનો પ્રફુલિત બાગ મઘમઘી રહ્યો છે. દરેક પ્રકારનો હેરત પમાડનારો વિદ્યા-કલાનો સુધારો, એ

બુદ્ધિનોજ ચમત્કાર છે. જ્યાં જુઓ ત્યાં બુદ્ધિનીજ રાગ રાગણીઓ ગવાઇ રહી છે.

પરંતુ બુધ્ધિની આવી ખુબીઓ સાથે એક એબ પણ લાગેલો છે કે, તે ભુલ રહિત નથી. ગમે તેવો બુધ્ધિશાળી કે ફીલોસોફર હોય, પરંતુ તે કોઇ ન કોઈ વખત ભુલ ખાઇ જાય છે. અને ભુલને લઇ એવું કાર્ય કરી બેસે છે, અથવા એવો હુકમ કરે છે કે, જે અતિ હાની કારક નીવડે છે. બુદ્ધિ રૂપી ચંદ્રમાં આ એબ એક ડાઘ સમાન છે. અને તે ડાઘ ચંદ્રમાં જોવામાં આવતા ડાઘની જેમ સ્પષ્ટ જણાઇ આવે છે.

આ બાબતની ખાત્રી માટે આપણે જગતમાં પંકાએલા ફીલસુફો તરફ નજર દોડાવવી જોઇએ. કોઇએ પ્રથમ એક વાતને કબુલ કરી, તો પાછળથી બીજાએ તેને તોડી પાડી. એક વખતે એક વિદ્વાનની વાત કુદરતના કાયદાની જેમ સર્વદા ખરી મનાવા લાગી તો, બીજે વખતે તેની તેજ વાતો જુઠી ઠરી ગઇ. ફીલોસોફર બતલીમુસે કહ્યું કે, પૃથ્વી સ્થિર અને સુર્ય તેની આસપાસ ફરે છે. પ્લેટો તથા એરિસ્ટોટલ જેવા પ્રખ્યાત વિદ્વાનો પણ તેને પગલે ચાલી ગયા. એ સર્વનો એજ મત હતો કે, પૃથ્વી સ્થિર અને સુર્ય તેની આસપાસ ફરે છે. આવી માન્યતા હજારો વર્ષ લગી લોકોમાં ખરી મનાયા કીધી.

હકીમ શીશાગોર્સે તે સઘળાઓની વિરૂદ્ધમાં પોતાનો મત જાહેર કીધો. અને બતલીમુસના સિધાન્તને પુષ્કળ દલીલોથી તોડી પાડી સિધ્ધ કરી જણાવ્યું કે, સુર્ય સ્થિર અને પૃથ્વી તેની આસપાસ ફરે છે. આજે દુનિયાના સઘળા સુધરેલા દેશોમાં મજકુર શીશાગોર્સનો સિધાન્ત સત્ય મનાય છે. અને તેનું શિક્ષણ સ્કુલો તથા કોલેજોમાં પણ અપાય છે.

આત્માના સબંધમાં પણ, આ લોકો બહુજ મતભેદ ધરાવે છે. એરિસ્ટોટલ આત્મા યાને જીવની હસ્તીને સ્વીકારે છે સોક્રેટીસ કહે છે કે, અમારી જીંદગી ઇશ્વરની હસ્તી પર અવલંબી રહેલી છે. ઇશ્વરની હસ્તી અનાદિ છે અને અમારી હસ્તી વિનાશી છે તેથી અમો નાશ પામીએ છીએ. કેટલાકો કહે છે કે જીવ એવી કોઇ વસ્તુ છેજ નહિ. માત્ર શરીરની ગતિને જીવ .એવું નામ આપવામાં આવ્યું છે. આ ગતિ મનુષ્યના મૃત્યુ સાથે નાબુદ થાયછે.

પ્લેટો કહે છે કે, મનુષ્યના મૃત્યુ પછી, જો તેણે સારાં કામો કરેલાં હોય તો તે સારા આત્માઓ સાથે મળી જઇ અવિચળ આનંદ મેળવે છે અને જો નઠારાં કૃત્યો કરેલાં હોય તો, નઠારા આત્માઓ સાથે મળી જઇ અવિચળ દુઃખ ભોગવે છે. કેટલાકોએ કહ્યું કે, પુનર્જન્મ થાય છે. કર્મોને લઇ લક્ષ

ચોર્યાશી યોનીમાં અનુક્રમે અવતરવું પડે છે. મનુષ્યમાં દાખલ થએલો આત્મા, મનુષ્યના મૃત્યુ પછી તેના કર્મોને લઇ, પશુ કે જંતુમાં દાખલ થાય છે. કોઇએ કહ્યું કે મનુષ્ય જેવા કર્તવ્યો કરે છે. તેવોજ તેને અહીં બદલો મળી જાય છે. કોઇએ કહ્યું કે, મૃત્યુ વખતે જેવી ઇચ્છા હોય છે તેવો અવતાર મૃત્યુ પછી મળે છે. કેટલાકો કહે છે કે, મૃત્યુ પછી કરેલાં કર્તવ્યોનો બદલો સ્વર્ગ યા નર્ક મળે છે. કોઇએ મનુષ્યોને એક જાતનો ભાજીપાલો સમજી લીધો છે. કોઇએ કહ્યું કે, મનુષ્યો વાંદરામાંથી ઉતપન્ન થયા છે. કોઇએ કહ્યું કે, જગતમાં કાંઇ નથી. માત્ર જે જોવામાં આવે છે તે દ્રષ્ટિની ભુલ છે. વિગેરે વિગેરે બુદ્ધિશાળી કહેવાતા પુરૂષોમાં પણ એટલો બધો મતભેદ જણાય છે કે, તેમાંથી સત્ય તારવનાર કદીપણ ફતેહમંદ થઇ શકે નહિ. આ ઉપરથી જણાય છે કે, કોઇપણ બુદ્ધિ ચોક્સ નિર્ણયપર આવી શકતી નથી તેમ જગતમાં કોઇપણ વિદ્વાન એવો દાવો કરી શકતો નથી કે, મારી સમજમાં બીલકુલ ભુલજ નથી. જ્યારે બુધ્ધિ ભુલરહિત નથી અને આત્માના જ્ઞાન, ધર્મ તથા છેવટના સત્યની ખાસ આવશ્યકતા છે. તો તેવી ખાસ અગત્યની આવશ્યકતાને માત્ર ભુલરહિત નહિ, એવી બુદ્ધિની દલીલો ઉપરજ છોડી આપવી. એ કોઇપણ રીતે વાસ્તવિક જણાશે નહિ. જગતનો ઉતપન્ન કરનાર કોણ છે ? જગત કેવી રીતે ઉતપન્ન થયું ?

તેનું છેવટ શું થશે ? મૃત્યુ પછી આત્માની શી સ્થિતિ થશે ? છેવટના પ્રકાશીત સત્યો ક્યાં ક્યાં છે ? એ વીગેરે વીગેરે બાબતોને ખાત્રીપુર્વક જણાવી આપે, તેવા કોઈ પ્રકાશીત સાધનની પુરેપુરી આવશ્યતા હતી કે, જેમાં લેશ માત્ર જુઠાણું હોય નહિ. અને તે દરેક વખતે બુધ્ધિને ગેરરસ્તે જતી અટકાવે. આવા પ્રકાશીત સાધનને હીન્દુ શાસ્ત્રમાં અવતાર અને મુસલમાની શાસ્ત્રમાં પેગંબર એવા નામો આપવામાં આવ્યાં છે. અવતારો યાને પેગંબરો ઐશ્વરી જ્ઞાનને સત્ય સંદેસાદ્વારા જણાવનારા અને તે વાતોને જગતમાં ફેલાવતા હતા. આવા અવતાર યાને પેગંબરોના સત્ય પ્રવર્તક વૃતાન્તો હીન્દુ, મુસલમાન તથા અન્ય ધર્મના શાસ્ત્રોમાં ભરપુર ભરેલાં છે.

ઇશ્વરે તેવા અવતારી પુરૂષો યાને પેગંબરોને મનુષ્યો માંથીજ ચુંટી કહાડયા, કે જેથી લોકો તેમનું અનુકરણ કરવાને આંચકો ખાય નહિ. જો કોઇ બીજા સ્વરૂપમાં હતે તો લોકો તેમની સાથે હળીમળી શકતે નહિ. આવા અવતારી પુરૂષોને ખાત્રીપુર્વક જ્ઞાન સાથે અવતારી સનદ તરીકે ચમત્કારો આપ્યા; કે જેથી લોકો તેમના બોલવાપર આસ્થા લઇ જાય, સાથેજ પેગંબરોને ઉપદેશ કીધો કે, લોકો આ સત્ય વાતો બુધ્ધિપુર્વક સ્વીકારે, તે ધોરણે ઉપદેશ કરવો. કોઇના પર જરાપણ જબરદસ્તી કરવી નહિ; કેમકે

જો બળાત્કાર કરે તો ખરી વાત અંતઃકરણમાં ઠસી શકે નહિ.

જેવી રીતે ઐશ્વરી સંદેશો પવિત્ર અને ભુલ રહિત હતો, તેવીજ રીતે તે સંદેશો જેની સાથે મોકલવામાં આવે છે તે પણ તે સંદેશાનું જીવનરૂપ હોય તેમાં કાંઇ નવાઇની વાત નથી. આવું મહાન કાર્ય જેણે બજાવવાનું છે અને જેણે જગતના ફીલસુફોના ભુલભરેલા મતભેદો તોડયા છે તે મહાપુરૂષો કેવા જ્ઞાની અને પવિત્ર હોવા જોઇએ તેનું સર્વ કોઇ અનુમાન કરી શકે છે. આવા મહાપુરૂષો શુધ્ધ અંતઃકરણના, કુદરતી રીતે સઘળા પાપોથી રહિત, અને તેમની બુધ્ધિ સર્વથી શ્રેષ્ટ હતી. તેમની હીમ્મત બહોળી અને સંપુર્ણ દ્રઢતા વાળી હતી. જમીન આસમાન તેની મર્યાદા છોડી આપે પણ તેઓ પોતે કદીપણ પોતાના કામથી ડગતા નહિ હતા. સત્યવાત જાહેર કરવામાં કદીપણ તેઓ ચુપ રહેતા નહિ. ઐશ્વરી સંદેશાપર સંપૂર્ણ અમલ કરનાર, અમલ કરાવનાર, પાક, સદગુણી, અને ઐશ્વરી ફરમાનોના પવિત્ર નમુના હતા ઐશ્વરી ફરમાનો પ્રચલિત કરવામાં તેઓ સંપૂર્ણ કોશીશ કરતા હતા. કોમના ખરા શુભેચ્છક હોવા સાથે પોતાના અંગત સ્વાર્થથી બેપરવા હતા. માત્ર ખુદાઇ માર્ગને માટે લોકોની આત્મિક તથા વ્યવહારિક ઉન્નતિ કરવાનુંજ તેમણે બીડુ ઝડપ્યું હતું. તે શુરા, બળવાન, અને સાચા રીફ઼ાર્મર હતા.

ખુદાઇ હુકમોની બજાવણીમાં તેમની દૌલત, ઓલાદ, અને પ્રાંણ સુધ્ધાં કુરબાન હતા. તેમને લોકો ગમે તેટલું દુખ આપે, લાલચ આપે, ધગધગતી અગ્નિમાં હોમી દેવામાં આવે, તેમની ગરદન ઉપર છરી ચલાવવામાં આવે, તેમના મસતક પર કરવત ચલાવવામાં આવે; તોપણ ખુદાઇ ફરમાનો કહેતા અટકતા નહિ. જગતના લોકોની વિરૂધ્ધતાને તેઓ એક રાઇના દાણા બરાબર પણ લેખવતા નહિ

ઉપર જણાવેલો અવતારી યાને પેગંબરી સિધાન્ત હીન્દુ તથા મુસલમાન અને અન્ય ધર્મના શાસ્ત્રોથી પણ સિધ્ધ થાય છે. જ્યારે જ્યારે ધર્મની હાની તથા અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે ઇશ્વરની દયાની શક્તિમાં અ સાધારણ ગતિ ઉતપન્ન થઇ, તે પેગંબર યાને અવતારી પુરૂષને ધર્મની હાની તથા અધર્મની વૃદ્ધિના વિનાશ માટે મોકલાવે છે. આ બાબતનો સબળ પુરાવો ગીતા તથા કુરાન શરીફના પુસ્તકો પુરો પાડે છે. આ માટે ગીતામાં નીચેના બે શ્લોકો ખાસ ધ્યાન ખેંચનારા છે

શ્લોકો

યદા યદા હિ ધર્મસ્ય, ગ્લાનીર્ભવતિ ભારત,
અભ્યુતથાનમ ધર્મસ્ય, તદાતમાનં સૃજા મ્યહમ ॥ ૭ ॥
પરિત્રાણાય સાધુના વિનાશાય ચ દુષ્કૃતામ
ધર્મ સ્થાપના થાર્ય સંભવામિ યુગે યુગે ॥ ૮ ॥

૧ જ્યારે જ્યારે ધર્મની હાની અને અધર્મીની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે હે ભારત, હું શરીર ધારણ કરૂં છું.

૨ સતપુરૂષોનું તારણ કરવા અને પાપીઓનો વિનાશ કરવા માટે, તેમજ ધર્મની સારી રીતે સ્થાપના કરવા માટે હું યુગે યુગે અવતરૂં છું.

શ્રી ગીતાના ઉપરના બંને શ્લોકોથી સિધ્ધ થાય છે કે, જ્યારે જ્યારે ધર્મની હાની અને અધર્મની વૃધ્ધિ થાય છે ત્યારે ત્યારે તથા સતપુરૂષોનું તારણ કરવા અને પાપીઓનો વિનાશ કરવા માટે ઇશ્વર પેગંબર યાને અવતારી મહાપુરૂષો મોકલે છે. વળી આ શ્લોકોથી એમ પણ સિધ્ધ થાય છે કે, આ સૃષ્ટિની ઉતપતીથી લઇ હમણાં સુધીમાં જ્યારે જ્યારે અવતારી મહાપુરૂષની ઉપર જણાવ્યા પ્રમાણે આવશ્યકતા જણાઇ હશે ત્યારે ત્યારે તેઓએ અવતાર લીધો હશે. વળી આખું જગત એકજ ઇશ્વરનું સરજેલું છે. સઘળા મનુષ્યો તેનીજ ઉતપતી છે. તેથી જે જે દેશમાં અવતારી મહાપુરૂષોની જરૂર આવી લાગી હશે ત્યાં ત્યાં તેઓએ જરૂર જરૂર અવતાર લીધો હશે. યુરોપ, અમેરિકા, આફ્રીકા, એશીઆ, આસ્ટ્રેલીઆ, વિગેરે કોઇપણ દેશ અવતારી મહાપુરૂષોથી બાકાત નહિ રહેવા પામ્યો હોય, તો તેથી માત્ર હિંદુસ્તાનમાંજ તેવા અવતારી પુરૂષો થયા છે એવું માનવું તદન બુધ્ધિની નબળાઇ જણાવે છે.

સઘળી જે જે દેશમાં જે જે ભાષા હશે અને જે જે ધર્મ હશે તે તે ભાષા તથા ધર્મમાં તે તે અવતારી મહાપુરૂષો યાને પૈગંબરો થયેલ હશે; કેમકે સઘળી સૃષ્ટિ તથા સઘળા મનુષ્યો તેનાજ છે.

સમગ્ર સૃષ્ટિ માટેના પવિત્ર શાસ્ત્ર કુરાને શરીફમાં પણ શ્રી ગીતાના ઉપર જણાવ્યા પ્રમાણે ગાજ શ્લોકો આવેલા છે. અને તેમાં પણ ઇશ્વરનો અવતારી મહાપુરૂષો યાને પેગંબરો મોકલવાનો નિયમ સ્પષ્ટ રીતે જણાવી અપાયો છે. કુરાને શરીફમાં ફરમાવ્યું છે કેઃ—

—શ્લોકો—

૧ વલે કુલ્લે ઉમ્મતિર રસુલ્ના ફઐઝા જા
રસુલોહુમ કેદિયા બૈનોહુમ બીલ કીસ્તે,
વહુમ લા યુઝલે મુન

૨ વ ઇન મિન ઉમ્મતિન ખલા ફીહા નઝીર

૧ પ્રત્યેક પ્રજા માટે પેગંબરો યાને અવતારી મહાપુરૂષો (હોય) છે. તો જ્યારે તેમનો અવતારી પુરૂષ તેમનામાં આવે છે ત્યારે તેમનામાં ન્યાય પુર્વકનો ફેંસલો કરવામાં આવે છે. અને તેમનાપર કશોપણ જુલમ થવા પામતો નથી.

૨ એવી એક પણ પ્રજા નથી કે, જેમાં બીહવડાવનાર પેગંબર યાને (અવતારી મહાપુરૂષ) ન થવા પામ્યો હોય.

ઉપરના હિંદુ તથા મુસલમાન શાસ્ત્રોથી દરેક દેશમાં પેગંબર યાને અવતારી મહાપુરૂષો થયાનું સિદ્ધ થાય છે. કુરાને શરીફમાં પ્રખ્યાત પેગંબરો યાને અવતારી પુરૂષો જેવા કે, હજરત આદમ, ઇબ્રાહીમ, મુસા, ઇસા, દાઉદ તથા છુર ખફા હજરત મહંમદ (સ૦) વીગેરે વીગેરેના હેવાલો આપેલા છે. બાયબલમાં તેવીજ રીતના વૃતાન્તો છે તોરેત તથા ઝબુર નામના આકાશી ગ્રંથોમાં પણ એજ પ્રમાણે છે. વળી મુસલમાની ધર્મશાસ્ત્રમાં સઘળા મળીને એક લાખ ચોવીશ હજાર પેગંબરો થયાનું તથા સંખ્યાબંધ આકાશી પુસ્તકો ઉતર્યાનું જણાવેલું છે. પરંતુ થોડાક ડઝન સિવાય બાકીના નામોની યાદી તેમની પાસે નથી આ એક લાખ ચોવીસ હજાર પેગંબરોનું નામદાર વર્ણન કુરાને મજીદમાં નહિ હોવાનું ખુદ કુરાનજ ઇકરાર કરે છે કુરાને મજીદ ફરમાવે છે કેઃ—

શ્લોક

વ લકદ અર્સલ્ના રોસોલમ મીન કબ્લેકા મીનહુમ
મન કસસના અલૈકા વ મીનહુમ મનલમ નકસુસ

અર્થઃ—અમોએ તારી પુર્વે પેગંબરો મોકલ્યા, તે પૈકી કેટલાકનું વર્ણન અમોએ તારી પાસે કીધું છે અને કેટલાકનું નથી કીધું.

એજ પવિત્ર પુસ્તક કુરાને મજીદમાં બીજી જગોએ પૈ

ગંબરોમાંના અસંખ્યની હકીકત ગુપ્ત રહ્યાનું વર્ણન અ-પાયું છે, તેમાં ફરમાવવામાં આવ્યું છે કેઃ—

શ્લોક

કુલુ આમન્ના બીલ્લાહે વમા ઉનઝેલા ઇલેયના વમા ઉનઝેલા એલા ઇબ્રાહીમા વ ઇસમાઇલા વ ઇસહાકા વ યાઅકુબા વલ અસ્બાતે વમા ઉતી મુસા વ ઇસા વમા ઉતીન નબીયુના મીન રબ્બેહીમ લા નો ફરરેકો બેયના અહદીમ મીનહુમ વ નાહનો લહુ મુઝલેમુન

અર્થઃ—કહો કે "અમે ઇશ્વરપર ઇમાન લાવ્યા છીએ અને ઇમાન લાવ્યા છીએ તે સંદેસાપર, જે તારા તરફથી આપવામાં આવ્યો અને તે સંદેસાપર, જે ઇબ્રાહીમ, ઇસ-માઇલી, ઇસહાક, યાકુબ અને તેની ઓલાદપર ઉતર્યો અને અમો ઇમાન લાવ્યા છીએ, તે એશ્વરી વચનોપર, જે મુસા તથા ઇસાને આપવામાં આવ્યાં અને અમો ઈમાન લાવ્યા છીએ એ સંદેસાપર જે દુનિયાના સઘળા પેગંબરોને તેના ઇશ્વર તરફથી આપવામાં આવ્યો અમો તે પેગંબરોમાંથી કોઇમાં ફરક નથી કરતા અને અમો ઇશ્વરના તાબેદાર બંદા છીએ." તો બનવા જોગ છે કે, તે એક લાખ ચો વીશ હજાર પેગંબરોમાં હિંદુસ્તાનમાં થઇ ગએલા પેગંબ-રોના નામો પણ હોય; કેમકે હિંદુસ્તાન જેવા મોટી વસ્તી-વાળા દેશને ઇશ્વરે અવતારી પુરૂષોથી બે નસીબ રાખેલ

હોય એમ માની શકાય નહિ; કેમકે દરેક દેશ માટે તેવા પુરૂષો મોકલાયાનું કુરાને શરીફનું ફરમાન ઉપર જણાવી ગયા છીએ.

હિંદુસ્તાનમાં થએલા પેગંબરોના નામો મુસલમાની પુસ્તકોમાં જણાતાં નથી; પરંતુ એક લાખ ચોવીસ હજારની સંખ્યામાં તે ગુપ્ત રહ્યાં હોય તે નિર્વીવાદ વાત છે. વળી હિંદુ લોકોએ પણ એમ નહિ માની લેવું જોઇએ કે, તેવા અવતારી પુરૂષો માત્ર હિંદુસ્તાનમાંજ થયા છે. ઈશ્વર તો સઘળા જગતનો એક છે સઘળા જગતને સત્ય માર્ગનો ઉપદેશ આપવો એ ઇશ્વરનો પવિત્ર ન્યાય છે. તો તે બીજા દેશોને તેવી ન્યામતથી કેમ બાકાત રાખે ? વળી આ દેશની ભાષા મુળથી સંસ્કૃત હતી, તેથી તેવા અવતારી પુરૂષો ઉપર જે આકાશી પુસ્તક મોકલવામાં આવ્યું હશે તે સંસ્કૃત ભાષામાંજ હશે અને બનવા જોગ છે કે, તેવા કેટલાક ઉચ્ચ કોટિના સંસ્કૃત પુસ્તકો તે આકાશી પુસ્તકો હોય; પરંતુ હંમેશાં એમ થતું આવ્યું છે કે એક અવતારી મહાન પુરૂષના મૃત્યુ પછી કેટલાક સૈકા પછી લોકો અજ્ઞાનતામાં સપડાઇ ગયા છે અને તેમણે તે આકાશી પુસ્તકમાં અજ્ઞાનતાને લઇ અથવા સ્વાર્થતાને લઇ ફેરફાર કરી નાંખેલો અને તેમ થતાં ધર્મની હાની તથા અધર્મની વૃદ્ધિ થવા પામી હશે. જેવી રીતે યાહુદી, ખ્રીસ્તી વીગેરે ધર્મમાં થવા પામ્યું અને તેથી તેવી ધર્મની થએલી

હાની તથા અધર્મની વૃદ્ધિ ટાળવાને અરેબીઆમાં પેગંબર ગુરૂ થઈ મહંમદે અવતારી મહાપુરૂષ તરીકે જન્મ લીધો. એજ ધોરણે આપણા હિંદુસ્તાનમાં પણ થયું હશે અને તેથી આપણા તેવા આકાશી પુસ્તકોમાં પણ અજ્ઞાન તથા સ્વાર્થી આચાર્યોએ ફેરફાર કરી નાંખેલો હશે અને ફેરફાર કરી નાંખેલો ખુલ્લી રીતે સાંભળવા તથા જોવામાં આવે છે; પરંતુ તેથી પ્રથમના તેવા પુસ્તકો આકાશી પુસ્તકો નહિ હતાં અથવા તે જેમનાપર ઉતર્યા હતાં તે અવતારી પુરૂષો નહિ હતાં એમ કહી શકાશે નહિ માટે તેવા પુસ્તકો તથા અવતારી પુરૂષો તરફ કોઇપણ હિન્દુ કે મુસલમાનને અભાવ રાખવો ઉચિત નથી માત્ર તેમના પુસ્તકો તથા વૃતાન્તોમાં સ્વાર્થિ તથા અજ્ઞાન આચાર્યોએ જે કાંઈ ફેરફાર કરી નાખ્યો હોય અને તેથી તેનો જે ભાગ સત્ય પ્રાપ્તી માટે વિન્ધકર્તા જણાતો હોય, તેને બિન જરૂરનો માનવો જોઇએ; કેમકે તેવા અજ્ઞાન તથા સ્વાર્થિઓના મન ધડંત ફેરફારને તાબે થવાને આપણે બંધાએલા નથી. સત્ય એજ મનુષ્યની મીલકત છે અને તેનેજ પ્રાપ્ત કરવાને તેને અધિકાર છે.

ધર્મની હાની તથા અધર્મની વૃધ્ધિનો અર્થ એમ જોવામાં આવ્યો છે કે, અનેક દેશો તથા સમયોમાં અનેક અનેક રાક્ષશી પ્રકૃતિના દૈત્યો તે અવતારી મહાપુરૂષો સામે

થઇ સત્યનો વિનાશ કરવાને ઉભા થયા હતા અને તેવા રાક્ષસો સામે તે અવતારી પુરૂષોને દ્રઢતા, સહનશીલતા, બહાદુરી. હીંમ્મત, વીગેરે આગળ જણાવવામાં આવ્યા, તેવા સત્યના હથીયારોથી મહાન યુધ્ધો કરવા પડયા હતા અને તેમ કરી ધર્મની હાની તથા અધર્મની વૃધ્ધિનો વિનાશ કરી સર્વથા સત્યને સ્થાપન કીધું હતું. જો હિન્દુ, મુસલમાન ખ્રીસ્તી, યાહુદી વીગેરેના ધર્મોના ઇતિહાસો જોવામાં આવે તો તેમાં આ બાબતો ભરપુર ભરેલી જોવામાં આવશે. અવતારી પુરૂષ બ્રહ્માને પોતાના પુત્ર દૈત્ય શંખાસુર સાથે અવતારી પુરૂષ નૃસિંહને દૈત્ય હીરણ્ય કંશ્યપ સાથે, અવતારી પુરૂષ વામનને દૈત્ય બલીરાજા સાથે, અવતારી પુરૂષ પરશુરામને પોતાના દૈત્ય પિતા જમદગ્નિ સાથે, અવતારી પુરૂષ રામને દૈત્ય રાવણ સાથે, અવતારી મહાપુરૂષ બૌધ્ધને રાક્ષસી ખસક્ષતના બ્રાહ્મણો સાથે, યુધિષ્ટરને કૌરવો સાથે, શ્રીકૃષ્નને પોતાના રાક્ષસી મામા કંસ સાથે ધર્મની હાની તથા અધર્મની વૃદ્ધિ અટકાવવા માટે મહાન નૈતિક યુધ્ધો કરવા પડેલાં હતાં; તેજ ધોરણે પેગંબર ઇબ્રાહિમને રાક્ષસી રાજા નમરૂદ સાથે, પેગંબર મુસાને રાક્ષસી રાજા ફીરઓન સાથે, પેગંબર હજરત મહંમદને દૈત્ય કાલીંગા (અબુ જેહલ) સાથે અને બીજા સંખ્યાબંધ પેગંબરોને કોઇને દૈત્ય સામરી સાથે, કોઇને દૈત્ય શદાદ સાથે, કોઇને દૈત્ય કારૂન સાથે, કોઇને દૈત્ય હામાન

સાથે, વીગેરે વીગેરે સાથે ધર્મની હાની તથા અધર્મ વૃદ્ધિ દુર કરવાને દારૂણુ નૈતિક યુદ્ધિો કરવા પડયાં છે.

આવા સમગ્ર જગતમાં જુદી જુદી કોમોમાં થ ગએલા પેગંબરો તથા તેમનાપર ઉતરેલાં જુદી જુદી ભ ષાના આકાશી પુસ્તકોનો હેતુ મનુષ્યજાતને સત્યનું દીગ દર્શન અને અસત્યનો વિનાશ કરવાનો હતો. વળી પેગં તથા તેમનાપર ઉતરેલાં આકાશી પુસ્તકોનો હેતુ કાંઇ જુદ જુદા સંપ્રદાયો ઉભા કરવાનો નહિ હતો; પરંતુ સમગ્ર જગતમાં સત્યનો પ્રચાર અને અસત્યનો વિનાશ કરવાનો હતો; પરંતુ સ્વાર્થિ આચાર્યોએ તેવા સત્યના પ્રચાર અને અસત્યના વિનાશના પ્રયાસને જુદા જુદા સંપ્રદાયો ઉત- પંન કરવામાં ફેરવી નાખી પોતાનો સ્વાર્થ સાધવા માંડયો આવી સ્થિતિ બીજા દેશો કરતાં હિંદુસ્તાનમાં હદ ઉપરાં- તની થઇ પડી. સંપ્રદાયોની સખ્યા વધી પડી; એટલુંજ નહિ પણ એક ઘરમાં ૧૦ માણુસ હોય, તે એક બીજાનું પાણી પીવા કે ખાવામાં અભડાય. એક ઘરમાં હરતાં ફરતાં કોઇ અભડાયને કોઇ ન અભડાય મુર્તિપુજા, મેલડીની પુજા, પથ્થરની પુજા, સુર્યની પુજા, ચંદ્રની પુજા, ઢોરની પુજા, પક્ષીની પુજા, અનાજની પુજા વધી અને લોકો ચોડાને દેવ વિશેષ થયા. કર્મકાંડની કડાકુટ વધી અને નીતિ- રીતિનો લોપ થયો. આવી સઘળી સ્થિતિ નાબુદ કરવાને

સતપંથના યશસ્વી તથા પ્રતાપી પીરો પીર નુરૂદીન, શમ-શુદીન, સદરૂદીન, કબીરૂદીન, ઇમામુદીન વીગેરે વીગેરેએ પે-ગંબરો તથા આકાશી પુસ્તકોના અભ્યાસ પછી પ્રયત્ન શરૂ કીધો અને કોઇપણ સંપ્રદાય કે વ્યક્તિને આડે ન આવવાનું ધોરણ ગ્રહણ કરી, સતપંથના સિદ્ધાંતને સત્યનું દીગદર્શન અને અસત્યનો વિનાશ કરવામાં સકોશી નાંખ્યું અને હિન્દુ ખ્રીસ્તી, યાહુદી વિગેરે દરેક ધર્મના પુસ્તકો-માંથી એશ્વરી સત્ય જે બાકી રહ્યું હતું, તે તારવી કાઢી તે બારેના કાવ્યમાં પુસ્તકો રચ્યાં; જેને જ્ઞાન શાસ્ત્ર કહેવામાં આવે છે, તે પુસ્તકોમાં લોકોના કલ્યાણાર્થે સત્ય જલદીથી પ્રચલિત થાય તેવા મીશનરી ધોરણો તથા પ્રયોગો આપ્યા અને પોતે તેના આબાદ નમુના થયા અને હિંદુ કે મુસ-લમાન વચ્ચે કાંઇપણ ભીન્નતા નહિ રાખતાં, તેત્રા જ્ઞાનનો તેમાં પ્રચાર કીધો. આજે જો કે તે જ્ઞાન શાસ્ત્રનો પ્રચાર કરવાનું કાર્ય મંદ પડી ગયું છે તથાપિ નાના નાના પ્ર-યાસો પોતાનો કાંઇક પ્રકાશ જરૂર પાડતા રહે છે. અને લોકો અસત્યના વાડામાંથી પોતાના આત્માને નિરાળો કરી સત્યના બાગમાં મહાલતા થાય છે.

આપણો સતપંથ પણ એજ પંથ છે કે, અવતારી પુરૂષોના સત્યો તથા વૃતાન્તોને સ્વીકારવા અને તે સત્યો તથા વૃતાન્તોથી નૈતિક પાઠો મેળવવા અને પેલા શાક્ષી

દૈત્યો તથા તેમના અનીતિ ભરેલા વૃતાન્તો-કૃત્યો તિરસ્કાર રાખવો અને તેમાં જે અનીતિના પાઠો ભરેલા છે તેનાથી પોતાને બચાવવાને હમેશાં તત્પર રહેવું અને એજ ધોરણ દરેક અવતારી પુરૂષના વખતમાં તે વખતના સતપંથી એનું રહેલું છે અને તેવી બાબતો ઇતિહાસો તથા શાસ્ત્રોમાં વર્ણન થયેલી આપણે વાંચીએ તથા સાંભળીએ છીએ. માટે જે જે શાસ્ત્ર તથા વૃતાન્ત હોય, ભલે પછી તે ગમે તે દેશ, કે કોમનું હોય, પણ જો તેમાં અવતારી મહાપુરૂષોએ અર્પણ કરેલ સત્ય હોયતો, તે કાંઇપણ ધર્માભિમાન પણ નહિ રાખતાં તેનો સ્વીકાર કરવો એ આપણાં પવિત્ર સતપંથનો મુદ્રાલેખ છે. અને આ એવોતો પવિત્ર મુદ્રાલેખ છે કે, જેનો જગતનો કોઇપણ બુદ્ધિશાળી પુરૂષ ઇનકાર કરી શકશે નહિ અને તેનો જે ઇનકાર કરશે તો ખુલ્લી રીતે રાક્ષસી દૈત્યોના અસત્ય તથા અનીતિવાન પાઠોને ગૃહણ કરનારો બનાશે; માટે હમેશાં અવતારી પુરૂષોના સત્યના અધિકારી થવામાં સમય ગાળવે; તેમાં નાણું અર્પવું, પોતે લાભ લેવો તથા બીજાઓને અપાવવો એવું ધોરણ રાખવું જોઇએ. વળી જે સત્ય ગૃહણ કરવામાં આવે તે હીન્દુ કે મુસલમાન કે બૌધ્ધ કે ખ્રીસ્તી કે અન્ય ધર્મના પુસ્તકનું છે માટે તેનો અનાદર કરવો નહિ; માત્ર એટલુંજ જોવું જોઇએ કે, તે સત્ય છે કે નહિ? અને જો તે સત્ય હોય તો તે આપણા સતપંથની તથા ...

ધિક્કારી થનારની મીલકત છે અને તે આપણી પોતાનીજ વસ્તુ છે એમ જાણી તેને ગ્રહણ કરી લેવી. સત્ય જ્યાં હોય ત્યાં તે સત્યજ હોય છે. કીંમતી હીરો મિત્ર કે શત્રુ ગમે તેના હાથમાં હોય પણ તે કીંમતી હીરોજ છે તેવી રીતે સત્યરૂપી હીરો જેના હાથમાં હોય તેના હાથમાં તે કીંમતી જણસજ રહેવાનો, તેને આપણીજ ગુમ થએલી વસ્તુ સ-મજવી અને તે જ્યાં અને જ્યારે મળે ત્યારે પાછી મે-ળવી લેવી.

ઈશ્વર એક છે અને તેજ ઇશ્વર સઘળા મનુષ્યોનો છે. તેની દ્રષ્ટિમાં સઘળા મનુષ્યો એક સરખા છે. તેના બાળકો તેને એક સરખાં વહાલાં છે. નાદાન મનુષ્યોજ જુદા જુદા વાડાની વાતો વચમાં લાવી મનુષ્યો વચ્ચે ગેર-વાજબી વીખવાદ ઉભો કરે છે; પરંતુ સત્યને ચાહનારા વર્ગે તેવા વિખવાદને ધિક્કારવો જોઇએ. સઘળા મનુષ્યો એક પરમાત્મા પિતાના પુત્રો છે, તેમ ગણી, સમાન ભા-વના રાખવી જોઇએ.

સત્ય એ ઘણી મોંઘી વસ્તુ છે. અને મોંઘી વસ્તુ મેળવવા માટે કષ્ટ વધુ ભોગવવું પડે છે. સત્યતા માટે મહાત્મા હરિશ્ચંદ્ર, યુધિષ્ટર, પ્રલ્હાદ, ઇમામ હુસેન, ઇબ્રા-હિમ, ઇસા, મુસા વીગેરેએ તથા બીજા સતપંથી પુરૂષોએ અનેક કષ્ટો તથા દારૂણ સંકટો સહન કર્યાં છે એમ સ

સઘળા ઈતિહાસોને આપ સાહેબો સારી પેઠે જાણો છો તેથી તેનું વર્ણન અત્રે લંબાણથી કરવા માગતો નથી માટે સત્ય વસ્તુની પ્રાપ્તી માટે દુખો સહન કરવાં પડેતા, તેથી નાસીપાસ થવાનું આપણું કામ નથી. સત્યના ઉપાસકો તેવાં સંકટો ધીરજથી ખમતા આવ્યા છે અને આપણે પણ તેમને પગલે ચાલી તે સહન કરવાં જોઈએ.

આજે બ્રીટીશ સરકારના ન્યાયી રાજ અમલમાં સતપંથ તથા બીજા સર્વે સંપ્રદાયોને કોઈપણ પ્રકારની વિરોધીઓ તરફની ધાસ્તી નથી; પરંતુ બ્રીટીશ કાયદાના ધાર્મિક છુટાપણાનો કેટલાકો ગેરલાભ લઈ એક બીજાના સંપ્રદાયો સામે ધાર્મિક ઝઘડાઓ કરવા લાગી ગયા છે અને શાસ્ત્રાર્થને ઝઘડાના રૂપમાં ફેરવી નાંખી ધાર્નિક જગતમાં મોટો ખળભળાટ ઉતપન્ન કરી આપ્યો છે. આવી નાપાક તથા નિર્દય હીલચાલમાં આર્ય સમાજે અગ્ર ભાગ લઈ દરેક ધર્મવાળાઓ સામે જંગના એલ્ટીમેટમો ચાલુ કરી આપ્યા છે અને ધાર્મિક મહાપુરૂષો પ્રત્યે અસભ્ય તથા તોછડી ટીકાઓ કરી લોકોના દીલ દુખવ્યાં છે.

સતપંથ સંપ્રદાય પણ તેમના તેવા મનહુસ કાર્યથી દુખી થયા વિના રહ્યું નથી. મુંબઈ ઇલાકાના આર્યસમાજીઓના વાજીંત્ર "આર્ય પ્રકાશે" તે પ્રત્યે નિર્દય તથા દીલ દુખવનારા લખાણો કરી, પોતાના ધર્મના આચાર્યોને પણ

આગળ પગ લંબાવ્યો છે અને તેથી સતપંથીઓના દીલોને ઘણું દુખ થયું છે આવા તેના ગેરવાજબી લખાણોના જવાબો આપવા માટે સતપંથના આ એક અદના સેવક તરફથી જુદા જુદાં સાત પુસ્તકો છપાયાં છે અને હજુ-પણ જો આર્ય પ્રકાશ પોતાની અજ્ઞાનતા નહિ તજે તો તે પ્રયાસને વધુ લંબાવવાની આ અદના સેવક આશા રાખે છે.

અવતારી મહાપુરૂષો ઉતપંન કરવાનો ઇશ્વરનો મુખ્ય ઉદ્દેશ ધર્મની હાની તથા અધર્મની વૃધ્ધિનો વિનાશ કરવાનો હતો. તો તે હેતુના રહસ્યને સમજી લેવું એજ સતપંથનું પવિત્ર રહસ્ય છે. અને તે એ છે કે, આપણે તે અવતારી મહાપુરૂષોના સત્ય વચનો તથા સત્ય વૃતાન્તોનો અંતઃકરણ પુર્વક સ્વીકાર કરી, તે પ્રમાણે પોતાના આચાર વિચાર રાખવા અને તેમ કરવું તેના જેવું બીજું એક પણ ઉત્તમ કાર્ય આ જગતમાં નથી. વળી તે પ્રમાણે અમલ કરી આપણા પવિત્ર સતપંથના આબાદ નમુના થવું જોઇએ. કે જેથી આ લોકમાં કીર્તિ અને પરલોકમાં મુક્તિ થવા સાથે આપણા મંડળની કીર્તિ જગતમાં પ્રસરે અને બીજા લોકોને પણ આપણા પ્રત્યે લાગણી ઉતપન્ન થાય.

અવતારી મહાપુરૂષો સામે દૈત્યો એમ ઇચ્છતા હતા કે, ધર્મની હાની થાય અને અધર્મની વૃદ્ધિ થાય. હવે જ

આપણે ધર્મને હાની થાય તથા અધર્મનો પ્રચાર થાય એવાં કાર્યો કરીએ તથા તેવા આચાર વિચારવાળું જીવન ગાળીએ તો તેથી આપણે દૈત્યોની શીખામણ માની ગણાશે અને જો તેમ થાય તો આપણો સતપંથી થયાનો ઉદ્દેશ ઉડી જશે. હવે આપણો સતપંથી થયાનો ઉદ્દેશ પાર પાડવો કે ઉડાવી દેવો એ આપણા અધિકારની વાત છે. અને તે અધિકારના અધિકારી થવાની મારા સતપંથી બંધુઓને નમ્ર તથા આગ્રહ પુર્વકની વિનંતી કરી મારૂ ભાષણ સમાપ્ત કરૂં છું."

વાચક વર્ગ તથા મી. વીરજીભાઈ અમારા ભાષણ તથા ખુલાસાથી ખુલ્લી રીતે જોઇ શકશે કે, અમોએ સઇયદ મીર પ્યારે સાહેબ તથા સદરૂદીન સાહેબ સાથે સબંધ રાખી અમારા ઇસનાઅશરી મતને તજ્યો નથી પરંતુ અમો તથા વાચક વર્ગ તેમના પુસ્તક તથા અમારા ખુલાસાથી ખુલ્લી રીતે જોઇ શક્યા હશો કે, તેઓએ પોતાનો પ્રથમનો ધર્મ બદલી નાખ્યો છે. મી. વીરજીભાઇ! અમોએ વડોદરા મુકામે જનાબ નવાબ મીર સદરૂદીન હુસેનખાન સાહેબના મહેલમાં આવતી સાથે ગુફતેગુ પ્રસંગે આપને પોતાના મિત્ર કહ્યા છે અને તેનો લોહાઝ આડે આવે છે નહિતર આપના લખાણના ઉંડાણમાં ઉતરી આપની મઝહબી પોલ ખોલી બતાવતે

મી. વીરજીભાઇ ! સતપંથ પ્રકાશ મહામંડળમાં આપેલાં અમારાં ભાષણ્ વિરૂધ્ધની સ્થિતિ તમારી પારટીએ અખ્તેયાર કરી મીશનરી પીરોના પ્રયાસોને તદન ઉતારી પાડયા છે. પેગંબર કે જેને મહાવરામાં અવતાર નામ આપવામાં આવ્યું છે. તેનો અર્થ તથા હેતુ બદલાવી ખુદાએ અવતારો લીધા તેવું કરી નાખ્યું છે. પેગંબરોને ખુદાના અવતાર અને ખુદાને વિષ્ણુના અવતારો તથા ઇમામોને પણ ખુદા તથા ખુદાના અવતારો ઠરાવી આપ્યાછે જે સતપંથના સ્થાપકોના હેતુથી ઉલટું છે મુસલમાન તરીકે કુરાન, હદીસ, નમાઝ, રોઝા, હજ વીગેરે માનવાનું તથા ચાલુ રાખવાનું જે રૂરી હતું જે તજી દેવામાં આવ્યું છે. પરધર્મવાળાઓ સાથે મહોબત તથા સમાનતાથી વર્તવાનું હતું જે હવે પરધર્મ સાથે શતરૂતા રાખવામાં બદલી નાખવામાં આવ્યું છે. પીરોના રચેલાં ગ્નાનશાસ્ત્રમાં ઘણો ફેરફાર કરી નાખવામાં આવ્યો છે. ઘણા ગ્નાનો નવા ઉપજાવી કાઢી તેને પીરે રચ્યાં છે એમ ઠેરવી આપ્યું છે. અને તેથી મી. વીરજીભાઇ ! અમારૂં ભાષણ તમારી પારટીને પણ અતિ ઉપયોગી થઇ પડે તેવું છે. જો ધર્માન્ધતા તજી આપી, સત્ય શોધકપણાથી કામ લેવામાં આવે તો, તે ભાષણ તમોએ કરી નાખેલો બીગાડો દુર કરાવી નાખી સતપંથનો પ્રકાશ ખુલ્લો કરી શકે તેમ છે; પણ તમારે તો અમો ઇસ્નાઅશરી તેથી જીદ પર ચડી અમારી કોઇ વાત સાંભળીજ

નથી તેથી અમો લાચાર છીએ; પણ તમારે જો તેમજ હોયતો, કહેનાર તરફ નહિ પણ શું કહેવામાં આવે છે તે તરફ તો જરૂર જોવું જોઇએ. હાલી કહે છે કેઃ—

પાતે હેં ઝોગું જો હાલે એહલે ઇસલામ,
ઇસલામપે તાનાઝન હેં અકવામે તમામ,
બદ પરહેઝીસે બીગડે અપની બીમાર,
ઓર મુફ્તમેં હો ગયા મસીહા બદનામ,

વાંચક વર્ગ "ખોજા ઇમલાણી વંશનું વૃતાન્ત અને ખોજાનો અસલ ધર્મ" ના પ્રકરણમાં મી૦ વીરજીભા ઇનું નીચેનું લખાણ વાંચી ગયા છે કેઃ—

"ભલા દાદાને ફરજંદ ન હતું અને ભલો દાદો
" 'કૃતે બાગ ગુલામહેદરના ટંદા' પાસે રહેતા, અને
" પીર ધાધુ પણ ત્યાંજ રહેતા. દાદે ભલે પીર ધાધુ
" પાસેથી ફરજંદની માગણી કરી. પીર ધાધુએ ફર
" માવ્યું કે, તમો લોહાણામાંથી ખોજા થાવ તો, હું
" દુઆ કરૂં રબ દરબારમાં અને તમને ફરજંદ આ
" પે. આ વાત દાદે ભલે કબુલ રાખી. પીરે રબની
" જનાબમાં દુઆ માગી એટલે તેમને ફરજંદ થયો."

ઉપરના લખાણથી વાચક વર્ગ જોઇ શકશે કે, ઇ-ભલાણી કુટુંબની શરૂઆત કેવી રીતે થવા પામી છે. તેમના

વડીલ ભલા દાદા પ્રથમ લોહાણા હતા અને હીન્દુનો ધર્મ પાળતા હતા. આ ધર્મમાંથી તેઓએ નીકળવાની કાંઇપણ કોશીષ કરી નહિ હતી; પણ ફરજંદની લાલચ માટે તેઓ પીર ધાધુ પાસે આવજાવ રાખતા હતા તેઓએ ઇસલામની માગણી કીધી નહિ, પણ ફરજંદની માગણી કીધી અને જો ફરજંદ થાય તો ખોજા થવાની મરજી દેખાડી ફરજંદ ખાતરજ તેઓ ખોજા થયા; કાંઇ તેઓ હીંદુ ધર્મને તજવા લાયકનો તથા ખોજા ધર્મને સ્વીકારવા લાયકનો સમજી મુસલમાન થયા નથી અને એ રીતે એકંદર ખોજા કોમ જે ખોજ કરીને ખોજા પંથમાં દાખલ થઇ, તેમ તે ખોજ કરીને ખોજા પંથમાં દાખલ થયા નથી તેઓએ માત્ર મતલબ તથા અંગત સ્વાર્થને ખાતર ખોજા પંથ સ્વીકાર્યો હતો.

કરો ગેરકી ગર મઝમ્મતતો પેહલે,
ઉઠા આઇના અપની સુરતતો દેખો,
કરો અબ ન તુમ એબ જોઇ કીસીકી,
ઝરા અપની ના ગુફતા હાલતતો દેખો.

મી. વીરજીભાઇ! ઇભલાણી વંશનું વૃતાન્ત તમારા મિત્ર મી. ચુનારાને તો શરમીંદગીના દરીયામાં ગોથું ખવડાવતું થઇ પડયું હશે. અમારૂં નામ " એદલજી " પારસીને બંધ બેસતુ જણાવી, તેમણે પોતાના પુસ્તક " આ-

લમોતનો ચોખ્ખો " માં એતરાઝ કર્યો હતો. પણ જ્યારે ઇભલાણી વંશના વૃતાન્તમાં તમારા વડીલોના નામો " ભલો " " લાખો " " ખેતશી " " ભાણો " " જીવો " " ઇભલો " " ચાગલો " " હમીર " " પુંજો " " બીજલ " " તેજસી " " બારમલ " " માણુક " " ધાલો " વીગેરે તેમણે વાંચ્યાં હશે ત્યારે તો તેઓ જરૂર તે પર એતરાઝ કરવાને તત્પર થઇ ગયા હશે. જો તેઓ એતરાઝ કરવાનું ભુલી ગયા હોયતો, તમો તેમને યાદ અપાવી દેજો; પણ તેવા નામો ઇમામી ઇસમાઇલી પ્રમાણેનાજ હોયતો મી. ચુનારાને એતરાઝ કરવાની તક-લીફ આપશો નહિ.

ન દે રંજ ગીબતસે લોગુંકો હરગીઝ,
યે ઇમાન દારૂંકા શેવા નહિ હય,
ન કર કીના બાઝીસે ખલકતકો માલાં
કે બદતર કોઇ ઇસસે રીતના નહિ હય

મી૰ વીરજીની તોછડાઇ.

બદમ ગુફતી વ ખુર્સંદંમ અફાકલ્લા નિકો ગુફતી,
જવાબે તલ્ખ મી ઝેબદ લબે લાલો શકર ખારા.

સાર:—તેં મને કડવાં વચનો કહ્યાં; તોપણ હું ખુશી છું. ખુદા તને બક્ષી આપે કે, તેં મને ઘણાં ઘણાં

મીઠાં વચનો ઠલ્યાં. તારા મીઠાશવાળા તથા પરવાળા જેવા હોઠોને આવા કટુ વચનો શોભાવે છે.

મી૦ વીરજીભાઇ! અમોને તમારા પર દયા તો એટલા માટે આવે છે કે, એક સારા લેખકને લાંચ્છન લગાડનારી રીતભાત યાને તોછડાઇને તમોએ અખ્તેયાર કરી લીધી છે. અમોને ધર્મભ્રષ્ટ, કાફર કહી હુંકારા તુંકારા ભરી ભાષા વાપરવી એ કાંઈ આક્ષેપના જવાબો તો નથી કે, જેથી તમો તેથી અમોને સંતોષ થશે એમ માનો: પણ તેથી તમારે તમારા દીલનો ઉભરો કાઢવાનો હેતુ હશે, જેને તમોએ પેટ ભરીને કાઢયો અને એ રીતે તમારી કમાણીનો ખજાનો તમોએ ખાલી તથા કીલિયર કર્યો; તેથી અમો ઘણાજ ખુશી થયા છીએ. એ પણ ખુદાતાલાનો શુકર માનવા જેવી બાબત છે કે, અમારા કારણે તમોને દીલનો ઉભરો કાઢવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.

તમોએ અમોને ધર્મભ્રષ્ટ કહીને સતપંથમાં ગયેલા જણાવ્યા, પણ સતપંથને તો તમો ઇસમાઇલીની પેટા શાખા જણાવો છો; તેથી અમારા તે કામને તમારે માન ભરી દ્રષ્ટિથી જોવું જોઇતું હતું; પણ તમોને કાંઇપણ ખુશી ઉતપંન થઇ હોય તેવું લાગ્યું જણાતું નથી; માટે તમારે હજુ જરા વધારે લખી ખુશી તો હાંસલ કરી લેવી જોતી હતી! અમોને સતપંથી જણાવ્યા તો, અમો સતપંથી

તો છીએજ. પણ તમારે અમોને હીન્દુ, ખ્રીસ્તી, જરથ્યોસ્તી, યાહુદી, આર્ય સમાજી, જૈન વીગેરે પણ કહી નાખવા જોઇતા હતા કે, વાંચક વર્ગને તો રમુજ પડતે.

મી૦ વીરજીભાઇ ! તમો ખરૂં માનજો કે, તમારા જેવા અમોને વગોવવાના આક્ષેપો અમોને બહુજ આનંદ આપે છે. અને અમારા ખરાં વખાણ કરતાં પણ અમોને તેમાં વધુ ટેસ્ટ આવે છે. માટે મિત્રાચારીનો પુરેપુરો હક અદા કરવાને તમારાથી જેટલા કટુ વચનો કહી શકાય તેટલાં કહી નાખજો. વટલેલા વટલેલા શબ્દોથી તો તમોએ તમારી ચોપડી વટલાવીજ મારી છે એ પણ તમોએ કાંઇ ઓછું ડહાપણ વાપર્યું નથી. ધન્ય છે તમારા ભેજાને, કે કેવા કેવા ગુલ ખીલાવી શક્યા છો !

અમારો પ્રયાસ માત્ર પેટનો ખાડો પુરવા માટેનો છે એવી શોધ પણ તમારા મહાન ભેજાનુંજ પરિણામ અમો માનીએ છીએ. તમો લખો છો કે "શું ધર્મના નામે પુસ્તકો લખી તેની કમાઇમાંથી તમો પેટ ભરવા માગો છો ?" પણ વીરજીભાઇ ! પેટનો ખાડો પુરાવો તો જોઇએજ કે નહિં ? પુસ્તકો લખી છપાવવાનું કામ કરીએ અને કમાણીનું બીજું કાંઇ સાધન ન હોય, ચોવીશે કલાક પુસ્તકો લખવાનો ધંધો હોય, બીજો ધંધો કરવાની ફુરસદ ન હોય તો શું પુસ્તકો છપાવી પેટનું પોષણ પણ અમો ન ક

" પણ ભવિષ્યમાં તો તેમના લખાણો એમજ સિદ્ધ
" કરશે. મી. કાબાએ તીર આબાદ તાકીને મારેલું છે
" તેમના લોકો પાછળથી ભુસાડવા માગશે તો, તે
" કદી ભુંસાડી શકાશે નહિ. "

મી૦ વીરજીભાઇ ! અમો અમારી ભવિષ્યની ખોજા કોમ માટે જે મુદ્દી જવા માગીએ છીએ તે એ સિવાય બીજું કંઇએ નથી કે, ખોજા કોમમાંથી ઇસલામ વિરૂદ્ધની બાબતો દુર થઇ જાય. અથવા તો કોમ તેનાથી વાકેફગાર થઇ જાય અને જે જે બાબતો તેને દીની તથા દુનિયવી બાબતોમાં આગળ વધવાને વિઘ્ન કર્તા થઇ પડી છે તે દુર થઇ જાય અથવા તો કોમને વિઘ્ન કર્તા કઇ કઇ બાબતો છે તેથી વાકેફગાર થઇ જાય અને તેને દીની તથા દુનિયવી બાબતોમાં આગળ વધવાને કઇ કઇ બાબતો જરૂરની છે તે તેમાં દાખલ થઇ જાય અથવા તો તે બાબતોથી તે વાકેફગાર થઇ જાય. આટલી બાબત માટેજ અમો ખોજા સાહિત્યનો ભંડાર શોધી શોધીને પીરસવા લાગ્યા છીએ.

આર્ય સમાજીઓના અધ્યક્ષ મહર્ષિ સ્વામી દયાનંદ સાથે તમો અમોને સરખાવવા માગો છો અને તેના જેવા જ અમો હતા એમ ભવિષ્યની કોમ અમને ગણે એવો અમારો પ્રયાસ તથા હેતુ છે એમ કહેવામાં માત્ર તમારી કલ્પનાનીજ ખામી છે. સ્વામી દયાનંદ સરસ્વતી જેવી વા

યકાત અમો ધરાવતા નથી. તેઓ પ્રત્યે અમોને ઘણું માન છે. તેમના અનેક પ્રયાસોને અમો ઘણા માનની નજરે જોઇએ છીએ અને તેમના પ્રયાસોથી હીન્દી પ્રજાને લાભો થયા છે. તેમના પ્રયાસે સનાતન ધર્મમાં નવીન જીવન ઉત્પંન કરી આપ્યું છે. હજુ પણ હીન્દને અનેક દયાનંદોની જરૂર છે. અને જ્યાં સુધી તેવા થોડાક દયાનંદો આર્ય ભુમિ પર ઉતપંન નહિ થાય ત્યાં સુધી હીન્દુ કોમમાંનો ધાર્મિક સડો દુર થઇ શકશે નહિ.

સ્વામી દયાનંદ સાથે અમારી સરખામણીથી તમારી મુરાદ તેમને ઉતારી પાડી અમોને પણ તેવા ઉતારી પાડેલા જણાવવાની છે; પરંતુ નતો તેમ કરવાથી સ્વામી દયાનંદ કે અમો ઉતારી પાડેલા ગણાઇ શકીએ છીએ. સ્વામી દયાનંદના પ્રયાસોને સમજવાની પ્રથમ તમો પોતામાં લાયકાત ઉતપંન કરો અને પછી પોતાની તોતડી જીભાનને ખોલો એ વ્યાજબી છે. ખુદ તમારી જમાતને એક દયાનંદની જરૂર છે કે જે સઘળા વહેમ ભરી, કપોળ કલ્પિત તથા સ્વાર્થબાજીની ધુળને ઝાટકી નાંખી તમારી જમાતને પાક સાફ કરી દેખાડે. તમો દયાનંદને ભલે ગમે તેમ કહો, પરંતુ અમોતો તેને હીન્દના કપુથર કરતાં ઓછા દરજ્જાનો માનતા નથી.

કયાં હંસી આતી હે મુઝકો હઝરતે ઇનસાનપર
ફેલ બદ તો ખુદ કરે લાનત કરે શૈતાન પર.

મી૦ વીરજીના દોસ્તનો પોલ.

યારૂંમેં ન પાયા જબ કોઈ ઐબો ગુનાહ
હાઝીર કહા વાએઝને ઇન્હેં ઔર ગુમરાહ
ઝુટેકો નહિ મીલ્તી શહાદત જીસ વક્ત
લાતા હે ખુદાકો અપને દાવેપે ગવાહ

એક ગબ્રને પૂછે જો ઉસુલે ઇસલામ
વાએઝને દુરશ્તીસે કીયા ઉસસે કલામ
બોલા કે હુઝુર મુક્તેદા હોં જીસકે
ઐસે મઝહબ ઔર ઐસી મીલ્લતકો સલામ

હાલી.

મૌલાના હાલીની ઉપરની બંને રૂબાઇઓ દ્રષ્ટિ મર્યાદામાં રાખવાની વાંચક વર્ગને ભલામણ કરતાં, એટલું જ જણાવવું અસ્થાને થઇ પડશે નહિ કે, મી૦ પારપીઆ, ઇસલામ કે તેના શીરકા ઇસ્લામાઇલીના અકાયદો તથા તે સબંધેના પોતાના ફીરકાના મુખ્ય ગણાતાં પુસ્તકોના ઉતારા આપી પોતાનો પંથ સીદ્ધ કરવાને એક શબ્દ પણ ઉચ્ચારતા નથી. જે બાબતથીજ બહુજ સ્પષ્ટ રીતે કામ થઇ શકે તે બાબતને તો કોલસાની રેતીમાં ભરી રાખવામાં આવી છે. અને તેમ કરવાનું ખાસ કારણ એ શિવાય બીજું કંઇપણ હોઇ શકે નહિ કે, તેમના

કાના અકાયદો તથા તે બાબતની તેમના મઝહબી પુસ્તકોમાંની નોંધ એવા પ્રકારની છે કે, જે રજુ કરી પ્રથમ તો તેઓ પોતાને ઇસલામી પણ સાબીત કરી શકે નહિ અને જ્યારે પોતાને ઇસલામી પણ સાબીત કરી શકે નહિ ત્યારે ઇસ માઇલી તો ક્યાથીજ સાબીત કરી શકે ?

જો પોતાને ઇસલામી જાહેર કરવાની દલીલો રજુ કરે તો, પ્રથમ તેમણે કબુલ રાખવું જોઇએ કે, અમો કુરાને શરીફ, હદીસ શરીફ, તથા શરીયતે ઇસલામને માનનારા તથા તેના આચાર વિચાર પ્રમાણે નીમાઝ, રોઝા વીગેરે કરનારા છીએ. હવે જો તેઓ તેમજ જણાવે તો, તેમ જણાવવું તેમના ધર્મશાસ્ત્ર તથા ફીરકાના ચાલુ આચાર વિચારથી વિરુદ્ધ થઇ જાય, કે જે બાબતની ખાત્રી અમો અગાઉના પ્રકરણોમાં કરાવી ચુક્યા છીએ. વળી જ્યારે તેમનાજ ફીરકાના લોકો તેમનો એવો ઇકરાર જુએ કે, જેમાં તેમણે કુરાને શરીફને માનવાનું તથા તેની રૂએ નીમાજ, રોઝાને અમલમાં મુકવાનું જણાવ્યું હોય, તો તેઓને તો તે ઇસમાઇલી ફીરકાની વિરૂદ્ધનુંજ લાગે; કેમકે તેમના જે મુખ્ય મુખ્ય લોકો પણ કુરાન, તથા નીમાજ રોજાને નહિ માનવાનું તથા તેને માનવાનો તેમને હુકમ નથી એમ જે ભર કોર્ટમાં જણાવી ગયા છે તે તો નારા જ જ થઇ જાય. માટે હરેક બાબતમાં ગોળ મટોળ લખાણ કરી ઇસલામ તથા ઇસમાઇલી ફીરકાના અકાયદો તથા

આચાર વિચારો શાસ્ત્રોના ઉતારા સાથે તેમણે આપ્યાજ નથી. વાંચક વર્ગ જોઈ શકે કે જ્યાં સુધી તેઓ આવી બાબત રજુ ન કરે ત્યાં સુધી કોથળામાં પાનશેરીને કુટો મારા બાપલાની કહેવત જેમ ચોખવટ તે કેવી રીતે થાય કે, ખોજાનો અસલ પંથ ઇસમાઇલી છે!

ઉપર પ્રમાણે ખાસ જરૂરની બાબતો પ્રત્યે દીદા દાનીસ્તા અંધારા કરવામાં આવ્યા છે. તેઓ એકલાજ તેમ કરે છે એમ નથી; પણ તેમના ફીરકાના ઘણા તેમના જેવા લેખકો તેવીજ રીતભાત હાથ ધરી બેઠા છે. અને તેવી રીતભાતથી પોતાનો ઇસમાઇલી પંથ હોવાનું સાબીત કરવા માગે છે; પણ તેમ કરવાથી રોઝે હશર સુધી પણ તેમનો પંથ ઇસમાઇલી છે એમ સાબીત થઇ શકે ખરૂં કે? માટે મી૦ વીરજી! તમારી એ ફરજ છે કે તમો ઇસમાઇલી પંથના અકાયદો તવહીદ, અદલ, નબુવ્વત, ઇમામત, મઆદ, નીમાઝ, રોઝા, હજ, ઝકાત, ઇજતેહાદ, ખુમ્સ, વીગેરેના રજુ કરો અને તે દ્વારા મેદાનમાં આવો. હાલી કહે છે કેઃ—

કેહતા થા કલ એક મુન્શીરે કુશનો ખબર
ક્યા લેંગે ગેઉ એહલે કીબ્લા બાહમ લડકર
કુછ દમ હૈ તો મેદાનમેં આઓ વર્ના
કુત્તા ભી હે શેર અપની ગલીકે અંદર

મી૦ પારપીઆને ઉપલા ધોરણે ઝંખવાણું તો પડવું પડેજ, તેથી તેના ઉપાય તરીકે અમારા છીદ્રો શોધવાને કામલાના કંત્રાકટમાંથી ફુરસદ મેળવી નીકળ્યા અને તેમને ઘણી મહેનતે અમારી ઇ. સ. ૧૯૧૦ ની સાલમાં રચેલી " ઇસનાઅશરી મઝહબની ખુબીઓ " નામની બુક હાથ લાગી ગઇ. અને તે પુસ્તકની પ્રસ્તાવનામાંથી ફકરાઓ ટાંકી પોતાના માટીના ઘડાને ઉછાળવા લાગ્યા. આ ફકરાઓ તે પુસ્તકની પ્રસ્તાવનાના છે તેથી એકંદર રીતે વાંચક વર્ગને નિર્ણય પર આવવાને ઉપયોગી થઇ પડે તે માટે અમો તે પ્રસ્તાવના પુરેપુરી નીચે આપીએ છીએ. તે આ પ્રમાણે છે:—

" પ્રસ્તાવના "

" આજકાલ વરસાદના કીડાઓની પેઠે ધર્મો વધી પડયા છે. દિન પ્રતિ દિન તેની સંખ્યામાં ઉમેરો થતોજ જાય છે. દરેક ધર્મના સિદ્ધાંતોમાં અન્યો અન્ય તફાવત છે. વિચારો એક બીજાથી વિરૂદ્ધ છે. સત્ય ધર્મ શોધક મુસાફરને આવા અગણિત ધર્મોમાંથી સત્ય ધર્મ પારખી કહાડવો એ અતિ કઠીણ છે. પરંતુ તે વિના મનુષ્ય ઉન્નતિ થઇ શકતીજ નથી તેથી ધર્મની આવશ્યકતા તે મુશકેલીને નહીં ગણકારતા તેની પ્રાપ્તિ કરવાને હંમેશાં તત્પર રહે છે."

" સત્ય ધર્મ શો અને શી રીતે પારખવો એ સબં-ધીની મારી તપાસ દરમિયાન જુદા જુદા ધર્મના લોકોએ

મને પોતાના ધર્મમાં ઘસડી લઇ જવાની કોશીશો કીધી તેઓએ તેમ કરવા માટે મારી સાથે ઘણીજ વખાણવા લાયક વર્તન ચલાવી. મારી સાથે વિવેકથી વર્તવા અને તેમ કરી મારૂં અંતઃકરણ જીતવાને તેમના તરફથી જે કોશીશ થતી તે મને બહુજ આનંદ પમાડતી હતી. હું સત્ય ધર્મ પારખવાની ખરી કસોટીથી અજાણ હોવાના કારણે તેઓ પોતાની ઇચ્છામાં થોડા દહાડા માટે તાણી જતા હતા; પરંતુ તેની સ્થિતિ વધુ મુદત ટકી શકતી નહતી. ”

“ જે જે ધર્મવાળાઓએ મને પોતાના ધર્મમાં લઇ જવાની કોશીશો કીધી, તેમણે પોતાના ધર્મના ખરાપણા વિષે ઘણું ઘણું જણાવ્યું. આવા જુદા જુદા ધર્મના મિત્રોને લઇ હું ઘણાજ વિચિત્ર વિચારોવાળા ધર્મના ભોપાળાં જોવાને ભાગ્યશાળી થયો; તોપણ સત્ય ધર્મ મેળવવાના કામમાં મારી મુઝવણનો પાર રહયો નહિ. ખરેખર દુનિયામાં ઘણા ઢોંગી ધર્મ ગુરૂઓએ પોતાના સ્વાર્થજાળને ધર્મને બહાને ટકાવી રાખેલ છે. જો મને ખુદાતાલાએ સત્ય ધર્મ શોધવાના કામમાં હિદાયત નહિ કીધી હતે તો હું કદીપણ મારી ઇચ્છામાં ફતેહમંદ નિવડતે નહિ. ”

“ હું કેટલીકવાર ધર્મગુરૂઓ સાથે ધાર્મિક સિધાન્તોમાં મને જે જે શંકાઓ હતી તે તે જાહેર કરતો ત્યારે તેઓ આંટી ઘુંટીવાળી યુક્તિઓથી પોતાનો કક્કો

ખરો કરવાને અને તેમ કરી પોતાના ધર્મનો કક્ષમો પડાવવાની કોશીશ કરતા. મારા વતનમાં વસતા એક બે મુન્ની મુલ્લાઓએ તો તેવા પ્રશ્નો કરવાની બીલકુલ મનાઇ કીધી. હવે જ્યારે મનનું સમાધાન નહિ થાય, ત્યાં સુધી અમુક વાત જબરાઇથી કેમ કબુલ થઇ શકે એ મુંઝવણમાં હું પડયો. આવી સ્થિતિમાં વારંવાર શોધક જીજ્ઞાસાઓને દબાવી દેવી પડતી. "

" ઘણા ધર્મોમાં અનેક જાતના ઘોટાળા અને ગોટાળાં જોયાં. હવે સત્ય ધર્મ કેવી રીતે શોધી કહાડવો તેના વિચારમાં, રાત્રી દીવસ મશગુલ થયો. છેવટે જગકર્તાએ મને અશક્ત જોઇ મારી સહાયતા કીધી અને હું નિર્ણય ઉપર આવ્યો કે ખુદાતાલાએ જે બુદ્ધિ આપી છે તે કાંઇ જરૂર માટેજ આપી હશે એમ ધારી તેનાથીજ કામ લેવા માંડયું અને અનેક ધર્મના પુસ્તકોને અક્કલની કસોટીથી પારખવા લાગ્યો. "

" જુદા જુદા ધર્મના પુસ્તકો અને જલસા જોવા તથા સાંભળવાથી જણાયું કે લોકો સત્ય ધર્મ શોધવામાં ભુલથાપ ખાઈ ખોટે રસ્તે દોરાઇ ગયા છે. જેમ બુદ્ધિશાળી લુચ્ચા માણસો પોતાના બુદ્ધિ બળથી ભોળા અને ભલા લોકોને પોતાની મરજી મુજબ નચાવે છે તેમ તેવીજ ખાસીયતના ધર્મગુરૂઓએ પોતાનો સ્વાર્થ સાધવાને ભોળા અને ભલા ઘેટાઓને પોતાના પક્ષમાં કરી લીધાં છે અને

તેમના ઉન, ચામડાં અને માંસ પર તાગડધીન્ના કરી રહ્યા છે. મતલબ કે ધર્મને નામે વિષય ભોગની તૃપ્તિ મેળવવા તથા તેમ કરી પોતાના ભોળા જજમાનોને કુમાર્ગે ચડાવી રહ્યા છે. અને તેઓએ ધર્મને તો માત્ર એક દોલત મેળવવાની પેઢી બનાવી રાખી છે."

"મેં મારી શોધની શરૂઆતમાં એ વિચાર કીધો કે જે ધર્મનો પાયો મજબુત બાંધવામાં આવ્યો હોય અને જે દરેક સમયમાં દેશકાળને અનુસરીને પોતાના અમૃતમય વચનોથી જગતની ઉન્નતી અને રાહબરી કરતો હોય અને પોતાના મુરીદોમાં એક એવો પવિત્ર તત્વ દાખલ કરતો હોય કે જેને લઇ તે મનુષ્ય માત્રની પ્રત્યેક વ્યક્તિને સચોટ ખીલવનાર હોય અને આ લોક તથા પરલોકની નેકનામી એનાયત કરતો હોય તેજ સત્ય ધર્મ છે."

"ત્યારબાદ જે વિચાર મેં કીધો તે એ હતો કે કોઇ પણ ધર્મમાં કુદરતી નિયમો વિરૂદ્ધ અને બુદ્ધિમાં કદી પણ નહિ સમાઈ શકનારી બાબતો નહિ હોવી જોઇએ. કેમકે તેથી તેના અનુયાયીઓ માટે તેવી વાતો માન્ય કરી લેવાની ટેવ પડી જવાને લીધે અક્કલ બહેર મારી જશે અને તેને લઇ સત્ય શું છે તે પારખી કહાડવાનો કદીપણ ખ્યાલ થઇ આવશે નહિ. એકંદરે તેઓ અજ્ઞાનતાના અઘોર ખાડામાં ગબડી પડશે."

" મારી સત્ય ધર્મની શોધ માટે મેં જુદા જુદા ધર્મના અનેક પુસ્તકો વાંચ્યા, અનાયાસે મળી આવતા વિદ્વાનોની મુલાકાત લીધી."

" ખુદાતાલાને મારી હિદાયત મંજુર હતી તેથી આવા સમયમાં મને એક ઇસનાઅશરી=ઇસ્લામી મુજતેહદની સેવામાં હાજર થવાનો પ્રસંગ મળ્યો. મેં મારી સઘળી હકીકત જણાવી મારા વતનના મુલ્લાંઓની વાત કીધી. મુજતેહદે ભાર આપીને જણાવ્યું કે ઇસનાઅશરી મઝહબ તેવા પ્રશ્નો કરવાની અને દરેક પ્રશ્નોના જવાબ આપવાની રજા આપે છે. જેઓએ તમોને આવા પ્રશ્નો નહિ કરવાની વાત જણાવી છે તેઓ ખરેખરા મુલ્લાંઓ નથી. આ ભલા મુજતેહદ આગળ મેં મારી બધી શંકાઓ રજુ કીધી અને તે દિવસ મને હજુ યાદ આવે છે કે તે ભલા અને શાણા આલીમે કેવા ઉમદા જવાબોથી મારી શંકાઓનું સમાધાન કીધું. હવે મને ખાત્રી થઇ કે માત્ર ઇસનાઅશરી=ઇસલામ ધર્મજ એક એવો ધર્મ છે કે જે ખરી કસોટી વખતે પોતાને સત્ય સાબીત કરી શકે છે. તેના અકાયદો કોઇ એવી દીર્ઘદ્રષ્ટિથી રચાએલા છે કે આજે ૧૩૦૦ વર્ષ ઉપરાંત થયા છતાં તેમાં કશો પણ ફેરફાર થયો નથી. તેમ તે એટલાં તો મજબુત છે કે જેના માટે ખાત્ર પુર્વક કહી શકાય તેમ છે કે તેમાં કદીપણ ફેરફાર કરવાની જરૂર પડશે નહિ તેના ફરમાનો કાંઇ આરબો કે મુસલમાનો માટેજ નથી

બલ્કે તે જગતના સઘળા લોકો માટે છે અને તે જગતના સઘળા લોકોને પોતાના દીલખુશ બાગ તરફ બોલાવે છે. આંધળા બની દોરાયાની કે ધર્મગુરૂઓની જાળમાં જકડાઇ જવાની તેમાં લેશ માત્ર દેહશત નથી. બુધ્ધિ રહિત કોઇ પણ બાબત નથી. બુધ્ધિ બહેર મારી જાય તેવા કોઇપણ સિધાન્તથી તે અલગ છે. ધર્મ પાળનારા સઘળાઓ એક બીજાના ભાઇ છે. દરેકની લાયકાત તેની વિધાના પ્રમાણમાં વધે છે. '

" મારી કસોટીમાં મને ખાત્રીપુર્વક જણાયું કે માત્ર ઇસનાઅશરી એકજ એવો ધર્મ છે કે જે વ્હેમ ભરેલી અને પાયા વિનાની વાતોથી સખ્ત વિરૂદ્ધ છે. મેંઢાંની પેઠે વગર વિચારે દોરાઇ જવાની તે સખત મનાઇ કરે છે. દરેક બાબતમાં અકલી દલીલો આપી દરેકની બુદ્ધિ પુર્વક રાહબરી કરે છે અને દરેક કામમાં બુદ્ધિથીજ કામ લેવાનું ફરમાવે છે. સઘળા ભલાં કાર્યોને અકલનું પરિણામ અને સઘળી નઠારી બાબતોને અજ્ઞાનતાનું કારણ સમજે છે. દરેક સિધ્ધાંત માટે એવી હુજ્જત અને દલીલ રજુ કરે છે કે કોઇ પણ બાબત વગર વિચારે માન્ય કવી લેવાની જરૂર પડતી નથી. બલ્કે પોતાના સઘળા વચનોને ફીલસુફી અને લાભો સાથેજ વર્ણવે છે. "

" ઇસનાઅશરી મજહબ એ ઇસલામને એક શુદ્ધ સ્વરૂપમાં રહેલો ફીરકો છે. તેના વચનો એ ઇસલામનાજ

વચનો છે; પણ ઇસલામના બીજા ફીરકાઓ કરતાં તેના અકાયદો ઘણાંજ સંગીન અને જગતને અનુસરતા છે અને એકંદર એક સત્ય ધર્મ તરીકે હોવાની જે જે દલીલો જોઇએ તે તેમાં છે અને મેં તેથીજ તેને ગ્રહણ કીધો છે."

" જ્યારે આજ કાલ ઘણા લોકો સત્ય ધર્મ શોધવાની ખાહેશ ધરાવે છે અને ધર્મની ખરી કસોટી શોધવાની કોશીશ કરે છે તેવા સત્ય ધર્મના શોધક મુસાફરો તેમજ મારા હમદીન ઇસનાઅશરી ભાઇઓને મારા વિચારના થોડા ફકરાઓ ઉપયોગી થઇ પડશે એમ ધારી મેં આ ઇસલામી લઘુગ્રંથ લખી છપાવવા પ્રયત્ન કીધો છે. આ પૃષ્ટોના લખાણમાં નોવેલની પેઠે કલ્પિત અને સહરાગત ભરેલી બાબતોનો રંગ ચઢેલો નથી; પરંતુ આ લોક તથા પરલોકની ઉન્નતિ મેળવવા માટેના અમૃતમય પાઠો છે અને તે બુદ્ધિપુર્વક સત્યધર્મ શોધનારાઓ માટે એક અતિ ઉપયોગી શાળા છે. હું આશા રાખું છું કે સત્ય ધર્મના શોધક મુસાફરો તથા મારા હમદીન ભાઇઓ તેતાથી લાભ મેળવશે અને તેમ થયેથી હું આ લઘુગ્રંથ રચી બાહાર પાડવાની મારી ઇચ્છા સફળ થઇ છે એમ માનીશ."

" સાથેજ એ પણ જણાવી આપવા માગું છું કે હું કોઇ ઇસનાઅશરી મજહબનો મુલ્લાં કે મોલવી નથી પણ મારી સત્યધર્મની શોધના કારણે તે મજહબનો એક

અનુયાયી બની ઇસનાઅશરી મજહબની પાઠશાળાના પ્રોફે-
સર (મુજતેહદ) ની તકલીદ કરવાનો ફક્ર ધરાવું છું."

"આ ગ્રંથ ઇસનાઅશરી મજહબના અકાયદો મનાવવા માટેનો નથી; પણ તેના સિદ્ધાન્તો કે જે બુદ્ધિની કસોટીથી ઉત્તમ જણાયાં છે તેની ખુબીઓ જણાવવા માટેનો છે. ઓસુલે દીન કે જેમાં તકલીદ નથી તેતો ધર્મના સંશોધકે તેમજ મારા હમદીન ભાઇઓ કે જેઓ ઓસુલે દીનને બુદ્ધિપૂર્વક સાબીત કરી તેનો સ્વીકાર કરવાને પ્રયત્ન કરે છે તેમને આશીર્વાદ રૂપ થઇ પડશે. ફેરૂએ દીનની ખુબીઓ જણાવવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આજ કાલ પાશ્ચિમાત્ય કેળવણીના પ્રતાપે તેના વિદ્યાર્થીઓ તેથી શા શા લાભો મળે છે તે જાણવાને આતુર જણાય છે તેવાઓના મનનું સમાધાન કરી તેમનું લક્ષ ધર્મ માર્ગ તરફ પ્રેરવાનો છે. આવા મારા શુધ્ધ ઇરાદાઓનેજ પ્રાધાન્ય સ્વીકારી આ લઘુગ્રંથમાં જ્યાં જ્યાં દોષ જોવામાં આવે ત્યાં ત્યાં મોટું મન દાખવી દરગુજર કરશો એવી આશાછે."

વાંચક વર્ગ અમારા ઉપરના પ્રસ્તાવનાના લખાણુથી જાણી શકયા હશે કે, મજકુર "ઇસનાઅશરી મઝહબની ખુબીઓ" નું પુસ્તક તેમાં જણાવ્યા પ્રમાણે "આજ
" કાલ ઘણા લોકો સત્ય ધર્મ શોધવાની ખાહેશ ધરાવે
" છે અને ધર્મની ખરી કસોટી શોધવાની કોશીશ કરે છે

" તેવા સત્ય ધર્મના શોધક મુસાફરો, તેમજ મારા હમ
" દીન ઇસનાઅશરી ભાઇઓને મારા વિચારોના થોડા
" ફકરાઓ ઉપયોગી થઇ પડશે એમ ધારી મેં આ ઈસ
" લામી લઘુ ગ્રંથ છપાવવા પ્રયત્ન કીધો છે...તે બુદ્ધિ
" પુર્વક સત્ય ધર્મ શોધનારાઓ માટે એક અતિ ઉપયો
" ગી શાળા છે. હું આશા રાખું છું કે સત્ય ધર્મના
" શોધક મુસાફરો તથા મારા હમદીન ભાઇઓ તેનાથી
" થોડો લાભ મેળવશે. અને તેમ થયેથી હું આ લઘુ
" ગ્રંથ રચી બહાર પાડવાની મારી ઇચ્છા સફળ થઇ છે
" એમ માનીશ...આ ગ્રંથ ઈસનાઅશરી મઝહબના
" અકાયદો મનાવવા માટે તો નથી; પણ તેના સિદ્ધાન્તો
" કે જે બુદ્ધિની કસોટીથી ઉત્તમ જણાયાં છે તેની ખુ
" બીઓ જણાવવા માટેનો છે. ઓસુલે દીન કે જેમાં
" તકલીદ નથી તે તો ધર્મના સંશોધકે તેમજ સારા હ
" મદીન ભાઇઓ કે જેઓ ઓસુલે દીનને બુદ્ધિ પુર્વક
" સાબીત કરી તેનો સ્વીકાર કરવાને પ્રયત્ન કરે છે તેમને
" આશીર્વાદ રૂપ થઇ પડશે. ફેરૂએ દીનની ખુબીઓ જ-
" ણાવવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આજકાલ પાશ્ચિમાત્ય
" કેળવણીના પ્રતાપે તેના વિદ્યાર્થીઓ, તેથી શા શા લા
" ભો મળે છે તે જણાવાને આતુર જણાય છે, તેઓના
" મનનું સમાધાન કરી તેમનું લક્ષ ધર્મ માર્ગ તરફ દો
" રવાનો છે. આવા માત્ર શુધ્ધ ઇરાદાઓને પ્રાધાન્ય

" સ્વીકારી આ લઘુ ગ્રંથમાં જ્યાં જ્યાં દોષ જોવામાં
" આવે ત્યાં ત્યાં મોટું મન દાખવી દરગુજર કરશો એવી
" આશા છે. "

પવિત્ર હેતુઓ પાર પાડવાની ઇચ્છાઓ સાથે અમોએ તે પુસ્તકમાં જણાવી આપ્યું છે કે:—

> " સાથેજ એ પણ જણાવી આપવા માગું છું
> " કે હું કોઇ ઇસનાઅશરી કોમનો મુલ્લાં કે મોલવી
> " નથી; પણ મારી સત્ય ધર્મની શોધના કારણે તે
> " મઝહબનો એક અનુયાયી બની ઇસનાઅશરી મઝ્‌હબ
> " બની પાઠશાળાના પ્રોફેસર (મુજ્તેહદ) ની તકલીફ
> " કરવાનો ધખ્મ ધરાવું છું. "

એકંદર ઉપર પ્રમાણેની બાબતો સ્પષ્ટ રીતે બતાવી આપવામાં આવી છે; છતાં મી૦ વીરજી તો ઉંચા નીચા થઇ નાચવા કુદવા લાગી ગયા કે, મી૦ કાબા ઇ. સ. ૧૯૧૦ સુધી ઇસનાઅશરી ધર્મના નહિ હતા અને ત્યાં સુધીમાં તેઓ નાસ્તિક અથવા ધર્મભ્રષ્ટ હતા. અને તેઓ જુદા જુદા ધર્મો અખ્તેયાર કરતા હતા વીગેરે. મી૦ વીરજી આમ લખે તેમાં કાંઇ નવાઇ નથી. જે માણસ લેખક નથી, લેખકપણાનો જેને અનુભવ નથી, લખાણોના પ્રકારોથી જે અજાણ્યો છે, ઉપદેશ માટે લેખકો કેવી કેવી શૈલીઓ તથા પદ્ધતિઓ અખ્તેયાર કરે છે. અજીમો ગરીમ હુ

નશા પરદાઝીઓને ગ્રાહ્ય કરે છે. કદી ઇતિહાસ કે રીતભાતને નોવેલમાં ફેરવી નાખે છે, કદી દ્રષ્ટાન્ત આપીને હેતુને સાધી લેવા યત્ન કરે છે. કદી કલ્પિત હેડીંગો તથા લખાણો કરી તેમાં ઉપદેશ એવો તો કુટી કુટીને ભરે છે કે, જે સજ્જડ કારગત થઇ જાય છે. જેણે હીન્દના અઠંગ ઉરદુ ઇન્શા પરદાઝ ખ્વાજા હસન નિઝામી સાહેબના લખાણો કે જે હવે તો ગુજરાતીમાં પણ તરજુમો થઇ છપાતાં ચાલ્યાં છે તે નજરે પણ જોયાં નથી, તે અમારા લખાણમાં છીદ્રો શોધવાને નીકળે છે. મી૦ વીરજીને લેખક તરીકેના જ્ઞાની માહિતી હતે તો આમ કાચું કાપી પોતાની કીંમત અંકાવા નીકળતે નહિ. પણ તેઓ બાપડા લાચાર હતા. શું કરે ?! મી૦ વીરજીભાઇ ! ખુદા તમોને ભલી મત આપે ! કે તમો લેખક તરીકેની કળા શીખો અને પછી અમારા છીદ્રો શોધવાને નીકળો તો તમોને કાંઇને કાંઇ જરૂર મળી જશે; કેમકે અમો ઇનસાન છીએ, કાંઇ ફરીસ્તા તો નથી ને ?!

મી૦ વીરજીની લેખક તરીકેની કેટલી બધી અસાધારણ અજ્ઞાનતા છે તેનો એક દાખલો તેઓ બહુજ અચ્છી રીતે પુરો પાડે છે. અમોએ "ઇસનાઅશરી મઝહબની ખુબીઓ" ની પ્રસ્તાવનામાં લખ્યું છે કેઃ—

"હું કેટલીકવાર ધર્મગુરૂઓ સાથે ધાર્મિક સિ-
"ધાન્તોમાં મને જે જે શંકાઓ હતી તે તે જાહેર કુ

" હતો, ત્યારે તેઓ આંટી ઘુંટીવાળી યુક્તિઓથી પોતાનો
" કક્કો ખરો કરવાને અને તેમ કરી **પોતાના ધર્મ**
" **નો કલમો પઢાવવાની કોશીશ કરતા.** "

ઉક્ત ફકરામાં " પોતાના ધર્મનો કલમો પઢાવવાની કોશીશ કરતા " નો ફકરો તેનો શો અર્થ ધરાવે છે તે ખુલ્લી બાબત છે. પોતાના ધર્મમાં ઘસડી જવાની કોશીશને તે વાક્યથી દ્રષ્ટિ મર્યાદામાં રાખવામાં આવ્યું છે તેને મી૦ વીરજી તો એમ સમજ્યા કે " કલમો " એટલે ઇસલામી કલમાની જેમ દરેક ધર્મનો જુદો જુદો કલમો ! આવું પોતાની વિશાળ (!) દ્રષ્ટિથી માની લઇ, તેમણે નીચે પ્રમાણે પોતાની ચોપડીમાં લખ્યું કેઃ—

" વાંચનારે જોઇ લીધું છે કે મી૦ કાબા ધર્મ
" ભ્રષ્ટ અથવા નાસ્તિક પણ થયા હતા તે તેમના
" બોલો સિદ્ધ કરે છે કે " પોતાના ધર્મનો કલમો
" પઢાવવાની કોશીશ કરતા. " ઇસલામ ધર્મનો જા
" હેરમાં એકજ કલમો છે. લા ઇલ્લાહા ઇલ્લલા મ
" હમદન રસુલીલ્લા " તે ઇસલામના સરવે ફીરકા
" ઓ જાહેરમાં પડે છે. ત્યારે મી૦ કાબા કહે છે કે
" જુદા જુદા ધર્મના લોકો પોતાનો કલમો પઢાવવા
" ની કોશીશ કરતા હતા એ ઉપરથી મી૦ કાબા
" કેટલોક વખત ઇસલામમાંથી પણ વિમુખ પણ થયા

" હોય એમ સિદ્ધ થાયછે, નહિ તો મી૦ કાબા એમ
" લખતે નહિ કે " જુદા જુદા લોકો પોતાનો કલ
" મો પઢાવતા. "

મી૦ વીરજી એટલું પણ સમજી નહિ શકયા કે, કલ માથી મુરાદ પોતાના વિચાર સાથે મળતા કરી લેવું છે, જેમ કોઈ કહે છે કે તેણે તેને સલવાતો સંભળાવી ! આ જગોએ સલવાતથી મુરાદ " અલ્લા હુમ્મા સલ્લે અલા મોહંમદ વ આલે મોહંમદ " થી નથી, પણ હલકી કોટીના શબ્દોથી છે. આવી રીતે અનેક શબ્દો તથા વાકયો મહાવરામાં જુદા અર્થમાં વપરાય તથા બોલાય છે. માટે મી૦ વીરજીભાઈએ નવેસરથી નિશાળમાં ભણવા જઈ ભાષા જ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ.

ઇસલામમાં ઉસુલે દીન યાને દીનના મુળતત્વોમાં તક લીદની મનાઈ છે, ત્યાં તો દરેક બાબતને બુદ્ધિ પુર્વકની ત પાસથી સિદ્ધ કરી માનવી જોઈએ, તો તે ધોરણે કોઈ વિ દ્યાર્થિ તપાસમાં હોય, ત્યારે તેને નાસ્તિક કે ધર્મભ્રષ્ટ કહી શકાય નહિ. છતાં મી૦ વીરજીભાઈ તો મોટા વિદ્વાન ખરા કે નહિ તેથી જેમ ફાવે તેમ લખે તેમાં કાંઈ અડચણ નહિ અમોને ઘણોજ અફસોસ થાય છે કે માત્ર વિદ્યાર્થી દરજ્જા ના અને તે પણ દીદા દાનીસ્તા અવલાઈ કરનારા લેખકો સાથે અમોને પાલો પડયો છે. કોઈ લેખક લાઇનના ફન ત

આ ઇતિહાસથી જાણીતા હતે તો, તેને તે જ્ઞાનના આધારો આપી કાયલ માકુલ કરતે. પણ અહીં તો અમો લાચાર છીએ કે લખીએ તો શું લખીએ ? સમજનાર તો કોઈ જોઇએ કે નહિ ! મોલાના હાલી કહે છે કે:—

મસરૂફ જો યું વઝીશ ખ્વાનીમેં હૈં આપ
ખેર અપની સમજતે બે ઝબાનીસેં હૈં આપ
બોલેં કુછ મુંહસે યા ન બોલે હઝરત
માલુમ હૈ હમ્કો જીતને પાનીમેં હૈં આપ

ખોજા લકબના ખરા હકદારો.

એક ગોર પરસ્તને યેહ દેહરીસે કહા,
હોગા ન શકી કોઇ જહાંમેં તુઝસા,
દેહરીને કહા કે કયા ખુદાકા મુનકીર,
ઉસ્સે ભી ગયા ? કે જીસ્કે લાખું હો ખુદા.

હાલી.

મી० પીરજીભાઇ પ્રસ્તાવનામાં લખે છે કે:—

" ખોજામાંથી કન્વર્ટ થયેલાઓ પોતા માટે જે
" જે ખોજા લકબ ખોજપાઠમાંથી નીકળી જવા છતાં
" વાપરે છે, તે ટટ્ટીની આડમાં શીકાર રમવા જેવું
" છે. હવે તેમને લાજમ છે કે, તે લકબ ધારણ કરે

" વો જોઇએ નહિ, જેના માટે 'અસલીયતે ખોજા'
" નામના પુસ્તકમાં તેનો સ્પષ્ટ ચિતાર આપેલો છે."

અસલિયતે ખોજામાં જે તેનો સ્પષ્ટં ચિતાર આપ્યા નું મી૦ વીરજી લખે છે તે સ્પષ્ટ ચિતાર નીચે પ્રમાણે છે.

" માનવંતા બુઝરગ વિદ્વાન પીર: સદરદીનથી
" બોધ પામેલા મુરીદોને " ખોજા " લકબ આપવામાં
" આવેલો છે. જ્યાં સુધી મુરીદો પીર સદરદીનના બોધ
" ઉપર કાયમ હોય, ત્યાં સુધી " ખોજા " લકબ
" તેઓને ઘટારત તથા સજાવાર છે. ખોજાના અસલ
" લકબ તથા સ્થિતિમાંથી કન્વર્ટ થયેલા, એટલે ખો
" જાના મઝહબમાંથી નીકળી પરધર્મમાં દાખલ થએ
" લા, પોતાની નવી સ્થિતિમાં પણ " ખોજા " લ-
" કબને પકડી રાખે, એ આજના ચળકતા સમયમાં
" અને વિદ્યાના જમાનામાં કુદરતી કાનુનથી વેગળું
" માલુમ પડે છે અસલ ખોજામાંથી કનવર્ટ થએલા,
" એટલે ધાર્મિક બીજી સ્થિતિમાં ગએલા, પોતાની
" નવી સ્થિતિમાં પોતા માટે બીજુ કોઇ લાયક નામ
" શોધીને લગાડશે, તો ઉચિત તેઓ માટે માનકારક
" અને કુદરતને બંધ બેસતુ થશે. "

મી૦ પારપીઆ તથા તેમના વિદ્યાગુરૂ મી. હાશમ બોઘા માસ્તરની " ખોજા " લકબના હકદાર વિષેની તક

રાજ્યમાં વાંચક વર્ગને કાંઇપણ દમ જેવું લાગશે નહિ. કારણ કે "ખોજા" એ કોઇ ધર્મ નથી કે જેથી તેના દાવેદારો તેના હક વિષે તકરાર ઉઠાવે. મેમણ, વોહરા, મુમના, વાણીઆ, બ્રાહ્મણ, લોહાણા વિગેરેની જેમ તે એક જ્ઞાતિ સુચક નામ છે. મેમણ કોમમાં કે બીજીમાં બે ચાર તડો પડી જાય તો તે દરેક તડો મેમણ કે જે તે જ્ઞાતિનાજ કહેવાય. તેવીજ રીતે ખોજા કોમમાં ધર્મ તથા ધર્મગુરૂના ત્રાસને લઇ જુદા જુદા ત્રણ તડાંઓ પડી ગયાં છે. અને ધાર્મિક માન્યતાને અંગે "સુન્ની ખોજા" "ઇસનાઅશરી ખોજા" અને "ઇસ્માઇલી ખોજા" એમ ધર્મ સુચક શબ્દો તેમની સાથે લગાડવામાં આવ્યા છે. ખોજાઓમાં ગમે તેટલાં તડો પડે, અને ઇસલામની જુદી જુદી શાખાઓમાં તે વહેંચાઇ જાય, તોપણ તે ખોજાજ કહેવાશે. જુઓ કે મુંબઇ ઇલાકામાં વોહરાઓ ધર્મ મત ભેદના કારણે અનેક તડોમાં વહેંચાઇ ગયા છે, પણ તે બધા વોહરાજ કહેવાય છે. ગુજરાતમાં સુન્ની વોહરાઓની લાખોની સંખ્યા છે જે પ્રથમ ઇસ્માઇલીઆ પંથમાં હતી. જ્યારે તે ઇસમાઇલીઆ પંથમાં હતી ત્યારે પણ તે વોહરાજ કહેવાતી હતી. હવે જ્યારે તે સુન્ની પંથમાં દાખલ થઇ છે ત્યારે પણ તે વોહરાજ કહેવાય છે, માત્ર ખોજાઓની જેમ તેમના વોહરા નામ સાથે ધર્મ સુચક શબ્દો ઉમેરવા પડયા છે. એટલે કે "સુન્ની વોહરાઓ" "દાઉદી વોહરાઓ" "સુલેમાની વોહરાઓ" "જાફરી

વોહરાઓ " " અક્ષત્રીયા વોહરાઓ " વીગેરે વીગેરે. વોહરાઓ દાઉદી મત તજી સુન્ની મતમાં ગયા તેથી તેમને વોહરા નજ કહેવા એ હસવા જેવી બાબત છે તેવીજ રીતે ખોજા ગમે તેટલા તડોમાં વહેંચાઇ જાય અને ગમે તેટલા ધર્મ મતો અખ્તેયાર કરે તોપણુ તે ખોજાજ કહેવાય. તેના કોઇ પણુ એક પંથ માટે તે મખસુસ હોઇ શકે નહિ. કાંઇ તે અમુક માટે રજીસ્ટર થયેલા શબ્દ નથી.

મી૦ જાફર ધાલાણી ઇભલાણી વંશના વૃતાન્તમાં " દાદા ભલો " ના હેવાલમાં લખે છે કે " દાદે ભલે પીર ધાધુ પાસેથી ફરજંદની માગણી કરી. પીર ધાધુએ ફરમાવ્યું કે, તમે લોહાણામાંથી ખોજા થાવ તો હું દુઆ કરૂં. " આથી પીર ધાધુએ લોહાણામાંથી ખોજા થવાને ફરમાવેલું છે. એટલે કે લોહાણા એક ગ્નાતિ હીન્દુની છે તે ગ્નાતિ છોડી ખોજા ગ્નાતિમાં આવવાને જણાવ્યું છે. કાંઇ હીન્દુ ધર્મ તજી ઇસલામ ધર્મમાં આવવાને જણાવ્યું નથી. વળી તેમણે ખોજા શબ્દ એક ગ્નાતિ તરીકે વાપર્યો છે. એક ધર્મ તરીકે વાપર્યો નથી. તેમ ખોજા શબ્દ એ ધર્મ શબ્દ નથી. એક ગ્નાતિ શબ્દ તરીકે હમણાં સુધી વપરાતો આવ્યો છે. માટે ખોજા એ ગ્નાતિ સુચક શબ્દ છે અને સઘળી ખોજા કોમને માટે તે વાપરી શકાય છે અને તે શબ્દ તેઓ વાપરે તેમાં કાંઇ તેમના માટે ફખ્ર થવા જેવું નથી. જો ફખ્ર થવા જેવું હોય તો, તે ' ઇસ

લામ " શબ્દ સાથે છે કે, જે શબ્દ ધર્મ માટેનો છે. એટલે કે ખોજાઓ હીન્દુ ધર્મ તજી ઈસ્લામ ધર્મમાં દાખલ થયા છે. મી. વીરજી તથા મી. હાશમ ખોધા મારતરને આવા આવા ટાહડા પહોરના તુક્કાઓ ઠીક સુઝી આવે છે.

ખોજા શબ્દની ઉતપત્તી વિષે પીર ઈમામશાહ કૃત " મુમન ચેતવણી નામના પુસ્તકમાં જણાવવામાં આવ્યું છે કે, જ્યારે હઝરત મહંમદ સ. એમણે પોતાની બેટી હઝરત ફાતેમા ઝેહરા અ. ના લગ્ન હઝરત અલી શેરે ખુદા અ. સાથે કરી આપ્યા. ત્યારે તેઓએ દહેઝ યાને કરીયાવરમાં ચાર ખોજાઓ ખાલક, ખુદાબક્ષ, સાદક અને અબ્દ રસુલ આપ્યા હતા. આ ચારે ખોજાઓ જે નામર્દ હતા તે બીબી ફાતેમા ઝેહરા અ. તથા હઝરત અલી અ૦ ની દુઆથી મર્દ બની ગયા. આ મર્દ બની ગએલા ખોજાઓની ઓલાદ કાળાન્તરે હીન્દુસ્તાનમાં આવી વસી અને તે હાલની ખોજા કોમ કહેવાઇ. હવે જો આવી કાંઇપણ આધાર વિનાની દલીલ પર વિશ્વાસ લઇ જઇએ તો ખોજા કોઇએ બનાવ્યા એમ ઠરતું નથી. તે તો તેરસો વર્ષ થયાં વંશપરંપરા ચાલ્યાજ આવે છે. વળી જ્યારે નામર્દ હતા ત્યારે તેની સ્થિતિ અનુસાર ખોજા કહેવાતા હતા, પણ હવે તો મર્દ બની ગયા છે તેથી તે ખોજા રહ્યાજ નથી અને તેથી તે ને ખોજા કહી પણ શકાય નહિ.

એજ મુમન ચેતામણી નામના પુસ્તકમાં બીજી જગો એ જણાવ્યું છે કે, પીર નુરૂદીને ઉપદેશ કરીને ખોજા કર્યા, એટલે કે ગુજરાતના હીન્દુઓને મુસલમાન ધર્મમાં વટાળી ખોજા જ્ઞાતિમાં દાખલ કર્યા. આ ઉપરથી એમ તો નીકળ તુંજ નથી કે, તેઓએ ઉપદેશ કરી આ નામ નવું ઉપ સ્થિત કરી આપ્યું. એક જ્ઞાનમાં એમ જણાવવામાં આ વ્યું છે કે, પીર સદરદીને લોહાણાઓને વટાળી ખોજા ક ર્યા. આ ઉપરથી પણ એમ નીકળતું નથી કે તેઓએ ખોજા નામ નવું ઉતપંન કરી આપ્યું.

હઝરત પેગંબર મહંમદ સ. એમણે પોતાની લાડલી બેટીના દહેજમાં ચાર ખોજાઓ આપ્યા અને તે ખોજાની ઓલાદ તે હાલના ખોજાઓ છે; તો ખોજા લકબ કોઇએ આપ્યો એવું ઠરતું નથી. અને જો તે વાત ઉપરજ વિ શ્વાસ લઇ જઇએ તો પાછળથી તે લકબ અપાયાની જે વાતો કહેવામાં આવે છે તે કપોળ કલ્પિત ઠરે છે. વળી હીન્દુઓને વટાળીને ઇસલામમાં લાવતાં તેમને ખોજા લક બ આપવામાં આવતો હતો, તે વાત પણ ખરી ઠરી શકતી નથી; કેમકે જેમ પીર સદરદીને લોહાણાઓને વટાળીને ખોજા કર્યા કહેવામાં આવે છે તેમ ગુજરાતના કણબીઓને પણ તેમણે વટાળી મુસલમાન કર્યા છે; પણ તેમને ખોજા નામ આપવામાં આવ્યું નથી. તેમનું નામ તો મુમના રા- ખવામાં આવ્યું છે. માટે પીર સદરદીને આ નામ ધર્મ બદલતાં આપ્યું એમ માની શકાતું નથી.

માટે મી૦ વીરજીભાઇ તથા મી૦ હારામ ખોધા મા-સ્તરની આ બાબતમાં મગજમારી તદ્દન નકામી છે. હવે જે ખોજાઓ હઝરત અલી અ૦ તથા આગાખાનને અલ્લાહ કહે, દસ અવતારોને અલ્લાના અવતાર યાને સાક્ષાત અ-લ્લાજ જણાવે, શરીયતને માનવાનો ઇનકાર કરે, નમાઝ, રોઝા તથા કુરાનને માનવાની ના પાડે, હકીકત હકીકત કહી તેને સમજે કે માને નહિ તે તો ખોજા લકબ ધરાવે અને જે કુરાને શરીફ પ્રમાણે અલ્લાતાલાની વેહદાનિયતને કબુલ રાખે, અને કુરાન, નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમ્સ, શ-રીઅત વીગેરેને માને તે તો ખોજા ન કહેવાય એ ક્યાંનો ઇનસાફ ? ! જો તેઓ જે માન્યતા ધરાવે છે તેજ માન્ય તા ધરાવનારને ખોજા કહેવા જોઇએ તો ખચિત ઇસ્નાઅશરી ખોજાઓએ પોતાના માટે જુદોજ શબ્દ ઘડી કા-ઢવો જોઇએ.

નેશ અકરબ નહ અઝ પએ કીં નસ્ત,
મુકતઝાએ તબીયતશ ઈં નસ્ત.

નાતબહારનો નિર્જીવ બળાપો.

રખતે નહિ વોહ મદહો સના કી પરવા,
જો કરકે ભલા ખલકસે સુન્તે હેં બુરા,
ઇન ગાલીયુંકા હૈ જીન્કો ચસકા હાસી,
આતા નહિ ઉન્કો કુછ દુઆઉમેં મઝા.

કરતે હૈં સરીહ અગર મઝમ્મત તેરી,
કર શુક કે સાબીત હુઇ અસમત તેરી,
પર મદહા કરેં વોહ ગર (નસીબે આદા)
રખ યાદ કે અચ્છી નહિ હાલત તેરી.

હાલી.

એક વરૂની ઇચ્છા એક નાના ઘેટાંને ચટ કરી જવાની થઇ, તેથી તેણે ઘેટાંના બચ્ચાંને કહ્યું કે, અરે કેમ તેં આજથી છ માસ પહેલાં મને ગાળો ભાંડી હતી ? ઘેટાનાં બચ્ચાંએ જવાબ આપ્યો કે, વરૂ મહારાજ ! છ માસ પહેલાં તો મારો જન્મ પણ નહોતો થયો. હજુ મારા જન્મને ચારજ માસ થયા છે. વરૂ મહારાજે કહ્યું કે, તેં નહિતો તારા બાપે ગાળો ભાંડી હશે, તેમ કહી ઘેટાંના બચ્ચાંને તે ચટ કરી ગયો. આવીજ રીતે કેટલાક લોકો જ્યારે ન્યાયનીતિથી પોતાના કાર્યમાં ફાવતા નથી, ત્યારે વરૂની જેમ ઉલટો માર્ગ અખ્તેયાર કરે છે. આવુંજ ધોરણ અખ્તેયાર કરી મી. વીરજીએ ચતુર્થ દર્શનમાં " મી. કાબાનું કુટુંબ ન્યાતબાર " એવા હેડીંગ તળે લખાણ લખી અમારા છીદ્ર શોધવાનું કામ આરંભ્યું. મી. વીરજી લખે છે કેઃ—

" મી૦ કાબાનું કુટુંબ નાત બહાર "

" મી. કાબા પોતાનો હક્કધર્મ મુક્તા નથી. માટે " હમારે ફરજીયાત તેમના બુનીયાદની શોધ કરી ક

" ધાડી પાડવી પડે છે. તેમના બાપદાદાઓ ક્યાં સુ
" ધી ખોજાઓ હતા અને તેમને કેવી રીતે ન્યાતબ
" હાર મુકવામાં આવ્યા અને ફરી તેમને ન્યાતમાં
" લેવામાં આવ્યા. તે અહેવાલ હેઠળ સત્તાવાર સાધ
" નથી અહીં રજુ કરીએ છીએ."

" કેમ મી. કાબા, તમારા બાપ ધનજી ભીમજી
" સંવત ૧૯૪૧ માં અમરેલી જમાતખાનામાં નાંધી
" (નાંધી પ્રાતીશ વગેરેની તૈયાર રસોઈ અથવા ફળ
" ફળાદી જમાતખાનામાં લઇ જવામાં આવે છે અને
" તે વસ્તુઓને જમાત તરફથી જમાતમાં જાહેર વે
" ચવામાં આવે છે તેને નાંધી કહે છે) લઇ પૈસા
" આપ્યા વગર ચાંઉં કરી ગયા. તેના વાસ્તે કામડી
" આ જેઠાભાઇ ધનજી તમારા બાપને ભર જમાત
" વચ્ચે ફજેત કર્યા; તેથી તમારા બાપે આવેશમાં
" આવી જઇ કામડીઆ જેઠાભાઇ ધનજીની સાથે
" તકરાર કરી. તે વખતે તમારા કુટુંબીઓ જમાત
" ખાનામાં હાજર હતા. તે બાબત જુનાગઢના વાર
" સ સાહેબ શેઠ કાસમભાઇ ઇસમાઇલ પાસે જુનાગઢ
" માં કેસ ચાલ્યો અને તમારા બાપનો રૂા. ૧૦૧ નો
" દંડ કરવામાં આવ્યો. તે દંડ તમારા બાપ તરફથી
" ભરવામાં ન આવતાં જમાતે તમારા બાપને ન્યાત
" બહાર મુકયા. ત્યાર પછી રૂ. ૧૦૧ દંડના ભરી

" માફી માગી, જેથી પાછા ન્યાતમાં લેવામાં આવ્યા.
" આ પહેલી ટીલી તમારા કુટુંબના કપાળે થઇ."

" મી૦ કાબાજી સવંત ૧૯૫૨ માં કામડીઆ
" જમાલભાઇ મેઘજી અમરેલીમાં મજલસમાં આવેલા
" તે વખતે પણ તમારા કુટુંબીઓએ આગળના જેવી
" નાલાયક ચાલ ચલાવી. તેના વાસ્તે તમારા આખા
" કુટુંબને જમાતે ન્યાત બહાર મુકયા અને તમારૂં
" આખું કુટુંબ એક વરસ લગણ ન્યાત બહાર રહ્યું,
" અને છેવટે જમાત પાસે આવી માફી માગી ત્યારે
" જમાતે તમારા કુટુંબને રૂા. ૧૦૧ નો દંડ કરી
" એવી નાલાયક ચાલ તમારા કુટુંબ તરફથી ન ચ-
" લાવવામાં આવે તેવું વચન લઇ જમાતના દફતર
" માં તેની નોંધ લઇ એક વધુ વખત તમારા કુટું
" બને ન્યાતમાં લીધા. આ બીજી ટીલી તમારા કુટું
" બને કપાળે થઇ. ત્યારથીજ તમારા દિલમાં ખોજા
" ઓને માટે હસદની આગ સળગેલી છે."

" મી૦ કાબા, તમારા કુટુંબના આમાલનામાનું
" લખાણ અમોએ સત્તાધારી અધિકારીઓ પાસેથી
" મેળવી રાખેલું છે, તે તમોને જોવું હોય તો મારે
" ઘેર પધારજો, એટલે ઘણી ખુશાલી સાથે બતાવીશ,
" કારણ કે, તમારા સાથે મારે કાંઇપણ અંગત વેર
" ભાવ નથી."

ઉપરનું લખાણ લખવાથી મી૦ વીરજીનો કેવો મલીન હેતુ છે, તે સ્પષ્ટ સમજી શકાય છે. તેઓ લખે છે કે " મી૦ કાબા પોતાનો હઠધર્મ મુક્તા નથી માટે હમારે ફરજીઆત તેમની બુનીયાદની શોધ કરી ઉઘાડી પાડવી પડે છે. " મી૦ વીરજી, અમો હઠીલા બન્યા છીએ, તેથી ગુસ્સે થઇ આ અમારી બુનીયાતની શોધ કરી તેને ઉઘાડી પાડવા માગે છે, એટલે કે તેમનો ઇરાદો અમોને મારી મચડીને હલકી કોટીમાં રજુ કરવાનો છે. જો અમો તેમના લખવા મુજબ હઠધર્મ છોડી દેતે તો તેઓ અમારી બુનીયાતની શોધ કરી ઉઘાડી પાડતે નહિ.

વાંચક વર્ગ જોઇ શકશે કે, ખોજાનો અસલ પંથ ઇસમાઇલી કે ઇસનાઅશરીનો પ્રશ્ન હાથ ધરી મી. વીરજી અસલ પંથ ઇસમાઇલી સાબીત કરવા માગે છે. તેમાં અમારી બુનીયાતની શોધ કરી ઉઘાડા પાડવાની તેમને કેવી રીતે આવશ્યકતા જણાઇ, તે સમજી શકાતું નથી. માત્ર તેઓ ખોજાનો અસલ પંથ ઇસમાઇલી હોવાનીજ દલીલો આપી જતે તો ચાલતે, પણ અમારી બુનીયાતની શોધ કરી ઉઘાડી પાડવાથી ખોજાનો અસલ પંથ ઇસમાઇલી તો સાબીત થઇ શકતો નથી, પણ વરૂ મહારાજની પદ્ધત હાથ ધરતાં તેમનો મલીન હેતુ સાબીત થઇ જાય છે. હવે તેમણે જે અમારી બુનીયાતની શોધ કરી ઉઘાડી પાડી છે તે તેમની શોધ કેવા ઢીંગલાના મુલની છે તે જોઇએ.

તેઓ લખે છે કે " મી૰ કાબા, તમારા કુટુંબના આમાલનામાનું લખાણુ અમોએ સતાધારી અધિકારીઓ પાસેથી મેળવી રાખેલું છે. તે તમોને જોવું હોયતો મારે ઘેર પધારજો, એટલે ઘણી ખુશી સાથે બતાવીશ; કારણુ કે તમારા સાથે મારે કાંઇપણુ અંગત વેરભાવ નથી " મી૰ વીરજીભાઇ " અમારા કુટુંબના આમાલનામાનું લખાણુ સતાવાર અધિકારીઓ પાસેથી મેળવી રાખેલું છે " તેમ જણુાવે છે, પણુ તે " સત્તાવાર અધિકારીઓ " કાંણુ કોણુ છે. કેવી કોટીના છે. જીવતા છે કે મરી ગયા છે. જ્ઞાની છે કે અજ્ઞાન છે. આગેવાનો છે કે કોમના લુટારા છે, છેવટે તે છે કોંણુ ? તે માટે તો એક શબ્દ પણુ લખતા નથી અને તે લખાણુને બીલાડીના મેલાંની જેમ છુપાવી રાખવામાં આવે છે જ્યારે સત્તાવાર અધિકારીઓ પાસેથી શોધ કરી લખાણુ મેળવી રાખેલું હતું ત્યારે તો સત્તાવાર અધિકારીઓના નામો આપવા જોઇતાં હતાં કે, જેથી અમો પણુ જાણુતે કે સત્તાવાર અધિકારીઓ છે કોંણુ ? અને તે સત્તાવાર અધિકારીઓ છે કે હામજી ભામજી છે !

મી૰ વીરજીભાઇ ! જો તમારી શોધ સત્તાવાર અધિકારીઓ પાસેથી મેળવેલી હતી તો તમારે તે અક્ષરે અક્ષર આપનાર તરફથી મળેલી તરીકે ઉતારો આપી રજુ કરવી જોઇતી હતી. આવી રીતે નહિ કરતાં છુપાવી રાખવાથી તમારી શું મતલબ છે તે પણુ તમો લખતા તો નથી ! ! !

વાચક વર્ગને એ વાતથી અસાધારણ અજાયબી ઉત્પન્ન થશે કે, મી૦ વીરજી તે લખાણને બતાવવાને અમોને પોતાને ઘેર બોલાવે છે; હવે જો અમો તેમને ઘેર જઇએ તો તે અમોને બતાવે ! શું આવી સ્થિતિ વચ્ચે ઉપર પ્રમાણે વાયદાપર વાત ઉડાવી શકાય છે ? અને આવા વાયદાપર કોઇથી તેમને ઘેર જઇ શકાય છે ? પણ જો તેમણે તે લખાણનો ઉતારોજ આપ્યો હતે તો, આવો વાયદો કરવાની અને અમોને પોતાને ઘેર બોલાવવાની પોકળ ડંફાસ મારવાની તેમને જરૂર પડતે નહિ; હજુ પણ મી૦ વીરજીભાઇ ! જો તમારૂં લખાણ સત્તાવાર અધિકારીઓ તરફનું હોય તો, તે સત્તાવાર અધિકારીઓ કોણ કોણ છે ? અને તે લખાણ શું છે તેની નકલ છાપશો અથવાં તો અમારા પર મોકલી આપશો તો, તે લખાણના ટકાની કીમત આંકી શકાય.

વ્હાલા વાંચકો ! તમો જુઓ કે મી૦ વીરજી, પહેલો બનાવ સંવત ૧૯૪૧ નો હોવાનું જણાવે છે. તેને આજે ૩૫ (પાંત્રીશ) વર્ષની મુદત્ત વીતાઇ ગઇ છે. નાતના તે વખતના સત્તાવાર અધિકારીઓમાં એક તેણશી રૂડા જે અમારા નાના હતા, તે ૩૦ વર્ષ પહેલાં ગુજરી ગયા છે. બીજા દાદા જાન, જે ૩૨ વર્ષ પહેલાં ગુજરી ગયા છે. ત્રીજા ધનજી રામજીને ગુજરે પણ ૨૫–૩૦ વર્ષ થઇ ગયાં છે. ચોથા જાદવ દેવજીને ગુજરે ૧૦ વર્ષ થઇ ગયાં છે. પાંચમાં પ્રધાન રામજી પણ તેટલાંજ વર્ષ પહેલાં આ જહા

નથી કુત્ય કરી ગયા છે. તે વખતના કામડીયા કરીમ તથા મુખી રાજન ભાવાણી પણ ૩૦ વર્ષ પહેલાં ગુજરી ગયાછે, તો જો સત્તાવાર અધિકારી ગણાય તો તે ગણાય, કે જેમ ણે નાતબહાર કર્યાનું કામ કરી બતાવ્યું હોય; પણ મી૦ વીરજી આ સઘળા મૈયતો પાસેથી કેવી રીતે શોધ કરી આવ્યા તે એક રમુજ તથા ફારસ જેવી બાબત છે. મી૦ વીરજી સતાવાર અધિકારીઓના નામો તો આપતાજ નથી કે, કદાચ કોઇ હયાત માણસ પાસેથી હકીકત મેળવી હોય તો, ખરેખર તે હયાત માણસ પાસે હકીકત કેવી રીતે, કેવી સ્થિતિમાં રહી ગઇ છે તેની તપાસ કરી શકાંતે અને અમો પણ સતાવાર અધિકારીઓની બુનીયાતને વાંચક વર્ગ આગળ રજુ કરી શકતે; પરંતુ મી. વીરજીએ એકંદર વાતને પરબીડીયામાં તદ્દન પેકજ રાખી છે. અને તાગડધીન્ના કરતા નીકળ્યા છે કે સત્તાવાર અધિકારીઓ તરફથી મળેલી અમારા કુટુંબની બુનીયાતની શોધ ! વાહ મી. વીરજીભાઇ ! આમ કરીનેજ ખોજાનો ઇસમાઇલી પંથ સાબીત કરી દેજો હોને !

મી. વીરજી લખે છે કે " તેમના (મી૦ કાબા) બાપદાદાઓ કયાં સુધી ખોજાઓ હતા. " આ લખવાથી તેમની મુરાદ અમારા બાપદાદાઓને ખોજા પંથ ઉપર પુરી આસ્થા નહિ હતી તેમ સિદ્ધ કરવાનો લાગે છે. વાત

કરે. કામડીઆજીની ખસલત પણ તેવીજ હતી તેથી અમારા પીતાશ્રીને હેરાન કરવાને તલપી રહ્યા હતા; પરંતુ કોઇપણ જાતનો પ્રસંગ બનાવવાને તેને પ્રસંગ નહિ મળતો હતો. વરૂ તથા ઘેટાના બચ્ચાંની જેમ પણ તે અમલ નહિ કરી શકતા હતા, કેમકે અમારા નાના નેણશી રૂડા તથા અમારા કાકાના સસરા કામડીઆ કરીમ જેઠા જમાતના આગેવાનોમાંથી હતા. જમાતના આગેવાનો બધાની અમારા પીતા પર ઘણી ચાહના હતી. અમારા પીતા જમાતનું કામકાજ હોય તો પોતાનો ધંધો બંધ કરીને તથા નુકસાન ઉઠાવીને પણ કરી આપતા હતા.

કામડીઆ જેઠાભાઇ ધનજીનો ત્રાસ દસોંદ ઉઘરાવવામાં ઘણો હતો. ગરીબ લોકો તેના ત્રાસથી ઘણા પીડાતા હતા. તેથી અમારા પીતાશ્રીએ આ કામડીઆની નઠારી રીતભાત વિષે જુનાગઢના વારસને ગુમનામ અરજીઓ કરેલી હતી, જેમાંની કેટલીક અરજીઓ કામડીઆ જેઠાભાઇ તરફ પણ જુનાગઢ વારસ તરફથી ફેરવડ થઇ આવી હતી. અને કામડીઆજી એમ સમજી બેઠા હતા કે આ અરજીઓ કરનાર તે અમારા પીતાજ છે; તોપણ સંજોગોને લઇ તેઓ અમારા પીતાને કાંઇપણ હેરાન કરી શકતા નહિ હતા.

એક દહાડો રાત્રે જ્યારે કામડીઆનો મુકામ અમરેલી હતો ત્યારે નાંદીની ક્રીયા ચાલતી હતી. તેમાં ગામ

નાની નાની કેરીઓ નાંદી થવામાં હતી. ખોજા અલીભાઈ રાજનને તે લેવાની હતી પણુ તે પોતે માગણી કરી શકે તેમ નહિ હતા તેથી તેણે પોતાની નજીકમા બેઠેલા અમારા કાકા ગગજી ભીમજીને માગણી કરવાને કહ્યું. ત્રણે કેરીઓની છેવટની માગણી બે પૈસામાં ત્રણુ વાર થઈ અને અમારા કાકા ગગજી ભીમજીએ તે કેરીઓ ઉભા થઇ લીધી. આ કેરાઓની કીંમતના બે પૈસા ખોજા અલીભાઇ રાજન પાસેથી લઇને આપવાના હતા તેથી પૈસા ખીસામાંથી કાઢતાં તેને વાર લાગી. કામડીઆજી પણુ અમારા કુટુંબ તરફ ધુંધવાઇ રહ્યા હતા અને તેણે જોયું કે નાંદી અમારા પીતાના ભાઇએ લીધી છે તેથી પૈસા એ આપતાં પહેલાં તે બોલ્યા કે " આ રીવાજ બહુજ ખોટો છે. ગામમાં વેપારીની દુકાને પ્રથમ પૈસા આપીએ ત્યારે જણસ મળે અને અહીં તો સાહેબી માલ આપ્યા પછી પૈસા મળવામાં ઢીલ થાય. "

કામડીઆજીનું બોલવું જમાત રૂબરૂનું હતું જે અમારા પીતા પર આડકત્રો પ્રહાર કરનારૂં હતું તેથી અમારા પાતા કે જે ખોજા અલીભાઇ રાજનની પાસેજ બેઠા હતા, તેણે કહ્યું કે, કામડીઆ સાહેબ ! પૈસા માગતાં એકાદ મીનિટ સંજોગને લઇ ઢીલ થાય તો તેમાં કાંઇ અકળાવું જેવું નથી. અહીં એવો પણુ રીવાજ છે કે, નાંદી લેનાર પાસે જો પૈસા હાજર ન હોય તો બીજે દહાડે

આપે છે અથવા તો પોતાની તસબીહ પાટલા પર મુકી જાય છે અને બીજે દહાડે પૈસા આપી તસબીહ લઇ લે છે. એક તો વસ્તુ મળે છે અને પૈસા ધર્મમાં જાય છે. તેના પૈસા કોઇ બીજે દહાડે ન આપે તેમ બનેજ નહિ." આવો જવાબ સાંભળી કામડીઆજી બોલ્યા કે "આ રીવાજ બહુ ખોટો. જો પૈસા હોય તો નાંદી લે અને નાંદી લીધા પછી પૈસા ન હોય તો કોડીઆં બાંધીને (ભિક્ષા માગીને) પણ આપે!" અમારા પીતાજીએ કહ્યું કે, આવી નજીવી બાબતમાં કોડીઆં બાંધીને આપવાનું કહેવું બિન જરૂરનું છે. જમાતનો કોઇ માણસ અત્રે ભિક્ષા માગતો નથી. ખુદાતાલાની મહેરબાનીથી સૌ કોઇ મહેનત મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ધર્માદાના પૈસા તો તમે ખાઓ છો.

ઉપર પ્રમાણેની વાતચીત દરમિયાન નાંદીના બે પૈસા તો તુરતજ આપી દેવામાં આવ્યા અને જરા ગરમા ગરમ વાત થઇ એટલે આગેવાનોએ વચમાં ગડી બંને પક્ષકારોને ચુપ રાખ્યા અને વાત હતી ન હતી થઇ ગઇ. પણ આં દરખાનેથી કામડીઆજીએ ડસ રાખીને જુનાગઢ ખાતે વારસ ઇસમાઇલ ગાંગજીને લખી જણાવ્યું કે, અમરેલીના ખોજા ધનજી ભીમજી પાસે દસોંદ ચડેલી માગતાં તેણે આપી નહિ અને અમારૂં સખ્ત અપમાન કર્યું છે માટે તેને નસીહત થવી જોઇએ. વારસ ઇસમાઇલ ગાંગજી તો કાન

ના કાચા હતા અને તેમને દરેક પ્રસંગે કામડીયાઓની ત રફદારી કરવી પડતી હતી અને તેઓ ખોજા કોમ ઉપર ધીમે ધીમે પોતાની સત્તાનો સીકકો જમાવવા માગતા હતા તેથી કામડીઆજીના લખવા ઉપરથી તેમણે જમાતને લખી મોકલ્યું કે ખોજા ધનજી ભીમજીએ દસોંદ ન આપતાં કામ ડીઆ સાથે ઝઘડો કર્યો માટે તેની કોરી ૧૦૧ (સવા દસ) દંડ કરવામાં આવે છે. આ કાગળ જોઈ જમાત તો દંગ થઇ ગઇ.

આ કાગળ જમાતે અમારા પીતાશ્રીથી ૭ માસ સુ ધી છુપાવી રાખ્યો. છેવટે એક આગેવાને બીજાની અજા ણુ વચ્ચે તે અમારા પીતાને બતાવી આપ્યો. અમારા પી તાએ જમાતને કહ્યું કે, જમાત મારી પાસે દસોંદનો એક દોકડો પણ માગતી નથી. રીવાજ મુજબ હું આપેજ જા ઉં છું. જમાત કાંઇપણ બોલી નહિ અને કામડીઆજીએ તે કાગળ પર અમલ કરાવવાને જુનાગઢ વારસ તરફથી રીમાઇન્ડર ઉપર રીમાઇન્ડરો મોકલાવવા માંડયા. છેવટે જ માતે ઝઘડાનો અંત લાવવાને શરમાવતાં અમારા પીતાએ કોરી ૧૦૧ આપી અને ઝઘડો પત્યો.

વાંચક વર્ગ અમારા ખુલાસા તથા મી૦ વીરજીની સત્તાવાર અધિકારીઓ તરફથી મળેલી હકીકતથી જોઇ શ કશે કે, નિર્દોષ તથા સાધારણ હકીકતને ગુનાહ તથા અ સાધારણ બનાવના રૂપમાં ફેરવી નાખવામાં આવી છે. આદ

મી૦ વીરજીભાઇ પોતાના સત્તાવાર લખાણમાંજ કબુલ કરે છે કે, " કામડીઆ જેઠાભાઇ ધનજીએ તમારા બાપને ભર જમાત વચ્ચે ફજેત કર્યા. " તો આથી કામડીઆજીની રીતભાત કેવા હલકા પ્રકારની હતી કે, આબરૂદાર માણસ ને ભર જમાત વચ્ચે નજીવા ઉપર જણાવ્યા પ્રમાણેના કારણે ફજેત કરતા હતા. " અમારા પીતાએ તેથી આવે શમાં આવી જઇ કામડીઆ જેઠાભાઇ ધનજી સાથે તકરાર કરી. " તો સખ્ત અપમાન થવાના કારણે અમારા પીતાએ કામડીઆ સાથે તકરાર કરી હોય તો. તેથી કાંઇ તેઓ દોષિત ગણાય નહિ. તકરાર કરી કહેવામાં આવે છે તે ત કરાર બીજી કાંઇ નહિ, પણ અમો ઉપર જણાવી ગયા તે અમારા પીતાનો જવાબ હતો. તે જવાબમાં તકરાર જેવું કાંઇ થયુંજ નહિ હતું; પરંતુ અગાઉ જણાવી ગયા તે કારણને લઇ અમારા પીતા સાથે કામડીઆ વેર રાખવા લા ગી ગયા હતા અને તે વેર લેવામાં તેમણે પોતાની સત્તાનો દુરઉપયોગ કરી અમારા પીતાની કોરી ૧૦૧ દંડ કરાવી હતી.

મી. વીરજીભાઇને સત્તાવાર અધિકારીઓ (પોલમ પોલ) રજનો ગજ કરનારા ઠીક મળી ગયા અને મી૦ વીરજીભા ઇ તો ટાંપીનેજ બેઠા હતા કે, બહાનું મળતાંજ ઘેંટાના બચ્ચા પર તરાપ મારે. ન તો તેમણે આગળ જોયું તેમ ન તો પાછળ જોયું. આંખો બંધ કરીને ફાવે તેવું ખુશી

માર્યું. વાંચક વર્ગ જોઇ શકશે કે નાંદીમાં ત્રણ કેરી કીમત એ પૈસાની હતી અને તે પણ લેનાર અમારા પીતા ન હતા, પણ કામડીઆજી રીમાર્ક તરફ દોડી ગયા તેથી રીમાર્ક તરીકે અમારા પીતાને માત્ર જવાબ આપવો પડયો હતો. આ વાતને મી૦ વીરજી સત્તાવાર અધિકારીની જણાવી લખી મારે છે કે " તમારા બાપ ધનજી ભીમજી અમરેલી જમાતખાનામાં નાંધી લઇ પૈસા આપ્યા વગર ચાંઉં કરી ગયા. " હવે એ પૈસા જેવી નજીવી રકમ નહિ આપતાં અમારા પીતા કે બીજો પણ કોઇ ચાંઉં કરી જાય એ માનવા જોગ લાગશેજ નહિ. અમારા પીતાએ તથા અમારા વડવાઓએ જમાતખાનું બંધાવવામાં, જમાતના વાસણો ખરીદવામાં, જમાત હવતકના જમાત તથા દીનના કામોમાં, આગાખાન માટે રાજકોટમાં બંગલો બાંધવાનો હતો તેના ફાળામાં તેમજ ચાલુ રીવાજ મુજબ જમાતને પુષ્કળ નાણાંઓ આપેલાં છે. હવે આવો આસામી એ પૈસા નહિ આપે અને ચાંઉં કરી જાય એ તો મી૦ વીરજીભાઇનેજ સત્તાવાર લાગતું હશે. આવું ગપ લખી મોકલતાં વેશધારી સત્તાવાર અધિકારીને કાંઇપણ ખુદાનો ખોફ નહિ આવ્યો ?

મી૦ વીરજીભાઇને સત્તાવાર અધિકારીઓ (પોલમપોલ) થી મળેલી હકીકતનો પેહલો ફકરો આપણે તપાસી ગયા છીએ. " બડે ભાઇ તો બડે ભાઇ મગર છોટે

ભાઈ તો સુબ્હાનલ્લા ' ની જેમ બીજા ફકરામાં પણ મુળ વાતને ઉથલાવી અજીઓ ગરીબ ગુલ ખીલવવામાં આવ્યાં છે. બીજા ફકરાના બનાવને સંવત ૧૯૫૨ નો જણાવવા માં આવ્યો છે. જેને આજે ૨૩ (ત્રેવીશ) વર્ષ વીતાઈ ગયાં છે. તે વખતના જમાતના કોઈપણ આગેવાનો આજે હયાત નથી, કે જેથી સત્તાવાર અધિકારીથી તે હકીકત સીધી રીતે મળી હોય તેમ માની શકાય. આ ફકરાની મુળ ખરી હકીકત શું છે તે પ્રથમ અમો વાચક વર્ગ આગલ રજુ કરી પાછળથી મી. વીરજીભાઈના સતાવાર (પોલમ પોલ) લખાણુની સમાલોચના કરીશું.

ઈ. સ. ૧૮૯૫-૯૬ માં મહુવાની ઇસનાઅશરી જમાતના ખોજા સુલેમાન માહમદ લધા અમરેલીમાં હવાફેર માટે તેમના બનેવી ખોજા વલીમહમદ મનજીને ત્યાં આવ્યા હતા. મી૦ વલીમાહમદ મનજી મહુવામાં ઇસનાઅશરીને ત્યાં પરણ્યા હોવાથી તેમને વારંવાર મહુવા જવાનું થતું હતું અને તેમના સસરાનું કુટુંબ ચુસ્ત ઇસિનાઅશરી તથા મહુવામાં સંખ્યાબંધ ઇસનાઅશરી કુટુંબો હતાં તેથી મી૦ વલીમહમદને ખોજાના ખીચડા ભર્યા ધર્મ પ્રત્યે અશ્રદ્ધા ઉતપંન થઇ ગઇ હતી. મી૦ વલીમાહમદ મહુવાથી નમાઝ તથા ઇસલામને લગતું જ્ઞાન શીખી આવ્યા. અને ત્યાંથી મરહુમ મુનશી જલાલશાહ મીરકીનશાહે રચેલું દફ્ર

(કાવ્યમાં " જનાએ પંજેતન પાક ઉપર દરૂદ પડો " લેતા આવ્યા. તે સમયમાં મોહોરમમાં જમાતખાનામાં કીસ્સો (પંજેતન પાકના વૃતાન્તો કચ્છીમાં) વંચાતો હતો. કીસ્સો વંચાઇ રહ્યા પછી તે દરૂદ પડવામાં આવ્યું. જે જમાતને પસંદ પડયું અને તે ચાલુ થઇ ગયું.

મી૦ સુલેમાન માહમદ લધાની પાસે દીવસે તથા રાત્રે ઘણા ઇસલામને ચાહનારા ખોજાઓ આવજાવ કરવા લાગ્યા. મી૦ સુલેમાન તેમને " રફીકુલ મોમેનિન " "રાહે નજાત " તથા " બહારે મજાલીસ " નામના ચોપાન્યાં વાંચી સંભળાવતા અને ઇસલામની શ્રેષ્ટતા જણાવતા હતા. ખોજા પંથના ખીચડા જેવા અકાયદોની તમીઝ બહુજ જલદીથી લોકોમાં ફેલાઇ ગઇ. અને મી૦ સુલેમાને વિચાર્યું કે જો અત્રે હઝરત ઇમામ હુસેન અ૦ ની મજલીસ થયા કરે તો, તે દહાડે પુષ્કળ લોકો એકઠા થઇ હિદાયત મેળવે. તેથી મી૦ વલીમામદ મનજીને ત્યાં હઝરત ઇમાંમ હુસેન અ૦ ની મજલીસો કરવાનું ચાલુ થયું. આ મજલીસોમાં લગભગ સો સો માણુસો હાજરી આપવા લાગ્યાં. આ હાજરી આપનારામાં અમારૂં પુરૂં કુટુંબ સામેલ હતું. અને મજલીસો તથા હીદાયતનું કામ ધમધોકાર ચાલતું હતું.

આ પહેલાં ચાર પાંચ વર્ષ અગાઉ યાને ઘણું કરી ઇ. સ. ૧૮૯૧ ની સાલમાં અત્રેના ખોજા નથુના પુત્ર મી.

કાસમઅલ્લી જે મુંબઈ વેપાર અર્થે રહેતા હતા તે અત્રે આવ્યા. આ મી૦ કાસમઅલ્લી મુંબઈની ખોજાની મેહફીલો માં મરસીયા, નોહા, સલામ વીગેરે ઘણીજ ખુશ ઈલ્હાની થી પડતા હતા. તેમણે જમાતના આગેવાનોની રજા લઈ જમાતખાનામાં મજલીસો કરવા માંડી. લોકો પોતાને ઘેર પણ મજલીસ કરાવવા લાગ્યા. એક મજલીસ શરીયામ માર્ગ પર મોટી ધામધુમથી કરવામાં આવી હતી. જેમાં સુન્ની લોકોની હાજરી પણ વિશેષ હતી; પરંતુ જમાતના આગેવાનો આવી બાબતો ધાર્મિક દ્રષ્ટિએ ઉપયોગી સમજ તા હતા તેથી વધુ અડચણ નહિ કરતા હતા. જમાતખાનામાં મજલીસો પછી શબેકદરના આમાલ પણ થતા હતા. આ સમયમાં જુનાગઢના વારસ ઈસમાઈલ ગાંગજી તરફથી ફરતા કામડીઆ તરીકે જમાલ મેઘજીની નીમણુંક થઈ હ તી અને તેમણે આવી મજલીસો તથા હીદાયતની હીલ ચાલને દાબી દેવાને પગલાં ભરવા માંડયાં; પણ તેણે અહીં કેટલીક એવી સ્થિતિ જોઈ કે, જો સખ્તાઈ કરવામાં આવ શે તો, મહુવાની જેમ ઈસનાઅશરી જમાતની જુદી સ્થા પના થઈ જશે; તેથી તેણે યુક્તિથી આગેવાનોને કબજામાં લેવા માંડયા. કામડીઓ અતિ ખટપટી તથા જોડતોડ કર નારો હતો; તેથી તેણે બહુજ જલદીથી જમાતના વડા આ ગેવાનના કુટુંબને કબજે કરી લીધું. બીજા આગેવાનો તો ગરીબ સ્થિતિના હોવાથી તેવા આગેવાન કુટુંબની છાયામાં ચાલવા લાગી ગયા.

મજલીસ કરનાર પક્ષના માણુસોને લઈ શકાય તેટલા જાહેર તથા બાતીન ઉપાયોથી તેમાંથી ખસેડવા માંડયા. મજલીસ પક્ષમાં રહેનાર ઉપર સખ્તાઈ થવા લાગી, તેમના તરફ અપમાન ભરી દ્રષ્ટિથી જોવામાં આવ્યું. તેમનું અપમાન થવા લાગ્યું. તેમના સગા સબંધીઓને વચમાં નાખી શરમાવવા માંડયું અને તેવી અનેક બાબતોથી મજલીસ પક્ષમાં દીન પ્રતિદીન ઘટાડો થવા લાગ્યો. સ્થિતિ એવી ઉભી થઈ કે કોઈપણુ પોતાને ઘેર મજલીસ કરી શકે નહિ, તેથી તે પક્ષે કોડીનારવાળા બુખારી સઈયદ હુસેનઅલી ફતેહઅલીને ઘેર દર જુમેરાતે મજલીસો કરવા માંડી, જે કેટલાક વર્ષ ચાલુ રહી, પણુ કામડીઆજી તો મજલીસ પક્ષને તોડી પાડવાને એક મીનિટ પણુ હાથથી જવા દેતા નહિ.

કામડીઆ જમાલ મૈયજી એ આસામી હતા કે, જેમણે કાઠીયાવાડ ખાતેના ખોજાઓના દીલમાંથી ઈસનાઅશરી અકીદાના વિચારો નબળા પાડી દીધા અને ગુપ્રાતપણું ફેલાવી આપ્યું. જે જે ગામમાં ઈમામ હુસેન અ૦ નુ વૃતાન્ત (કીસ્સો) મોહોરમમાં વંચાતો હતો તે વંચાતો બંધ કરાવ્યો. તે કીસ્સાના ચોપડાઓ ખેંચી લીધા. કેટલાક ગામના લોકોને તો એટલા ઝનુની બનાવી દીધા કે તેમણે કીસ્સાના ચોપડાને કુવામાં પધરાવી આપ્યા. નમાઝ પડનારાઓને નમાઝ પડતા અટકાવવામાં આવ્યા અને

ખુદા, રસુલ, ઇમામ, પીર તથા જે કંઈ છે તે આગાખા જ છે તેમ ઠસાવી આપ્યું. કાંઇક તો તેના ઉપદેશથી અને કાંઇક તેવા આચાર વિચાર રાખવાથી જુનાગઢ તરફના આગેવાનોમાં માન મળે તેથી અત્રેનું આગેવાન કુટુંબ તેવા ધોરણ પર આવી ગયું. તે કુટુંબના કોઇ કોઇ તો એવા બની ગયા કે, જમાતખાનામાં જંગનામું (કીસ્સો) વંચાય ત્યારે ઝોકાં ખાવા લાગી ગયા. હસવા તથા મશ્કરી તરફ ઢળી ગયા અને તેથી જાણે કીસ્સા વંચાવવાનું તથા સાંભળવાનું કામ નિરસ થઇ પડયું.

ઘણા ખોજાઓ જમાતખાનામાં દરરોજ મગરીબ તથા ઇશાની નમાઝ પડતા હતા. તેમના તરફ તિરસ્કારની નઝરથી જોવાવા માંડયું. તેથી કેટલાકો તો જમાત ખાનામાં આવતા બંધ થયા. ઉપર જણાવી ગએલા ખોજા કાસમઅલીના પીતા નથુ લાંબડીને કહેવામાં આવ્યું કે નમાઝ પડવી હોયતો જમાતખાનાના પુર્વ ખુણા તરફ કે જ્યાં નકામી જણસો પડી રહેતી હતી ત્યાં જઇ પડવી. નમાઝ માટેની ઘણી ફરીયાદો અમારા પીતા પાસે આવી, તેથી તેમણે જમાતના આગેવાનોને આ કામ ગેરવાજબી થાય છે તેમ જણાવ્યું. જમાતના આગેવાનો જે કામડીઆ જમાલ મેઘજીના દમમાં આવી ગયા હતા તે હવે જુદા તથા પાકા ગુલ્લાત તથા બાતીન્યા થઇ ગયા હતા, તેથી તેમણે તે બાબત કાંઇ ધ્યાન આપ્યું નહિ.

તોપણ અમારા કુટુંબના લોકો તો નમાઝ પડતા રહ્યા. મોહોરમમાં જ્યાં સુધી કીસ્સો વંચાતો રહયો ત્યાં સુધી ગમ માતમ કરતા રહ્યા અને દર જુમેરાતે સૈયદ સાહેબને ત્યાં મજલીસ ચાલુ રહી. આવી સ્થિતિ નાબુદ કરવાને માટે અમારા પીતાને તેઓ શિક્ષા કરવાને તત્પર થઇ ગયા અને કામડીઆ જમાલ મેઘજીના બતાવ્યા પ્રમાણે જમાતે એક મેજર મેન્ટ તૈયાર કર્યું. તેમાં જણાવ્યું કે, જુનાગઢના વારસ તથા જમાતના આગેવાનો જે ધારા ધોરણો જણાવે તે બધા કબુલ રાખવા. તેઓ જે ધર્મની ક્રીયા કરવાને કહે તે કરવી. કોઇએ નમાઝ પડવી નહિ. ઇમામ હુસેનની મજલીસ કરવી નહિ તથા જમાતખાનામાં જમાતની ગેરહાજરી વચ્ચે ધર્મની કોઇપણ ક્રીયા કોઇએ કરવી નહિ અને આગા સાહેબને ખુદા માનવા વીગેરે વીગેરે. આ મેજરમેન્ટ ઉપર સહીઓ લેવાનું કામ શરૂ થયું. ઘણાંઓએ તો બીજા સહી કરે છે તેથી કરી આપી. કેટલાકોએ સહી નહિ કરવામાં જ્ઞાતિ બહાર થવાની ધાસ્તી જોઇ સહી કરી આપી; પરંતુ અમારા પીતાએ તથા અમારા કુટુંબના બીજા આસામીઓએ તેમાં સહી કરવાને નાપાડી અને કહ્યું કે આ સઘળુ ચાલ્યા આવતા ધોરણથી ઉલટું છે માટે જેમ ચાલ્યું આવે છે તેમ ચાલવા દેવું; પરંતુ એકતો જમાલ મેઘજીને જેવો રાક્ષસી કામડીઓ અને તેના દમમાં આવી ગએલા આગેવાનો; તેથી તે કસુર બદલ અમારા પીતાને જ્ઞાતિ બહાર કીધા.

અમારા પીતાએ જોયું કે, હું જે વાત કહું છું તે ઇસલામ તથા જમાતના હીતની છે; પરંતુ આ લોકો કામડીઆના દબાણમાં આવી જઇ ઇસલામ તથા જ્ઞાતિ હિતને નુકસાન કરવા માગે છે, સગા સબંધીઓ અમારે ઘેર આવે નહિ. અમારાથી કોઇને ઘેર જવાય નહિ. કેટલાક સગપણો તોડી નાખવામાં આવશે તેવી ધમકીઓ મળી, તેથી લાચારીથી રૂા ૧૦) દંડના ભર્યા; પરંતુ મેજર મેન્ટમાં સહી કરવાને તો નાજ પાડી. જમાતે પણ તે વિશે વધુ વાંધો લીધો નહિ. અમારા પીતાને જમાતના બદલાયલા અકાયદો તથા આચાર વિચારોથી એટલો તો સદમો થયો કે, તેમણે ત્યાર પછી છેવટ સુધી જ્ઞાતિ જમણમાં ભાગ લેવાનું છોડી આપ્યું.

સ્થળ સંકોચને લઇ બહુજ ટુંકાણમાં ઉપરનો ખુલાસો અમોએ કરેલો છે. હવે આવી સ્થિતિ વચ્ચે અમારા પીતાને નાતબહાર કર્યા, તેને અમારી ખુનીયાતની શોધ ઉઘાડી પાડવામાં આવી છે એમ કહેવામાં આવે તો, ભલે કહેવામાં આવે. અમારા કુટુંબે જમાતના એવા આગેવાનો કે જે ઉપરના દબાણથી ઇસલામ તથા જ્ઞાતિ હીતને ઠોકર મારવાને તૈયાર થઇ ગયા હતા તેમની સામે પ્રોટેસ્ટ ઉઠાવ્યો અને પરિણામે સંકટો સહન કર્યાં. આવી સ્થિતિમાં જુલમી લોકોના હાથે નાત બહાર થયાના બનાવને અમો તો અતિ માન ભર્યું સમજીએ છીએ; તેથી અમારા કુટુંબ

ઉપર કોઇપણ જાતની ટીલી આવી શકતી નથી; અલ્કે જો ટીલીજ આવતી હોય તો જમાતના એવા આગેવાનો પર આવે છે કે, જેમણે ઇસલામ તથા જ્ઞાતિ હિતને ઠોકરો મારી છે.

ઉપરની હકીકત જોતાં મી૦ વીરજીએ જે હકીકત (તેમણે તો મેળવીનેજ લખી હશે) લખી છે તેમાં જે અમારા કુટુંબ પ્રત્યે હલકી કોટીના શબ્દો વાપર્યા છે તે નહિ વાપરવા જોઇતા હતા. સારા તથા ખાનદાન માણસો આબરૂદાર માણસ ઉપર આમ પ્રહાર કરવાને તત્પર થઇ જતા નથી. મી૦ વીરજી ધર્માન્ધતામાં મસ્ત બનેલા છે. અમારા કુટુંબે ખોજા કોમમાં ઇસલામ પ્રચલિત રહેવા દેવાને, સ્વાર્થીઓ તથા તેની છાંયમાં ચાલનારાઓએ ખોજા કોમમાંથી ઇસલામનો આત્મા નિર્બળ કરવા જે પ્રયાસો કર્યા તેને રોકવાને, જમાતને બીલકુલ કૉનઝરવેટિવજ નહિ થઇ જવા દેવાને તથા તે સઘળી બાબતો માટે પ્રોટેસ્ટો કરવાના ઘણા પ્રયાસો કર્યા છે અને તે માટે ઘણું ઘણું સહન કર્યું છે. જો તે સઘળી બાબતોનું વર્ણન કરવા બેશીએ તો પુસ્તકોના પુસ્તકો ભરાય. ખુદાતાલાએ અમોને પણ અમારા કુટુંબને પગલે પગલે ચાલવાની તોફીક ઇનાયત કરેલી છે અને અમો પણ ઘણું ઘણું સહન કરતા આવ્યા છીએ. અમો ઇસલામ તથા જ્ઞાતિ હિતના પ્રયાસ કરતાં સ્વાર્થીઓના હાથે નાતબહાર થઇએ તેને કશા હીસાબમાં

લેખવતા નથી અને તેને અપમાન પણ સમજતા નથી; બલ્કે જે લોકો સ્વાર્થ બાજીથી કોમમાંથી ઇસ્લામને ઘટા કવા માગે છે તથા કોમને તદન ગુલામગીરીમાં જકડી લેવા માગે છે તેને મોટા ગુનેહગાર માનીએ છીએ તથા તેઓ ખુદ પોતે પોતાનું અપમાન કરે છે એમ સમજીએ છીએ. બાપડો હાલી ખરૂં કહે છે:—

પાતે હૈં ઝોખું જો હાલે એહલે ઇસ્લામ,
ઇસ્લામપે તાનાઝન હૈં અકવામ તમામ
બદ પરહેઝીસે બીગડે અપની બીમાર,
ઓર મુફતમેં હો ગયા મસીહા બદનામ

જ્ઞાતિ બહાર કોણ કહેવાય ?

મી૦ વીરજીભાઇ પોતાના પુસ્તકના પૃષ્ટ ૬૩ ઉપર લખે છે કે:—

" ખોજામાંથી વટલીને કેટલાક માણુસો ઇસના
" અશરી થઈ ગયા છે તે બધાઓ કાંઇ ન્યાત બહા
" રની ટીલીથી ઉતપંન થયેલી હસદનું પરિણામ ન
" થી. તેમજ ખોજા જમાતે તેમને ન્યાત બહાર મુ
" કયા નથી; પણ તેઓ ખુશીથી પોતાનો મઝહબ મુ
" કી બાજા મઝહબમાં ગયા છે; તેમને કોઇથી એમ
" નહિ કહી શકાશે કે, તેઓને ન્યાતે ન્યાત બહાર

" મુકયા છે; પણ તેના બદલામાં એમ કદી શકાશે
" કે, તે લોકો પોતાનો ધર્મ મુકી વટલી ગયા છે.
" કાબા જેવા લોકોને બોજા ન્યાતે નાત બહાર મુ-
" કેલા છે તેથી તેમના દીલમાં હસદની આગ સળ-
" ગવાથી તે ધર્મ તજી બીજા ધર્મમાં ગયા તેમને
" તો એમજ કહેવાશે કે, અમુક માણસોને ન્યાત
" બહાર મુકેલા છે " ન્યાત બહાર મુકાયેલા અને
" પોતાની ખુશીથી પોતાનો અસલ ધર્મ તજી ગ-
" એલાઓમાં ઘણોજ ફરક છે. તે ધિક્કારાયેલો અને
" હડસેલી મુકેલો ગણાય છે. તેની પ્રતિષ્ટા કોઇ કરી
" શકતો નથી. માત્ર તેના જેવાજ કરી શકે. "

ઉપરના લખાણથી મી. વીરજીભાઇ અમારા કુટુંબને એકવાર જ્ઞાતિ બહાર કરવાંમાં આવેલું તેને ટીલી કહે છે. પણ અમારૂં કુટુંબ ઇસલામ તથા કોમની બેહતરી કરવાની હીમાયતમાં સ્વાર્થિઓના જુલમને ભોગ થઇ પડતાં જ્ઞાતિ બહાર કરાયું હતું. તેથી અમારૂં કુટુંબ તેને ટીલી માની શકતું નથી; કેમકે ઇસલામ તથા કોમની હિદાયત કરતાં સ્વાર્થિઓ જુલમ કરી કોઇને જ્ઞાતિ બહાર કરે તો, તેમાં ખરી રીતે જ્ઞાતિ બહાર થનારનો કસુર ગણાય નહિ ખરો કસુર તો જ્ઞાતિ બહાર કરનારાઓનોજ ગણાય અને જો ટીલી લાગતી હોયતો તેવા ધર્મ તથા કોમ દ્રોહીઓ-નેજ લાગે.

મી. વીરજીભાઈ વારંવાર છાતી કુટે છે કે ઇસનાઅશરી ખોજાઓ વટલી ગયા! પણ તેમની રડાકુટ અર્થ વિનાની છે. કોઇપણ ઇસનાઅશરી ખોજાએ પોતાનો ધર્મ ખોયોજ નથી. તેઓ જે શરૂઆતથી ધર્મ પાળતા હતા તે પાળતા આવ્યા છે. તેઓ પ્રથમ પણ મુસલમાન હતા અને આજે પણ મુસલમાનજ છે. તેઓ પ્રથમ પણ ઇસનાઅશરી હતા અને આજે પણ ઇસનાઅશરીજ છે. તેઓ પ્રથમ પણ કુરાન, નમાઝ, રોઝા, હજ, સકાત વીગેરેને માનતા હતા અને આજે પણ માને છે. અને તેથી તેઓ પોતાના અસલ ધર્મ પર ટકી રહેલા છે. તેમને વટલેલા કહી શકાય નહિ. વટલેલા તો તેમને કહી શકાય કે, જે પ્રથમ કુરાનને માનતા હતા અને આજે માનવાને નાપાડે છે. વટલેલા તો તેને કહી શકાય કે જે, પ્રથમ નીમાઝ પડતા હતા અને આજે કહે છે કે અમોને તેનો હુકમ નથી. વટલેલા તો તેને કહી શકાય કે, જે પ્રથમ શરીયત પ્રમાણે ચાલતા હતા અને આજે કહે છે કે, અમે શરીયતને માનતા નથી. વટલેલા તો તેમને કહી શકાય કે જે, પ્રથમ દરેક લખાણુ " બીસમીલ્લા હિરરહેમા નિર રહીમ " થી કરતા હતા અને આજે તેમ કરતા અટકયા છે. વટલેલા તો તેમને કહી શકાય કે, જે પ્રથમ રોજા રાખતા હતા અને આજે રાખતા નથી અને કહે છે કે અમોને રાખવાનો હુકમ નથી. વટલેલા તો તેને કહી શકાય કે, જે પ્રથમ

કુરાનના હાફેઝ થતા હતા અને આજે કહે છે કે અમારામાં કુરાનને માનવાનું નથી. વટલેલા તો તેને કહી શકાય કે, જે પ્રથમ કુરાને મજીદને ખતમ કરી તેનો સવાબ પોતાના મરહુમોની રૂહને બક્ષી આપતા હતા અને આજે કહે છે કે કુરાન જોવું હોય તે જાણે. વટલેલા તો તે ગણાય કે જે પ્રથમ કુરાનને માનતા હતા અને આજે કહે છે કે તે માત્ર આરબો માટે છે. વટલેલા તો તે ગણાય કે, જે એમ કહે છે કે, કુરાન તો હવે માનવાને લાયકનું રહ્યુ નથી, કેમકે ખલીફા ઉસમાને તેમાં ફેરફાર કરી નાંખ્યો છે. વટલેલા તો તે ગણાય કે, જેમણે લોકોને નીમાજ પડતા અટકાવ્યા છે. વટલેલા તો તે ગણાય કે, જે ઇસલામનો દાવો કરી ઇસલામ વિરૂદ્ધના આચાર વિચારો ધરાવી બેઠા છે. વટલેલા તો તે ગણાય કે જે પોતાના અંગત સ્વાર્થને ખાતર લોકો પાસેથી ધર્મને નામે તથા સત્તાને બહાને ધન હરે છે અને આવાઓને ફાવેતેમ જેટલી ટીકી હોય તેટલી આવે છે.

જે લોકો ખુદાને વેહદહૂ લાશરીક માને, કુરાન, નમાઝ, રોઝા, હજ, ઝકાત વીગેરેને માને, મસજીદો ચણાવી તેને આબાદ કરે, દીની કેળવણીના મદ્રસાઓ સ્થાપન કરે, હજ તથા ઝીયારત માટે જાય, મુલ્લાં તથા મોલવીઓ બને, મુજતેહદોની તકલીદ કરે તેને વટલેલા કહેવા એ મી૦ વીરજી તથા મી૦ હાશમ માસ્તરના મોઢડાની દુર્ગંધ જાહેર

કરે છે. જાણનારા જાણે છે કે વટલેલા કોણ છે અને ટીલી કોને કપાળે છે ?

ખુદાનો શુકર છે કે મી૦ વીરજીભાઇએ માત્ર અમોનેજ જ્ઞાતિ બહાર થયેલા જણાવી પોતાનો ઉભરો કાઢયો છે; જો કે અમો ઉપર જણાવેલા કારણે કદાચ જ્ઞાતિબહાર થયા પણ હોઇએ તો તેમાં અમો લેશ માત્ર ટીલી સમજતા નથી; પણ મી૦ વીરજી જે આરોપથી ટીલોની વહેંચણી કરવાને નીકળ્યા છે તેના હકદાર તો અમો 'તેમના લખાણથીજ' થતા નથી. અને તે લખાણ પણ તેમને સત્તાવાર અધિકારીઓ (બધું પોલમ પોલ) તરફથી મળેલું છે. જ્યારે અમરેલી ખાતે જુદી ઇસનાઅશરી જમાત બાંધવાની સ્થિતિમાં અમોને મુકવામાં આવ્યા ત્યારે અમો કુલ ૧૨ ઘરો એકી સાથે લાચારીથી છુટા પડી ઇસનાઅશરી જમાત બાંધીને રહ્યા. તે ૧૨ ઘરોમાં એક પણ ઘર જ્ઞાતિ બહાર થયેલું નહિ હતું. તે બાબતનો ખુદ મી૦ વીરજીભાઇ પણ સત્તાવાર અધિકારીઓ તરફના મળેલા ખુલાસાથી સ્વીકાર પણ કરે છે કેઃ—

“ ઇ. સ. ૧૯૦૧ માં જુનાગઢના વારસ સાહેબ
“ શેઠ કાસમભાઇ ઇસમાઇલને તમારા કુટુંબના સાથે
“ બીજાઓ મળી કુલ બાર જણાઓ શીયા ઇમામી ઇ
“ સમાઇલી ધર્મ મુકી દેવા સબંધી નોટીસ આપી ઇ
“ સનાઅશરીમાં દાખલ થયા. ”

મી૦ વીરજીભાઇ ! તમારા માટે અમારે કેવો વિચાર કરવો તેનો ખુલાસો અમો તમોથીજ પુછીએ છીએ કે, ઉપરના લખાણુથી સત્તાવાર રીતે તમો એમ જાહેર કરો છો કે ૧૨ જણુાઓએ શીયા ઇમામી ઇસમાઇલી ધર્મ મુકી દેવા સબંધે જુનાગઢના વારસ કાસમભાઇ ઇસમાઇલને નોટીસ આપી અને ઇસનાઅશરીમાં દાખલ થયા. તો આ ઉપરથી તો અમો ૧૨ જણુાઓ નોટીસ આપીને મોટી (કામની ખોટી સમજવી) જમાતથી છુટા પડયાનું સિદ્ધ થાય છે. અને વાત પણુ ખરી છે કે, જે મી૦ વીરજીને સત્તાવાર અધિકારી તરફથી મળેલી છે, છતાં તમો કયા હકની રૂએ એમ કહેવાને નીકળ્યા કે મી૦ કાબાને નાત બહાર મુકેલા અને તેવીજ સ્થિતિમાં તેઓ ઇસનાઅશરી જમાતમાં જોડાયા છે. જો તમોએ સત્તાવાર અધિકારીઓ ના નામો આપ્યાં હતે તો અમો ખરી હકીકત રજુ કરતે કે તે આ હીસાબે વાત છે !

૧૨ જણુાઓએ નોટીસ આપી, તે ઉપરથી જુનાગઢના વારસ કાસમભાઇ ઇસમાઇલે જણુાવ્યું કે, તમોને અમો જ્ઞાતિ બહાર કરતા નથી, પણુ તમો પોતાની રાજી ખુશીથી જ્ઞાતિમાંથી નીકળી જાઓ છો. હજુ પણ જો તમો મેજર મેન્ટ ઉપર સહી આપી તે પ્રમાણે અમલ કરવાને કબુલત આપો તો અમો તમોને છુટા પાડવા [illegible]

નુરે હિદાયત.

"નુરે હીદાયત" નામનું માસિક ચો-
પાન્યું આજ ત્રણ વર્ષ થયા ઘણી આબો
તાબ સાથે દર અંગ્રેજી મહીનાની પેહલી
તારીખે બહાર પડે છે જેમાં ઇસલામની ખ-
રી ખુબીઓ બતાવી બેદીનીની સખ્ત ઝાટ-
કણી કાઢવામાં આવે છે; ઉપરાંત સાંસારિક
કેળવણી માટેના ઉમદા લેખો આપી કોમને
આગળ વધારવાને ઉશકેરવામાં આવે છે ઓ-
જાઓ તથા મોમિન કોમની દીની તથા દુ-
ન્યવી સુધારણા માટે ખાસ ધ્યાન આપવામાં
આવે છે રોયલ આઠ પેજી ચાર ફોર્મનું
છતાં લવાજમ માત્ર રૂા. ૧॥ પોસ્ટેજ સાથે
શ્રીમંતો પાસેથી રૂા ૫) પહેલા તથા બીજા
વર્ષની પાકી બાઇન્ડીંગની ફાઇલોના દરેકના
રૂા.-૫) પોસ્ટેજ ચાર આના

એદલજી ધનજી કાબા.

એડિટર નુરે હીદાયત અમરેલી—કાઠીયાવાડ